પૂર્વ વિભાગમાં આરુણિએ સ્વપુત્ર શ્વેતકેતુને જડજીવાત્મક અને નામરૂપાત્મક પ્રપંચનો પ્રકાર ઉપદેશીને, અને તેમનું સત્ સાથે અનન્યત્વ સમજીને, સત્ના વિજ્ઞાનથી એ નામરૂપાત્મક જડ-જીવાત્મક પ્રપંચનું વિજ્ઞાન થાય છે એમ સિદ્ધ કરીને આરંભની સ્વકૃત એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનની પ્રતિજ્ઞાને પોષી છે. આ જડજીવાત્મક પ્રપંચની ઉત્પત્તિ માત્ર સત્માં છે એમ નથી, પરન્તુ સ્થિતિ અને લય પણ તેમાં જ છે, વિકારમાં જડજીવાત્મક પ્રપંચ સત્માં જ સ્થિતિ કરે છે, સત્થી અનન્ય છે, અને તેથી સત્ના વિજ્ઞાનથી તેનું નિઃસંશય સમ્યક્ જ્ઞાન થાયછે તે ઉપદેશવાને આરુણિ ઋષિ પ્રથમ જીવની સુષુપ્તિ અવસ્થા કેતકેતુને ઉપદેશે છે. ચેતન જીવ પણ પ્રકટ થયો છે સત્માંથી, જાગ્રત સુષુપ્તિ, મુક્તિ પ્રત્યાદિ સર્વ અવસ્થામાં એ સત્થી અવિભિન્ન સ્થિતિ કરે છે, તે સર્વ અવસ્થામાં ચેતન જીવ સત્થી અનન્ય છે, તેથી સત્ના વિજ્ઞાનથી એનું સમ્યક્ વિજ્ઞાન થાય છે તે ઉપદેશવાને આરુણિ ઋષિ પ્રવર્તે છે.

'अनेन जीवेन आत्मना अनुप्रविश्य' પ્રત્યાદિથી આરુણિએ સ્વપુત્ર શ્વેતકેતુને ઉપદેશ્યું છે સદે જીવને સ્વતઃ પ્રકટ કર્યો. અર્થાત્ પ્રાકટ્ય પૂર્વ જીવ સદ્રૂપે સત્માં જ સ્થિતિ કરતો હતો, ને તેથી સત્ના વિજ્ઞાનથી એનું પણ વિજ્ઞાન થતું. હવે જ્યારે જીવ સુષુપ્તિ અવસ્થા પ્રાપ્ત કરે છે, જ્યારે ગાઢ નિદ્રામાં હોય છે ત્યારે પણ એ સત્ સાથે જ સંપન્ન થાય છે, સદ્રૂપ અક્ષમાં એ લય પામે છે, અને તે સમયે એને બાહ્ય વા આન્તર્ કર્યાનું અનુસંધાન રહેતું નથી, અત્ર ઉપનિષદ્માં સદને બદલે સ્વશબ્દનો ઉપયોગ સર્વનું જીવનું આત્મત્વ સૂચવે છે. જીવનો આત્મા સત્ છે, જીવનો સત્સહ સંબંધ સ્વત્વનો આત્મત્વનો છે અને તેથી જ્યારે સ્વમાં સ્થિતિ કરે છે, અને પુનઃ જગે છે ત્યારે પ્રાતઃકાલમાં સર્વ ભય દૂર થયેલો લાગે છે બાહ્ય જ નહિ પરન્તુ પુનઃ પૂર્વવત્ કાર્ય કરવાનું સામર્થ્ય પણ એને સદ્દ્વારા પ્રાપ્ત થાય છે. રાત્રિના ગાઢ નિદ્રા લઈને પ્રાતઃકાલમાં સર્વ કાર્ય કરવાનું સામર્થ્ય જીવ સ્વતઃ, સત્તઃ, સદ્દ્વારા પ્રાપ્ત કરે છે, તેથી એની સર્વ કૃતિ ભગવદધીન થાય છે સદધીન થાય છે. આવા જ કોશથી બ્રાહ્મ પરાસ્ત થઈ મુક્તઃ અત્ર જીવનું સ્વતંત્ર કર્તૃત્વ નિષેધવાને યોગ્ય છે. જે સમયે સુષુપ્તિ અવસ્થા-માં જીવ સત્ સાથે સંપન્ન થાય છે, ત્યારે એને આન્તર્ બાહ્ય અનુસંધાન રહેતું નથી. અન્ય મુક્તિ પણ જીવનું સુષુપ્તિ અવસ્થામાં આન્તર્ બાહ્ય વસ્તુનું અનુસંધાન નિષેધે છે. જેમ પ્રિય સ્ત્રીથી સંપરિષ્વક્તને આન્તર્ બાહ્ય અનુસંધાન રહેતું નથી તેમ જીવાત્મા જ્યારે પ્રાજ્ઞ-સુષુપ્તિ સાથે સંપરિષ્વક્ત થાય છે ત્યારે તેવી સ્થિતિ અનુભવે છે, અર્થાત્ એને આન્તર્ બાહ્ય કંઈપણ અનુસંધાન રહેતું નથી. આવી સ્થિતિ જ્યારે જીવ પ્રાપ્ત કરે છે, જ્યારે સત્સંપન્ન થાય છે ત્યારે ઉપનિષદ્ એ જીવને સ્વાપિતિ કહે છે. સ્વ-સત્માં, સ્વમાં સંપન્ન થયો છે તેથી એને 'સ્વપિતિ' નામ પ્રાપ્ત થાય છે. પરન્તુ જ્યારે સ્વમાં આપન્ન થયો નથી, સત્માં સંપન્ન થતો નથી ત્યારે તો જીવને સ્વપિતિ નામ પ્રાપ્ત થતું નથી, પણ એ છપે છે એમ જ વિષાદ તરફ સ્વપિતિ શબ્દ યોજાયો છે. આ પ્રકારે સુષુપ્તિ પણ બે પ્રકારની છે એમ આરુણિ કહે છે. એક અવસ્થામાં જ્ઞપ્તિ પ્રાપ્ત થતાં અજ્ઞ વગેરે પ્રાતઃકાલે પ્રાપ્ત કરે છે, અને જ્યારે સત્સંપત્તિ પ્રાપ્ત થતી નથી, જ્યારે સ્વમાં, સત્માં સ્થિતિ જીવ પ્રાપ્ત કરતો નથી ત્યારે

પ્રાતઃકાલે ઉઠીને પણ ક્ષમાપનોદ થતો નથી. સુષુપ્તિ અવસ્થામાં સદ્ભાં સમ્પન્ન થતું, સ્વમાં અંભ્રમ કરવો એ જીવને સ્વાભાવિક છે. જેમ સ્તબ્ધી પ્રબદ્ધ કે.ઈ પક્ષી પ્રત્યેક દિશામાં ઉડીને કોઇપણ મનગું સ્વાશ્રય સ્થાન પ્રાપ્ત નહિ થતાં સ્વબંધનનો જ આશ્રય કરે છે, તેમ આ જીવ -મન-(મનન કરનાર-જીવ) પ્રત્યેક દિશામાં જઇને સર્વત્ર આશ્રય નહિ મળવાથી નિર્વેદ પામી પ્રાણનો (ભગવાનનો) જ આશ્રય કરે છે. જેમ પક્ષીનું નિરાશ્રયસ્થાન સ્વાશ્રયસ્થાન સ્વબંધન છે, તેમ જીવમાત્રનું આશ્રયસ્થાન સદ્ અક્ષર છે. પ્રતિદિન કાર્ય કરવાનું સામર્થ્ય તે સદ્ભાં સંપન્ન થઇને પ્રાપ્ત કરે છે, અને વાસનાશેષ હોવાને લીધે પાછો સંસારમાં કર્મ કરવા માંડે છે, અને સ્વાશ્રય-સ્થાને, સદ્ધને વિસ્મરે છે, જ્યારે પાછું પ્રાપ્ત કરેલું સામર્થ્ય તિરોધાન પામે છે ત્યારે પાછો સદ્ભાં સંપન્ન થાય છે, સુષુપ્તિ અવસ્થા પ્રાપ્ત કરે છે, અને જાગદવસ્થામાં કે સ્વપ્નમાં અમે ત્યાં બહારથી અન્ततः સ્વ-માં સદ્ભાં આશ્રય કરે છે. જીવનો સદ્ સાથે સંબંધ જ એવો છે કે એની સદ્થી પૃથક્ સ્થિતિ જ રહી શકે નહિ. અમે તેવા મન્વન્તરોથી જીવ સ્વથી સદ્થી અભથી ખૂચ્યરે તોપણ અન્તે તો એનો આશ્રય સદ્ભાં જ થાય છે, જ્યારે સદ્ભાં જ, સ્વમાં જ અનન્ય થાય છે, ત્યારે પુનરાવૃત્તિનો આત્યન્તિક અભાવ થાય છે. અર્થાત્ કોઇપણ અવસ્થામાં જીવની સદ્ધથી પૃથક્ સ્થિતિ જ નથી, જીવ સદ્થી ભિન્ન જ નથી, અનન્ય છે, અને તેથી સદ્ના વિજ્ઞાનથી એનું પણ વિજ્ઞાન થાય છે. આ પ્રકારે જેમ અ-ચેતન સૃષ્ટિ સદુપાદાનક છે તેમ ચેતન જીવ પણ તદુપાદાનક છે, અને જેમ સદ્ના વિજ્ઞાનથી સર્વવિજ્ઞાન થાય છે, તેમ સદ્ના વિજ્ઞાનથી જીવનું પણ જ્ઞાન થાય છે, કારણકે ઉભય અચેતન અને ચેતન સૃષ્ટિ સદ્થી અનન્ય છે. तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः । આ પ્રકારે જીવનું સદ્થી અનન્યત્વ સમજી, અચેતન જગત્ પણ સન્મૂલક છે તે દર્શાવવાને અશના અને પિપાસાનું સ્વરૂપ ઉપદેશે છે. પૂર્વવિભાગમાં આરુણિએ સદ્ભાંથી સૃષ્ટિનો પ્રકાર દર્શાવ્યો. હવે તેથી જુદી રીતિએ આ જડજીવાત્મક સૃષ્ટિનું મૂલ કારણ પણ સદ્ જ છે તે દર્શાવવાને પ્રવર્તે છે. સદ્ના સંબંધથી જ 'સ્વમિતિ' વત્ જીવ 'અશિષ્યતિ' અને 'પિપાસતિ' નામ પ્રાપ્ત કરે છે. પુરુષનું ખાધેલું અન્ન ત્રણ ભાગ થાય છે, અને પાન કરેલું તેજ ત્રણ ભાગ છે; ને તેમાંથી જે કાર્ય ઉત્પન્ન થાય છે તે મૂલરહિત નથી. જે કાર્ય ઉત્પન્ન થયું તેનું કારણ અન્ન છે, અન્નનું કારણ જલ છે, જલનું કારણ તેજ છે, અને તેજનું કારણ સદ્ છે. અર્થાત્ પરંપરાથી આ સર્વ પ્રપંચનું નામરૂપાત્મક જડજીવાત્મક પ્રપંચનું કારણ સદ્ જ છે. અરે સદ્ કારણ છે એટલું નહિ પણ આ સર્વ પ્રજા[1] જડ અને ચેતન-જડજીવાત્મક વિશ્વ-સન્મૂલ છે, સદાયતન, સત્પ્રતિષ્ઠ છે, અર્થાત્ જડજીવાત્મક વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય સદ્ભાંજ છે, સર્વ અવસ્થામાં જડજીવાત્મક વિશ્વ સદ્રૂપ છે, સદ્થી અભિન્ન છે, અને સદ્ના વિજ્ઞાનથી એનું સમ્યક્ જ્ઞાન થાય છે. જેમ જડ વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને લય સદ્ભાંજ છે, તેમ ચેતન જીવની ઉત્પત્તિ સ્થિતિ અને લય પણ સદ્ભાંજ છે. પૂર્વવિભાગમાં આ જીવસદ્ હું પ્રજાયું એમ કહીને સદે સ્વતઃ જીવનું ખુચ્યરવું

---

1 મધ્વાચાર્યે પ્રજાનો અર્થ કેવલ ચેતન જીવ કરવા માગે છે. જડ પ્રજા નહિ, પરન્તુ તેમ કરવામાં बहु स्याम् प्रजायेय। પૂર્વે કહ્યું છે પછી જડ તેજ જલ અન્ન સર્વે પ્રજા કહ્યા છે તેનો વિરોધ આવે છે. કપનિષદ્માં પ્રજા શબ્દ અત્ર જડ ચેતન જીવજાતને વાસ્તે પોજાયલો છે.

સમજ્યું છે, સુષુપ્તિ અવસ્થામાં જીવનું સદાત્મિકત્વ ઉપદેશ્યું છે, અને અશના અને પિપાસાની નિવૃત્તિથી જાગ્રદવસ્થામાં જીવનું સદ્વિતીયત્વ સમજ્યું છે, અને અન્તમાં મરણ પામતા પુત્રપની વાણી મનમાં સંપન્ન થાય છે, મન પ્રાણમાં, પ્રાણ તેજમાં, અને તેજ પરમદેવતામાં અથવા સત્યમાં લય પામે છે એમ કહીને મુક્તિ અવસ્થામાં પણ જીવની પ્રતિજ્ઞા સત્યમાં ઉપદેશી છે અર્થાત્ જેમ અચેતન સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ અને લય જ્ઞાનમાં છે, સત્યમાં છે, તેમ ચેતન જીવ પણ બ્રહ્મસંપન્ન પૂર્વ સદ્રૂપ હતો, બ્રહ્મસ્થસમયે પણ સદ્રૂપ છે, અને મુક્તાવસ્થામાં પણ સદ્રૂપ છે. એમ કહીને જગજ્જીવાત્મક પ્રપંચની ત્રિકાલમાં અનન્યતા આરુણિ, ઋષિ સ્વપુત્ર શ્વેતકેતુને ઉપદેશે છે, અને એ અનન્યતાયોગ્ય સદ્વસ્તુ વિજ્ઞાનથી સર્વ જડચેતન વિશ્વનું જ્ઞાન થાય છે એમ સૂચવીને જડ ચેતન વિશ્વની અસારૂપતા દર્શાવીને સ્વપુત્રને અખંડ અદ્વૈતનું જ્ઞાન કરાવવાને 'તે જ આ અણિમા, આ સર્વ જડ પ્રપંચ ચૈતદાત્મ્ય છે, તે સત્ય છે, તે આત્મા છે, શ્વેતકેતુ તું તે છે.' એમ નવ વાર ઉચ્ચારીને, સુદૃઢ ઉપદેશ કરીને સ્વપુત્રને એક વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન કરાવતા શુદ્ધ અદ્વૈત અખંડ બ્રહ્મવાદનો બોધ કરે છે. 'अखण्डाद्वैतमार्गे तु सर्वं ब्रह्म न चान्यथा.'

આરુણિ ઋષિએ આ પ્રકારે સુષુપ્તિનું સ્વરૂપ ઉપદેશીને જીવનું સત્ય સ્વરૂપ સમજીને તેનું સદ્થી, બ્રહ્મથી અનન્યત્વ 'સ્વ' શબ્દના પ્રયોગથી સૂચવ્યું છે. અને અશના અને પિપાસાના વ્યાખ્યાનદ્વારા શૂંગનું-શરીરનું કાર્યત્વ દર્શાવી, પરંપરાથી જે જડનું પણ કારણ સદ્રૂપ છે તે દર્શાવી તેનું પણ અનન્યત્વ સદ્ સત્યે સૂચવ્યું છે, પરંપરાથી કારણ જગતનું મૂલ છે. અત'આ તાત્પર્યથી સુરનું અનન્યત્વ મધ્વ વિના અન્ય ટીકાકારો સ્વીકારે છે. મધ્વને અદ્વૈત અરુચિકર હોવાથી આ વિભાગની સંગતિ પૂર્વવિભાગ સાથે નીચે પ્રકારે કરે છે. પૂર્વવિભાગ ભેદબોધક છે અને આ વિભાગ જીવનું સુષુપ્તિ અવસ્થામાં, જાગદવસ્થામાં અને મુક્તિ અવસ્થામાં બ્રહ્મવદ્બ્રહ્મત્વ બોધે છે. પૂર્વ વિભાગનું ભેદબોધકત્વ નો અસંગત છે એમ પૂર્વ દર્શાવ્યું છે. પૂર્વવિભાગમાં અનન્યતાના બોધનું ઉદ્ઘાટન કર્યું છે તે ઉપરથી આની અસંગતતા વિશેષ સ્ફુટ થાય છે. પરન્તુ અત્ર જે જીવનું સર્વાવસ્થામાં બ્રહ્મવદ્બ્રહ્મત્વ પ્રતિપાદન કરે છે તે કેવલ નિર્મૂલ નથી. અત્ર માત્ર જીવનું જીવત્વનું નહિ પરન્તુ જીવ અને જગત્ બ્રહ્મનું સદાત્મિકત્વ ઉપદેશ્યું છે. યદ્યપિ જીવ અને જગત્ બ્રહ્માત્મિત છે ત્યાં પણ મધ્વ કહે છે તેમ તે સદ્થી ભિન્ન નથી. જીવનું સદ્થી અનન્યત્વ સદ્ને વાસ્તે 'સ્વ' શબ્દના પ્રયોગથી સૂચવ્યું છે, અને જગતનું પરંપરાથી મૂલ સદ્ કારણ છે અને કારણ કાર્ય અનન્ય છે એ ન્યાયે સદ્ અને જગતનું અનન્યત્વ સિદ્ધ કર્યું છે.

(અપૂર્ણ.)

सांप्रदायिक मुद्रित ग्रन्थो.

संस्कृत.

१ श्रीमद्गुणाख्यम् मन्त्रकोशम्. १५—०—०
१ श्रीमद्गुणाख्यम् सप्रदीपम् यन्त्रस्थम्.
१ विद्याविजयन्ती निबन्ध
भाषारूपभंगसहित. (आसार्य)
सर्वनिर्णयनामप्रकरणत्रयम्. ६—०—०
१ श्रीसुबोधिनी (जन्म प्रकरणम्)
द्वितीयावृत्ति. २—०—०
१ श्रीसुबोधिनी फलप्रकरणम्. २—८—०
१ विद्वन्मण्डनम्, सुबोधसूर्यसहितम्. २—४—०
१ वल्लभपद्धति, मार्तण्डकौस्तुभिका.
(प्रथमाध्याय) श्रीकृष्णभट्ट हसा. १—०—०
१ ब्रह्मसूत्राणुभाष्य, मरीचिका,
श्रीमद्गोकुलनाथभट्टकृता. २—०—०
१ प्रस्थानरत्नाकर: (काशी). २—०—०
१ प्रस्थानरत्नाकर (मुंबई.) ०—८—०
१ शुद्धाद्वैतमार्तण्ड: प्रमेयरत्नार्णव: १—०—०
१ शुद्धाद्वैतमार्तण्ड: समुच्चयानुवाद: २—०—०
१ ब्रह्मवाद: श्रीहरिरायकृत: ०—२—६
१ ऊर्ध्वपुण्ड्रमार्तण्ड ०—४—०
१ अधिकरणसंग्रह: श्रीनिर्भयरामकृत: ०—८—०
१ गीतामृततरंगिणी. २—०—०
१ श्रीमद्गोकुलपाल प्रबोधिनी. १—०—०
१ पुष्टिमार्गीयस्तोत्र संग्रह(२३७). १—८—०
१ भक्तिमार्तण्ड: २—०—०
१ पुष्टिमार्गीयपौत्र श्रीजमन्थ.
वल्लभाचार्यचरित्र. २—८—०
१ श्रीमद्भागवतम् १—८—०
१ ब्रह्मसूत्र (१०८) २—०—०
१ मेघमयूख. ०—२—०
१ श्रीसुबोधिनी (प्रथम स्कन्ध:) २—८—०
१ तत्त्वदीपनिबन्ध (मुंबई). ४—०—०
१ सप्तसिद्धान्त मार्तण्ड: १—४—०
१ प्रमेयरत्न: मार्तण्डांके.
१ श्रीमदाचार्यचरणविरचित चतुर्श्लोकी १—०—०

मराठी.

१ तत्त्वार्थदीप निबन्ध सर्व निर्णय
साभाष्य. (अपूर्ण) २—०—०
१ तत्त्वार्थदीप निबन्ध शास्त्रार्थ
(अपूर्ण). २—०—०
१ शुद्धाद्वैत मार्तण्ड (काव्य). ०—४—०
१ सर्वोत्तमस्तोत्र भाषाटीका. ०—४—०
१ वल्लभाष्टक अने गणेशोक्ती. ०—४—०
१ अष्टाक्षर विवरण. ०—२—०
१ कीर्तन संग्रह (प्रथम विभाग)
(ढाकेरवाणी). ८—०—०
१ भले भावन वैष्णवनी वार्ता. ५—०—०
१ चौरासी वैष्णवनी वार्ता. ५—०—०
१ वल्लभाख्यान भक्त पुरुष वगेरे. ०—१२—०
१ विज्ञप्ति (भूमि) श्रीहरिरायकृत. ३—०—०
१ कीर्तन रत्नाकर-सेवाविधि ३—०—०
१ श्रीपुरुषोत्तमप्रकाश ३—८—०
४ पाचमिश्र. १—४—०

गुजराती.

१ पुष्टिमार्ग लक्षणानि. ०—२—०
३ शुद्धाद्वैत भास्करी ०—३—०
८ वैदिक मार्ग निरीक्षा. ८—४—०
१ वल्लभाख्यान रहस्यदीपिका. ०—१०—०
१ विज्ञप्ति श्रीगुसांईजी कृत. ०—३—०
१ कीर्तन आलंबना पद. ०—१०—०
१ श्लोके पुरुषोत्तमो परिछेद. ०—४—०
१ भजीये हरिने ने धर्म निवासा. ०—१२—०
१ शुद्धाद्वैत सिद्धान्त प्रदीपांतर्गत
भगवदाश्रय कृत. २—०—०
१ विद्वन्मंडन गुजराती भाषान्तर. १—८—०
१ विविध मेळा पद्यमय. ०—८—०
१ पुष्टि सुधाकर त्रिभंगीलाल कृत. ०—१०—०
१ गोपीगीत. ८—८—०
१ गोपीगीत अर्थसोभी समेत. ४—०—०
१ श्लोक पद ४०. ०—१—६
१ गोपीगीत वगेरे. ०—४—८
१ श्रीवर्धनाधीश प्राकट्य. ०—४—०
१ वल्लभाख्यान भक्त पुरुष. ०—६—०
१ श्रीयमुनाष्टकनुं गोकुळ शिक्षापत्र. २—०—०
१ श्रीसुबोधिनी प्रथम स्कन्ध. ७—८—०

Reg. No B. 896.

૧ ભક્તિમાર્ગ રહસ્ય. ૦—૮—૦
૧ શ્રીમદ્ભગવદ્ગીતા સુબોધિની ટીકા. ૦—૮—૦
૧ ભક્તિપ્રકરણ. શ્રી. ગાંધી. ૦—૨—૦
૧ ઉપદેશસુધા. ૦—૪—૦
૧ તુલસીમાળાધારણવિચાર. ૦—૮—૦
૧ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત પટવારી. ૦—૮—૦
૧ પ્રભુવાદ શ્રીહરિરામજી. ૦—૨—૦
૧ પત્રાવલંબન ભક્ત નર્સા ગુજરાતી. ૦—૫—૦
૧ ભાગવતસંદાનિયમવાદ. ૦—૨—૦
૧ બ્રહ્મજ્ઞાનસ્વરૂપનિર્ણય. ૦—૨—૦
૧ પુષ્ટિમાર્ગપ્રકાશ—ચોપાનીયા. ૫—૪—૦
૧ માધવતીર્થના લેખનો બહિષ્કાર. ૦—૨—૦
૧ આર્યોનો નિર્ણય. ૦—૮—૦
1 System of Vallabhachary. Free.

શ્રી. બા. લલ્લુભાઇ માધવજીભટ્ટ પ્રકટિત.

૧ તત્વદીપ શાસ્ત્રાર્થ. પ્રથમ. ૧—૦—૦
૧ શ્રીકૃષ્ણ લીલામૃત. ૧ ભાગ ૧—૦—૦
૧ ,, ૨ ,, ૧—૦—૦
૧ શ્રીવલ્લભાચાર્ય ચરિત્ર. ૧—૦—૦
૧ સમાધ્ય દોષ વિવરણ. ૦—૨—૦
૧ ધર્મવાદ. ૦—૨—૦
1 Pushtimargiya. ૦—8-0
૧ શબ્દાર્થ વિચાર. ૦—૩—૦

શ્રીવલ્લભીય ગ્રન્થ પ્રકાશક કંપની પ્રકટિત.

૧ ગ્રંન્થાસનિર્ણય. ૦—૩—૦
૧ ભક્તિહંસ. ૦—૨—૦
૧ બ્રહ્મસંબંધ-પંચશ્લોકી. ૦—૨—૦
૧ પુષ્ટિપ્રવાહમર્યાદા. ૦—૫—૦
૧ દુઃસંગવિઘ્નપ્રકાર. ૦—૧—૦
૧ ઉપદેશરહસ્યાનિરાસવાદ. ૦—૨—૬
૧ ભક્તિવર્ધિની. ૦—૨—૬
૧ સિદ્ધાન્તમુક્તાવલી. ૦—૫—૬
૧ મધુરાષ્ટક. ૦—૧—૦
૧ બ્રાહ્મણોત્પત્તિ. ૦—૩—૬

૧ અન્તઃકરણ પ્રબોધ. ૦—૧—૦
૧ સિદ્ધાન્ત રહસ્ય. ૦—૨—૦
૧ વિવેક ધૈર્યાશ્રય. ૦—૨—૬
૧ નવરત્ન. ૦—૨—૦

શ્રી. બીજીવનલાલજી પ્રકટિત.

૧ વૈષ્ણવ ક્રિયાદર્પણ. ૧—૦—૦
૧ વૈષ્ણવ સંક્ષિપ્તાદર્પણ. ૦—૪—૦
૧ વૈદિકત્વાવૈદિકત્વ વિચાર. ૦—૨—૦
૧ ઉપદેશમીમાંસા. ૦—૧૦—૦
૧ શાન્તવારણ દર્પણ. ૦—૧૨—૦
૧ ભ્રાન્તાંધ-તત્ત્વબોધક. ૦—૧૫—૦
૧ સંદરજયન્તીવ્યાખ્યાનાવલોકન. ૦—૧૪—૦
૧ નીલાર બાસ્કર. ૧—૪—૦
૧ મતિપૂર્ણ. ૧—૦—૦
૧ ગીતા, છબનશાસ્ત્રીની. ૦—૧૨—૦

શ્રીમદ્ વૈષ્ણવપરિષત્ પ્રકટિત.

૧ ગાયત્રીભાષ્યમ્. યન્ત્રસ્થમ્.
૧ અણુભાષ્યમ્ સમર્પણમ્ ,,
૧ અધિકરણસંગ્રહ. ૦—૪—૦
૧ વેદાન્તાધિકરણમાલા. યન્ત્રસ્થમ્.
૧ શાક્ટમસકિમૃગભાષ્યમ્. ૦—૪—૦
૧ પ્રસ્થાનરત્નાકરઃ ૦—૮—૦
૧ શ્રીમદ્ભગવદ્ગીતાતત્ત્વદીપનીસહિતા. ૦—૮—૦

શ્રી. ગોકુલનાથદ્વારા પ્રકટિત.

૧ શ્રીસુબોધિની પ્રથમસ્કંધ. યન્ત્રસ્થ.
૧ શુદ્ધાદ્વૈતદર્શન. ૦—૮—૦
૧ ભક્તિહંસ. યન્ત્રસ્થ.
૧ ગોપાકૌમુદી. ,,

શ્રીદયારામ. સપ્તશતમાં પ્રકટિત.

૧ દયારામ કાવ્ય ભક્તિમાલા. ભા. ૧ ૧—૪—૦
૧ દયારામ કાવ્ય ભક્તિમાલા. ભા. ૨ ૧—૪—૦

ચિત્રો.

૧ શ્રીવલ્લભાચાર્યજી. ૦—૧—૦
૧ શ્રીગુસાંઇજી. ૦—૧—૦
૧ શ્રીપુરુષોત્તમજી. ૦—૧—૦

આ સર્વ પુસ્તકો નીચે લખવાથી મળી શકશે:—

૧. પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, મંત્રી—નડીયાદ.
૨. દીનબંધુ બાલકૃષ્ણદાસ, જ્ઞાનસ્વરૂપની ચેરસી, બુલેશ્વર મુબઇ.

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧. જગત્ સત્ય છે.
૨. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર પુરુષાદિનાં નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ અક્ષ શ્રીકૃષ્ણપરમાત્મા જ છે.
૩. જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે.
૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ અક્ષનો અંશ છે, સ્વતઃ વ્યાપક નથી.
૫. પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદ છે.
૬. સર્વોપરિ વેદશિરસે પ્રતિપાદિત પરમકામ્યફલ વસ્તુ શ્રીકૃષ્ણ જ છે.
૭. શ્રીકૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ શ્રીકૃષ્ણમેવ જ છે.
૮. આત્મનિવેદન અને પ્રભુપ્રાપ્તિ વિના અન્ય વિષયમાં દોષ થી જ નહિ.

"પુષ્ટિભક્તિસુધા" ઑફિસનું સરનામું—

રા. રા. વાડીલાલ નગીનદાસ શાહ, બી. એ. એલ્ એલ્. બી.
મહારાજનો ઓટલો, ખુશ્કેશ્વર, મુંબાઇ.

आवश्यक निवेदन.

૧. આ માસિકસંબંધી સઘલો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો.
૨. આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે.
૩. આ માસિકમાં છપાવવાને આવેલા લેખો લેવા ન લેવા તેમાં જ તેમાં ચોક્ખી શુદ્ધિ-વૃદ્ધિ કરવી પ્રકાશકની ઇચ્છાધીન છે.
૪. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ સેવામાં આવશે.
૫. વર્ષનું નોટાગર પ્રથમથી સેવામાં આવે છે.
૬. આ માસિકનાં પરિવર્તનમાં જેમનાં તરફથી માસિક વા પત્ર મંગાશે તેમને વસૂલ-ને'ભાવરે આ માસિક મોકલવામાં આવશે.
૭. કોઇ પણ બાબતની અંદર ખુલાસાની જરૂર તો જવાબને સારૂ ટિકીટ મોકલી, તે વિના જવાબ આપવામાં આવશે નહિ.
૮. આ માસિકમાં જાહેર ખબર છપાવવી હોય તે દેનારાએ વહેલાં જાણવું હોય તેમણે પ્રકાશકને લખવું જોવા મળવું.

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
મહારાજનો ઓટલો
ખુશ્કેશ્વર, મુંબાઇ. } પ્રકાશક.

નોટાગર ૧૬ ૨-૦-૦ પ્રત ૭૫૦. દૂટક અંકનું ૦-૪-૦

॥ श्रीवल्लभाचार्यविरचितब्रह्मसूत्रश्रीमद्भाष्यम् ॥

एवं स्वप्नस्य मिथ्यात्वं प्रसंगाज्जीवस्य विपरीतज्ञानोत्पादकमज्ञानं निरूप्य सुषुप्तौ केवलमज्ञानं निरूपयितुमज्ञानस्थानस्वभावौ निरूपयति, एवं श्रूयते, कौषीतकिब्राह्मणे नाडीरनुक्रम्य वाक्यं तदा भवति यदा सुप्तः स्वप्नं न कञ्चन पश्यति अथास्मिन्प्राण एवैकधा भवतीति तथा बृहदारण्यके प्राज्ञेनात्मना संपरिष्वक्तो न बाह्यं किञ्चन वेद नान्तरमिति,

तत्र संशयः, स्वप्नवत् सुषुप्तौ प्रपञ्चसृष्टिं प्रापिकामपि भगवान् करोति नवेति, काठकश्रुतौ सुषुप्तौ सृष्टिनिर्माणं श्रूयते, षिषयश्रुतौ दर्शनाभावमात्रं चेति संशये गमकं, तत्र न एव सुप्ते जागर्तीस्वाप्तिकाठके जीवस्वापमात्रे भगवत्कृतसृष्टेरुक्तत्वात्कौषीतकिश्रुतौ न किञ्चन पश्यतीत्यत्र दर्शनमात्रनिषेधात् । न बाह्यं किञ्चन वेद नान्तरमिति च बृहदारण्ये जागरणस्वप्नप्रपञ्चयोरविशेषेणादर्शनकथनात्सुषुप्तावपि प्रपञ्चनिर्माणमस्तीत्यवगंतव्यं, ततश्च कस्यामप्यवस्थायां प्रपञ्चव्यतिरेकाभावान्मुक्तापि स्यात्, स्वाप्ययसंपदयोरपेक्षाज्ञानमात्रविशेषात्सति संपद्य न विदुः सति संपद्यामह इति, तस्माद्ब्राह्मसरसंपदोर्विद्यमानयोरपि यथा ज्ञानाभावादग्रहणमेवं प्रपञ्चस्यापीत्येवं मात्र उच्यते,

तदभावो नाडीषु तच्छ्रुतेरात्मनि च ॥ ७ ॥

तस्य स्वप्नस्य अभावो नाडीषु, तथा आत्मनि च, कुतः, तच्छ्रुतेः, प्रपञ्चाभावश्रुतेः, 'कामनया हि प्रपञ्चं कामं कामं पुरुषो निर्मिमाण' इति काठकश्रुतेः, सुषुप्तावस्थायामकामत्वकथनश्रुतेः, बृहदारण्यके तद्वा अस्यैतदात्मकाममाप्तकाममकामरूपमिति, नाडीषु आत्मनि चेतिग्रहणात् सुषुप्तिर्द्विधा इति सूचयति, तथाहि, हिता नाम स्वप्ननाड्यः पुरीतत्यन्ता हृदयदेशाद्ब्राह्मदेशवर्तिन्यः, पुरीतति हृदयवेष्टनं, हृदयदेशस्तु जीवस्येन्द्रियाणां स्थितिः, तत आभ्यन्तरः परमात्मा तत्र निद्रया भगवच्छक्त्या बाह्येष्वाच्छादने सति पुरुषं भगवल्लीलां पश्यति तस्मिन्नाच्छादने ततः प्रत्यस्तम्प्य पुरीतत्समीपे नाडीमात्रभागे गाढसुप्तो ज्ञानरहितः, क्रियाशक्त्या अन्तर्भगवन्तं वा बहिर्विषयं वा नाडीषु समापयति, अत एव बृहदारण्यकषष्ठे यत्र सुप्तो न कञ्चन कामं कामयते न कञ्चन स्वप्नं पश्यति तदा तस्यैता हिता नाम नाड्य इति, अत यत्र सुप्तो न कञ्चन कामं कामयते, न कञ्चन स्वप्नं पश्यति तदा तस्यैवदात्मकाममाप्तकामरूपं तथा क्रियया क्रिया

सम्परिष्वक्त इति नाडीपरमात्मभेदेन,सुषुप्तिस्तूभयत्र ज्ञानशक्तेः सर्वथातिरोधानात्, तस्मात् सुषुप्तौ न स्वप्नसृष्टिः ॥

केचित्तु, तथैतत्सुप्तः समस्तस्संप्रसन्नः स्वप्नं न विजानात्यासु तदा नाडीसृप्तो भवतीति, ताभिः मत्यवसृप्य पुरीतति शेते इति, तासु तदा भवतीति च, य एषोन्तर्हृदयाकाशस्तस्मिञ्छेत इति, तदा सौम्य तदा संपन्न इत्यादीनि दहरदृष्टवाक्यानि-वाक्यानि उपन्यस्य अत्र नाडीपुरीतत्परमात्मानः परस्परापेक्षाविरहिणः सुषुप्तौ जीवस्य स्थानत्वे भूताः, अतः परस्परसापेक्षा एकस्येति सन्देहे नाद्यः, यदिसापेक्षपक्षोंगीक्रियते तर्हि व्रीहियवबद्विकल्पापातात्पक्षे बाधापत्तेः, न च नाडीषु सुप्तः पुरीतति शेते, य एषोंतर्हृदयाकाशस्तस्मिञ्छेते, इत्येकस्मिन्वाक्येकार्थत्वाद्विकल्पोप्युत इति सांप्रतं, हेतोः साधारणत्वात्, प्रासादे शेते पर्यङ्के शेते इत्यादौ नानार्थत्वसमुच्चयोरप्येकस्मिन्दर्शनात्, तासु तदा भवति यदा सुप्तः स्वप्नं न कंचन पश्यति, अथास्मिन्प्राण एवैकधा भवतीति कौषीतकिश्रुतौ नाडीप्रलयणोराधारयोः समुच्चयश्रवणात्, प्राणसंस्थत्वाच्च्यं ब्रह्मात्र, यत्र केवलनाड्यः सुषुप्तिस्थानभूतास्तत्रापि नाडीद्वारा ब्रह्मैव स्थानमिति सांप्रतं, अयं द्वारत्वे सप्तम्याः का गतिरिति चेद्गंगाद्वारा समुद्रं गन्तुर्गंगा यथा संचारस्थानं तद्वदत्र गतिः, तस्मो नाडीप्रलयसमुच्चये न बाधकं, तथा पुरीतत्प्रलयसमुच्चयः, योन्तर्हृदय आकाशस्तस्मिञ्छेते इत्युपक्रमे पुरीतति शेते इतिनिरूपणात्, दहराधिकरणे प्रसिद्धं हृदयाकाशात्मकं ब्रह्म हृदयं वेष्टनं पुरीतत् तदाहतो हृदयाकाशो यथा प्राकाराहृतं नगरं, तथा च हृदयाकाशे शयनात्पुरीततोपि सुषुप्तपो जालभाय एव, तस्मात्सुषुप्तिस्थानं ब्रह्मैव नाडीपुरीततोर्द्वारत्वेवेत्याहुः ।

नाडीसमुच्चयं तत्र जीवीकुर्मः श्रुतेर्बलात्,
एकवाक्यगतत्वाद्धं स्वीकुर्मो हि पुरीततः ।

बृहदारण्यके ज्योतिर्ब्राह्मणे, यत्र सुप्तो न कञ्चन कामं कामयते न कंचन स्वप्नं पश्यति तदा तस्यैता हिता नाम नाड्य इत्यत्र नाडीषु स्वापकथनात्, अथात्र सुप्तो न कञ्चन कामं कामयते न कञ्चन स्वप्नं पश्यति तदा अस्यैतदात्मकाममात्मकामरूपकामं रूपं तथया प्रियया स्त्रिया संपरिष्वक्त इत्यत्र परमात्मनि स्वापकथनात्, अनेवमंगीकारे बलात् पूर्वोक्तव्यवच्छेदेन श्रूयमाणस्य सुप्तवाक्याभ्यासस्य विरोधः, अभ्यासभक्तेश्छेदो निर्व्यलीकं सुषुप्तिस्थानमेवं, बोधन्तो मासं विकल्पं सृजन्तो न, निर्दुष्टमाहुरिति, ताभिः मत्यवसृप्येत्युक्ते नाडीषु

सर्पण इवार्थादपि विकल्पापत्तेश्च, तथा च कौशीतकीये अयास्मिन्माण एवेत्यत्रापि विकल्पिकार्थवाचकायशब्दः, आनन्तर्यार्थकत्वेपि नास्माकं बाधो यतः पूर्वापरभावस्य तत्र सिद्धया पूर्वसामधिकसुषुप्तेर्निष्प्रत्यूहत्वात्, उत्तरसामयिकप्राण ऐक्यस्यापि भगवदिच्छातः सत्यवसर्पणेन सयत्नाभावं विनैव सिद्धेश्च, अभ्यासभेदादेव नाडीषु स्वापबाधे ब्रह्मप्राप्तिपेक्षसिद्धेर्नाप्तिपेक्ष इति शंकनीयं, इवशब्दस्याऽभ्यासभेदवैयर्थ्यापातात्, तथा च सुषुप्तपुरीतत्काष्ठिकस्मृत्यापि कदाचित्सृतं स्वापविशेषणत्वेन भासते कदाचिन्नेत्यपि संगच्छते, अथ नाडीषु स्वापे मनसोदर्शनापत्तिरिति चेत् सुषुप्तौ कामाभावकथनेन मनसो लयनिश्चयात् करणविरहान्मायिकत्वेन करणशब्देन च बाधस्य च न दर्शनापातात्, तस्माद्दर्शनाभावोपि न सत्संपत्त्यपेक्षा, किञ्च यदि सुषुप्तिदैविध्यं नाभिमेयात् तर्हि तद्भाव आत्मनि तच्छ्रुतेरित्येव वदेत् सूत्रकार, एतावतैव हेयदर्शनविरहापाप्मसंपन्नाभावयोः सिद्धया नाडीचक्रारभ्योर्निर्देशस्य वैयर्थ्यात्,

तस्मात्सिद्धमिदं स्वप्नं नाडीनां परिवर्तने ।
सासां वै मांसभोगेषु सुषुप्तिस्तु पुरीतति ॥
पुरीतदंवर्हृदये संपद्यिदंहरे सति ॥

नन्वेवं सति प्रौढियवादएदोषा विकल्पे प्रसजन्ति, तथाहि, माप्राण्यपरित्यागः, अप्रामाण्यस्वीकारः परित्यक्तप्रामाण्यस्वीकारः, स्वीकृताप्रामाण्यपरित्यागश्चेतिचत्वारो दोषाः, प्रौढियवाक्यकोटिभेदेनाष्टौ, यथाहुः, एवमेषाष्टदोषापि यदुप्रौढियवाक्ययोः। विकल्प आश्रितस्तत्र गतिरन्या न विद्यते,इति,एवं ब्रह्मनाडीवाक्यकोटिभ्यामष्टौ दोषा इति चेदत्र वदामः, किं भाप्राण्याप्रामाण्ययोस्वरूपमिंतिविचारणीयं, किं प्रामाण्यं नाम सदर्थबोधकत्वं, अप्रामाण्यं नामासदर्थबोधकत्वं ॥ १ ॥ आहोस्विदबोधकत्वं प्रामाण्यं, अबोधकत्वमप्रामाण्यं ॥ २ ॥ तवानुकूलं प्रामाण्यमननुष्ठापकत्वमप्रामाण्यमिति । तत्र नाद्येन बाध्यद्वयेनापि सदर्थबोधस्य भाप्यमानतया तत्यागस्याभावेनासदर्थबोधकत्वस्य काप्यनंगीकारेण तत्कृतदोषाणामप्राप्तेः, अत एव न द्वितीयेन, नापि तृतीयेन, बाध्यद्वयस्यापि सिद्धार्थपरतया अननुष्ठापकत्वस्याभावेन त्याज्यत्वस्य तथायोगात्, अननुष्ठापकत्वस्य सर्वसंमतत्वेनैव विकल्पानंगीकरेऽपीतरेषामपि तुल्यतया तत्र पर्यनुयोगानवकाशात्; तस्मादुक्तं सुष्ठु ॥ ८ ॥ २ ॥

इति तृतीयाध्याये द्वितीयपादे द्वितीयाधिकरणम् ।

શ્રીમદગ્નિકુમારકૃતભક્તિહંસઃ ।

ભાષાંતર.

શ્લોક.

કર્ય ક્રિપાકટાક્ષનેની, રેખ જેના પ્રસાદથી,
ચરિતને ભણી ભક્તિ, ટળી કુમાર્ગમોહિની.

આર્યા.

મંત્રોપાસન વૈદિક તાંત્રિક દીક્ષાર્ચનાદિ મર્યાદ્ય,
સ્પર્શે નવ, જે જેમે નિજ ભક્તે, તેહિ સર્વસ્વ.

અર્થ—મંત્ર, ઉપાસના, વૈદિક તાંત્રિક દીક્ષા, પૂજા, વિધિ, ક્રિયારે જે પ્રભુને સ્પર્શ કરી શકતાં નથી, અને જે નિજ ભક્તોની સામે જેમ છે, તે પ્રભુ આ સર્વસ્વ હો.

શંકા—આવું નવાઈ જેવું શું બોલો છો? શું પુરુષોત્તમ મંત્ર, ઉપાસના, વેદ અને તંત્રોની દીક્ષા, પૂજા, વિધિ ક્રિયારેથી અપ્રાપ્ય છે?

ઉત્તર—નવાઈ જેવું તો અરે જ છે. સાંકડા કૂવામાં પડેલા દેડકા જેવા તને તો આ સંબન્ધિ પણ લાગે. પણ વિદ્વાનોને એમાં નવાઈ જેવું કશું નથી, કારણકે અનેક પ્રમાણોથી એ વાત પ્રથમથી જ સિદ્ધ થયેલીછે. તે નીચે પ્રકારે:—"આ આત્મા પ્રવચનથી પ્રાપ્ય નથી, બુદ્ધિથી પ્રાપ્ય નથી, બહુ શ્રવણથી પ્રાપ્ય નથી, જેને એ આત્મા વરે છે તેનાથી જ એ પ્રાપ્ય છે" એ શ્રુતિમાં "જેને" એમ સામાન્યપણે કહ્યું છે, અને આગળ ચાલતાં પુરુષોત્તમના અંગીકાર માત્રથી જ પ્રાપ્ય છે એમ કહ્યું છે, તેથી પ્રવચન, બુદ્ધિ, બહુ શ્રવણ વગેરે શબ્દોવડે આત્મીયપણાથી ભગવદંગીકાર વિનાનો સર્વ સાધનોનું સૂચન કરેલું છે એમ સમજાય છે; માટે શ્રુતિથી બનતાં સર્વ સાધનોથી પુરુષોત્તમ અપ્રાપ્ય છે એમ કહેવું જ પડશે. તેમ વળી પૂર્વે જીવનો યત્નસો ઉત્કર્ષ પણ પ્રભુપ્રાપ્તિમાં કામ લાગતો નથી એમ પણ પ્રાપ્ત થયું જ. "વરે છે" એમ કહેવાથી સમજવું કે જેમ કન્યા પોતાના ઇચ્છિત વરને જ સ્વપતિ તરીકે વરે છે, અથવા વર પોતાની ઇચ્છિત સ્ત્રીને જ સ્વસ્ત્રી તરીકે વરે છે તેમ ભગવાન-પુરુષોત્તમ-પોતાના ઇષ્ટ તરીકે આત્મીયપણાથી અંગીકાર કરે છે, અને જેમ વર્યા પછી તે સ્ત્રીનો ભીજા પુરુષમાં વિનિયોગ થતો નથી, તેમ આ પ્રભુએ વરેલા જીવને પણ અન્યત્ર વિનિયોગ થતો નથી, એમ સમજાય છે. વળી જેમ વરવું પહેલાં કન્યા અને વર પસંદ કરશે તે પહેલાં પણ બન્યું રહેતું નથી, તેમ પ્રભુ કયા જીવને વરશે તે પણ બન્યું રહેતું નથી. આવો પ્રશ્નોત્તર હોવાથી, શાસ્ત્રોમાં વિધાન કરેલી ક્રિયાઓના ફલ તરીકે જેમ સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ થાય છે, તેમ શાસ્ત્રોમાં વિધાન કરેલી અમુક ક્રિયાઓ કરવાથી પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે, એમ કહી શકાતું નથી: કેમકે આગ વગેરે આપણે સ્મૃતિથી કરી શકીએ છીએ, પણ ભગવાન્ પાસે વરવું કરાવવું એ કાંઈ આપણા હાથની વાત નથી

---

(૧) નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન ।
યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ ॥

શંકા—યજ્ઞાદિકમાં ઇન્દ્ર વગેરેને હણીને (નિમિત્તથી) જેમ હોમ થાય છે, અને એવી રીતે નિમિત્તવશથી ઇન્દ્રાદિનો સંબંધ થાય છે, તેમ પુરુષોત્તમને હણીને કર્મો કરવાથી પુરુષોત્તમનો સંબંધ કેમ ન થાય?

ઉત્તર—એનો ઉત્તર સાંભળ. "સર્વને વશ કરનાર, સર્વને નિર્ભયમાં સ્થાપનાર" વગેરે શ્રુતિઓથી, તેમજ "દેવ, અસુર, મનુષ્ય, યક્ષ, ગંધર્વ, વગેરે મુકુંદ ભગવાનના ચરણનું ભજન કરે તો જેમ અમારું કલ્યાણ થયું તેમ તેનું પણ કલ્યાણ થાય," વળી "હે ચતુર, જે શ્રુતિથી સર્વે તરફ વિદ્વત્તામાં ધન્યિવાન્ એવો કોણ હોય કે જે ઉત્તમોત્તમ દેવતાઓથી સેવવા યોગ્ય મુકુંદભગવાનના ચરણકમલનું ભજન ન કરે?" વળી "હે પાર્થ, જે પાપ યોનિ વાલા સ્ત્રીઓ, વૈશ્યો, તથા શૂદ્રો છે તે પણ મારો આશ્રય કરે તો પરાગતિને પામે છે" વગેરે સ્મૃતિઓથી સાબિત થાય છે કે જીવમાત્રના ભગવાન્ પતિ છે, અને સ્ત્રીઓને સ્વપતિ ભજન જેમ ઇષ્ટ છે અને ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરવાનું સાધન છે, તેમ જીવમાત્રને ભગવદ્ભજન ઇષ્ટ અને ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરવાનું સાધન છે, એમ તારે સર્વમાં અંગીકાર કરવું જ પડશે. એ ભગવદ્ભજન અવશ્યાદિરૂપ છે, એમ શાસ્ત્રોમાં કહ્યું છે. એમ હોવાથી ભગવાનની માફક તેમના નામ મંત્રાદિક પણ સર્વે જીવોને સમાન-સરખું હિત આપનારા-માનવા પડશે.

હવે સાંભળ. એથી ઉલટું જ મંત્રશાસ્ત્રમાં તો એમ કહ્યું છે કે રામમંત્ર અને એ મંત્રના અધિષ્ઠાતા દેવતાનું ભજન તો કોઇ જીવના મિત્રરૂપે કામ કરે છે, અને કોઇને દુશ્મનની સરજ સારે છે, કોઇને સિદ્ધ છે અને કોઇને સાધ્ય છે. તેમજ ગોપાલમંત્ર અને બીજા બીજા મંત્રો અને તેમના અધિષ્ઠાતા દેવતાનું ભજન કોઇનો મિત્ર, કોઇનો દુશ્મન, કોઇને સિદ્ધ અને કોઇને સાધ્ય છે. હવે આપણે કેવળ શ્રુતિ-સ્મૃતિઓના પ્રમાણોથી કહીએ અમે કે પુરુષોત્તમ તો સર્વ જીવમાત્રને સમાન છે, અને આ મંત્રોના અધિષ્ઠાતા દેવતાઓને પુરુષોત્તમ માનીએ તો તેઓ પણ સર્વ જીવમાત્રને સમાન દોવા જોઇએ, પણ તેમ તો છે નહિ, તેઓ તો કોઈ જીવના મિત્ર અને કોઇનો દુશ્મન છે, માટે તેમને પુરુષોત્તમથી ભિન્ન, માત્ર વિભૂતિરૂપ જ, માનવા પડશે, તેથી એમ પ્રાપ્ત થયું કે જ્યાં મંત્રના કોઇથી પુરુષોત્તમનો સંબંધ થતો નથી, પણ વિભૂતિઓનો જ સંબંધ થાય છે.

શંકા—મંત્રશાસ્ત્રના વિધિ પ્રમાણે ભજન કર્યું હોય તો સર્વને ઇષ્ટ ફલ મળે છે, તેથી મંત્રોના અધિષ્ઠાતા દેવતાઓને વિભૂતિ માનવાનું કંઇ કારણ નથી.

---

(૨) सर्वस्व वशी, सर्वस्व ईशानः ॥

(૩) देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव वा ।
भजन्मुकुन्दचरणं सास्तिमान् स्वाधया वयम् ॥ भा. ૯-૩-૫૯.

(૪) कोन्वङ्ग तावकाम्भिद्यपादाम्बुजकुन्मधरणाम्बुजम् ।
न भजेत्सर्वतोमृत्युरुपास्यममरोत्तमैः ॥ भा. ૧૧-૨-૨.

(૫) मांहि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ गी. ૯-૩૨.

ઉત્તર—સાંભળ. " જે "ધર્મોમાં આસ્થા રાખવાથી, હે સજ્જન, મનુષ્ય કોઇ પણ કાળ પ્રમાદ પામતો નથી, અને આંખ વીંચીને જોડે તો પણ તે ભૂલ થાય આતો નથી અથવા પડતો નથી." એ વાક્યમાં સ્પષ્ટ નિરૂપણ કરેલું છે કે ભગવદ્ધર્મમાં માત્ર આસ્થા રાખવાથી ભગવત્ પ્રાપ્તિની તીવ્ર આર્તિ હોય તો નિત્ય સાધનનો પરિત્યાગ કરે તો પણ અથવા રાત્રે અને ગુરુનું પૂજન કરે તો પણ ફલનો વિલંબ અથવા ફલનો અભાવ થતો નથી. આસ્થા એટલે શ્રદ્ધા, વાસ્તુ અને મનથી પ્રભુના થઈ રહેવું. આમ હોવાથી, હવે મંત્રોપાસનાને પણ જો ભગવદ્ધર્મ ગણીએ તો મંત્રોપાસનામાં આસ્થા માત્રથી જ સર્વ કોઇને ઇષ્ટ ફલ થવું જોઇએ, અને વિપરીત ફલ થવું જોઇએ નહિ. પણ તેમાં તો વિધિપ્રમાણે નહિ કરવાથી વિપરીત ફલ, ફલ વિલંબ, ફલનો અભાવ વગેરે આવે છે તેથી મંત્રોના અધિષ્ઠાતા દેવતાઓને વિભૂતિરૂપ માનવા જ પડશે.

શંકા—ગોપાલમંત્રને માટે એમ કહ્યું છે કે " સર્વે વર્ણોમાં, સર્વ આશ્રમોમાં, બીજામાં, નાના પ્રકારના જન્મના નક્ષત્રોમાં, વાંછિત ફલને આપનાર આ ગોપાલ મંત્ર છે," આ પ્રમાણે ગોપાલમંત્રની ઉપાસનામાં સર્વ વાંછિત આપવાની શક્તિ હોવાથી તેના અધિષ્ઠાતા દેવતાને વિભૂતિરૂપ કહેવાય નહિ.

ઉત્તર—ખરી વાત છે કે સર્વ વાંછિત આપવાની શક્તિ ગોપાલમંત્રમાં છે, પણ એમાં ભક્તિ નથી. એમાં તો ઉપાસના છે. જેમ કર્મના અંગ તરીકે કરેલું ભગવત્ સ્મરણ ભક્તિરૂપ બનતું નથી, કેમકે તે તો કર્મમાર્ગમાં છે, તેમ ઉપાસનામાં લીધેલું ભગવન્નામ ભક્તિરૂપ બનતું નહિ, અર્થાત્ ઉપાસનામાં લીધેલું ભગવન્નામ પુરુષોત્તમરૂપ નથી પણ વિભૂતિરૂપ જ છે.

વળી બીજું એ તારતમ્ય છે કે એ ગોપાલમંત્રની ઉપાસનાના ફલ તરીકે વરાંગના-વશીકરણ વગેરે કહેલાં છે. પુરુષોત્તમની ભક્તિનું એવું અધમ ફલ હોય નહિ, કેમકે એ તો અનર્થરૂપ છે. "સાક્ષાત્ "પુરુષોત્તમને વિષે કરેલો ભક્તિયોગ અનર્થની શાંતિ કરે છે," " કોઇ પણ પ્રકારની આશા વગરના અને નિરપેક્ષને મારી ભક્તિ પ્રાપ્ત થાય છે," એ વાક્યોનો વિરોધ આવે છે, કેમકે વરાંગનાવશીકરણની ઇચ્છાવાન્ નિરપેક્ષ કહેવાય નહિ, અને નિરપેક્ષ ન હોવાથી તેને પુરુષોત્તમની ભક્તિ પ્રાપ્ત જ થઇ શકે નહિ, તેથી એ મંત્રના અધિષ્ઠાતા દેવતા પુરુષોત્તમ નહિ, પણ વિભૂતિરૂપ જ સમજવા, તેથી જ ધર્મશાસ્ત્રમાં શૂદ્રે સ્થાપેલી મૂર્તિને નમસ્કાર કરવાનો બ્રાહ્મણને નિષેધ કર્યો છે. " જે શૂદ્રિજ શૂદ્રે સ્થાપેલા શિવલિંગ અથવા વિષ્ણુને નમે તે પ્રાપ્ત કરતા મૂર્ખી ઘોર નરકમાં પડે છે."

---

(૬) यामास्थाय नरो राजन् न प्रमाद्येत कर्हिचित् ।
धावन्निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिह ॥ भा. ११-२-३५
(૭) सर्वेषु वर्णेषु तथाऽऽश्रमेषु नारीषु नानाकृतजन्मभेषु ।
दासा फलानामभिवाञ्छितानां द्रागेव गोपालकमन्त्र एवः ॥
(૮) अनर्थोपशमं साक्षाद्भक्तियोगमधोक्षजे ॥ भा. १-७-६.
(૯) तस्माद्भितार्थियो मर्त्यो भगवत्येकान्तमाश्रयेत् ॥ भा. ११-२०-३५
(૧૦) यः शूद्रस्थापितं लिङ्गं विष्णुं वा विमतेर्द्विजः ।
स याति नरकं घोरं यावदाभूतसम्प्लवम् ॥

ને એ મૂર્તિમાં પુરુષોત્તમનો આવિર્ભાવ હોય તો આપણને નમસ્કાર કરવાનો નિષેધ શાસ્ત્ર કરે નહિ. આપણે ક્ષરને-પુરુષોત્તમને—નમસ્કાર ન કરવો એમ કહી કહેવાય જ નહિ. ઉલટું ગીતામાં તો કહ્યું છે કે " મારો અવજ્ઞા કરનાર મોહી હોય, બીજા વેરવાળો તથા કુટ હોય તે પણ પરાગતિને પામે છે તો પુણ્યવાન [૧૧] "આપણે તો કહેવું જ શું !" અર્થાત્ પુરુષોત્તમને નમસ્કાર કરવાનો આપણને નિષેધનો સંભવ જ નથી, અને અહિં તો સ્પષ્ટ નિષેધ કરેલો છે, અર્થાત્ જડ પ્રતિષ્ઠાપિત મૂર્તિને નમસ્કાર કરવાથી દિજને ઘોર નરકરૂપ અનર્થ પ્રાપ્ત થાય છે તેમ ગોપાલાદિમંત્રથી વશીકરણરૂપ અનર્થ પ્રાપ્ત થાય છે, તેથી અનર્થપ્રાપક ગોપાલાદિની ઉપાસના અને અનર્થોન્મૂલનકર પુરુષોત્તમભક્તિ અત્યન્તભિન્ન છે.

વળી જૂદા જૂદા દેવતા જૂદા જૂદા મંત્રોને અધીન હોય છે, અને નિચે લખેલાં વાક્યો તથા મૂર્તિઓથી સાબિત થાય છે કે પુરુષોત્તમ મંત્રોપાસના વગેરેને અધીન નથી. ભાગવતમાં કહ્યું છે કે " હે ઉદ્ધવ, [૧૨] દૃઢ પ્રેમથી મારી ભક્તિ જેમ મને વશ કરે છે, તેમ યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, મને વશ કરી શકતા નથી; " "યોગ[૧૩] સાંખ્ય, ધર્મ તપ, સ્વાધ્યાય, ત્યાગ, યાવ કૃત્ય ખોદાવવા વગેરે, દક્ષિણો, વ્રત, યજ્ઞ, વેદ, તીર્થ, નિયમ, યમ કોઇ પણ મને વશ કરી શકતા નથી " ગીતામાં કહ્યું છે કે " જેમ[૧૪] તેં મારા દર્શન કર્યા છે, તેમ હે અર્જુન, વેદ, તપ, દાન, યજ્ઞ, વગેરેથી મારા દર્શન થઇ શકતા નથી. અને તત્ત્વથી જાણવાને, મારા દર્શન કરવાને, અને મારામાં પ્રવેશ કરવાને અનન્ય ભક્તિથી જ શક્તિમાન્ થવાય છે. "

શ્રુતિમાં કહ્યું છે કે " આ[૧૫] આત્મા પ્રવચનથી, બુદ્ધિથી વગેરેથી લભ્ય નથી. " આ પ્રમાણે પુરુષોત્તમ મંત્રોપાસનાને અધીન નહિ હોવાથી અન્યાધીન દેવતાઓમાં અને પુરુષોત્તમમાં અત્યન્ત વિલક્ષણતા-ભિન્નતા-છે એમ સમજવું.

---

(૧૧) किं पुनर्ब्राह्मणाः पुण्याः । गी. ९-३३

(૧૨) न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव ।
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥ भा. ११

(૧૩) न रोधयति मां योगो न सांख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणाः ।
व्रतानि यज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमाः ॥ भा. ११-१२-११

(૧૪) नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ।
भक्त्या त्वमन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥ गीता ११-५४

(૧૫) नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।

(૧૬) अहं भक्तपराधीनो ह्यस्वतंत्र इव द्विज ।
साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रिय ।
नाऽहमात्मानमाशासे मद्भक्तैः साधुभिर्विना ।
श्रियं चाऽऽत्यन्तिकीं ब्रह्मन् येषां गतिरहं परा ॥ भा. ९-४-६३

એ વિલક્ષણતાએ કરીને પુરુષોત્તમ તો માત્ર ભક્તિને જ અધીન છે તે નીચેના અને એના જેવા બીજા સહસ્ર વાક્યોથી સાબિત થાય છે. ભાગવતમાં કહ્યું છે કે " મારા સાધુ ભક્તો વિના મારા આત્માની કે આત્યંતિકી લક્ષ્મીની પણ હું ઇચ્છા રાખતો નથી, કેમકે એ ભક્તોની પરાગતિ હું જ છું. "

" જેઓ[1] ઘર, બાંધવ, પુત્ર, આપ્ત, પ્રાણ, વિત્ત, આ લોક પરલોક છોડી મારે શરણે આવ્યા, તેમને હું કેમ છોડું ? " " જેમ[2] સત્સ્ત્રીઓ સત્પતિને વશ કરે છે તેમ સમદર્શિવાન્ મારામાં સંબદ્ધ હૃદયવાન્ સાધુ પુરુષો ભક્તિથી મને વશ કરે છે. " " દ્વિજપણું, બ્રહ્મપણું, ઋષિપણું, સદાચાર, બહુ જ્ઞાનવાપણું, દાન, તપ, યજ્ઞ, શૌચ, વ્રત, એ સર્વે મુકુંદ ભગવાનને વશ કરવાને બસ નથી. હરિ તો નિર્મલ ભક્તિથી જ પ્રસન્ન થાય છે, બીજું સર્વ તો ઢોંગમાત્ર છે. " " હું[4] એક ભક્તિમાત્રથી જ ગ્રાહ્ય છું " " ગજેંદ્રને ભગવાન્ ભક્તિથી જ પ્રસન્ન થયા હતા."[5] આવાં સર્વે વાક્યોથી સમજવું કે પુરુષોત્તમ તો માત્ર ભક્તિને જ અધીન છે; અને તેથી મંત્રોપાસનાધીન દેવતાથી ભિન્ન વિલક્ષણ છે.

શંકા—મંત્રના અધિષ્ઠાતા દેવતાનું ભજન પણ (તેમનાદ્વારા) વસ્તુતઃ પુરુષોત્તમનું જ ભજન છે, માટે મંત્ર વગેરેને પણ પુરુષોત્તમનો સંબંધ આવે છે, તેથી તે પણ ભક્તિરૂપ જ સમજવાં.

ઉત્તર—અરેરે ! ધોળી આટીવાળું ધાબળી તે કૂતરાને મન ભાવે, તેવું તારું બોલવું છે.

શંકા—કેમ વારુ ? મેં શું બોટું કહ્યું ?

ઉત્તર—સાંભળ, શ્રીમદ્ભાગવતમાં ગોપકન્યા અંધમાં કૂવે શ્રીકૃષ્ણને પ્રેમ કર્યો, ત્યારે શ્રીકૃષ્ણે પૂજામાર્ગનું નિરૂપણ કર્યું અને પછી "ભગવાનની[6] મૂર્તિની પ્રતિષ્ઠા કરવાથી ચક્રવર્તિ રાજ્ય, ભક્તિ જોવાથી ત્રણ ભુવનનું રાજ્ય, પૂજા વગેરે કરવાથી અષ્ટસિદ્ધિ અને એ ત્રણેથી એટલે પ્રતિષ્ઠા, ભક્તિ અને પૂજાથી મારા સરખા ગોલોકને પામે છે " એમ નિરૂપણ કર્યું, એમ એક બીજાનું જૂદું ફલ અને ત્રણે સામટા કરવાનું જૂદું ફલ નિરૂપણ કરીને કહ્યું કે " નિરપેક્ષ[7] ભક્તિયોગથી મને જ પામે છે, એ પ્રમાણે જે મારું પૂજન કરે

---

(૧) ये दारागारपुत्राप्तप्राणान् वित्तमिमं परम् ।
हित्वा मां शरणं यातः कथं तांस्त्यक्तुमुत्सहे ॥ भा. ९-४ ६५

(२) मयि निर्बन्धहृदयाः साधवः समदर्शनाः ।
वशे कुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा ॥ भा. ९-४-६६

(३) नाऽलं द्विजत्वं देवत्वमृषित्वं वाऽसुरात्मजाः ।
प्रीणनाय मुकुन्दस्य न वृत्तं न बहुज्ञता ॥ भा. ७-७-५१
न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च ।
प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बनम् ॥ भा. ७-:-५१

(४) भक्त्याऽहमेकया ग्राह्यः ॥ भा. ११-१४-२१

(५) भक्त्या तुतोष भगवान् गजयूथपाय । भा. ८-४-९

(६) प्रतिष्ठया सार्वभौमं सपत्नैर्भुवनत्रयम् ।
पूजादिना ब्रह्मलोकं त्रिभिर्मत्सार्ष्टितामियात् ॥ भा. ११-२७-५२

(७) मामेव नैरपेक्ष्येण भक्तियोगेन विन्दति ।
भक्तियोगं स लभते एवं यः पूजयेत माम् ॥ भा. ११-२७-५३

તે ભક્તિને મેળવે છે. " અહીં " મને જ " એમ નિશ્ચયાત્મક "જ" વાપરવાથી પ્રથમ નવાનેવી પૂજાઓના ફલથી ભિન્ન ભક્તિયોગનું ફલ સ્વપ્રાપ્તિ-પ્રભુપ્રાપ્તિ કહ્યું, તેથી ફલભેદથી પણ પૂજા અને ભક્તિના સ્વરૂપનો ભેદ સ્પષ્ટ માલમ પડે છે. તેમજ "આ પૂજન કરે તે ભક્તિને મેળવે છે " એમ કહ્યું તેથી "પૂજા" સાધન, અને "ભક્તિ" તો ફલ એમ સિદ્ધ થાય છે, તેથી પૂજા વગેરે ભક્તિથી જૂદું છે એમ સ્પષ્ટ થાય છે. ભગવત્સ્વરૂપથી ભિન્ન ફલ આપનાર કર્મ અથવા જ્ઞાનને ભક્તિ કહી શકાય નહિ. " ભગવત્ સ્વરૂપની પ્રાપ્તિ " એ ફલ તો ભક્તિનું જ, અને ભક્તિનું એ વિના બીજું ફલ હોય નહિ. માટે પૂજાદિને ભક્તિ કહી શકાય નહિ, એ નિશ્ચય કરવાને માટે જ " મને જ " એમ ઉપર કહ્યું; એમ ન હોય તો પૂજાપદસ્થમાં એના નિશ્ચયની જરૂર ન રહી.

વળી ભક્તિસાધ્ય ફલ (ભગવત્સ્વરૂપપ્રાપ્તિ) બીજા કલાથી, કર્મ, મંત્ર, પૂજા, જ્ઞાન વગેરેથી સિદ્ધ થતું નથી, અને એ કર્મ વગેરેનું ફલ તો ભક્તિ કરતાં કરતાં વચ્ચમાંજ પ્રાપ્ત થઇ જાય છે, તેની સાબિતીમાં કહ્યું છે કે " જે કાંઇ કર્મથી,[1] તપથી, જ્ઞાનવૈરાગ્યથી યોગથી, દાનધર્મથી અને બીજા જેવા કર્મોથી પ્રાપ્ત થાય છે તે સર્વ મારા ભક્તિયોગથી મારો ભક્ત શીઘ્ર પ્રાપ્ત કરે છે " એથી એમ પણ ફલિત થાય છે કે ભક્તિનો કલ્પતરૂ જેવો સ્વભાવ છે. બાકી " સ્વર્ગ, મોક્ષ, માર અક્ષરધામ વગેરે જેની ઇચ્છા હોય તે પ્રાપ્ત કરે છે " એમ કહેવાથી પણ એમ ફલિત થાય છે કે ભક્તિનો સ્વભાવ કલ્પતરૂ જેવો છે. આ સર્વ કહેવાથી એમ પ્રાપ્ત થયું કે ભક્તિ જ કરવી, બીજું કશું કરવાની જરૂર નથી.

" દાન," વ્રત, તપ, હોમ, જપ, સ્વાધ્યાય, સંયમ, અને બીજા બીજા વિવિધ પ્રકારના શુભ કર્મોથી કેવળમાં ભક્તિ શ્રેષ્ઠ થાય છે " એ વાક્યથી એમ સાબિત થાય છે કે મંત્ર, જપ વગેરેને ભક્તિ ન કહેવાય. ભગવત્પ્રાપ્તિને અર્થે કરેલી ભગવત્પૂજા ભક્તિ કહેવાય કે નહિ એ શંકાનો નિરાસ કરવાને માટે છેવટના જ વાક્યમાં એવી ભગવત્પૂજાને ભક્તિનું સાધન કહ્યું. માટે લોકમાં અથવા શાસ્ત્રમાં કોઇપણ જગ્યાએ એવી સાધનરૂપ પૂજાને માટે ભક્તિ શબ્દ વાપર્યો હોય તો તે ઔપચારિક સમજવો. " એ પ્રમાણે જે મને પૂજે તેને ભક્તિયોગ પ્રાપ્ત થાય છે " એ વાક્યમાં " મને પૂજે " એ શબ્દોથી પૂજાનો વિષય પણ પુરુષોત્તમ છે એમ ન કહેવું, વિભૂતિ પણ ભગવદ્રૂપ છે તેથી વિભૂતિની પૂજા પણ " મારી પૂજા " એમ કહ્યું, તેથી અહીં " મામ્-મને " એ શબ્દ વિભૂતિપરતે સમજવો. પુરુષોત્તમપરત્વે લેવામાં જે બાધ આવે છે તે ભક્તિયોગના પ્રકરણમાં કહી ગયા છીએ. અથવા અન્વયની અપેક્ષા વિના ભગવદ્ભાવના કરી હોય તો અંતઃકરણમાં તથા પૂજનમૂર્તિમાં પુરુષોત્તમનો આવેશ પણ થાય એમ પણ " મામ્ મને " શબ્દથી સમજવું, એમ હોવાથી જ એવી ભાવના હોય તો જ પૂજાનું ભક્તિરૂપ ફલ પ્રાપ્ત થાય છે.

---

(૧) યત્કર્મભિર્યત્તપસા જ્ઞાન-વૈરાગ્યતશ્ચ યત્ ।
યોગેન દાનધર્મેણ શ્રેયોભિરિતરૈરપિ ॥
સર્વં મદ્ભક્તિયોગેન મદ્ભક્તો લભતેઽઞ્જસા ॥ ભા. ૧૧-૨૧-૩૧

(૨) સ્વર્ગાપવર્ગૌ મદ્ધામ કથઞ્ચિદ્યદિ વાઞ્છતિ । ભા. ૧૧-૨૧-૩૨

(૩) દાનવ્રતતપોહોમજપસ્વાધ્યાયસંયમૈઃ ।
શ્રેયોભિર્વિવિધૈશ્ચાન્યૈઃ કૃષ્ણે ભક્તિર્હિ સાધ્યતે ॥

सत्संगनिर्णय[1].

કૃપાપીયૂષપારાવર શ્રીહરિરાયપ્રભુએ અંગીકૃત કરેલા ઉપર કૃપા વિચારીને સાંપ્રદાયિક નિગૂઢ મર્મોને સ્પષ્ટ અને સરલ ભાષામાં નિરૂપણ કરનાર અનેક ગ્રન્થો પ્રકટ થયા છે; એ અનુભવીઓને વિદિત જ છે. અત્યાર સુધીમાં તેઓશ્રીના લઘુભંગ સુધા સેા નાના મેાટા ગ્રન્થો પ્રકટ થઇ ગયા છે; પરંતુ અપ્રસિદ્ધ સાહિત્ય તરફ જ્યારે દૃષ્ટિ કરવામાં આવે છે ત્યારે જણાયા વિના નથી રહેતું કે પ્રસિદ્ધિમાં આવેલું સાહિત્ય તેા માત્ર એક ચતુર્થ ભાગ જ છે. તેઓશ્રીના ગ્રન્થોનો પરિચય કરાવવેા અને તેને માટે પ્રશંસા કરવી એ કાર્ય જીવસામર્થ્યની સીમાથી દૂર છે એટલે તે વિના મૌન જ ઉચિત માનીને તેઓના વચનામૃતનું પાન ભગવદીયેા કરે એટલી વિનતિ કરું છું.

यथा जलं तु प्रसृतं सर्वत्रैव च विष्ठति ॥
अत एव प्रयत्नेन लभ्यते खननादिना ॥१॥
प्रयत्ने तारतम्यं च दृश्यते भूमिभेदतः ॥
क्वचिच्छीघ्रं प्रकटति क्वचित् कालेन भूरिणा ॥२॥
यत्नेन कूपवाप्यादितडागादिषु लभ्यते ॥
क्वचित्तु यत्नविरहेप्यस्ति नद्यादिषु स्वतः ॥३॥
उभयत्रापि यस्त्यक्त्वा सर्वं तत्रैव तिष्ठति ॥
तस्य तत्सुलभं तत्र कूपे क्वचित् भ्रमोऽपि हि ॥४॥
नद्यादिषु स्वतः पानमश्रमेणैव मायते ॥
यो न तिष्ठति तद्देशे परित्यज्य गृहादिकम् ॥५॥
सवेत्तदुपयोगाय घटादिस्थितमेव हि ॥
तस्य आनीतमप्येतद्योग्ये पात्रे च तिष्ठति ॥६॥
तत्र एव समस्तानामुपयोगः प्रसिध्यति ॥

ભાવાર્થ:—જે વિષયનું આ ગ્રન્થમાં પ્રતિપાદન કરવાનું છે, તે વિષયને સ્પષ્ટ રીતિ સુબોધત્વ માટે આપેલાં જલના ઉદાહરણનું કથન કરીને વિસ્તારપૂર્વક ગ્રન્થકર્તા વિવેચન કરે છે. પ્રથમ દૃષ્ટાંતના ચાર અંશો બતાવીને પછીથી પ્રસ્તુત વિષયનું તેની સાથે સામ્ય નિર્દેશીને સ્પષ્ટીકરણ કરવામાં આવશે.

---

૧. શ્રીહરિરાયપ્રભુચરણનાં કેટલાક અપ્રસિદ્ધ ગ્રન્થો મારા અનન્યકૃપાપાત્ર એક મિત્ર પાસે દૃષ્ટિગોચર થયા અને તે વસ્તુ જ ઉપયોગી હોવાથી તેનો મુબારિયાદુવાદ કરીને અત્ર આપવામાં આવે છે.

દૃષ્ટાંતરૂપ

જળ સર્વ સ્થળે પ્રસરેલું છે અને સર્વ સ્થળે રહે છે. એથી જ ખનન (ખોદવું) વગેરે પ્રયત્નથી પ્રાપ્ત થાય છે. જળને મેળવવા માટે કૂવામાં બતાવતા પ્રમાણમાં કેટલીક ત્રિજ્યાસ્થૂલતા રહેલી જોવામાં આવે છે, તે પૃથ્વીના જોરથી. અર્થાત્ માટિ અને પોચી જમીનના પ્રમાણમાં ખોદવાનો પ્રયાસ વધારે અને થોડો અનુભવાય છે. કોઈ કોઈકને યોગ્યતર પ્રયત્નથી—જલદી જળ પ્રાપ્ત થાય છે. કોઈ કોઈકને ઘણો સમય વીત્યા પછી જળ પ્રકટ થાય છે. યોગ્ય પ્રયાસથી અર્થાત્ ઊંડાથી ભરાવ મટવા જેટલા જ યત્નથી કૂવા, વાવ, તલાવ વગેરેમાંથી જળ મળી શકે છે. કોઈ કોઈકને તો ભગીરથ પ્રયત્ન કર્યા જ સ્વતઃ જળ મળી શકે છે, જેમ કે નદી વગેરેમાં. કૂપ અને વાવ વગેરેમાં પ્રયત્ન-વધારે મહેનત છે, તળાવ વગેરેમાં ઘણ-ગીરો શ્રમ છે; તે બન્નેને છોડીને જે નિરંતર નદી વગેરેના સમીપમાં જ રહે તેને વિના શ્રમે જળ મળે અને પરમાનંદ સુલભ થઈ પડે. કૂવામાંથી જળ પ્રાપ્ત કરવામાં ધીરજ શ્રમ જણાય છે, પરંતુ નદી વગેરેમાંથી તો પરિશ્રમ વિનાજ સ્વતઃ જલપાન થઈ શકે છે. જે પુરુષો ગૃહ વિગેરેનો ત્યાગ કરીને શ્રમ વિના જળ પ્રાપ્ત કરી શકે તેવા દેશમાં નથી રહેતા, તેઓના ઉપયોગમાં યત્કિંચિત્ રહેલું જળ આવે છે, તે પણ શ્રમ વિના જ. જોને કે તે જળ નદી વગેરેમાંથી લાવવામાં આવ્યું છે, પરંતુ તે ગોમ—ગુહ્ય ક્ષેત્રમાં રોપ તો જ તે ઉપયોગમાં આવે છે. એથી જ સમસ્ત જળનો ઉપયોગ સિદ્ધ થાય છે.

सर्वां ब्रह्म व्यापकत्वात्सर्वत्रैव हि विद्यति ॥७॥
ज्ञानिनां वत् मयत्नेन प्रकटीभवति स्वतः
मुदेशे च तथा काले सत्यादावल्पयत्नतः ॥८॥
अन्यथा मुयसा काले भवेणाविर्भवत् पुनः ॥

ભાવાર્થઃ—તેવી જ રીતે બ્રહ્મ પણ વ્યાપક હોવાથી બધે ઠેકાણે રહે છે. જેમ જળ સર્વ સ્થળે રહે છે, તેમ બ્રહ્મ પણ સર્વત્ર વ્યાપક છે. વધુ પ્રયાસ કરવાથી જેમ જળ પ્રકટ થાય છે; તેમ વધુ યત્ન કર્યા પછી જ્ઞાનીઓ સમક્ષ તે બ્રહ્મ સ્વતઃ પ્રકટ થાય છે. કઠિન અને પોચી પૃથ્વીના પ્રમાણમાં વધતો ઓછો પરિશ્રમ જળને માટે કરવો પડે છે; તેમ જ બ્રહ્મને માટે પણ સારો દેશ અને સત્પુરુષ વગેરે સારો સમય હોય તો થોડો પ્રયાસ કરવો પડે છે; અને દેશકાળ સારા ન હોય તો વધુ શ્રમ વીતે છે અને શ્રમ પણ વધુ જ વપરાય છે; ત્યાર પછી જ તે બ્રહ્મ પ્રગટ થવું જણાય છે.

भक्तानां स्वेच्छया कृष्णो यशोदादिषु नूतनः ॥९॥
ततो भावेनानयनं न प्रयत्नोऽस्ति कश्चन ॥
तथापि ये त्यक्तगृहास्तेषां विघ्नति सन्निधौ ॥१०॥

ભાવાર્થઃ—કૂપ વગેરેનાં જળની પેઠે જ્ઞાનીઓને પણ અત્યંત પ્રયત્નથી મળે છે, એમ

---

૧. જેમ પંચમહાભૂતોમાંનું જળતત્ત્વ મહાભૂત હોવાથી સર્વ સ્થળે વ્યાપ્ત છે. વાયુ, પૃથ્વી વગેરે જેમ વ્યાપ્ત છે, તેમ જેમ પણ મોક્ષ સ્વરૂપે સમષ્ટિરૂપે તો મોક્ષ સ્વરૂપે પરમાત્મારૂપે વ્યાપ્ત છે.

સિદ્ધ થયું. હવે ભક્તોને માટે નહી જેવત્ સ્વેચ્છાથી જ શ્રી યશોદાજી વગેરે નજરકેદમાં પ્રકટ થાય છે, એમ નિરૂપણ કરે છે. જેમ નદીનું જલ સ્વતઃ છે, તેમ ભક્તોના ઉદ્ધાર માટે પ્રભુ પોતાની જ મુચ્છિથી શ્રી યશોદાજી વગેરેમાં ભાવરૂપે પ્રાદુર્ભાવ પામે છે. તે પ્રકટ થયલા પ્રભુને હૃદયમાં અથવા બહાર પધરાવવા તે પણ ભાવથી જ; તેમાં કાંઇ જાદરની પ્રયત્ન નથી. જેમ નદીનું જલ લેવામાં કૂવા વગેરે બીજા જલાશયો જેટલો પરિશ્રમ નથી; તેમ જ નિજનંદ્યનાર્થ પ્રકટ થયલા પ્રભુને ભાવથી જ હૃદયમાં અથવા બહાર પધરાવતાં ઘોડો પણ પરિશ્રમ લાગતો નથી. તેમાં પણ જે લોકો ગૃહનો ત્યાગ કરીને નદીના સમીપમાં વસે છે, તેમાને જેમ જલ સુપ્રાપ્ય છે, તેમ જેઓ ગૃહાદિકનો ત્યાગ કરીને અભ્યાસક્ત થઈને રહેલા છે, તેમાનાં તો એ ભાવાત્મક પ્રભુ સન્નિધાનમાં જ રહે છે.

ज्ञानिनां व्यापकत्वेन हृदयस्थो बहिर्नहि ॥
अतो ध्यानादिना कश्चित् श्रमस्तत्र न विद्यते ॥ ११ ॥
भक्तानां भावरूपेण बहिरन्तश्च तिष्ठति ॥
अतो न तेषां ध्यानादिश्रमः कश्चिदपेक्षितः ॥ १२ ॥

ભાવાર્થઃ—પ્રભુ સર્વત્ર વ્યાપક છે એમ માનીને જ્ઞાની લોકો અનેક સાધનો કરીને તેને પ્રાપ્ત કરે છે, પરંતુ વ્યાપકરૂપ ભાવનાથી પ્રભુ તેના હૃદયમાં પધારે છે, પણ બહાર પધારતા નથી. હૃદયમાં તો સર્વ સાક્ષી રૂપે વિરાજતા જ હોવાથી જ્ઞાની લોકોને કાંઇ શ્રમ કરવો પડતો નથી, અર્થાત્ ધ્યાનબાહ્યાદિથી કાંઇ શ્રમની જરૂર તેમાને નથી, કેમ કે તેમો જ્ઞાની થઈ ગયલા છે. ભક્તોના પ્રભુ તો ભાવરૂપ હોવાથી ભાવસ્વરૂપે અંદર અને બહાર વિરાજે છે. એટલે ભક્તોને પણ ધ્યાન વગેરે કરવાનો કોઇ પણ શ્રમ નથી.

अव्यक्तभावना ये तु ज्ञानिनस्ते तु दूरगाः ॥
तेषां चेत् कश्चिदागत्य पाययेत् प्राप्यते तदा ॥ १३ ॥
अतस्तेषामन्यजीवापेक्षता सर्वदैव हि ॥

ભાવાર્થઃ—બાપક અને હૃદયમાં રહેલા પ્રભુને ન ઓળખતાં અવ્યક્તની ભાવના જે જ્ઞાનીઓ કરે છે, તે દૂર જનારા છે, અર્થાત્ સમીપમાં રહેલાં સુપ્રાપ્ય નદીજલને ત્યજીને દૂર રહેનારા છે. તેમાને કોઇ જલ લઈ જઈને પાય તો જ તેમો જલ પ્રાપ્ત કરી શકે, નહિ તો નહિ. અવ્યક્ત વ્યક્તિમાપન્ન, અવ્યક્તા હિ-ગતિર્દુઃખ મિત્યાદિ ભગવદ્વાક્યાનુસાર અવ્યક્તની ભાવનાવાળાઓને દુઃખ જ પ્રાપ્ત થાય છે, કોઇ તેમાને જ્ઞાન આપનાર મળે તો જ તેમો કોકથી આવે. એ કારણથી તેમો નિરંતર બીજા જીવોને આધીન બનીને રહેલા હોય છે.

गृहस्थितास्तु ये भक्तास्तेषां सान्निध्यरूपणात् ॥ १४ ॥
अतो हरिर्येषु सिद्धेष्वोग्येषु स्वजनेषु हि ॥
तत्सान्निध्ये सदा कृष्णः स्वोपभोगाय जायते ॥१५॥

ભાવાર્થઃ—બાપક અને હૃદયમાં રહેલા પ્રભુને ન ઓળખતાં અવ્યક્તની ભાવના જે જ્ઞાનીઓ કરે છે, તે દૂર જનારા છે, અર્થાત્ સમીપમાં રહેલાં સુપ્રાપ્ય નદીજલને ત્યજીને દૂર રહેનારા છે. તેમાને કોઇ જલ લઈ જઈને પાય તો જ તેમો જલ પ્રાપ્ત કરી શકે, નહિ તો નહિ. અવ્યક્તે વ્યક્તિમાપન્ન, અવ્યક્તા હિ-ગતિર્દુઃખ મિત્યાદિ ભગવદ્વાક્યાનુસાર અવ્યક્તની ભાવનાવાળાઓને દુઃખ જ પ્રાપ્ત થાય છે, કોઇ તેમાને જ્ઞાન આપનાર મળે તો જ તેમો કોકથી આવે. એ કારણથી તેમો નિરંતર બીજા જીવોને આધીન બનીને રહેલા હોય છે.

कृष्णाश्चयैव दुःखित्वं तृषयेव तृषावताम् ॥
अन्वयान्तः सदा येषु पूर्णः कृष्णो विराजते ॥१६॥
गुणैः सेवादिभिस्तेषां सतां सततसंश्रियौ ॥
स्वोपभोगाय कृष्णः स्याच्चद्रास्पविषरोदुगतः ॥१७॥

ભાવાર્થઃ—ગૃહ ત્યાગ કરીને નદીના સમીપમાં સ્થિતિ કરનારી જેમ જલ સુખમય છે, તેમ ગૃહાદિનો ત્યાગ કરનારના સમીપમાં જ પ્રભુ વિરાજે છે, એમ નિરૂપણ કર્યું. હવે જેઓ ગૃહમાં જ રહે છે તેઓને ઉપદેશે છે. ગૃહમાં રહેનારા જનોને સન્નિધિમાં-સમીપમાં રહેનારાઓના દોષ જલ્દી વળગે છે; તેથી તેઓએ જેમાં પ્રભુ રહેતા હોય, જેમના નેત્રમાં નિરંતરપણે જગતના દોષ તેના મોક્ષ સ્વજનોમાં, પોતાના જનોમાં રહેવું. એવા ભગવદીય સ્વજનોમાં રહેવા પ્રભુનો ઉપદેશ, અર્થાત્ પ્રભુના સ્વરૂપામૃતનું પાન એ ભગવદીયોના સન્નિધાનમાં રહેવાથી નિરંતર કરી શકાય છે. જેમ શુદ્ધ પંચદ્રિક પાત્રોમાં ભરી રાખેલું જલ પોતાના ઉપયોગમાં આવે છે, તેમ ભગવદીયોમાં બિરાજતા પ્રભુનો સ્વરૂપાનંદ તેમના સમીપમાં રહેવાથી પ્રાપ્ત થાય છે. ગૃહમાં એવી રીતે નિવાસ કરતાં દુઃખ પ્રાપ્ત થાય તે ફક્ત પ્રભુની આજ્ઞાથી જ, જેમ તૃષાતુરોને તૃષાથી દુઃખ થાય છે; તેમ પ્રભુની ચરણ જેને લાગી છે, તેને દુઃખ પ્રાપ્ત થાય છે, તે પ્રભુ કયારે મળે એવી આજ્ઞાથી થાય છે, આ સમય ક્યારે પ્રાપ્ત થાય છે કે જ્યારે . ગૃહમાં ઉપર જણાવેલા ભગવદીય સ્વજનો ન મળે ત્યારે, જેમ કે ગૃહમાં જલ ન હોય અને તૃષા તો લાગી હોય અને પછી જેમ દુઃખ પ્રાપ્ત થાય છે, તેમ ભગવત્સ્વરૂપાનંદનું પાન કરવાને ઇચ્છ તપસ્વી રહ્યો હોય અને પ્રભુનાં સ્વરૂપામૃતનું પાન કરાવી શકે એવા યોગ્ય સ્વજન ન મળે ત્યારે ગૃહમાં સ્થિતિ કરતાં આવી રીતે દુઃખ પ્રાપ્ત થાય છે, માટે બીજો માર્ગ પ્રભુ ઉપદેશે છે. આવું દુઃખ અનુભવી શકતા ન હોય તેઓએ ભગવદીયોની સેવા કરવી. ભગવદીયો કેવા હોવા જોઇએ ? ભગવદીયો એવા હોવા જોઇએ કે જેઓમાં પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ પ્રભુ બિરાજતા હોય, તેવા ભગવદીયોના સમીપમાં નિરંતર રહેવાથી અને સેવા વગેરે ગુણોથી તે ભગવદીયોના મુખારવિંદમાં પ્રકટ થતા પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ કરી શકાય. તેવા ભગવદીયોના મુખમાંથી પર્વતની ગુફાઓમાંથી જેમ શીતલ જલ જ નિરંતર ઝર્યા કરે છે; અને તૃષાતુરોની તૃષાને, તાપથી તપેલાઓના તાપને ભુંસવે છે, તેમ જ ભગવત્સ્વરૂપામૃતનો અખંડ ઝરો ને ભગવદીયોના મુખમાંથી નિઃસરે છે અને પ્રભુને ભજવા ઇચ્છનારાઓના મનોરથો પૂર્ણ કરે છે.

तस्माद्गृहासक्तियुतैर्मुक्तिसाधकैस्तु गृहस्थितैः ॥
तादृग्वत्सङ्गसंसक्तैः सदा ध्येयं ततो हरिः ॥१८॥
भवत्येवानुभूतस्तु नान्यथा सर्वथा भवेत् ॥

ભાવાર્થઃ—ઉપર કહેલાં કારણોથી ભક્તિથી યુક્ત અને ભક્તિના સાધકોએ ગૃહમાં રહીને તેવા ભગવદીયોના જ સંગમાં સદા રહેવું. એવા માર્ગમાં પ્રવેશ કરેલા ભગવદીયોએ અને સેવ્ય સિદ્ધ કરવાને ઇચ્છ રાખનારાઓએ ઉપર જણાવેલા ભગવદીયોનો જ

સત્સંગ કરવો; નિરંતર તેમની પરિચર્યા કરતાં કરતાં તેમની જ પાસે રહેવું. એમ કરવાથી પ્રભુનો અનુભવ થાય છે, અન્યથા ન કોઇ પણ ઉપાય કરવાથી ભગવદનુભવ તો ન જ થાય.

मक्तिमार्गपरित्यागं भावेन विरहात्मकम् ॥ १९ ॥
कृत्वा येऽत्रस्थितास्तेषां जीवदेहेन्द्रियादिषु ॥
प्रविष्टो भगवानेव भावेन विरहात्मकः ॥ २० ॥
कोऽवधूच्छरीरादि प्रविमेव हरिः स्वयम् ॥
अतस्ते भगवद्रूपास्तेषां सङ्गो ह्यपेक्षितः ॥ २१ ॥

ભાવાર્થ:—દૂર જનાર જ્ઞાનીઓને એ દોષ પ્રાપ્ત થતો હતો કે તેમને કોઇ આવીને જલ પીવરાવી જાય અર્થાત્ કોઇ આવીને તેને સત્ય જ્ઞાન આપે તો જ તેમનું કલ્યાણ થાય, માટે તેઓ બીજા જીવોને આધીન બને છે. આ જ દોષ ભક્તિમાર્ગમાં પ્રાપ્ત થાય છે, કેમકે તેમાં પણ સત્પુરુષોના સંગનો ઉપદેશ કરવામાં આવ્યો છે અને સત્સંગ વિના કોઇ પણ કૃપાથયી ભક્તિ સિદ્ધ થતી નથી, એમ બારે દ્વનિ કહેવામાં આવ્યું છે, ત્યારે સત્પુરુષો—ભગવદીયો પણ જીવરૂપ હોવાથી તેમનો સંગ કરવાની અત્યંત આવશ્યકતા હોવાથી ભક્તિમાર્ગીયને પણ બીજા જીવોને આધીન બનવાનો પ્રસંગ આવ્યો; આ સંશયને મનમાં ધરીને તેનું સમાધાન કરે છે કે:—

ભક્તિમાર્ગીય સંન્યાસ લેનારા ભગવદીયો ભગવદ્રૂપ જ છે. ભક્તિમાર્ગીય સન્યાસ બાનવામાં એક કારણ છે. તે વિરહાત્મક છે. કા નાથ રમણ પ્રેષ્ઠ કાસિ કાસિ મહાભુજ એ કલ પ્રકરણોક્ત સંન્યાસ, પ્રભુના બધા વિયોગનો અખંડ અનુભવ પ્રાપ્ત થાય ત્યારે ભક્તિમાર્ગીય સંન્યાસ થયો કહેવાય. તેવો સંન્યાસ સ્વીકારીને જેઓ રહેલા છે; તેમના જીવ-દેહ, ઇન્દ્રિય વગેરેમાં સાક્ષાત્ વિરહવર્ધનસ્વરૂપ ભાવથી પ્રભુ પ્રવેશ કરે છે. પ્રભુ રસરૂપ હોવાથી શૃંગાર પણ સંયોગ વિયોગરૂપ દ્વિધાત્મક,[1] હોવાથી રસાત્મક પ્રભુ ભક્તના દેહેન્દ્રિયાદિમાં પ્રવેશે છે. ભક્તનાં શરીર વગેરે તો તરવારની મ્યાન જેવાં જ છે. જેમ પ્રભુ સાક્ષાત્ પ્રતિમામાં સ્વરૂપ મૂર્તિમાં પ્રવેશ કરે છે અને તે સ્વસ્વરૂપ જ અનુભવાય છે, તેમ જ વિરહાત્મક પ્રભુ જ્યારે દેહેન્દ્રિયાદિકમાં પ્રવેશ કરે છે, ત્યારે ભક્તો ભગવદ્રૂપ થઇ જાય છે, માટે તેમનો સંગ તો અવશ્ય કરવો અને તેમના આશ્રયથી જીવને આધીન બનવાનો દોષ નથી.

इति श्रीवल्लभाचार्यकृपामात्राभिकांक्षिणा ॥
हरिदासेन विदुषो मुदा सत्संगनिर्णयः ॥२२॥

શ્રીવલ્લભાધીશ્વરની કૃપામાત્રની અભિલાષા ધરાવનારા શ્રીહરિદાસપ્રભુવર્યે આ સત્સંગ-નિર્ણય આનંદથી રચ્યો છે. શ્રીકૃષ્ણાર્પણમસ્તુ.

---

૧ આ વિષે વધારે જાણવાની ઇચ્છા રાજનારાયણકૃત શ્રીમદ્ભાગવતનો ઇતિહાસ વાંચવો.

શ્રીમદ્વલ્લભાચાર્યની જન્મપત્રિકા.

શ્રીમદ્વલ્લભાચાર્યચરણની જન્મપત્રિકા બૃહત્સ્તોત્રસરિત્સાગરના દ્વિતીય ભાગમાં શ્રીમદાચાર્યચરણ વિરચિત થયેલ પછી ૧૪૮ પૃષ્ટે આપેલી છે. આ જન્મપત્રિકામાં શ્રીમદાચાર્યચરણનું પ્રાકટ્ય સંવત્ ૧૫૩૫ (ત્રુટિત) સાલે ૧૪૦૦ ના વૈશાખ (ગુજરાતી ચૈત્ર) વદ ૧૧ રવિવારના રોજ ધનિષ્ઠા નક્ષત્રમાં મૂલસ્થિત પાંચ ગ્રહોની ૫ રી ૬ ઘડી ૪૪ પલમાં થયેલું છે એમ કહ્યું છે, અને કુંડલિ આપેલી છે. શ્રીમદાચાર્યચરણના પૌત્ર શ્રીગોકુલનાથના અનન્ય ભક્ત ઠક્કર હરિરામે રચેલા મહાપ્રભુ મંદમાં શ્રીમદાચાર્યચરણનું પ્રાકટ્ય સંવત્ ૧૫૨૮ ના વૈશાખ વદ ૧૧ ના રોજ થયું એમ કહેલું છે. તેથી શ્રીમદાચાર્યચરણનું પ્રાકટ્ય સંવત્ ૧૫૩૫ માં થયું કે ૧૫૨૮ માં એ સંશય રહે છે.

એવા સમય ઉપર મેં ભક્તિપ્રકરણ પ્રસિદ્ધ કરેલું છે તેના ઉપોદ્ઘાતમાં શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યસમય સંબંધી લેખ લખેલો છે. આ લેખમાં ૧૫૨૮ અને ૧૫૩૫ ના વૈશાખ (ગુજરાતી ચૈત્ર) વદ ૧૧ ના રોજની સૂર્યોદય પછી ૭ ઘડી ૪૦ પલની કુંડલિઓ આપેલી છે, પરંતુ તે કુંડલિઓ કેવી રીતે આવી તે દેખાડ્યું નથી. મારા કેટલાક મિત્રોની એવી ઇચ્છા છે કે આ પ્રશ્ન ગંભીર હોવાથી ગણિતનો આશ્રય પણ મારે આપવો અને મહોની ગણતરી પણ સર્વ સમજી શકે તેવી રીતે આપી કુંડલિ વિષે નિર્ણય કરવો. તેથી આ લેખમાં મહાપ્રભુના આધારે આ બે વર્ષના ચૈત્ર વદ ૧૧ ના રોજના મહ સ્પષ્ટ કરી શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્ય સમય વિષે નિર્ણય કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

ભક્તિપ્રકરણના ઉપોદ્ઘાતમાં મેં ૭ ઘડી ૪૦ પલ સગુણદાસના કીર્તનના આધારે લીધેલા છે, અને સગુણદાસ શ્રીમદાચાર્યચરણના સેવક હતા એમ લખેલું છે. કીર્તનનો મને વિશ્વાસ નહિ હોવાથી મારા એક મિત્રના લખવા પ્રમાણે મેં એ દંતકથા આપી છે, પરંતુ હાલમાં મને જણાવવામાં આવે છે કે સગુણદાસ શ્રીમદાચાર્યચરણના સેવક ન હતા, પરંતુ શ્રીમદ્વિઠ્ઠલનાથ પ્રભુચરણના સેવક હતા, અને તેમણે સૂર્યોદય પછી ૭ ઘડી અને ૪૦ પળ સમય કહેલો નથી પરંતુ રાત્રિના ૭ ઘડી અને ૪૦ પલ કહેલો છે. આ મારી ભૂલ માટે અને પશ્ચાત્તાપ થાય છે, પરંતુ તે ભૂલ મહત્વની નથી. મહોની ગતિ ફરશે નહિ, પરંતુ કુંડલિઓમાં માત્ર ફેર પડશે.

સગુણદાસ રાત્રિની ૭ ઘડી અને ૪૦ પલ પ્રાકટ્ય સમય કહે છે. પરંતુ માણેકચંદભાઈ "માધવમાસ કૃષ્ણપક્ષ શુભલગ્ન ઉદિત ભોમથી દસરો જામ" કહે છે. તેથી સૂર્યોદય પછી બીજા જામમાં પ્રાકટ્ય થયું એમ માણેકચંદભાઈના કહેવાનો આશય જણાય છે. પ્રસિદ્ધ થયેલી કુંડલિઓ રાત્રિની ૬ ઘડી અને ૫૮ પલ પ્રાકટ્યસમય આપેલો છે. પ્રાકટ્યસમય સંબંધ પ્રથમ જામ એ સર્વ વૈષ્ણવ વર્ગની અભિલાષા હોય એ સ્વાભાવિક છે. અમને પણ કોઇ પક્ષનો આગ્રહ નથી, પરંતુ શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યનો યથાર્થ સમય જણાય તેવી દૃષ્ટિથી આ લેખ લખવામાં આવે છે. તેમાં મહાપ્રભુના આધારથી મહોની ગણત્રી કરીશું. સામાન્યરીતે જન્મપત્રિકા પ્રસિદ્ધ થયેલી છે તે ઉપર આધાર રાખવો એવી સહજ ઇચ્છા થાય, તેથી પ્રથમ એ પ્રસિદ્ધ થયેલી જન્મપત્રિકાનોજ પ્રાકટ્યસમય લઈ તેમાં આપેલા મહ જોયા છે અને એ જન્મપત્રિકા ઉપર કોઈ પણ વિશ્વાસ રાખી શકાય, તેમ નથી એમ સિદ્ધ કરીશું. પછી ૧૫૨૮ તથા ૧૫૩૫ ના મહ કરી એક શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યસમય વિષે વિચાર કરીશું. આ લેખમાં કોઇ વૈષ્ણવને કોઇપણ રીતે કોઈ ઠેસ આવા અથવા વક્તવ્ય દોષ જો તે લખી જણાવ-

ત્યાથી પુષ્ટિભક્તિસુધામાંજ તેનો ચોગ્ય ઉત્તર મારી અલ્પ બુદ્ધિને અનુસરી આપીશ, અને જો મારી ભૂલ દેખાડવામાં આવશે તો કોઇપણ પક્ષનો આગ્રહ નહિ હોવાથી આભાર સાથે પ્રસુત કરી સુધારવામાં આવશે. સર્વ વૈષ્ણવ વર્ગને શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યસમ્બન્ધનો નિર્ણય થાય એવી ઇચ્છા રોમ૦૮. તેથી અંતથી આ લેખ વાંચી જે કાંઇ વક્તવ્ય હોય તે લખી જણાવવા સર્વને પ્રાર્થના છે.

પ્રાસ્તાવિક.

સૂર્ય, ચંદ્ર, ભૌમ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એ મહો કુંડલિમાં મૂકેલા જોવામાં આવે છે. મહો આકાશમાં ફરે છે. આ આકાશને "ચક્ર" અથવા "ભચક્ર" કહે છે. આ ચક્રના ૧૨ સરખા ભાગ કરેલા છે. આ દરેક ભાગને "રાશિ" કહે છે. દરેકના રાશિના ૩૦ સરખા ભાગ કરેલા છે, એ દરેક ભાગને "અંશ" કહે છે. દરેક અંશની ૬૦ કલા, અને દરેક કલાની ૬૦ વિકલા થાય છે. મહો આકાશના અમુક ભચક્રના કયા ભાગમાં છે તે આ વિભાગ ઉપરથી જણાય છે.

બાર રાશિઓના નામ અનુક્રમે નીચે પ્રમાણે:—

૧ મેષ ૨ વૃષભ, ૩ મિથુન, ૪ કર્ક, ૫ સિંહ, ૬ કન્યા, ૭ તુલા, ૮ વૃશ્ચિક ૯ ધન, ૧૦ મકર, ૧૧ કુંભ, ૧૨ મીન,

ભચક્ર.



વિશેષ સરલતા માટે ભચક્રની ઉપર આપવામાં આવ્યું છે. મીન રાશિના અંત અને મેષ રાશિના પ્રારંભ પાસે '•' મૂકેલું છે, અરથ કે ગ્રહ વિશેષ ભચક્રમાં રહેલા સર્વની સ્થિતિ તેઓ આ સ્થલેથી નેટલે દૂર હોય તે ઉપરથી કહેવાનો રીવાજ છે. જેમકે મેષ રાશિના ૨૪ અંશ, ૩ કલા અને ૫ વિકલા ઉપર અમુક ગ્રહ છે તો તે ગ્રહની સ્થિતિ " ૦-૨૪-૩-૫ " કહેવાય છે. આ ગ્રહ ચક્રમાં "ક" નિશાને મેષ રાશિમાં છે. તેજ પ્રમાણે મેષ ગ્રહ " ૬-૮-૨૫-૩૫ " નો છે એમ કહે તો તે ગ્રહ "૦" ચિન્હથી ૬ રાશિ ૮ અંશ, ૨૫ કલા અને ૩૫ વિકલા દૂર છે એટલે તુલા રાશિમાં " ખ " ચિન્હ પાસે છે. એમ સમજવું.

ભચક્રની ૧૨ રાશિ, અને દરેક રાશિના ૩૦ અંશ છે, એટલે દરેક ગોળમાં ચારે કાટખૂણા અને ૩૬૦ અંશ હોય છે, તેમ ભચક્રમાં પણ ૧૨×૩૦=૩૬૦ અંશ થયા.

ભચક્રના ૧૨ સરખા ભાગ કરી, દરેક ભાગને રાશિ કહી, તેજ પ્રમાણે પુનઃ તે ચક્રના ૨૭ સરખા ભાગ કરી, દરેક ભાગને નક્ષત્ર કહે છે. ૧૨ રાશિના ૨૭ નક્ષત્ર હોવાથી દરેક રાશિ ૨ નક્ષત્રની થઇ, ભચક્રના ૩૬૦ અંશના ૨૭ નક્ષત્ર હોવાથી દરેક નક્ષત્ર $\frac{૩૬૦}{૨૭}=૧૩\frac{૨૦}{૨૭}$ અંશનું થયું. મેષ રાશિનો પ્રારંભ જ્યાં "•" મૂકેલ છે ત્યાંથી આરંભી

૨૭ નક્ષત્ર નીચે પ્રમાણે.

૧ અશ્વિની, ૨ ભરણી, ૩ કૃત્તિકા, ૪ રોહિણી, ૫ મૃગશીર્ષ, ૬ આર્દ્રા, ૭ પુનર્વસુ ૮ પુષ્ય ૯ અશ્લેષા, ૧૦ મઘા, ૧૧ પૂર્વા ફાલ્ગુની, ૧૨ ઉત્તરા ફાલ્ગુની, ૧૩ હસ્ત ૧૪ ચિત્રા, ૧૫ સ્વાતિ, ૧૬ વિશાખા, ૧૭ અનુરાધા, ૧૮ જ્યેષ્ઠા, ૧૯ મૂલ, ૨૦ પૂર્વાષાઢા, ૨૧ ઉત્તરાષાઢા, ૨૨ શ્રવણ, ૨૩ ધનિષ્ઠા, ૨૪ શતતારા, ૨૫ પૂર્વાભાદ્રપદા. ૨૬ ઉત્તરાભાદ્રપદ, ૨૭ રેવતી,

મહ્યમત્વમાં શકે ૧૪૩૨ ના ચૈત્ર શુદ ૧ ના સૂર્યોદયથી ગ્રહની ગણત્રીનો આરંભ કરેલો છે. આ સમયના ગ્રહને " ક્ષેપક " કહેલા છે. આ સમય પછીના કોઇપણ વખતના ગ્રહો કાઢવા હોય તો તે વખત અને આ સમયના અંતરમાં ગ્રહોની જેટલી ગતિ થઇ હોય તેમા આ ક્ષેપક ઉમેરવાથી ઇષ્ટ વખતના ગ્રહો નીકળે છે. આ સમય પહેલાના કોઇપણ વખતના ગ્રહો કાઢવા હોય તો આ સમય અને તે વખતના અંતરમાં ગ્રહોની જેટલી ગતિ થઇ તે આ ક્ષેપકમાંથી બાદ કરવાથી ઇષ્ટ વખતના ગ્રહો નીકળે છે.

મધ્યમગ્રહ સાધન.

પ્રથમ આપણે ભૂગોલસ્તોત્ર સરિત્સાગર દ્વિતીય ભાગમાં શ્રીમદાચાર્યચરણ વિરચિત* મેષો બાદી પૃ. ૧૪૮ માં શ્રીમદાચાર્યચરણની જન્મ પત્રિકા આપેલી છે. તેમાં વર્ષેશાદ સમયના એટલે સંવત ૧૪૩૫ (પ્રજાપ) શકે ૧૪૦૦ ના વૈશાખ (ગુજરાતી ચૈત્ર) વદ ૧૧ રવિવાર સૂર્યાસ્ત પછી ૬ ઘડી ૪૪ પલ સમયના ગ્રહ કાઢી કુંડલિ કરેલ.

પ્રપંચમાં એટલે લોકમાં રહેલી આસક્તિ દૂર થવામાં બે આડી ભીંતો છે. એક તો અહંતા અને બીજી મમતા. એ બેની માતા અવિદ્યા એટલે અજ્ઞાન. અજ્ઞાનથી આરું તારું ઉદ્ભવે છે. સમગ્ર જગત પ્રભુને ખેલવાનું સ્થાન છે, એમાંના સર્વ પદાર્થો પ્રભુને ખેલવાનાં રમકડાં છે, તે બધાં પ્રભુનાં છે, પ્રભુ જ તેના માલીક છે, છતાં અજ્ઞાનને વશ થઇને કુબુદ્ધિ જીવો એને પોતાના માની બેસે છે, અને દુઃખી થાય છે. ત્યારે જ્યાં સુધી અવિદ્યાએ ઉત્પન્ન કરેલી બે લૌકિક અહંતા અને મમતારૂપ પિશાચિનીઓ બેઠેલી છે, ત્યાં સુધી લૌકિકમાંથી જીવની આસક્તિ દૂર થવાની નથી. જ્યારે અહંતા અને મમતાનો નાશ થશે ત્યારે ત્યારે પ્રપંચમાં રહેલી આસક્તિ દૂર થશે, અને હરીને પ્રભુનો સંબંધ થશે. તાત્પર્ય આ છે. માયાની બે પુત્રીઓ, એક વિદ્યા અને બીજી અવિદ્યા. અવિદ્યામાં ફસાઇને જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જઇને લૌકિકમાં અહંતા મમતા બાંધે છે, પ્રભુએ અહંતા મમતાનું મૂલ કારણ જે માયા, તેને જીતવાનું સરલ સાધન બતાવ્યું છે. ગીતામાં શ્રીમુખે આજ્ઞા કરે છે કે; **मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते**—મને જે શરણે આવે છે, તે એ માયાને તરી જાય છે. પ્રભુને શરણે જવાથી એ માયાનો જય થાય છે. માયાનો જય થવાથી અવિદ્યા રહેતી નથી. અવિદ્યા દૂર થતાં તેની બે પુત્રીઓ અહંતા મમતા પલાયન કરી જાય છે. અર્થાત્ જે જે પદાર્થોને ' મારા તારા ' માનવામાં આવતા તે સર્વ પદાર્થોને પ્રભુને સોંપી દઇને, પ્રભુના જ માનીને, પોતાને પણ 'હું' એમ સ્વતંત્ર ન માનતાં ' પ્રભુનો દાસ છું, એમ જાણીને ભગવત્સેવામાં પ્રવૃત્તિ થાય છે. એથી પ્રભુનો સંબંધ કરીને સિદ્ધ થઇ જશે એમ સમજી લેવું. જ્યારે પ્રભુનો સંબંધ થશે, ત્યારે સેવાનો અધિકાર પ્રાપ્ત થશે. જેમ કાચી માટીના પડાને પકાવ્યા પછી જલ લઇ આવવા વગેરે કાર્યમાં જોડી શકાય છે તેમ પ્રભુનો સંબંધ સિદ્ધ થયા પછી જ દેહ, ઇન્દ્રિય વગેરેનો પાક થાય છે. એ પાક તાપ ક્લેશરૂપ વિયોગાગ્નિથી થાય છે, પહેલાં સંબંધ થતાં જ હું પ્રભુથી હજારો વર્ષથી વિખુટો પડયો છું ' આવું ભાન જ્યારે થાય છે, ત્યારે પ્રભુને મળવા માટે અત્યંત આર્તિ થાય છે, તે આર્તિ વિયોગરૂપ મધ્યમિમાં પરિણામ પામે છે, અને તે અલૌકિક અગ્નિવડે લૌકિક દેહ, ઇન્દ્રિય વગેરે જ્યારે પાકે છે, મુક્ત બને છે ત્યારે તે દેહ ઇન્દ્રિય વગેરે પ્રભુનાં કાર્યોમાં ઉપયોગી થાય છે. આથી વધારે શું કહીએ! આટલું જ બસ છે.

શ્રીમદ્ભિક્ષુમારકૃત ભક્તિહંસઃ ।

(અપા બાંધ્યા પૃષ્ઠ ૩૪ થી ચાલુ.)

યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ "જેને પ્રભુ વરે, તેને જ એ પ્રભુ પ્રાપ્ત થાય" એ શ્રુતિથી અન્ય વસ્તુ પણ આમ નિરપેક્ષતાથી સર્વાત્મભાવથી પુરુષોત્તમની ભાવના થાય સારે જ સિદ્ધ થાય.

શંકા—જેને પુરુષોત્તમ વરે તેનાથી જ પુરુષોત્તમ પ્રાપ્ય છે, તો પછી તેને માટે કર્મજ્ઞાનભક્તિમાં નિરર્થક પ્રવૃત્તિ કેમ થાય ?

જેવો અધિકારી તેવું ફૂલ.

ઉત્તર—અહિં અધિકારી ભેદથી પૂજાના ફલનો ભેદ કહ્યો છે. કર્મ વગેરે વિધિઓનાં વિવિધ ફલ કહેલાં છે, માટે જે જે ફલનો જેને અનુરાગ-ઇચ્છા હશે, તે તે ફલની ઇચ્છાવાળો તે તે કર્મ વગેરે કરવા પ્રયત્ન કરશે જ.

શંકા—કશ્ચિત્ બીજાં ફલોને માટે કર્મજ્ઞાનભક્તિ વગેરેમાં પ્રવૃત્તિ થાય પણ પુરુષોત્તમપ્રાપ્તિને માટે તો કોઈ પ્રયત્ન કરશે જ નહિ.

ઉત્તર—ના, એમ નહિ. જેને પુરુષોત્તમપ્રાપ્તિની ઇચ્છા હોય, તેનું જ વરણ શ્રીપુરુષોત્તમે કરેલું છે એમ સમજવું; એટલે શ્રીપુરુષોત્તમે વરણ કરેલાની ઇચ્છા પુરુષોત્તમપ્રાપ્તિની થવાની જ; શ્રીપુરુષોત્તમે વરણ કર્યું ન હોય તો પુરુષોત્તમપ્રાપ્તિની ઇચ્છા થાય જ નહિ.

બે પ્રકારનું વરણ.

વરણમાં પણ બે પ્રકાર છે. મર્યાદાથી વરણ અને પુષ્ટિથી વરણ. મર્યાદામાં અંગીકૃત જીવ પુરુષોત્તમપ્રાપ્તિના સાધનમાં પ્રવૃત્ત થાય છે, માટે તેનું વરણ જ તે પ્રકારનું છે. પરંતુ સ્નેહની ઉત્પત્તિ થતા સુધી જ મર્યાદા (એટલે શાસ્ત્રમાં કહેલાં સાધનો તે કરશે); સ્નેહની ઉત્પત્તિ પછી તો સ્નેહથી જ પુરુષોત્તમ સંબંધી પદાર્થોમાં પ્રવૃત્ત થવાનો તે પ્રયત્ન કરશે, એટલે શાસ્ત્રમાં કહેલી વિધિનું પછી પ્રયોજન રહેતું નથી.

પુષ્ટિમાં અંગીકૃત જીવને તો સાધનમાં પ્રવૃત્તિ અપ્રવૃત્તિનું પ્રયોજન હોતું જ નથી, માટે તેને તો ભગવાન પોતેજ સાધનરૂપ થઈ જાય છે. માટે જ દ્વિતીયસ્કંધમાં બ્રહ્માજીએ ગોકુલનું નિરીક્ષણ આપતાં કહ્યું કે **મન્યામૃતં નિશિ પાયાનમ્** " સ્નિગ્ધે લૌકિક ગૃહઘરમાં મગ્ન રહેલું, અને જેણે રાત્રિને નિદ્રાવશ થયું " માટે આ સર્વ યોગ્ય જ છે.

વિષ્ણુવિષયક સર્વ કર્મોને ભક્તિ કહેવાય નહિ.

વળી બીજી વાત એ છે કે વિષ્ણુ વિષયક કર્મકલાપના જે હોય તે સર્વને ભક્તિ માનીએ તો પછી કર્મના અંગ તરીકે કરેલું વિષ્ણુનું સ્મરણ પણ ભક્તિરૂપ થઈ જાય, (અને વગેરે કર્મોની પૂર્ણતા માટે ઉચ્ચારેલું વિષ્ણુનું નામ પણ ભક્તિરૂપ થઈ જાય). પણ તે તો કર્મઅંગીભૂત છે, માટે તેને ભક્તિ કહેવાય નહિ.

કર્મમાર્ગ વિભૂતિપરત્વે છે.

પૂર્વે કહી ગયા છીએ તેમ વિભૂતિરૂપ વિષ્ણુનું જ ત્યાં સ્મરણ વગેરે કરવાની વિધિ શાસ્ત્રમાં કહી છે, માટે એવું વિષ્ણુસ્મરણ ભક્તિરૂપ હોવાય નહિ, કેમકે કર્મમાર્ગમાં પુરુષોત્તમની વિભૂતિઓનું જ ભજન થાય છે.

આમ હોવાથી જ રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છાવાલા ધર્મરાજા યુધિષ્ઠિરે પ્રભુને વિજ્ઞપ્તિ કરી કે **यद्यहं विभूतिर्मत्वत्तस्तरसंवाद्य नः प्रभो.** " હે પ્રભુ, હું આપની વિભૂતીઓનું યજન કરીશ, માટે તે અમને સુપ્રાપ્ત કરી આપો." જે યજ્ઞમાં (કર્મમાર્ગમાં) સાક્ષાત્ પ્રભુનું યજન થતું હોત તો સાક્ષાત્ પ્રભુને વિજ્ઞપ્તિ કરતા ધર્મરાજા એમ જ કહેત કે હું તમને (त्वाम्) યજન કરીશ—આ ઉપરથી એમ સિદ્ધ થયું કે ભગવદ્ઇચ્છા હોય તો જ ભક્તે કર્મ કરવાં. તેમાં જે જે દેવતાઓ યાગમાં આવતા હોય તે સર્વે ભગવાનની વિભૂતિ રૂપ છે એમ સમજીને યાગ વગેરે કરવા, નહિ તો અનન્યપણાના ભંગનો પ્રસંગ આવે.

ભાવથી ભગવત્પ્રાપ્તિ.

વધી બીજી વાત એ છે કે ઉપાસક જે જે દેવની ઉપાસના કરતો હોય તે તે દેવની સાથે સાયુજ્ય એ પરમ ફલ છે, કેમકે ગીતામાં કહ્યું છે કે **देवान्देवयजोयांति** "દેવોનું યજન કરનારા દેવોને પામે છે." તેમજ

यं यं वापि स्मरन् भावं त्यजत्यंते कलेवरम् ।
तं तमेवेति कौंतेय ! सदा तद्भावभावितः ॥ गी. ८. ६.

અર્થ—હે અર્જુન, મરણ સમયે જે જે ભાવનું સ્મરણ કરતો કરતો દેહ છોડે છે, તે સદા તે ભાવની ભાવનાથી યુક્ત તે તે ભાવને પામે છે.

આમ હોવાથી જ આપણા પ્રભુ શ્રીકૃષ્ણે ભાગવત રહસ્યમાં કહ્યું કે—

केवलेन हि भावेन गोप्यो गावः खगा मृगाः ।
येऽन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरंजसा ॥ भा ११-१२-८

અર્થ—કેવલ ભાવવડે જ ગોપીઓ, ગાયો, પક્ષીઓ, મૃગો અને બીજા મૂઢ બુદ્ધિવાલા, નાગો, સિદ્ધો, સહજથી મને પ્રાપ્ત થયા છે.

એ પ્રમાણે મધુ વિદ્યારણ્ય ગોકુલવાસીઓને સ્વપ્રાપ્તિ નિરૂપણ કરી. અને પછી ભક્તિ સિવાયનાં બીજાં સાધનોથી પોતે અપ્રાપ્ય છે એમ નિરૂપણ કરતાં કહ્યું કે—

नं न योगेन सांख्येन दानव्रततपोध्वरैः ।
व्याख्यास्वाध्यायसंन्यासैः प्राप्नुयाद्यत्नवानपि ॥ भा. ११-१२-९

અર્થ—હું એવો છું કે યોગવડે, સાંખ્યવડે, દાન, વ્રત, તપ અને યજ્ઞવડે, વ્યાખ્યાન વડે, સ્વાધ્યાયથી, સંન્યાસથી, યત્ન કરનારને હું પ્રાપ્ત થતો નથી.

માટે ભક્તિ સિવાયનાં બીજાં સાધનોથી પ્રાપ્ત થતું સ્વરૂપ પુરુષોત્તમસ્વરૂપ નથી, એમ નિયમ થાય છે.

જ્ઞાનમાર્ગ અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે; પુરુષોત્તમની નહિ.

ગીતામાં અર્જુને પ્રશ્ન કર્યો છે—

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ गी. १२–१

અર્થ—સર્વદા આપનામાં ચિત્તવાળા જે ભક્તો આપની ઉપાસના કરે છે, અને જે અવ્યક્ત અક્ષરબ્રહ્મની ઉપાસના કરે છે, તે બનેમાં ઉત્તમ યોગ જાણનાર કોણ કહેવાય ?

તેના ઉત્તરમાં ભક્તિમાર્ગીય ઉપાસનાનો જ્ઞાનમાર્ગકરતાં ઉત્કર્ષ જણાવતાં કહ્યું કે—

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ गीता १२–२

અર્થ—જેઓ મારામાં ચિત્ત રાખીને, નિત્યયુક્ત, પરમ શ્રદ્ધાથી મને ઉપાસે છે, તેમને હું ઉત્તમ યોગ જાણનાર માનું છું.

અને પ્રભુએ જ્ઞાનમાર્ગની તુચ્છતા જણાવતાં કહ્યું કે—

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिंत्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ १२–३.
संनियम्येंद्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवंति मामेव सर्वभूतहिते रताः ॥ १२–४.
क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ १२–५.

અર્થ—જેઓ સર્વત્ર સમબુદ્ધિ રાખીને, ઇંદ્રિયોનો સંયમ કરીને, સર્વે પ્રાણિમાત્રના હિતમાં અનુરક્ત થઈને અનિર્દેશ્ય, અવ્યક્ત, સર્વત્ર રહેલું, અચિંત્ય, કૂટસ્થ, અચલ, ધ્રુવ અક્ષરની ઉપાસના કરે છે તેઓપણ મને જ પ્રાપ્ત થાયછે. પણ અવ્યક્તમાં આસક્તિવાળાને ક્લેશ વિશેષ થાય છે. દેહીઓથી અવ્યક્ત ગતિ દુઃખથી પ્રાપ્ત થાય છે.

આ રીતે જ્ઞાનમાર્ગ અવ્યક્ત અક્ષરવિષયક હોવાથી તે પુરુષોત્તમસંબંધી કહેવાય નહિ. તે પ્રાપ્નુવંતિ મામેવ (તેઓપણ મને જ પામે છે) એટલે અક્ષરબ્રહ્મ પુરુષોત્તમનું ધામ —અધિષ્ઠાન હોવાથી, પુરુષોત્તમની વિભૂતિરૂપ હોવાથી "माम्–મને" એમ કહ્યું; એ ઉપરથી એમ ન સમજવું કે અક્ષરબ્રહ્મ તે જ પુરુષોત્તમ; કેમકે ગીતામાં પ્રભુનું વચન છે કે कूटस्थोऽक्षर उच्यते (કૂટસ્થ અક્ષર કહેવાય છે), उत्तमः पुरुषस्त्वन्यः (ઉત્તમ પુરુષ તો અન્ય છે), अक्षरादपि चोत्तमः (તે અક્ષરથી પણ ઉત્તમ છે.)

કર્મમાર્ગ પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવતો નથી.

કર્મમાર્ગ પણ એવો જ સમજવો. તેનાં દૃષ્ટાંત નીચે પ્રમાણે છે:—

यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीतिवादिनः ॥ गी. २ ४२.

અર્થ—હે અર્જુન, વેદના વાદ કરવામાં જ ગુંથાયલા, કર્મ સિવાય બીજું કંઈ વેદમાં છે જ નહિ, એમ વાદ કરનારા, કર્મફલને આપનારી જ આ વેદવાણિ છે એમ બોલે છે, તેઓ અલ્પસમજુ છે. વગેરે.

त्रैविद्या मां सोमपाः पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयंते ।
ते पुण्यमासाद्य सुरेंद्रलोकमश्नंति दिव्यान् दिवि देवभोगान् ॥ गी. ९-२०
ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशंति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभंते ॥ गी. ९-२१

અર્થ—ત્રણ વેદમાં કહેલી કર્મવિદ્યામાં કુશલ, સોમપાન કરનાર, જેમનાં પાપ ધોવાઇ ગયાં છે એવા પુરુષો, બીજો ભારે યજ્ઞ કરીને સ્વર્ગગતિની પ્રાર્થના કરે છે, તેઓ પુણ્યરૂપ ઇન્દ્રલોકને પ્રાપ્ત થઇને સ્વર્ગમાં દેવભોગોનો ભોગ કરે છે. તેઓ તે વિશાલ સ્વર્ગલોકને ભોગવીને પુણ્ય ક્ષીણ થયાથી મર્ત્યલોકમાં પ્રવેશ કરે છે. એ પ્રમાણે વેદત્રયમાં કહેલા ધર્મ પ્રમાણે ચાલનારા, કામોની કામનાવાળાઓ આવાગમન કર્યા કરે છે. ઇત્યાદિ ગીતામાં કહ્યું છે.

अथ यो गृहमेधीयान् धर्मानेवावसन् गृहे ।
काममर्थं च धर्मं च दोग्धि भूयः पिपर्तिसान् ॥
सचापि भगवद्धर्मान् कामपूतः पराङ्मुखः ।
यजते क्रतुभिर्देवान् पितॄंश्च श्रद्धयान्वितः ॥

અર્થ—ગૃહસ્થાશ્રમમાં રહેનાર જે ઘરમાં રહીને ધર્મોનું જ આચરણ કરે છે, અને શ્રમ, અર્થ અને ધર્મોનું ફલ દોહી લે છે, અને ફરી ફરીને ધર્મ, અર્થ અને કામ સિદ્ધ કરે છે, તે કામથી મૂઢ બનેલો પુરુષ ભગવદ્ધર્મથી વિમુખ થઇને યજ્ઞોવડે બહારથી દેવોનું અને પિતૃઓનું ભજન કરે છે.

ये त्विहासक्तमनसः कर्मसु श्रद्धयान्विताः ।
कुर्वंत्यप्रतिषिद्धानि नित्यान्यपि च कृत्स्नशः ॥
रजसा कुंठमनसः कामात्मानोऽजितेंद्रियाः ।
पितॄन्यर्पंत्यनुदिनं गृहेष्वभिरताशयाः ॥
त्रैवर्गिकास्ते पुरुषा विमुखाः हरिमेधसः ।
कथायां कथनीयोरुविक्रमस्य मधुद्विषः ॥

અર્થ—જેઓ અહિં આસક્ત મનવાળા, કર્મોમાં શ્રદ્ધાવાળા, અનિષિદ્ધ નિત્ય ત્રણય કર્મો પણ કરે છે, રજોગુણથી જેમનું મન કુંઠિત થઇ ગયું છે, કામ જેમના અંતઃકરણમાં ભરેલો છે, અજીતેંદ્રિય છે, ઘરોમાં જ જેમના ચિત્તોરો ગુંથાઇ ગયા છે, રાત્રિ દિવસ જેઓ પિતૃઓનું યજન કર્યા કરે છે, તે પુરુષો ધર્મ, અર્થ અને કામરૂપી ત્રિવર્ગમાં મગ્ન રહે

છે, અને જીવમાન કસ્વામોગ્ય મનમીત્તેરેત્યાગા પ્રભુની કમાથી વિમુખ રહે છે. ઇત્યાદિ શ્રીમદ્ભાગવતનાં વચનોપરથી જ્ઞાન અરવરૂપી તૃતીય બ્યાસુર માર્ગમાં તેમનો પ્રવેશ થાય છે એમ નિરૂપણ કરેલું છે. માટે કર્મ માર્ગને પણ પુરુષોત્તમસંબંધ નથી.

પૂજાને ભક્તિ કહેવાય કે નહિ? શ્રવણ કીર્તનના ભિન્ન ભિન્ન પ્રકાર.

શંકા—નવ પ્રકારની ભક્તિમાં અર્ચન-પૂજન પણ કહેલી છે, માટે પૂજાને ભક્તિ કેમ ન કહેવાય?

ઉત્તર—કહીએ છીએ તે સાંભળ. ઇત્યાદિ નવ પણ જૂદા જૂદા પ્રસંગના અધિકારીઓથી કથાતાં હોવાથી કર્મમાર્ગીય, જ્ઞાનમાર્ગીય, ઉપાસનામાર્ગીય, ભક્તિમાર્ગીય એમ અનેક પ્રકારનાં થાય છે. દૃષ્ટાંત તરીકે શ્રીમદ્ભાગવત, વિષ્ણુ સહસ્રનામ વગેરેના શ્રવણ કીર્તનના ફલ તરીકે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારે પુરુષાર્થ કહેલા છે. તેમાં ધર્મ, અર્થ અને કામની ઇચ્છાથી કરાતાં શ્રવણ કીર્તન કર્મમાર્ગીય જ સમજવાં. તેમાં પણ દ્રવ્ય વગેરેની ઇચ્છાવાળાઓ શ્રવણ કીર્તન શાસ્ત્રમાં વિહિત એટલે કહેલાં હોવાથીજ કરે તે કર્મમાર્ગીય; વ્યવહાર તરીકે (વૃત્તિને માટે) શ્રવણ કીર્તન કરે તે તો માત્ર લૌકિક જેવી જોવા જ કહેવાય. જેમ ગૃહસ્થ થોવાને અંગાજવાનો સ્પર્શ અધમ ગણાય, તેમ શ્રવણ કીર્તનનો આવો ઉપયોગ અધમ જ ગણાય. અંગાજવાના આ ઉપયોગથી મુક્તિ સિવાય બીજો કાંઇ ધર્મ થતો નથી, પણ ઉલટું નિષિદ્ધ અવ્યવસ્થાથી પાપ લાગે છે, તેમ શ્રવણ કીર્તનનો આજીવિકા માટે ઉપયોગ કરવાથી પાપ લાગે છે. માટે શાસ્ત્રમાં વિધાન કરેલું-કહેલું કર્મ જેને જે પ્રકારે કરવાથી શાસ્ત્રમાં કહેલું ફલ થાય એમ માનવું પણ કરેલું છે. (જે હેતુ બતાવ્યા અનુસારથી કર્મ થાય તેવું ફલ મળે.)

ચતુર્થ સંન્યાસાશ્રમમાં જ્ઞાનના હેતુને માટે ચિત્તશુદ્ધિના હેતુથી કરાતું શ્રવણ કીર્તન જ્ઞાન માર્ગીય સમજવું. તે શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધના ચોથા અધ્યાયમાં શ્રીકૃષ્ણે ઉદ્ધવને કહેલું છે; જેમકે

यथा यथाऽत्मा परिमृज्यतेऽसौ मत्पुण्यगाथाश्रवणाभिधानैः ।
तथा तथा पश्यति वस्तुसूक्ष्मं चक्षुर्यथैवांजनसंप्रयुक्तम् ॥ भा. ११-१४-२६

અર્થ—જેમ જેમ મારી પુણ્ય કથાના શ્રવણ કીર્તનથી આ આત્મા શુદ્ધ થાય છે, તેમ તેમ અંજન આંજેલા ચક્ષુની માફક સૂક્ષ્મ વસ્તુને જુએ છે.

સાક્ષાત્ મોક્ષના સાધન તરીકે પંચરાત્રમાં કહેલી દીક્ષા પૂર્વક શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે કરેલું શ્રવણ કીર્તન ઉપાસના માર્ગીય સમજવું. આજ વૈષ્ણવ માર્ગ એમ શાસ્ત્રમાં કહ્યું છે, કેમકે વિષ્ણુના ભક્તોમાં નિષ્ણાતોનો આ માર્ગ છે. મુક્તિના સાધનોનું પ્રતિપાદન કરનાર વાક્યોથી એમ નિશ્ચય થાય છે. જેમકે

अर्चायामेव हरये पूजां यः श्रद्धयेहते ।
न तद्भक्तेषु सः भक्तः प्राकृतः स्मृतः ॥ भा० ११

અર્થ—શ્રદ્ધાવડે જે મૂર્તિમાં જ ભગવાનની પૂજા કરે છે, તેના ભક્તોમાં તથા બીજાઓમાં કરતો નથી, તે ભક્ત પ્રાકૃત કહેવાય છે. ઇત્યાદિ વાક્યો આ વિષયને લગતાં છે.

ભક્તિમાર્ગમાં આચાર્યે પ્રવર્તાવેલા ભક્તિપ્રબોધની દીક્ષાપૂર્વક મોક્ષના સાધન તરીકે કરાતા **શ્રવણ કીર્તન આવાર્યાદિકી ભક્તિ** કહેવાય છે. તેથીજ કપિલ દેવજીએ કહ્યું કે-

न युज्यमानया भक्त्या भगवत्यखिलात्मनि ।
सदृशोऽस्ति शिवः पंथा योगिनां ब्रह्मसिद्धये ॥ भा ३-२५-१९.

અર્થ—અખિલ વિશ્વના આત્મારૂપ ભગવાનમાં ભક્તિ જોડ્યા જેવો બ્રહ્મની સિદ્ધિને માટે યોગીઓને બીજો કલ્યાણકર રસ્તો નથી. એમ કહી કરીને પછી સત્પુરુષોનાં લક્ષણો કહીને આગળ કહ્યું કે,

त एते साधवः साध्वि ! सर्वसंगविवर्जिताः ।
संगस्तेष्वथ ते प्रार्थ्यः संगदोषहरा हि ते ॥ भा. ३-१५-२४

અર્થ—હે સાધ્વિ ! આજ સર્વે સંગથી વિરક્ત સાધુ પુરુષો છે, માટે તમારે તેવા પુરુષોના સંગની પ્રાર્થના કરવી, કેમકે તેઓ સંગના દોષ હરનારા છે. સત્પુરુષોના પ્રસંગથી મારા પરાક્રમના સારા જ્ઞાનવાળી, હૃદય અને કર્ણને રસાયણરૂપ કથા થાય છે, તે કથાઓના સેવનથી જલ્દીથી મોક્ષના માર્ગમાં શ્રદ્ધા, રતિ અને ભક્તિ અનુક્રમથી સિદ્ધ થશે. અહિં મોક્ષના માર્ગમાં શ્રદ્ધા, ભક્તિ વગેરે થવાનું કહ્યું, તેથી એવી ભક્તિ પ્રાચીન કાળથી સમજવી.

પ્રેમાત્મક ભક્તિના સાધનરૂપે રહેલું શ્રવણ કીર્તન ભક્તિ માર્ગમાં મર્યાદા ભક્તિ કહેવાય છે. તેના દૃષ્ટાંત નીચે પ્રમાણે છે:—

भक्तियोगः पुरैवोक्तः प्रीयमाणाय तेऽनघ ।
पुनश्च कथयिष्यामिं मद्भक्तेः कारणं परम् ॥ भा. ११-१९-१९
श्रद्धाऽमृतकथायां मे शश्वन्मदनुकीर्तनम् ।
परिनिष्ठा च पूजायाम् स्तुतिभिः स्तवनं मम ॥ २०
आदरः परिचर्यायां सर्वांगैरभिवंदनम् ।
मद्भक्त पूजाऽभ्यधिका सर्वभूतेषु मन्मतिः ॥ २१
मदर्थेष्वंगचेष्टा च वचसा मद्गुणेरणम् ।
मय्यर्पणंच मनसः सर्वकाम विवर्जनम् ॥ २२
मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च ।
इष्टं दत्तं हुतं जप्तं मदर्थे यत्तपः ॥ २३

અર્થ—હે નિષ્પાપ, પ્રથમ મારા તને મેં પહેલાં ભક્તિયોગ કહેલો છે, અને બીજા પણ મારી ભક્તિનું પરમ કારણ તને કહીશ. મારી અમૃત કથામાં શ્રદ્ધા, જેવો મારું કીર્તન, પૂજામાં નિષ્ઠા, સ્તવનોથી સ્તુતિ, જેવા પરિચર્યામાં આદર, દંડવત્ પ્રણામ, મારા ભક્તની અધિક પૂજા, સર્વે પ્રાણીઓમાં મારી મતિ, મારે માટે શરીરની ચેષ્ટા, વાણીથી

માત્ર ગુણજ્ઞાન, અનુ માત્રમાં અર્પણ, સર્વે કામનો ત્યાગ, મારે મારે ધનનો, ભોગનો, અને સુખનો ત્યાગ, યજ્ઞ કરેલું, દાન કરેલું, હોમ કરેલો, જપ કરેલા, વ્રત કરેલા, તપ કરેલું, તે સર્વે મારે માટે અર્પણ કરવું—આ સર્વે ભક્તિના સાધનો કહ્યા, અને પછી કહ્યું કે—

एवं धर्मैः मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् ।
मयि संजायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यते ॥ भा ११–१९–२४

અર્થ—હે ઉદ્ધવ, આત્મ નિવેદન કરનાર મનુષ્યોને ઉપર કહેલા ધર્મોવડે મારે વિષે ભક્તિ થાય છે. પછી તેને બીજું શું પ્રાપ્તવ્ય રહ્યું? તેમજ એકાદશ સ્કંધના ત્રીજા અધ્યાયમાં "ભક્તિથી ઉત્પન્ન થયેલી ભક્તિ" એમ કહ્યું. માટે એ ભક્તિ સાધનરૂપ સમજવી.

પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થયા પછી પોતાના વ્યસનથી સ્વતંત્ર પુરુષાર્થરૂપે કરાતા શ્રવણ કીર્તન ઉત્તમ પુષ્ટિ ભક્તિરૂપ છે. તેના દૃષ્ટાંતઃ—

मत्सेवया प्रतीतं च सालोक्यादिचतुष्टयम् ।
नेच्छन्ति सेवया पूर्णाः कुतोऽन्यत्कालविप्लुतम् ॥
भा. ९–४–६७

અર્થ—સેવાથી પૂર્ણ મારા ભક્તો મારી સેવાથી સાક્ષાત્ મળતી સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય વગેરે ચાર પ્રકારની મુક્તિની પણ ઇચ્છા કરતા નથી, તો બીજા કાલકવલિત દેહની તો ઇચ્છા માંથી જ કરે?

नैकात्मतां मे स्पृहयंति केचिन्मत्पादसेवाभिरता मदीहाः ।
येऽन्योन्यतो भागवताः प्रसज्य सभाजयंते मम पौरुषाणि ॥
भा. ३–२५–३४

અર્થ—કેટલાક ભક્તો અન્યોન્ય ભળીને મારાં અસ્તિત્વ પ્રભુમાન કર્યા કરે છે, તે મારા ચરણારવિંદની સેવામાંજ અનુરક્ત, અને શરીરથી મારીજ ચેષ્ટા કરનારા મારી સાથે એકાત્મ થવાને પણ ઇચ્છતાં નથી.

यो दुस्त्यजान् क्षितिसुतस्वजनार्थदारान् ।
प्रार्थ्यश्रियं सुरवरैः सदयावलोकाम् ॥
नैच्छन्नृपस्वदुषितं महतां मधुद्विट्-
सेवानुरक्तमनसामभवोऽपि फल्गुः ॥ भा. ५–१४–४४

અર્થ—દુસ્ત્યજ સ્ત્રી પુત્ર સ્વજન ધન, ઋષિ અને ઉત્તમ દેવતાઓથી પ્રાપ્ત કરવા યોગ્ય કૃપા કટાક્ષવાળી લક્ષ્મીની પણ જે રાજાએ ઇચ્છા રાખી નહિ, તે મોક્ષ જ છે, કેમકે શ્રીકૃષ્ણ ભગવાનમાં જેનું મન આસક્ત છે એવા મોટા પુરુષોને મોક્ષ પણ તુચ્છ છે.

नारायणपरा लोके न कुतश्चन बिभ्यति ।
स्वर्गापवर्गनरकेष्वपि तुल्यार्थदर्शिनः ॥ भा. ६–१७–२८

અર્થ—નારાયણમાં અનુરક્ત લોકમાં કોઇથી બીજા નથી, સ્વર્ગ, નરક અને મોક્ષ સર્વેને સરખા સમજનારા છે.

આ સર્વે વાક્યોથી આવી સ્વતંત્ર પુરુષાર્થરુપ ભક્તિ ઉત્તમ પુષ્ટિ ભક્તિ સમજવી.

ભક્તિનો મુખ્ય અર્થ.

તેથી ભક્તિ પદની શક્તિ-મુખ્ય અર્થ સ્નેહ જ છે. એવી સ્નેહરુપ ભક્તિના હેતુરુપ અત્રણ વક્યોમાં ભક્તિ શબ્દનો ઉપયોગ થયો હોય તે ગૌણ સમજવો. આટલા તૃતીયસ્કંધના ૨૯ મા અધ્યાયમાં ત્રયોદશ શ્લોકમાં **सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत । दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः** (સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારુપ્ય અને એકત્વ આપતા છતાં, મારી સેવા વિના મારા ભક્તો કોઇ પણ લેતા નથી) એ પ્રમાણે **सेवा** કહીને ચતુર્દશ શ્લોકમાં **सत्सङ्गेन मयि भक्तियोगोवतः** એજ ભક્તિયોગની વ્યાખ્યા-એમ લક્ષ્ય કર્યું. જો ભક્તિનું આ જ લક્ષણ ન હોય તો **माससया** (બ્યાખ્યા) શબ્દ નકામો થઇ જાય, અને **एव** (જ) પણ નકામો થઇ જાય. માટે પૂર્વ કહેલાં (સ્નેહ સિવાયના) વાક્યોમાં ભક્તિ શબ્દનો પ્રયોગ ઔપચારિક સમજવો. સ્નેહને વશ થઈ કરાતાં અન્ય દેવોને સ્નેહમધ્યપાતી એટલે સ્નેહરૂપ સમજવા.

અથવા સાક્ષાત પુરુષોત્તમને પ્રાપ્ત કરાવનાર હોવાથી વાક્યમાં જે **अनन्याप्तिं** વિધાન (આજ્ઞા) કરેલું છે, એવા અનન્યાપ્તિમાં ભક્તિ શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત જુદું જ છે. જે જે સાક્ષાત પુરુષોત્તમને પ્રાપ્ત કરાવનાર હોય તે ભક્તિ એમ ન કહેવું, કેમકે દ્વેષ અને ભગવદ્વિમુખથી પણ સાક્ષાત પુરુષોત્તમપ્રાપ્તિ થાય છે, માટે એમ તો તેને પણ (દ્વેષ અને ભગવદ્વિમુખને) ભક્તિપણું પ્રાપ્ત થાય. સાક્ષાત શબ્દ અનર્થક છે એમ ન કહેવું, કેમકે વિભૂતિરુપનું જ્ઞાન કરનારને પણ તેદ્વારા પુરુષોત્તમપ્રાપ્તિ થાય છે. જેમ કે,

यथाऽद्रिप्रभवा नद्यः पर्जन्यापूरिता विभो ! ।
विशंति सर्वतः सिंधुं सदृक्त्वां गतयोऽञ्जसा ॥ भा १०-४०-१०

અર્થ—જેમ પર્વતોમાંથી નીકળેલી નદીઓ વરસાદથી પુરાઇને સર્વ તરફથી સમુદ્રમાં પ્રવેશ કરે છે તેમ, હે વિભુ, સર્વે ગતીઓ અંતે આપમાં જાય છે. આવાં પ્રમાણોથી સિદ્ધ થાય છે કે વિભૂતિની ભક્તિ પુરુષોત્તમપ્રાપ્તિનું દ્વાર છે. એવી વિભૂતિની ભક્તિને ખરી સ્વતંત્ર ભક્તિ કહેવાય નહિ. શ્રીપુષ્ટિમાં સ્નેહ તેજ કરીને અગ્નિમાં તે ભક્તિનું નિમિત્ત છે.

એ પ્રમાણે ભક્તિ શબ્દના અનેક અર્થ છે. "पुष्पवान्" શબ્દના બે અર્થ છે—સૂર્ય અને ચંદ્ર. શબ્દની પ્રવૃત્તિ જ્યાં જેટલું કારણ જુદું હોય તો પણ જેમ "पुष्पवान्" શબ્દ [illegible]થી સૂર્ય અને ચંદ્ર બંનેનો બોધ થાય છે, તેમ જ્યાં કોઇ સ્થળમાં ભક્તિ શબ્દ સ્વરુપ અને ફલરુપ બંને પ્રકારની ભક્તિને કહેવે છે; જેમ કે **मद्भयाऽहमेकया ग्राह्यः** એટલે ભક્તિથીજ હું ગ્રાહ્ય છું; અહિં ભક્તિ શબ્દ ઉભયવાચક સમજવો.

ફલરુપ ભક્તિનાં દૃષ્ટાંત નીચે પ્રમાણે છે:—

मामेव नैरपेक्ष्येण भक्तियोगेन विन्दति ।
भक्तियोगं स लभते एवं यः पूजयेत माम् ॥ भा ११–२७–५३

અર્થ—જે પ્રભાવે કરી અને પૂજે છે, તે ભક્તિયોગને મેળવે છે અને નિરપેક્ષ ભક્તિયોગથી અને જ પ્રાપ્ત થાય છે.

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ गीता १२–१
मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ गीता १२–२

અર્થ—જે પ્રભાવે નિત્યયુક્ત જે ભક્તો તમારી ઉપાસના કરે છે, અને જે અવ્યક્ત અક્ષરની ઉપાસના કરે છે તેમાં યોગ જાણનારામાં શ્રેષ્ઠ કોણ? પરમ શ્રદ્ધાવાળા, મારામાં મનનો આવેશ કરીને નિત્યયુક્ત જે મને ઉપાસે છે તેને જ યોગ જાણનારમાં શ્રેષ્ઠ માનું છું.

नालं द्विजत्वं देवत्वमृषित्वं वाऽसुरात्मजाः ।
प्रीणनाय मुकुन्दस्य न वृत्तं न बहुज्ञता ॥ भा. ७–७–५१.
न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च ।
प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बनम् ॥ भा. ७–७–५२.

અર્થ—હે અસુર પુત્રો! મુકુંદ ભગવાનને પ્રસન્ન કરવા દ્વિજપણું, દેવપણું, કે ઋષિપણું સમર્થ નથી, સદાચાર સમર્થ નથી, બહુ જ્ઞાન સમર્થ નથી, દાન, તપ, યજ્ઞ, પવિત્રતા, વ્રતો કોઈ સમર્થ નથી. હરિ તો નિર્મલ ભક્તિથી પ્રસન્ન થાય છે, બીજું સર્વ ડોળ માત્ર છે.

न रोधयति मां योगो न सांख्यं धर्म उद्धव ॥
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥ ११–१४–२०.
भक्त्याऽहमेकया ग्राह्यः श्रद्धयाऽऽत्मा प्रियः सताम् ।
भक्तिः पुनाति मन्निष्ठा श्वपाकानपि संभवात् । ११–१४–२१.

અર્થ—હે ઉદ્ધવ! જેવી મારી ભક્તિ જેમ મને સ્વાધીન કરે છે, તેમ યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ કોઈ સ્વાધીન કરી શકતું નથી. અર્પણ કરીને સત્પુરુષનો પ્રિય આત્મારૂપ હું એક ભક્તિ વડે મારા છું. જન્મથી ચાંડાલ હોય તેને પણ મારી ભક્તિ પવિત્ર કરે છે. આવા સર્વત્ર યાજ્ઞોથી પ્રબલ ભક્તિનું સ્વરૂપ સમજી લેવું.

યોગાદિક મુક્તિના અધિકારી દેવતા તો પુરુષોત્તમની વિભૂતિ છે એમ પૂર્વે સિદ્ધ કરેલું છે, માટે તેને પ્રાપ્ત કરાવનાર નિત્ય સત્ય પૂર્ણ પરમેશ્વરે ભક્તિ કરી શકાય નહિ. તે તો ભક્તિનો સાધન છે.

ભક્તિમાં સ્નેહ નિયામક છે.

આ પ્રમાણે જેમ યજ્ઞ વગેરે કર્મોમાં વિધિ નિયામક હોય છે, તેમ ભક્તિમાર્ગીય નવ પ્રકારોમાં સ્નેહવાળાઓને સ્નેહજ નિયામક હોય છે. જેમને પ્રભુમાં સ્નેહ થયો નથી, તેમને સ્નેહવાળાઓએ કરેલો ઉપદેશ જ નિયામક છે. એ સ્નેહરીતિનો ઉપદેશ વેદથી અધિક જ છે એમ સમજવું. વિધિને નહિ જાણનાર બાળક, પિતા વગેરેના બતાવ્યા પ્રમાણે, સંધ્યાવંદન વગેરે કરે છે તે જેમ કર્મ ગમ્યુય છે, તેમ સ્નેહ ન ઉત્પન્ન થયો હોય તોપણ સ્નેહવાળાના ઉપદેશ પ્રમાણે કરેલી સેવા પણ ભક્તિ કહેવાય, કેમકે તે સેવા ભક્તિમાર્ગીય જ પ્રમાણે છે. એવાને આગળ જતાં પ્રભુમાં સ્નેહ અવશ્ય થશે એમ સમજવું. જેમ વિધિથી અજ્ઞાત બાળકને ઉપર કહ્યા પ્રમાણે કર્મો કરવાથી કર્મમાર્ગમાં કહેલું ફળ પ્રાપ્ત થાય છે, તેમજ સ્નેહ ન સમજનાર ભક્તને સ્નેહવાળાના કહ્યા પ્રમાણે સેવા કરવાથી પુરુષોત્તમપ્રાપ્તિ થાય, એટલે પછી શું બાકી રહ્યું ?

હાલના આચાર્યો. ભક્તિમાર્ગ. ભજનવ્યવસ્થા.

હાલના ઉપદેશકોનો પ્રભુમાં સ્નેહ ન હોય તોપણ તેમના સંપ્રદાયના મહાપ્રભુ પૂર્વના આચાર્યો પ્રભુમાં સ્નેહવાળા હોવાથી પ્રભુનો તેમનાપર અનુગ્રહ હોવાથી સર્વ સિદ્ધ થાય છે. કેમકે પોતાના કૃપાપાત્ર ભક્તે પ્રવર્તાવેલા દોષવાળા માર્ગમાં પ્રભુનો પક્ષપાત હોય છે. તેથી જ શ્રીમદ્ભાગવતમાં બ્રહ્માદિએ કહ્યું છે કે:—

स्वयं समुत्तीर्य सुदुस्तरं द्युमन् भवार्णवं भीममदभ्रसौहृदाः ।
भवत्पदांभोरुहनावमत्र ते निधाय याताः सदनुग्रहो भवान् ॥भा. १०-२-३१

અર્થ—હે પ્રકાશમાન્ પ્રભો, ધન્ય સ્નેહવાળા આપના ભક્તો આપના ચરણારવિંદ રૂપ નાવથી દુસ્તર અપાર સંસારસાગરને પોતે તરી ગયા તે નાવને અહીં રાખીને તેઓ ગયા છે. સત્પુરુષોપર આપની કૃપા છે.

અહીં ભગવાનના ચરણારવિન્દરૂપ ભક્તિમાર્ગ દોષવાળો એ ચરણારવિંદરૂપ પોતાના સંપ્રદાયને પ્રવર્તાવવો તેજ ચરણારવિન્દરૂપ નાવ અહીં મૂકી ગયું. તે ભક્તોએ પ્રવર્તાવેલા સંપ્રદાયમાં આસક્તને તેવા (સ્નેહરૂપ) સાધનો ન હોય તોપણ સંપ્રદાય પ્રવર્તાવનાર મહા પુરુષોપર સાક્ષાત્પ્રભુની કૃપા હોવાથી તેમનાપર ભગવાનનો પક્ષપાત હોય છે, તેથી જેવા મહા પુરુષોના સંબંધવાળાઓપર પણ તમે કૃપા કરો છો, એવો અભિપ્રાય શ્લોકપદને ઉપલા શ્લોકમાં કહ્યું કે सदनुग्रह—સત્પુરુષોપર આપનો અનુગ્રહ છે. સદનુગ્રહ એટલે સત્પુરુષોપર જેનો અનુગ્રહ છે એવા ભગવાન્, આ આખા પ્રબન્ધનું રૂપ છે એમ ભાવવા પ્રભુની ભગવાન્—તમે એ શબ્દથી સ્તવાયો. તેમના સંપ્રદાયમાં આસક્તજન સંસારસાગર અવશ્ય તરી જાય છે એમ બતાવવા તે નાવ રૂપ છે એમ નિરૂપણ કર્યું. તેથી વિનાશ્રમે સંસારસાગર તરવાનું મુશ્કેલ છે. કેમકે વાયવો તરવામાં શ્રમ પડે છે, નાવથી તરવામાં શ્રમ પડતો નથી. આ શ્લોકે આપણે યોગિનીમાં (ગીતામાં) શ્રીઆચાર્યચરણે વિસ્તારથી કહી છે તેથી અહીં કહી નથી. પણ ભગવદ્ભજનમાં આ વ્યવસ્થા છે, કે અગિયારસ વગેરે કર્મો પ્રભુસ્નેહ વગરનાએ જ્યારે કરવાં, ત્યારે તો સપ્રેમ પ્રમાણે જ કરવું. આવો પ્રકાર હોવાથી આ માર્ગ અપ્રમાણ છે અને અપરાધરૂપ

માત્ર છે એવી શંકા રહેતી નથી. અરધુ કે ઉપર બતાવ્યા પ્રમાણે સર્વ પ્રમાણસિદ્ધ છે. પ્રેમ તો હૃદરૂપ છે, તે સ્મૃતિસાધ્ય નથી, તેથી તેની વિધિ શાસ્ત્રોમાં દોષ રહે નહિ, માત્ર તેનો અનુવાદ દોષ રહે. જેમકે:—

य एतस्मिन् महाभागाः प्रीतिं कुर्वन्ति मानवाः ।
नारयोऽभिभवंत्येतान् विष्णुपक्षानिवासुराः ॥ भा. २०

અર્થ—વિષ્ણુના પક્ષવાલાઓને જેમ અસુરો પરાભવ કરી શકતા નથી, તેમ આ શ્રીકૃષ્ણમાં જે મોટા ભાગ્યવાલા પ્રીતિ કરે છે, તેમને શત્રુઓ પરાભવ કરી શકતા નથી.

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः ।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥

અર્થ—માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વથી અધિક પ્રભુમાં સ્નેહ તેજ ભક્તિ, એ ભક્તિથી જ મુક્તિ, બીજી કોઇ રીતે મુક્તિ થતી નથી.

देवानां गुणलिंगानामानुश्रविककर्मणाम् ।
सत्वएवैकमनसोवृत्तिः स्वाभाविकी तु या ॥ भा. ३–२५–३२
अनिमित्ता भागवती भक्तिः सिद्धेर्गरीयसी ।
जरयत्याशु या कोशं निगीर्णमनलो यथा ॥ भा. ३–२५–३३

અર્થ—વેદિક કર્મ કરનારા ગુણબંધનવાળા દેવોની સત્વમાં જ મનની જે સ્વાભાવિક વૃત્તિ તેજ ભગવાનની નિષ્કારણ ભક્તિ. તે સિદ્ધિથી મોટી છે, અને જેમ જઠરાગ્નિ ઉદરમાં અન્ન પદાર્થને બાળી નાંખે છે. તેમ તે ભક્તિ અંદરના કોશને બાળી નાંખે છે.

मद्गुणश्रुतिमात्रेण मयि सर्वगुहाशये ।
मनोगतिरविच्छिन्ना यथा गंगाम्भसोऽम्बुधौ ॥ भा. ३–२९–११.
लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् ।
अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे ॥ भा ३–२९–१२

અર્થ—જેમ ગંગાજલની સમુદ્રમાં અવિચ્છિન્ન ગતિ રહે છે, તેમ માત્ર મારું અવણમાત્રથી સર્વના ગુહ્યસ્થમાં રહેનાર મારેવિષે મનની અવિચ્છિન્ન ગતિ રહે–એ નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ કહ્યું છે, જે પુરુષોત્તમમાં નિષ્કારણ અંતરાયવિનાની ભક્તિ છે.

સાધનરૂપ શ્રવણાદિ લક્ષણવાળી ભક્તિનું વિધાન તો સ્પષ્ટ દ્વિતીય સ્કંધમાં કરેલું જ છે.

तस्माद्भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः ।
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताऽभयम् ॥ भा. २–१–५

અર્થ—તેથી હે ભરતિત, અભય ઇચ્છતા પુરુષે સર્વદા ભગવાન હરિ, શ્રવણ શ્રોતવ્ય, કીર્તિતવ્ય અને સ્મર્તવ્ય છે.

આ પ્રમાણે સર્વ બરાબર, સુંદર છે, માટે વિશેષ શું લખવું ?

શિખરિણી.

ઉપાસ્તિને માને મધુમથનભક્તિ સુરજનો,
ઉપાસ્યે કૃષ્ણપ્રભુ, વલિ સ્વકૃતાર્થો મતિ ધરે,
સરૂપી બે તેથી; ઋષભવિકૃતે હંસમનથી
ફટો ભક્તિહંસ ભુવલ પ્રહર્ષો વિકસવરે.

અર્થ—વિદ્વાનો પણ ઉપાસનાને કૃષ્ણની ભક્તિ માને છે, ઉપાસનાથી પોતાને કૃતાર્થ માને છે, ઉપાસ્ય દેવતાને પરમ પુરુષ કૃષ્ણ માને છે; આ સર્વ ભક્તનું મરણ એજ કે બે અને ભક્તરથી સરખા સ્વરૂપનો છે, તે ભક્તને ત્યાગવાને માટે પોતાના મનમાં રહેલો નીરક્ષીરવિવેકી—ઉપાસના ભક્તિ વિવેકી—હંસ કૃતાર્થ એવા શ્રી વિદ્વાને આનંદથી પ્રકટ કર્યો.

આત્મવાળા ભક્તજનો જેનું સ્મરણ કરે છે, નિરંજનના સર્વ સંશયો જેથી નષ્ટ થયા છે, એવા શ્રીમદ્વલ્લભના ચરણકમલને આલોક પરલોકના સર્વ અર્થને માટે હૃદયથી દૃઢ આશ્રય કરું છું. તે પોતાના ભાષ્યપર વાત્સલ્યતાથી શ્રીકૃષ્ણના ચરણારવિંદની રક્તના રંગથી સુધા ભને રંગો.

भक्तिहंसपर विवेचन.

આ ભક્તિહંસ ગ્રંથ નાનો પણ ઘણોજ સુંદર, સ્પષ્ટ અને અગત્યનો ગ્રંથ છે. એક સમય એવો હતો કે પંડિતો વૈદિક અને તાંત્રિક સિવાયનો, ઉપાસના વગેરે જ માન્ય રાખતા, અને ધર્મમાં સ્નેહને સ્થાન જરાપણ પણ ન હતું. વૈદિક તાંત્રિક સિવા વિનાનું સર્વ ભક્તિ-રસીલ અષ્પાષ્ટક કહેનારા એવા હૃદયશૂન્ય પંડિતો પુષ્ટિમાર્ગને હસી કઢાડતા અને અમે સાંભળ્યું છે કે એક પંડિત તો ગુસ્સામાં અને મસ્કરીમાં એમ બબ્બડ્યા હતું કે "હવે વેદ, શાસ્ત્ર, પુરાણના દિવસો આવી રહ્યા, તેમાં લખ્યું પ્રમાણ નહિ, માત્ર શ્રીમદ્વલ્લભ અને શ્રીમદ્વિઠ્ઠલના વચનો જ પ્રમાણ માનવા." આવા પંડિતોને ઉત્તર આપવો આવશ્યક હતો. અને વાચકને આનંદ પડશે કે આ લઘુગ્રંથ વેદ, ગીતા અને શ્રીમદ્ભાગવતના વચનોથી ભરપૂર છે. શુદ્ધ હૃદયથી વાચનારને પુષ્ટિમાર્ગ અષ્પાષ્ટક નહિ, પણ ઉત્તમોત્તમ લાગ્યા વિના રહે જ નહિ.

ગ્રંથકારે પોતાનું મંતવ્ય સ્પષ્ટ જણાવતાં મંગલાચરણમાં કહે છે કે મંત્ર, ઉપાસના, વૈદિક, તાંત્રિક દીક્ષા, પુણ્ય, વિધિ વગેરેથી પુરુષોત્તમ પ્રાપ્ય નથી, પણ પોતે કરેલાં પાપો સાથે જ એવા છે; અહીંથી જ ગ્રંથકારની શંકા ઉદ્ભવે છે, અને સર્વે શંકાના નિરસની સાથે ગ્રંથની સમાપ્તિ થાય છે. પુરુષોત્તમ વેદથી પ્રાપ્ય નથી તેને માટે વેદનું પોતાનું પ્રમાણ **यमेवैष वृणुते तेन लभ्यः** એ શ્રુતિ છે, **माहं वेदैः...दाक्ष्य यज्ञ विधो द्रष्टुम्, त्रैगुण्यविषया वेदाः** વગેરે ગીતાનાં પ્રમાણ છે, અને શ્રીમદ્ભાગવત તો પ્રમાણોથી ભરપૂર છે. આ પ્રમાણે વસ્તુ માત્રથી જ પ્રાપ્ય હોવાથી વૈદિક તાંત્રિક દોષ પણ

ક્રિયા પુરુષોત્તમને સ્પર્શ કરી શકતી નથી એ સ્પષ્ટ છે. ત્યારે એ સર્વે ક્રિયાઓથી કોની પ્રાપ્તિ થાય છે? એ પ્રશ્ન સહજ થાય છે. ઉત્તર કે વિભૂતીઓની. મંત્ર તંત્રને અધીન કેવલ પુરુષોત્તમની વિભૂતીઓ છે. અદ્યાપિ પુષ્ટિમાર્ગમાં કેટલે સ્થલે પ્રચલિત, કપાપાત્ર વૈષ્ણવોને કીર્તિ વગેરેની પ્રાપ્તિને માટે અદ્ધારાનોથી ઘરમાં આપાતા ગોપાલમંત્રને ઉદ્દેશીને શ્રીમદ્ગિરિધર સ્પષ્ટ આજ્ઞા કરે છે કે એ ગોપાલમંત્ર પુરુષોત્તમપરત્વે નથી, કૃષ્ણ પરત્વે નથી, પણ વિભૂતિપરત્વે જ છે. તો એવા મંત્રથી પુરુષોત્તમ વશ થતા હોય તો પુરુષોત્તમ કરતાં મંત્ર મોટો! પુરુષોત્તમ કરતાં મેવ માત્ર પુરુષોત્તમની ભક્તિ-સ્નેહમય ભક્તિ જ છે, બીજું કાંઈ નથી. **अहं भक्तपराधीनो ह्यस्वतंत्र इव द्विज**—હું ભક્તને પરાધીન, અસ્વતંત્ર જેવો છું. એમ મુખથી પુરુષોત્તમ વદે છે, અને ઉત્તમશ્લોક બ્રજોની શ્રીગોપી જનોની પ્રશંસા કરતાં પોતેભી મુખથી કહે છે કે:—

न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः ।
या मा भजन्दुर्जरगेहशृङ्खलाः संवृश्च्य तद्वः प्रतियातु साधुना ॥ भा. १०-३२-२२

અર્થ—આપી શકાય નહિ એવી પરસ્પરી બેડીઓને કાપી નાંખીને તમે મારૂ ભજન કર્યું છે, તમને મારી સાથે નિરોપ રીતે મુંગેમ પ્રાપ્ત થયો છે, તમારા ઉપકારનો બદલો હું બ્રહ્માના આયુષ્યપર્યંત પણ વાળી શકું એમ નથી, તમારા ઉપકારનું ઋણ મારી મુક્તિ-નાથી જ મારાપરથી ઉતરે, મારાથી એનો પ્રતિકાર થઈ શકે એમ નથી.

દુનીઆમાં કોઈ પણ નિઃસ્વાર્થ સ્નેહ કરતાં ઉત્તમ છે ખરૂં? નહિ જ. આવું મંત્ર અમે તેવો ઉત્તમ હોય પણ તે મંત્ર જ; અને મંત્રનો હેતુ સ્વાર્થ માટે જ હોય, પછી તે સ્વાર્થ દ્રવ્ય મોક્ષ ભક્તનો હોય, કે નીચ, વેરભાવશીકરણનો હોય. માટે શુદ્ધ પુષ્ટિમાર્ગ પ્રમાણે આપ્ત-વાચાગ્રણી-શ્રીમહાપ્રભુજી અને શ્રીમદ્પ્રભુચરણના વચનામૃત જેમને માન્ય હોય તેમણે-ગોપાલ મંત્ર લેવો નહિ. કેટલાક વાચકોને આ વાત વસમી લાગશે, પણ નિષ્પક્ષપાત પ્રમાણે વિચાર કરનારને શ્રીમદ્પ્રભુચરણના આ વચનામૃત સત્ય છે, શાસ્ત્રસિદ્ધ છે, અનુભવસિદ્ધ છે, એમ લાગ્યાવિના રહેશે નહિ. બાકીનો, પુષ્ટિમાર્ગ માં-સ્નેહમાર્ગમાં મંત્ર જંત્ર કેવાં? સ્નેહમાર્ગમાં વશીકરણના ઉપાયો હોય? દુનીઆની અંદર અને દુનીઆને પોતેપર સ્નેહ જેવું બીજું વશીકરણ શું છે? સ્નેહનું એ વશીકરણ સ્નેહત્યાગને જ જાણે. એનું ખુબ દૃષ્ટાંત તમારે જોઈએ છે? સાંભળો.

बालं च तस्या उरसि क्रीडन्तमकुतोभयम् ।
गोप्यस्तूर्णं समभ्येत्य जगृहुर्जातसंभ्रमाः ॥ भा. १०-६-१८
यशोदारोहिणीभ्यां तां समं बालस्य सर्वतः ।
रक्षां विदधिरे सम्यग्गोपुच्छभ्रमणादिभिः ॥ भा. १०-६-१९
गोमूत्रेण स्नापयित्वा पुनर्गोरजसार्भकम् ।
रक्षां चक्रुश्च षड्वा द्वादशभिर्नामभिः ॥ भा. १०-६-२०

અર્થ—પૂતનાની છાતીપર મંડ પડ્યું બીકવિના રમતા બાલકને ગોપીઓએ દોડતી આવીને ગબડાટથી લઇ લીધો.. યશોદા અને રોહિણીસાથે બધી ગોપીઓએ બાલકપર ગાયની પુછડી ફેરવીને તેની રક્ષા કરી. ગોમત્રથી, ગોરજથી, અને ગોબરથી નવરાવી બાલ્યનાં નામો દઇ દઇ તેના બારે અંગની રક્ષા કરી...

" અજ કેશવ તારા પગની, અચ્યુત તારા ઘુંટણની, યજ્ઞ સાથળની, અચ્યુત કટિની, હયગ્રીવ પેટની, કેશવ હૃદયની, ધરા વક્ષસ્થલની, ઈંદ્ર કંઠની, વિષ્ણુ ભુજની, ઉરુ-ક્રમ મુખની, અને ઇશ્વર મસ્તકની રક્ષા કરજો. ચક્રધારી ભગવાન્ તારી આગળ રહેજો, ગદાધારી ભગવાન્ તારી પાછળ રહેજો, ધનુષ્ધારી મધુસૂદ ભગવાન્ અને ખડ્ગધારી અજન ભગવાન્ તારે બે પડખે રહેજો; શંખધારી ઉરુગાય ભગવાન્ ચારે ખુણામાં રહેજો, ઉપેંદ્ર ભગવાન્ ઉપર રહેજો, તાર્ક્ષ્ય ભગવાન્ નીચે રહેજો, હળધર ભગવાન્ સઘળી દોર રહેજો; ઋષિકેશ ભગવાન્ તારી ઇંદ્રિયોની રક્ષા કરજો, નારાયણ પ્રાણની રક્ષા કરજો, શ્વેતદીપપતિ ભગવાન્ ચિત્તનું રક્ષણ કરજો, યોગેશ્વર ભગવાન્ મનનું રક્ષણ કરજો. પૃશ્નિગર્ભ ભગવાન્ તારી બુદ્ધિની, અને પર ભગવાન્ તારા અહંકારની રક્ષા કરજો. રમતાં ગોવિંદ ભગવાન્, સૂતાં માધવ ભગવાન્, ચાલતાં વૈકુંઠ ભગવાન્, બેસતાં લક્ષ્મીપતિ, અને જમતાં યજ્ઞભોક્તા ભગવાન્ કે જે સર્વ ઠેકાને ભયંકર છે તે તારી રક્ષા કરજો. ડાકણો, રાક્ષસીઓ, કૂષ્માંડા બાલગ્રહો, ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, રાક્ષસ વિનાયક, કોટરા, રેવતી, જ્યેષ્ઠા, પૂતના, માતૃકા, ઉન્માદ, અપસ્માર અને બીજા જે દેહ, પ્રાણ અને ઇંદ્રિયોનો દ્રોહ કરનાર છે તે, સ્વપ્નમાં દેખેલા મોટા ઉત્પાતો, બાલ અને વૃદ્ધના ગ્રહો, વિષ્ણુનું નામ લેવાથી જે બીજે છે તે સર્વે નાશ પામજો. "

વાચક, સ્નેહની પરિસીમાના આ રસોદ્રેક વાંચી તને પણ સ્મિત આવતું હશે. પૂતનાને ક્ષીરમાત્રથી મારનાર પૂર્ણ પુરુષોત્તમની રક્ષા કરનાર આ ગોપીઓનાં સ્નેહનાં મંત્ર જંત્ર! સ્નેહની જ સુંદર અધિકારિણી આ તાપસી-પ્રભુના સામર્થ્યથી અજ્ઞાન-ગોપાંગનાને જોઈને પરબ્રહ્મ પ્રભુ પણ માનુષી સ્નેહની ઉત્તમતાથી ગળગળા થઇ જાય!

જ્યારે આપણે પુષ્ટિમાર્ગીઓએ આ વાત ધ્યાનમાં રાખવાની છે, ત્યારે અન્યમાર્ગીઓએ સમજવાનું છે કે તેમની જે મૂર્તિઓની મંત્રથી સ્થાપના કરવામાં આવે છે તેમાં પુરુષોત્તમનું આવાહન થતું નથી, પણ માત્ર વિભૂતીઓનું જ આવાહન થાય છે, કેમકે એમ મંત્રને વશ થઇ પુરુષોત્તમ પધારતા નથી.

હવેમાં પણ પ્રભુને શંકા થાય છે કે ભગવાન તો વસ્તુમાત્રથી જ પ્રાપ્ય છે, તોપછી કંઈ પણ સાધન કરવાથી શું લાભ? ભગવાન્ ભગવાના હશે તો સ્વેચ્છાથી જ મળશે. આનો ઉત્તર મધિત્સ્યશ્રુતસ્કંધ પણી સુંદર રીતે આપે છે. "જેને પુરુષોત્તમપ્રાપ્તિની ઇચ્છા થાય તેનું જ વરણ પુરુષોત્તમે કર્યું છે એમ સમજવું. એટલે પુરુષોત્તમે વરણ કરેલા ભક્તની ઇચ્છા પુરુષોત્તમ-પ્રાપ્તિની થવાની જ. " માટે ઈચ્છા થવી એજ મહાભાગ્ય. વરણના બે પ્રકાર સમજવતાં પોતે કહે છે કે પુષ્ટિમાં અંગીકૃત જીવને તો ભગવાન્ જ પોતે સાધનરૂપ થઇ જાય છે. અહીં આપણે એટલું યાદ રાખવું કે એવા શુદ્ધ પુષ્ટજીવોને પ્રભુપર સહજ પ્રેમ હોય છે, તેથી પ્રભુ પણ તેમનાપર તેવી કૃપા કરે છે, સંસારબંધનકારમાં મથી રહેલા, ક્રોધ અને લોભથી ભ્રમ, દ્રવ્ય,

ભક્તિ વગેરે પ્રેમિક વસ્તુઓની અપેક્ષાવાળા સામાન્ય જનોએ પ્રભુપર પ્રેમ ઉત્પન્ન કરવા પ્રયત્ન કરવા જોઈએ, અને તેનાં સાધન પણ કરવાં જોઈએ. તે સાધનો શ્રીમદ્પ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં સ્પષ્ટ કથિત છે:—

यथा भक्तिः महती स्यात्तयोपायो निरूप्यते ।
द्वीजभावे दृढे तु स्यात्त्यागाच्छ्रवणकीर्तनात् ॥
द्वीजत्वार्द्ध्यमकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
व्यावृत्तोऽपि व्यवहृतौ कृष्णं पूजया श्रवणादिभिः ॥
व्यावृत्तोऽपि हरौ चित्तं भवणार्द्रौ यतेत्सदा ।
ततः प्रेम तथाऽऽसक्तिर्व्यसनं च यदा भवेत् ॥
द्वीजं तदुच्यते शास्त्रे इदं यस्यापि नश्यति ।
स्नेहात् रागविनाशः स्यादासक्त्या स्यादुपेक्षाचिः ॥
गृहस्थानां बाधकत्वमनात्मं च भासते ।
यदा स्याद्व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥

અર્થ—ભક્તિ વધારવાના ઉપાયો કહું છું. બીજભાવ દૃઢ થવાથી, ત્યાગથી અને શ્રવણકીર્તનથી ભક્તિ વધે. બીજ દૃઢ કરવાનો પ્રકાર એ કે ઘરમાં રહીને, સ્વધર્મથી, વ્યાપાર છોડીને પૂજા શ્રવણ વગેરેથી કૃષ્ણભજન કરવું. વ્યાપાર દોષ તોપણ હરિના અનુભમાં ચિત્ત હમેશાં રાખવા પ્રયત્ન કરવો. તેથી પ્રેમ, આસક્તિ અને વ્યસન જ્યારે થાય ત્યારે શાસ્ત્રમાં દૃઢ બીજ થયું કહેવાય, જેનો નાશ થતો નથી; સ્નેહથી સંસારમાં સમનો નાશ થાય, આસક્તિથી ઘરપર અગ્નિ જેવા પરના મનુષ્યો બાધક અને પારકા જેવા લાગે; જ્યારે કૃષ્ણમાં વ્યસન થાય ત્યારે કૃતાર્થ થાય.

આ ઉપરથી સ્પષ્ટ માલમ પડશે કે. **માહયાપૂતે નિશિદિવાગ્રામે** એટલે દિવસે વ્યાપારમાં ગુંથાયલું અને રાત્રે થાકીને ઉંઘી જવું—એટલે કે સાધનવિનાના જોકુલને પ્રભુ જેમ વૈકુંઠમાં લઈ ગયા તેમ આપણને પણ, પુષ્ટિમાર્ગીઓને પણ, પ્રભુ લઈ જશે, માટે આપણે તો શ્રીમદ્પ્રભુજીના ભક્તિવર્ધિની ગ્રંથમાં કહ્યા પ્રમાણે ન કરતાં દિવસે વ્યાપાર કરવો અને રાત્રે થાકીને સુઈ જવું—આમ સમજનારા ઘણા કરે છે. જોકુલવાસીઓને જે શુદ્ધ પ્રેમ પ્રભુપર હતો તે પ્રેમ તમને છે? પ્રભુના દર્શનવગર, પ્રભુના ગુણગાનવગર જેમ જોકુલવાસીઓથી રહેવાતું નહતું, **त्रुटिर्युगायते त्वामपश्यताम्**—"તમારા દર્શનવિના એક ક્ષણ અમને યુગ જેવી લાગે છે," એવું તમને થાય છે? જો તમારું અંતઃકરણ આ કહેતું હોય, તો તમે કૃતાર્થ છો, તમને પ્રેમ અને વ્યસન પણ સિદ્ધ છે, અને તમને મિથ્યાભક્ત આપવાની યોગ્યતા ભૂતલપર કોઈની નથી.

પુષ્ટિમાર્ગ એટલે સ્નેહમાર્ગ નિઃસાધન છે, એટલે એમાં વેદમાં, તંત્રમાં, ઉપાસના માર્ગમાં, યોગમાર્ગમાં, સાંખ્ય માર્ગમાં સર્વે શાસ્ત્રોમાં કહેલાં મુક્તિનાં સાધનોની અપેક્ષા નથી, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, કે શમ, દમ,

તિતિક્ષા, ઉપરતિ વગેરે, કે શ્રવણ, મનન, નિદિધ્યાસન, કે એવા શાસ્ત્રીય સાધનોની અપેક્ષા નથી. પણ સ્નેહમાર્ગમાં સ્નેહની અપેક્ષા ખરી કે નહિ? અને તે સ્વાભાવિક ન હોય તો માર્ગની રીતિ સ્નેહ વધારવા પ્રભુના ગુણગાન કરવા કે નહિ? માટે શબ્દાર્થમાં ન પડતાં-નિઃસાધનતાનો ખોટો અર્થ ન કરતાં

तस्मात्सर्वपरित्यज्य निरुद्धैः सर्वदा गुणाः ।
सदानंदपरैर्गेयाः सच्चिदानंदता ततः ॥

સર્વનો પરિત્યાગ કરી, વ્યાપાર છોડી, દુઃખ છોડી, ચિત્તનો પ્રભુમાં નિરોધ કરી પ્રભુના ગુણગાન ગાવા કરવા. જેમ માતાનો બાલકપર સ્વાભાવિક પ્રેમ હોય છે, તેમ ગોકુલવાસીઓને તેમના કાનુડાપર સ્વાભાવિક પ્રેમ હતો એવો સ્વાભાવિક પ્રેમ પ્રભુપર તમને છે?

પ્રભુપર આવા પ્રેમવાળા મળવા બહુ વિરલ છે. પ્રભુકૃપાથી એવા કોઇક મળી આવે તો તેમના ચરણની રજ શિરસાવંદ્ય ગણવી. પણ "હરિ, કૃષ્ણ, નામ" વગેરે મ્હોંએથી ઉચ્ચાર કરતા પણ અંદરથી વિષયપ્રચુર મોહોથી ચેતતા રહેવું. યમદ્વાદશ્લોકીએ સ્વતઃ શ્રીમુખથી કહ્યું છે કે **शुद्धाः प्रेम्णा भवंति सुदृढमनसः**। માટે એવાની કસોટી તો સોના કસતાં પણ વધારે સપ્તાહથી કરવી, કારણકે એવા ભગવદીય તો સર્વસ્વ અર્પણ કરવા યોગ્ય છે, અને પુષ્ટિમાર્ગમાં મોળપણથી છેતરાતા મનુષ્યોના દર્શનો કાંઈ ઓછાં મળી આવતાં નથી. જેનામાં વૈષ્ણવનાં લક્ષણો હોય, ભગવદીયના ચિન્હ હોય, જેના હૃદયમાં પ્રભુ-ભક્તિ પ્રકાશતો હોય, તેજ સર્વસ્વ અર્પણ કરવા યોગ્ય છે, બીજો કોઇ નથી. માટે આપણે પ્રભુપ્રાપ્તિના ઉપર કહેલા પ્રયત્ન કરવા બેઠલું જ નહિ, પણ દોષોથી ચેતતાં રહેવું.

કેટલાક જ્ઞાનમાર્ગવાળા એમ સમજે છે કે ભક્તિથી ચિત્ત શુદ્ધ થાય અને પછી જ્ઞાન પ્રાપ્ત થાય. આ બાબતમાં ભક્તિનો અર્થજ સમજ્યા નથી. ભક્તિ એટલે પ્રભુમાં નિઃસ્વાર્થ સ્નેહ. જ્ઞાનની અપેક્ષા પ્રભુ-પુરુષોત્તમ સુધી નથી, કેમકે પુરુષોત્તમ માત્ર અનન્ય ભક્તિથી પ્રાપ્ય છે, તો એવી ઉત્તમ ભક્તિને જ્ઞાનનું સાધન ગણવું એ કેટલું બોટું! જ્ઞાન તો અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ કરાવી શકે છે, બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરાવી, બ્રહ્મમાં બ્રહ્મ ભળી જાય, સમુદ્રમાં મીઠાની પુતળી ભળી જાય, તેવી સ્થિતિ કરી દે છે, **सोऽश्नुते सर्वान् कामान् सहब्रह्मणा विपश्चिता** સુધી જ્ઞાનની અતિ નથી, માટે શુદ્ધ ભક્તિમાર્ગનું-પુરુષોત્તમ પર્યંત ગતિવાળા સ્વમાર્ગનું-નિરૂપણ **सिद्धांतमुक्तावली**માં કરી શ્રીમદ્વલ્લભપ્રભુજી કહે છે કે **ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्माद्विदुषितः** જ્ઞાનમાર્ગથી અધિક ભક્તિમાર્ગનું આ પ્રકારે નિરૂપણ કર્યું.

આગળ ચાલતાં ભિન્નભિન્ન પ્રકારની પૂજા-અષ્ટ કીર્તનને બધાને ભક્તિ કહેવામ નહિ, તેનું સ્પષ્ટ વર્ણન કરતાં શ્રીમદ્વલ્લભાચાર્ય કહે છે કે વૃત્તિને માટેનાં અષ્ટકીર્તન લૌકિક ગણવાં, તાત્કાલિક સુદરણ આપનારાં, શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે ધર્મ, અર્થ, અને કામની ઇચ્છાથી કરાતાં અષ્ટકીર્તન કર્મમાર્ગીય; સંન્યાસાશ્રમમાં જ્ઞાનોદયને માટે ચિત્તશુદ્ધિના હેતુથી કરાતાં અષ્ટકીર્તન જ્ઞાનમાર્ગીય; મોક્ષના સાધન તરીકે પંચરાત્રમાં કહેલી દીક્ષા પૂર્વક શાસ્ત્રવિધિ પ્રમાણે કરાતાં અષ્ટકીર્તન ઉપાસનામાર્ગીય; ભક્તિસંપ્રદાયની દિક્ષાપૂર્વક મોક્ષના સોપન તરીકે કરાતાં અષ્ટકીર્તન પ્રાચલિક ભક્તિ; પ્રેમાત્મક ભક્તિના સાધનરૂપે

દ્વારા અવણકીર્તન મર્યાદાભક્તિ; અને પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થયા પછી સ્વતંત્ર પુરુષાર્થરૂપે દ્વારા અવણકીર્તન પુષ્ટિભક્તિરૂપ છે. આ ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે જે હેતુથી અવણકીર્તન કરવામાં આવે છે તે હેતુજ મુખ્ય છે. અને ઉત્તમોત્તમ હેતુ પ્રેમ છે. પ્રભુપર પ્રેમથી પ્રભુની સર્વે લીલા સાંભળવામાં અને તેના કીર્તન કરવામાં સ્વાભાવિક આનંદ આવે માટે જ અવણકીર્તન કરવું એ ઉત્તમ. જ્યાંસુધી પ્રભુ દયા કરી પ્રકટ થાય, ત્યાં સુધી આવા ઉત્તમ ભાવતો પ્રભુની લીલાનો આનંદ કરી લઇએ માટે જ શ્રીમદ્વલ્લભપ્રભુ-ચરણે કહ્યું છે કેઃ—

महतां कृपया यावद् भगवान् दययिष्यति ।
तावदानंदसंदोहः कीर्त्यमानः सुखाय हि ॥
गुणगाने सुखावाप्तिर्गोविंदस्य प्रजायते ।
यथा तथा शुकादीनां नैवात्मनि कुतोऽन्यतः ॥

અર્થ—મોટાની કૃપાથી જ્યાંસુધી ભગવાન દયા કરશે ત્યાંસુધી આનંદસાગર પ્રભુનું કીર્તન સુખ જ આપે છે. ગોવિંદના ગુણગાનમાં જે સુખપ્રાપ્તિ થાય છે તે શુકદેવ વગેરે આત્મજ્ઞાનીને પ્રાપ્ત થતી નથી તો બીજાને તો ક્યાંથી જ.

આ સિદ્ધાંતનો અનુભવ કરતાં શ્રીગોપિકાજીએ ગાયું કેઃ—

तव कथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहं ।
श्रवणमंगलं श्रीमदाततं भुवि गृणंति ते भूरिदाजनाः ॥

અર્થ—તમારું કથામૃત વિરહતપ્ત ભક્તોનું જીવન છે, પંડિતોએ વખાણ્યું છે, પાપ-નાશક છે, શ્રવણમાત્રથી મંગલ કરે છે, કીર્તિવાળું છે અને મોટા દાતાઓ પૃથ્વીપર આપ્યા કરે છે.

આ સર્વનો સાર એ છે કે ભગવાનના પ્રાકટ્ય સિવાય બીજા કારણની અપેક્ષા રાખ્યાવિના ભગવાનના વિરહમાં જેમ તેમ દહાડા કાઢવા માટે ભગવાનની લીલાના ગુણગાન કર્યાકરતાં-આજ ઉત્તમોત્તમ અવણકીર્તન.

ભક્તિની શક્તિ સ્નેહમાં છે. ભક્તિના બીજા સર્વે અર્થ ગૌણ છે. શુદ્ધ સ્નેહ દુર્લભ છે એટલે જ્યારે ભક્તિ દુર્લભ જ. લોક, મંત્ર, જંત્ર, કર્મ, જ્ઞાન, ઉપાસના, સર્વે કરતાં નિષ્કામ સ્નેહ ઉત્તમ છે, માટે એવી ભક્તિ પણ કે સર્વ કરતાં ઉત્તમ છે. સ્નેહ સુખનો આધાર છે, સુખનું સર્વસ્વ છે, અને સુખ સર્વે વિદ્યાનું સ્થાન છે એમ શ્રુતિ કહે છે, તો એવા સુખના સર્વસ્વથી બની પ્રભુભક્તિને ઉત્તમ ન કહેનારને મૂર્ખ ન કહેવો ? વેદના, તંત્રના મંત્રોમાં નિષ્કામ સ્નેહ જેવી મોક્ષપણ શક્તિ નથી. વિધિ એટલે નિયમ અથવા દુઃખ. નિયમ અથવા દુઃખ પાળવામાં આવે તો સુખ થાય. તે સુખ તો ક્ષણેજ ખુટશે. મંત્ર બોલવામાં એક અક્ષરની ભૂલ પડી કે વિદ્યાનું ફળ થશે નહિ. વળી વિધિ, મંત્ર વગેરેમાં સ્વાર્થ તો અશેજ. નહિતો એવા વિધિ કે-મંત્ર જંત્રની અદ્યક્ષમાં કોણ પડે ? ધન, સ્ત્રી, પુત્ર, કીર્તિ, સ્વર્ગ કે પછી મોક્ષ, જ્યાં કાંઇને કાંઇ સ્વાર્થ તો સર્વે વિધિ માર્ગમાં ખરો જ. સ્નેહમાર્ગમાં ભગવાનનું સુખ તે જ ભક્તોનો સ્વાર્થ. સાંભળોઃ—

यत्ते सुजातचरणाम्बुरुहं स्तनेषु ।
भीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु ॥
तेनाटवीमटसि तद्व्यथते न किंस्वित् ।
कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥

અર્થ—હે પ્રિય! તમારા જે સુંદર (કોમલ) ચરણકમલને અમારા કર્કશ સ્તનપર બીતાબીતા ધીરેથી મુકીએ છીએ, તે ચરણકમલથી તમે વગડામાં ભટકો છો, તે કાંકરા વગેરેથી તમને દુઃખ થતું નથી? તમેજ અમારૂં આયુષ્ય—અમારૂં જીવન હોવાથી અમારી બુદ્ધિમાં આવા વિચારો આવે છે! રડતાં હતાં પોતાના દુઃખને, કે વેણુનાદ કરી પ્રભુએ બોલાવ્યાં, એટલે પતિ પુત્ર સર્વ વિષય છોડી પ્રભુના ચરણકમલમાં હાજર થયાં. ત્યારે મુખ્યો આરોપ કે "રાત્રે જંગલમાં કેમ આવ્યા? સ્ત્રીઓનું અહીં શું કામ? કુલસ્ત્રીઓને છાજે નહિ, માટે જાઓ પાછા." આવા ખોટા આરોપથી મહાદુઃખમાં પડ્યા, છાતીફાટ રૂદન કર્યું, પણ પોતાના પ્રિય પ્રભુપર રોષ આવ્યો નહિ.

ગભરાતાં ગભરાતાં ઉત્તર આપ્યો કે "ચિત્ત તમે ચોરી લીધું છે એટલે ઘરમાં હવે પેસતુંજ નથી, ઘરકામમાં હાથ ચાલતા નથી, અને તમારી હાજરીમાંથી પગ ખસતા નથી એટલે ઘેર કેમ જઈએ ને શું કરીએ?.....હે કમલ નયન, જ્યારથી તમારા ચરણકમલનો સ્પર્શ અમને થયો છે, ત્યારથી હે અંગ, ત્યારથી બીજા કોઈની પાસે ઉભા રહેવાનું જ નથી..... વાંક તમારા સુંદર વેણુગીતનો, ત્રિલોકીમાં એવી કઈ સ્ત્રી છે કે જે ગીત સાંભળીને આર્યમર્યાદાથી ન ચલે? વાંક તમારા આ ત્રિલોકીમાં સુંદર રૂપનો, કે જે જોઈને ગાયો, પક્ષીઓ, ઝાડો અને હરણિયાંને પણ રોમાંચ થયાં! મારે કે દુઃખીના નાથ! તમે તો અમો વ્રજવાસીઓનાં દુઃખ હરવાને જ પ્રકટ થયા છો, તેથી આ દાસીઓનાં તપેલા હૃદયપર અને મસ્તકપર તમારો હસ્તકમલ ધરો." દુઃખમાં પણ દુઃખ દેનારનાં જ ગુણગાન! આનું નામ નિઃસ્વાર્થ પ્રેમ, અને આ જ સ્વતંત્ર ભક્તિ. નહિ અપેક્ષા કોઈપણ સ્વાર્થની કે નહિ અપેક્ષા મોક્ષની. આવા ઉત્તરથી કૃપા કરી પ્રભુએ પ્રસન્ન મુખ કરી ગોપિકાઓસાથે રમણ કર્યું, એટલે ગોપિકાઓ ભૂતલ પર સર્વે કરતાં પોતાને અધિક માનવા લાગ્યાં. આ સ્વાભાવિક ગર્વ પણ પ્રભુને રુચ્યો નહિ અને અંતર્ધાન થઈ ગયા! પ્રેમની કસોટીની અવધિ થઈ, અને જેને સંસારી લોકો ભાંડવા કહે એવી તન્મયતા, કૃષ્ણમયતા, બ્રહ્મમયતા શ્રી ગોપિકાઓના ચિત્તની થઈ. ઝાડો, લતા, પશુઓને પૂછવા માંડ્યું કે અમારા વહાલા પ્રભુને જોયા છે? અને અંતે ગોમમાં ને ગોમમાં પ્રભુમય થઈ પ્રભુની સુંદર લીલા કરવા માંડી, એકે બની પૂતના અને એકે કર્યું તેનું સ્તનપાન; એકે બની શકટ અને એકે તેને રડતાં રડતાં મારી લાત; એકે બની બાલકૃષ્ણ અને એકે બની દૈત્ય અને તેને લાગ્યું મારવા; એકે બની બાલકૃષ્ણ અને ધુંટણીએ ચાલતી ધુળરીમાં ખખડવવા લાગી; એકે થઈ કૃષ્ણ, એકે થઈ બલદેવ, દેટકીક થઈ ગોવાલ, એકે ગોપી-કૃષ્ણે વત્સ થઈને મારી, એકે બગ થઈને મારી, કૃષ્ણલીલા કરતી એકે લીધી બંસી, દૂર જઈને આગેને વેણુથી બોલાવવા માંડી, અને બીજીઓ બોલી "વાહ! વાહ!" કૃષ્ણની સુંદર ચાલનું અનુકરણ કરતી એકે બીજી ગોપીના ખભા પર પોતાનો હાથ મુકી બોલી "જુઓ આ કૃષ્ણ આવ્યા! મારી લલિત

ગાય વનુઓ ! " પોતાનું વચન ઉથ્થું કરી એકે કહ્યું " મેં ગોવર્ધન પર્વત ઉંચો કર્યો છે, જેથી અને વરસાદ અને પવનથી બ્હીશો નહિ. " એકે બીજાના મસ્તકપર પગ ધરી કહ્યું " દુષ્ટ કપીપ, અદીથી જતો રહે, કુ દુષ્ટનું શાસન કર્તાધું." એકે ગોવાલીઆ બનેલી બીજીઓને કહ્યું " આંખ મીંચાવિ, જુઓ કુ ક્રમણા દાવાનલનું પાન કરેધું." એકે બીજી ગોપી-કૃષ્ણને બાંડણીમે બાંધી અને તે . કપટબાધુધ દૃષ્ટિથી જોવા લાગી." સહેજ ભાન આવતાં પાછી બધી મહી મળી કૃષ્ણને શોધવા લાગી અને કદંબ નજ જોયા ત્યારે—

सन्मनस्कास्तदालापास्तद्विचेष्तास्तदात्मिकाः ।
सद्गुणानेव गायंत्यो नात्यागाराणि तस्मरुः ॥

અર્થ—તેમનાં મન કૃષ્ણમય બધ ગયાં, કૃષ્ણનાજ આલાપ કરવા લાગી, કૃષ્ણજીજ ચેષ્ટા કરવા લાગી, કૃષ્ણમય બધ ગઇ, અને કૃષ્ણનાં ગુણ ગાતાં ગાતાં પોતાના ઘર અને પરભારનું પણ સ્મરણ રહ્યું નહિ.

આ ગીત તેજ ગોપી ગીત. તેમાં પણ ઉપર કહ્યું તેમ પોતાનાં દુખને રડતાં રડતાં પણ " હે પ્રભુ તમે અમને જંગલમાં નાશી જવાનો છો તે તમારા ચરણકમલને કાંકરા ખુંચતા નથી ? " અમારું ચિત્તદુઃખ રહ્યું એજ કોરે, પણ તમને દુઃખ થતું નથી ?

આજ બસત, આજ શુદ્ધભાવ. આ ભાવ પ્રાપ્ત કરવાનાં સાધનનું વર્ણન કોઇ પણ શાસ્ત્રોમાં નથી, માત્ર એનું અનુકરણ જ થઇ શકે, અને તેજ પુષ્ટિમાર્ગ. શ્રીમદાચાર્યજીએ જે કર્યું તેજ ભાવસિદ્ધિને અર્થે કરવું. મારે જ શ્રી મદ્વપ્રભુજીએ **સર્વનિર્ણયમાં** કહ્યું કે—

कौंडिन्यो गोपिकाः मोक्षा गुरवः साधनं च तत् ।
मायो भावनया सिद्धः साधनं नान्यदीप्यते ॥
विकलत्वं तयाऽस्वास्थ्यं मूर्छातिः माकुलं नहि ।
ज्ञानं गुणाश्च तस्यैवं वर्तमानस्य व्यापकाः ॥

અર્થ—કૌંડિન્ય ઋષિ અને ગોપિકાઓ ગુરુ; ભાવનાથી સિદ્ધ થયેલો તેમનો-તેમના જેવો-બાલ જેજ સાધન; બીજા કોઇ સાધનની અપેક્ષા નથી; વિકલત્વ અને અસ્વસ્થપણું જેજ સ્વાભાવિક થઇ જાય છે, પણ તે મૂર્છાદિ નથી; આવા વિરહીને ભગવાનના જ્ઞાન (सर्वं खल्विदं ब्रह्म) અને ગુણો ઐશ્વર્ય, વીર્ય, વગેરે પણ વ્યાપક છે, કેમકે તે વિપ્રયોગરસમાં આધાર માત્ર છે.

આવો સ્નેહમાર્ગ સ્થાપન કરનાર શ્રીમદ્વલ્લભાચાર્યને સામાન્ય મનુષ્ય સમજવા નહિ જેમ શિવના અવતાર શંકરે આવી માયાવાદ પ્રચારી મનુષ્યોને ગામમાં કરાવી ભગવદ્ભક્તિથી વિમુખ કર્યા, જેમ હનુમાનાવતાર મધ્વે આવી શુદ્ધ દાસ્યભક્તિનો પ્રચાર કર્યો, જેમ શેષના અવતાર રામાનુજે જ્ઞાન સહિત ભક્તિનું સ્થાપન કર્યું, તેમજ અગ્નિઅવતાર શ્રીમદ્વલ્લભે સ્નેહભક્તિનો પ્રચાર કર્યો, અને વેદ, સૂત્ર, ગીતા અને ભાગવતના શુદ્ધરહસ્યાર્થ પ્રગટ કર્યા. પોતે શ્રીમુખથી કહે છે કે—

श्रीमद्भागवतागमः सुरतरुर्लोके फलत्वं गतो ।
भापाभेदविभेदतस्त्रयमपि स्यान्नो विरुद्धं महत् ॥
भक्त्यंशे फलता प्रमाणमबले वेदत्वमर्थे पुनः ।
स्कंधैर्द्वादशभिर्युतः सुरतरुः शाखाद्विषड्भिर्युतम् ॥
अर्थं तस्य विवेचितुं नहि विभुर्वैश्वानराद्वाक्पते ।
रन्यस्तत्र विधाय मानुपतनुं मां व्यासषच्छ्रीपतिः ॥
दत्त्वाज्ञां च कृपावलोकनपटुर्यस्मादतोऽहं मुदा ।
गूढार्थं प्रकटीकरोमि बहुधा व्यासस्य विष्णोःप्रियम् ॥
लक्षणां नैव वक्ष्यामि—

અર્થ—વેદાત્મક શ્રીમદ્ભાગવત કલ્પવૃક્ષ લોકમાં ફલપણાને પ્રાપ્ત થયું છે. તે મહાપુરાણ છે. સમાધિભાષા, પરમત અને લૌકિકી એમ ત્રણ પ્રકારના ભાષાભેદથી ફલપણું, વેદપણું અને કલ્પવૃક્ષપણું વિરુદ્ધ નથી. ભક્તિના અંશમાં ફલપણું, પ્રમાણના મુખલમાં વેદત્વ, અને અર્થમાં ભારતખથી યુક્ત બસુસેં બત્રીસ અધ્યાયરૂપ શાખાયુક્ત કલ્પવૃક્ષ છે. વાણિના પતિ અગ્નિ સિવાય અન્ય કોઇ તેનો અર્થ પ્રકટ કરવા સમર્થ નથી. માટે શ્રીપતિ પ્રભુએ વ્યાસની માફક મનુષ્યતનુ ધારણ કરી અને તે અર્થ પ્રકટ કરવા આજ્ઞા આપી ચતુરપણે કૃપાકટાક્ષ મારાપર નાંખ્યો, તેથી વ્યાસ અને વિષ્ણુને પ્રિય ગૂઢ અર્થ આનંદથી હું પ્રકટ કરું છું. હું લક્ષણાના તરંગ નહિ દેતાવર્તા વાચ્યાર્થ જ કહીશ.

આવા પ્રભુએ મોકલેલા સ્વજનથી ભૂતલ કવચિત જ ભૂષિત થાય છે. માટે એમના વચનો અમૃતબિંદુ સમજવા. જ્ઞાનમેદમાં પોતે કહે છે કેઃ—

गुणातीतत्वया शुद्धान् सच्चिदानंदरूपिणः ।
सर्वानेव गुणान् विष्णोर्वर्णयंति विचक्षणाः ॥
तेऽमृतोदाः समाख्याता स्वद्वाक्पानं सुदुर्लभम् ।
तादृशानां क्वचिद्वाक्यं दृष्टानामिव वर्णितम् ॥
अजामिलाकर्णनवत् बिन्दुपानं प्रकीर्तितम् ।

અર્થ—વિચક્ષણ પુરુષો વિષ્ણુભગવાનના સર્વે ગુણો ગુણાતીત હોવાથી શુદ્ધ સચ્ચિદાનંદરૂપ જાણી વર્ણન કરે છે, તેમને અમૃતસાગર કહેવામાં છે, તેમની વાણીનું પાન અત્યંત દુર્લભ છે. તેમનું વાક્ય કોઇકવાર દૃષ્ટાના વાક્ય જેવું દૃષ્ટરૂપ થાય છે, જેમ અજામિલ શ્રવણ કરી તરી ગયો, તેમ અમૃતબિંદુના પાન જેવું છે.

આવા ભગવાનના અનુભવવાળા સત્પુરુષે પ્રવર્તાવેલા સંપ્રદાયમાં જે ભક્તો આવે તેમનાપર પણ ભગવત્કૃપા થાય એમાં શું આશ્ચર્ય? આ નાવમાં બેસનાર વિનાશ્રમે સંસાર સાગર તરી પ્રભુ પાસે જાય એમાં શું આશ્ચર્ય? કલના આચાર્યોના તમે અમે તેટલા દોષ

કારો, પણ તેથી જે સત્પુરૂષે આ સુંદર સ્નેહભય સંપ્રદાય પ્રવર્તાવ્યો, તેનો શું દોષ? ભાગવતમાં સ્પષ્ટ કહે છે કે **आज्ञाप्तिकामाप्युपदेशेनापि स्नेहाभावेऽपि सम्मूलघातानां माहात्म्यज्ञानपूर्वया तद्रूपत्वेन तदनुगृहीतत्वेन सर्वोपपत्तेः।** એટલે "દાસના ઉપદેશકોનો પ્રભુમાં સ્નેહ ન હોય તોપણ તેમના સંપ્રદાયના મૂલપુરૂષ પૂર્વના આચાર્યો પ્રભુમાં સ્નેહવાળા હોવાથી પ્રભુનો તેમનાંપર અનુગ્રહ હોવાથી સર્વ સિદ્ધ થાય છે." ભાર્મમાં રીત પણ એવીજ છે. "શ્રી મહાપ્રભુજીની કૃપાનીથી—" એમજ પ્રભુને વિનતિ થાય છે. દાસના આચાર્યોને પણ પૂર્ણ પુરુષોત્તમ જાણવાની અને ગણવાની ઇચ્છા હોય છે તે ઇષ્ટ છે. અદ્વૈતવાદમાં, **सर्वं खल्विदं ब्रह्म, वासुदेवः सर्वमिदं** એ સિદ્ધાંતમાં આ ઇચ્છા અપ્રાપ્ય નથી. વૈષ્ણવો, ભગવદ્ભક્તો તો ગુરુને પૂર્ણપુરુષોત્તમ માનવાને ઉત્સુક છે. પણ જે આચાર્યો ગોપાલમંત્રનું દાન કરે, જે આચાર્યો આવા આવા સુંદર ગ્રંથો વાંચે નહિ, મનન કરવે નહિ, સુબોધિનીતરફ દૃષ્ટિ પણ ન કરે, નિબંધ અને અણુભાષ્ય જેવા સિદ્ધાંતના ગ્રંથો વાંચે પણ નહિ, પુષ્ટિમાર્ગનું તત્ત્વ સમજે નહિ, પ્રતિપાદન ન કરે, તેમને, અરે, કેવળાદ્વૈત નિરાકાર આચાર્યોને બિચારા ઉત્સુક વૈષ્ણવો પણ "પૂર્ણ પુરુષોત્તમ" કેમ માની શકે! "પૂર્ણં પુરુષોત્તમ" આ શબ્દોનો અર્થ તો વિચારો? પ્રકૃતિથી પેલે પાર, અક્ષર બ્રહ્મથી ઉચ્ચતર, જ્ઞાનીઓને અપ્રાપ્ય, આવા "પૂર્ણ પુરુષોત્તમ" વિષયાકાંત દેવવાને કેમ કહેવાય? જ્ઞાનીઓના જ્ઞાનને તુચ્છ કરવાની શક્તિ તેમનામાં હોય કે નહિ? 'પૂર્ણ પુરુષોત્તમ" સુબોધિની વાંચી સમજી શકે કે નહિ? "**अहं निरस्तो बोधेन निरोधपदवीं गतः**" કેમ દાસના આચાર્યો કહી શકશે? પ્રભુ કરે ને પૂર્ણ પુરુષોત્તમ થવાની આચાર્યોની આ સુંદર ઇચ્છા ફલીભૂત થાઓ. શ્રીમદ્પ્રભુચરણે આ લઘુ ગ્રંથમાં બહુ સ્પષ્ટતાથી અને સુંદરતાથી વિવિધ પ્રકારની ભક્તિનું તારતમ્ય સમજાવી પુષ્ટિ ભક્તિની ઉત્તમતા, અને તેના અનુકરણની સરળતા સિદ્ધ કરી છે. સર્વે વાચકોને આ ગ્રંથ વાંચી પ્રભુપર ગૂઢ પ્રેમ થાઓ.

શુદ્ધાદ્વૈત વા અખણ્ડબ્રહ્મવાદ.

જડ વા ચેતન જે કંઈ વસ્તુ છે તે સર્વ સદ્નો જ પ્રકાર છે, નામ અને રૂપ પણ સદ્ની જ કૃતિ છે. અખિલ વિશ્વબ્રહ્માંડની અનન્ત રચનામાં જડ વા ચેતન સર્વ સદ્ જ છે, સદ્ વિના અન્ય કંઈ નથી, નામ અને રૂપ પણ તે જ છે, તેવી સદ્ના વિજ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એ સિદ્ધાન્તનું સુસ્પષ્ટ નિરૂપણ સ્વપુત્ર શ્વેતકેતુને ઋષિ ઉદ્દાલક આરુણિએ કર્યું, પરન્તુ આ ગહન ઉપદેશ ભાત્ર બેજ વાર ઉપદેશવાથી કે અવધ કરવાથી હૃદયમાં સુસ્થિર થતો એ અશક્ય છે તેથી આરુણિ ઋષિ સ્વપુત્રને આ સિદ્ધાન્ત ભિન્ન ભિન્ન દૃષ્ટાન્તોની સાહાય્યથી નવ વાર ઉપદેશે છે, અને જ્યારે શ્વેતકેતુએ એનું નવ વાર શ્રવણ કર્યું ત્યારે ઋષિસંદેશ સઘળો યથાર્થ તાત્પર્ય સમજ્યો. કોઇ પણ ઉપદેશને હૃદયારૂઢ કરવામાં મુખ્ય કારણ તેની આવૃત્તિ જ છે. કૃષ્ણદ્વૈપાયન વ્યાસ પણ એજ ન્યાય 'आवृत्तिरसकृदुपदेशात्' એ સ્વીકારે છે. 'નવ' આંક પણ પૂર્ણતાનો સૂચક છે તેથી એમ પણ થાય છે કે

ઋષિએ નવ દૃષ્ટાન્તથી પુનઃ પુનઃ ઉપદેશવાનું કારણ માત્ર આરુણિના પૂર્ણ પ્રાકટ્યની સિદ્ધિ જ છે.

'स एष अणिमा, ऐतदात्म्यमिदं सर्वं, तत्सत्यं, स आत्मा, तत् त्वमसि' આ વાક્યનો ઉચ્ચાર ઉદ્દાલક ઋષિ નવ વાર કરીને સ્વપુત્ર શ્વેતકેતુને અખંડ અદ્વયવાદ-શુદ્ધ અદ્વૈત ઉપદેશે છે. જે સદ્ તે જ આ સૂક્ષ્મતમ છે, આ સર્વ—જગત્ એતદાત્મ્ય છે, તે સત્ય છે, તે આત્મા છે, શ્વેતકેતુ, તું તે છે. અહિં 'इदं सर्वं'થી જે જગતનો નિર્દેશ કર્યો છે તેને ઐતદાત્મ્ય અને સત્ય કહ્યું છે. જગત્ છે તે પણ આત્માનો ભાવ છે, પ્રકાર છે, સાધું જ છે, સત્ય છે, કારણ કે જગતનો આત્મા સદ્ છે, શ્વેતકેતુ તું પણ તે છે, તું પણ ઐતદાત્મ્ય છે, અથવા વધારે સારી રીતે કહીએ તો, તું પણ તે જ છે. ઉપનિષદનું મહાવાક્ય માત્ર 'तत् त्वम् असि' એટલું જ નહિ પણ 'स एष अणिमा ऐतदात्म्यं इदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि' એ છે. ઉદ્દાલક ઋષિનો ઉદ્દેશ માત્ર જીવનું સદ્ સાથે અદ્વૈત સિદ્ધ કરવાનો છે, એટલું જ નહિ પરન્તુ વિશ્વમાં જડ વા ચેતન જે કંઈ પણ છે તે સર્વ સદ્થી અનન્ય છે એ દર્શાવવાનો છે. સદ્ અને જડચેતન પ્રપંચનું શુદ્ધ અદ્વૈત એમને ઇષ્ટ છે. ઉદ્દાલકની આરંભની પ્રતિજ્ઞાનો વિચાર કરતા પણ આ જ વાતની પુષ્ટિ મળે છે. એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન કરાવવું એ આરુણિની પ્રતિજ્ઞા છે; હવે એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન ત્યારે જ થઈ શકે કે જ્યારે જે એક છે તે જ સર્વ હોય—અથવા એક અને સર્વ એક છે—અનન્ય છે, જીવનું અદ્વૈત છે એટલું સિદ્ધ થાય ત્યારે. આ હેતુથી પ્રથમ કાર્યકારણભાવના બોધક મૃત્તિકા, સુવર્ણ, અને લોખંડના ત્રણ દૃષ્ટાન્ત આપ્યા. અત્ર ઋષિએ વિકારને વાચારંભણ કહ્યો તેથી કોઇને ભ્રાન્તિ થાય કે વિકારનું વસ્તુતઃ અસ્તિત્વ જ નથી તેથી બાદરાયણે એનો અર્થનો નિર્ણય કરવાને 'तदनन्यत्वमारंभणशब्दादिभ्यः' સૂત્ર ચોજ્યું, અને જણાવ્યું કે અત્ર વિકારનું અસ્તિત્વ નિષેધાયું નથી પરન્તુ જે વિકાર છે તે કારણથી અનન્ય છે, વિકારના ભિન્ન ભિન્ન નામ અને રૂપો વસ્તુનો ભેદ ઉત્પન્ન કરતા નથી, પણ મૂલ કારણ જ કેટલાક ધર્મો પ્રકટ કરીને અથવા કેટલાક ધર્મો ગુપ્ત કરીને તે તે નામ અને રૂપથી સ્વતઃ વ્યવહારાય છે, અને આજ કારણથી કારણના મૃદ્—વસ્તુના જ્ઞાનથી—સદ્ના જ્ઞાનથી—કાર્યના સદ્ના પ્રકારનું-જડજીવાત્મક પ્રપંચનું—જ્ઞાન થાય છે. આ પ્રતિજ્ઞા લક્ષમાં રાખીને અને એ પ્રતિજ્ઞા પોષવાને જે સૃષ્ટિ ઉપરથી છે તે ઉપરથી સ્પષ્ટ જ છે કે આરુણિને કાર્યનું અસત્ત્વ (non-existence) સંમત નથી. કાર્ય જો વસ્તુતઃ સત્ ન હોય તો આરુણિની પ્રતિજ્ઞા જ નિરર્થક કરે છે, વાચારંભણ નામધેય મૃત્તિકા દિ શબ્દોનું દર્શન કરીને કલ્પિત કોઇ કાર્યનું જડજીવાત્મક પ્રપંચનું મિથ્યાત્વ જ સ્વીકારીને તેની વસ્તુતઃ સત્તા જે છે તે જો કોઇ નિષેધે તો એકના જ્ઞાનથી સર્વના જ્ઞાનની પ્રતિજ્ઞા કુંઠિત થાય, તે આ આખો એવી ગુરુેચ્છાથી સમગ્ર પ્રપાઠકનો વિચાર બાદરાયણ કરે છે, 'આ જગત્ ઐતદાત્મ્ય છે, સત્ય છે, તે આત્મા છે, તું તે છે' ઇત્યાદિના નવ વાર ઉચ્ચારથી આરુણિએ જે જગત્ અને જીવની અનન્યતા સ્વીકારી છે, તે પણ ધ્યાનમાં લે છે, અને એક અને સર્વ જો વસ્તુતઃ ભિન્ન હોય તો એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન ન થાય, તેથી સ્પષ્ટ થાય છે કે અત્ર વાચારંભણાદિ શબ્દોથી ભોદ ન પામવો, ઉક્ત શબ્દો કાર્યનું આત્યન્ત સત્ત્વ નિષેધતા નથી, પરન્તુ કાર્ય એ કારણથી ભિન્ન વસ્તુ છે એવી જો કોઇને ભ્રાન્તિ થાય તો

તેનો જ નિષેધ કરે છે. અર્થાત્ જેમ કાર્ય વસ્તુતઃ કારણથી ભિન્ન નથી તેમ આ જગદ્ સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવું જે સદ્ તેનાથી ભિન્ન નથી પણ એતદાત્મ્ય છે, સ્થૂલમાત્ર જે સદ્ છે તેનો જ પ્રકાર છે, સત્ય છે, સત્સંબંધી છે, જગદ્ વસ્તુતઃ નથી એમ નહિ, તેમ જગદ્ એવું સ્વતંત્ર સદ્થી ભિન્ન કોઈક છે તેમ પણ નહિ, પણ જે સદ્ છે તેનો જ પ્રકાર આ જગદ્ છે. જગદ્ એતદાત્મ્ય છે, સત્ય છે, કારણ કે એનો આત્મા સદ્ જ છે. 'सूर्यः आत्मा जगतः तस्थुषश्च' સૂર્ય સર્વનો પ્રસવ કરનાર-પરમાત્મા જડ અને જીવનો આત્મા છે એમ ઋચા પણ જ્ઞાન કરે છે. જગદ્ નામના જડ પદાર્થની સ્થિતિ પણ સદ્ એનો આત્મા છે તેથી જ છે-સદ્ એનો આત્મા છે તેથી જ જગદ્ એતદાત્મ્ય છે, સત્ય છે, સદ્થી ભિન્ન સ્વતંત્ર અસ્તિત્વ જગદ્નું સંભવતું જ નથી, તેમ તેનું અસત્ત્વ (non-existence) પણ સંભવતું નથી, કારણ ઉપરના સ્વીકારતા આરુણિની બીજના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનથી પ્રતિજ્ઞા ઘટે જ થાય છે. અર્થાત્ જગતનું અસ્તિત્વ સદ્ની-બ્રહ્મની-સત્તાથી સ્વીકારવું તે જ યુક્ત છે, આ જ કારણથી અરુણિ ઋષિ જગદ્ને એતદાત્મ્ય કહે છે, સત્ય કહે છે, અને સદ્થી આ જગદ્ અનન્ય છે તેથી એ સદ્ના જ્ઞાનથી એનું જગદ્નું જ્ઞાન થાય છે એમ સિદ્ધ કરે છે. વ્યાસ પણ આ જ કારણથી જગદ્ અને બ્રહ્મનું અનન્યત્વ કહે છે, પણ મિથ્યાત્વ નથી કહેતા.

આ પ્રકારે સૂક્ષ્મતમ સદ્ના જ્ઞાનથી સ્થૂલ જગતનું જ્ઞાન થાય છે, એમ ઉપદેશીને સકલ ચેતનનું જ્ઞાન પણ સદ્ના જ્ઞાનથી થાય છે તે દર્શાવવાને કહે છે કે શ્વેતકેતુ તે તું છે, 'तत् त्वमसि' આ વાક્ય ઔપનિષદ સાહિત્યમાં અનન્ત વિચારસ્પદ થયું છે. એનો શું અર્થ કરવો એ વિષે મહાન્ આચાર્યોએ વિવિધ મત દર્શાવ્યા છે. કેટલાકે તો એ શબ્દો[1] પણ અન્યથા કરવાનો પ્રયત્ન કર્યો છે, ત્યારે કેટલાકે એ શબ્દોને યથાસ્થિત રહેવા દઈને એના અર્થને તથા તાત્પર્યને મચડવા એવા કૃત્રિમ પ્રયત્ન કર્યા છે કે શબ્દ ફેરવવાના દોષ કરવા કરતા ગંભીર દોષને પાત્ર થયા છે. આ કારણથી એ વાક્યનો વિચાર અધિકતર કરીશું.

શંકરનું મત નીચે પ્રકારે છે:—यद्यपि वेतदारभ्यथी આરંભીને 'तत् त्वमसि' સુધીના વાક્યનો નવ વાર ઉપદેશ આરુણિએ કર્યો છે તથાપિ મહાવાક્ય તો માત્ર 'तत् त्वमसि' तत् તે બ્રહ્મ-त्वम्-तु-જીવ असि છે. તે બ્રહ્મ તું જીવ છે, એટલો આ વાક્યનો મુખ્ય અર્થ છે. પરન્તુ આ મુખ્ય અર્થ સંભવતો નથી. સગુણ બ્રહ્મ જે સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, સર્વધર્મવિશિષ્ટ છે તે જીવ નથી, તેમ નિર્ગુણ બ્રહ્મ જે અવાઙ્મનસગોચર છે તે પણ જીવ નથી, ત્યારે શ્રુતિએ જે કહ્યું કે તે-બ્રહ્મ-તું-જીવ છે એ કેમ સંભવી શકે? આ પ્રશ્નનું ઉત્તર નીચે પ્રકારે આપે છે. અત્ર તે બ્રહ્મ સર્વજ્ઞાન ત્વાદિ ધર્મોથી શૂન્ય કેવલ ચિન્માત્ર બ્રહ્મ અને જીવ એટલે અલ્પજ્ઞત્વ, સુખદુઃખાદિ ભોક્તૃત્વાદિ ધર્મોથી શૂન્ય જીવ-કેવલ ચિન્માત્ર-છે, જે બ્રહ્મ તેજ જીવ-અનન્ય નહિ પણ એક જ. અત તે તું છે એમ અર્થ ઘટિત નથી થતો પણ તે જ એક છે એમ અર્થ ઘટિત થાય છે. 'तत्' અને 'त्वम्' એમ ઉભય પદનો મુખ્ય અર્થનો ત્યાગ કરી ગૌણ-લાક્ષણિક અર્થ કરવો પડે છે, અને આમ ઉભયત્ર લાક્ષણિક અર્થ પ્રતિપાદન કરવા ઉપરાંત ઉભયત્ર અસત્પર્વ

---

૧. અહીં तत् त्वमसिને अतत् त्वमसि' વાંચે છે. ધ્યાનબિન્દુ 'तत्त्वं मसि' કરે છે.

જીવ અને બ્રહ્મના સંબંધમાં પણ એમ બની રહે છે. જ્યાં સુધી જીવ બ્રહ્મમાં સંપન્ન થયો નથી ત્યાં સુધી તેને અમુક હું પણું એમ સ્વ વ્યક્તિનું ભાન રહે છે, પણ જ્યાં બ્રહ્મસંપત્તિ થઈ કે સ્વ વ્યક્તિનું અસ્તિત્વ પણ બ્રહ્મત્વથી જ થયું તો પછી પૃથક્ સ્થિતિ ક્યાંથી અનુભવે. અર્થાત્ જેમાં સર્વે વ્યક્તિઓ સંપન્ન થઈને સ્વવ્યક્તિત્વ વિસરીને, તદ્રૂપતામાં સ્થિતિ કરે છે તે જ સૂક્ષ્મતમ સદ્ છે, તેજ સદ્ આ જગતનો આત્મા છે, શ્વેતકેતુ તારો આત્મા તે જ છે, જગદ્ પણ સદાત્મક છે, તું પણ તદાત્મક છે, અને તેથી જ તેના જ્ઞાનથી જગત વિષયનું અને ચેતન જીવનું સર્વજ્ઞત્વ પ્રાપ્ત થાય છે.

નદીનું દૃષ્ટાન્ત પણ બીજદૃષ્ટાન્તની માફક સૂક્ષ્મતમ સદ્નું સર્વેશ્વરત્વ સિદ્ધ કરે છે. યદ્યપિ સર્વ નદીનું ઉત્પત્તિથી પૂર્વ સ્થાન સમુદ્ર છે, અને અન્તિમ સ્થિતિ પણ સમુદ્રમાં જ છે, છતાં પણ અમુક નદીનું જલ આ છે, અથવા તો અમુક સમુદ્ર આ નદી છે એ કદી શક્યતું નથી, તેમ આ સર્વ પ્રજા જગદ્ જીવાત્મક—સદ્માંથી આવિર્ભાવ પામવા છતાં નથી જાણતી કે મારૂં મૂલ સદ્માં જ છે, જે મૂલમાંથી આ સર્વ જગદ્જીવાત્મક સૃષ્ટિ ઉત્પન્ન થાય છે તે જ સૂક્ષ્મતમ સદ્ છે. આ દૃષ્ટાન્તથી સૂક્ષ્મતમ સદ્ સૃષ્ટિની ઉત્પત્તિ પહેલા પણ સર્વમય હતું એ બતાવ્યું. અર્થાત્ જે સદ્ ઉત્પત્તિ અને લયમાં સર્વમય છે તેના જ જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એમ આરુણિનો આશય છે.

વૃક્ષનું દૃષ્ટાન્ત પણ સદ્નું સર્વેશ્વરત્વ જ ઉપદેશે છે. જે મૂલ તત્ત્વ છે તે વૃક્ષમાં સર્વત્રવ્યાપ્ત છે, તેના આધારથી જ જેમ વૃક્ષની સ્થિતિ છે તેમ સદ્ના આધારથી—ચૈતન્યથી જ આ સકલ જગદ્ જીવાત્મક પ્રપંચની સ્થિતિ છે. આ પ્રકારે ઉત્પત્તિ સ્થિતિ અને લયાવસ્થાઓમાં સદ્નું સર્વમયત્વ સિદ્ધ કર્યું, અને એ સદ્ના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એમ ઉપપત્તિપૂર્વક બતાવ્યું. હવે જે સદ્ સર્વમય તે જ સૂક્ષ્મતમ છે, અને સૂક્ષ્મતમ છે છતાં પણ અખિલ વિશ્વનું કારણકારણ છે તે દર્શાવવાને સ્વપુત્ર શ્વેતકેતુને ન્યગ્રોધનું (વડ જેવા વૃક્ષનું ફલ) ફલ લાવવાનું કહે છે. ન્યગ્રોધના પ્રયોગથી આરુણિ ઋષિ સ્વપુત્રને એ નમ્ર વસ્તુનું સ્મરણ કરાવે છે. જેમ સૂક્ષ્મતમ અદૃશ્ય બીજમાંથી મહાન્ ન્યગ્રોધ ઉદ્ભવે છે તેમ સૂક્ષ્મતમ સદ્ જેનું દર્શન ઇન્દ્રિયોથી થઈ શકતું નથી તે જ જગદ્જીવાત્મક અખિલ પ્રપંચને સ્વતઃ પ્રકટ કરે છે. સૂક્ષ્મતમ પદાર્થનું દર્શન નહિ થવાથી પ્રત્યક્ષપ્રમાણવાદી કચિત્ તથા સ્વપુત્રને ભ્રમદ્વા ન થાય તેથી કહે છે કે આ વિષય જે હું તને કહું છું તે શ્રદ્ધાનો છે. અહિં સૂક્ષ્મતમ સદ્ને જ નિખિલ પ્રપંચનું કારણ કારણ કહ્યું, કારણકાર્ય અનન્ય હોવાથી કારણ સર્વેથી જગતને નિર્દેશી તેને ચૈતદાત્મ્ય કહ્યું, અને જીવ પણ તદંશ હોવાથી—સજાતીય હોવાથી—તું તે છે એમ કહ્યું છે.

જગદ્જીવાત્મક નિખિલ પ્રપંચનું કારણકારણ સૂક્ષ્મતમ સત્ છે એ સિદ્ધાન્ત નિરૂપણ કરીને સ્વપુત્રને આરુણિએ કહ્યું કે આ મારી ઉક્તિમાં શ્રદ્ધા રાખ. પરન્તુ પિતૃવચનમાં શ્રદ્ધા રાખવા છતાં અન્તઃસંતોષ થતો નથી તેથી પિતાને શ્વેતકેતુ વિનતિ કરે છે ભગવાન્ મને પુનઃ ઉપદેશ. પુત્રની વિનતિ લક્ષમાં લઈને આરુણિ લવણનો પ્રયોગ કરે છે. જલમાં નાખેલું લવણ તેમાં વિલીન થઈ જાય છે, અને તેનું દર્શન થતું નથી, તેમ પૃથક્ સ્થિતિ પણ કરી શકતી નથી, માત્ર આસ્વાદથી લવણની વિદ્યમાનતા અનુભવાય છે, તેમ આ સૂક્ષ્મતમ સદ્ જગદ્જીવાત્મક પ્રપંચમાં સર્વત્ર વ્યાપ્ત છે, છતાં પણ જેનું દર્શન થતું નથી, પરન્તુ જેમ

ત્વ ચાખવાથી લવણનું અસ્તિત્વ અનુભવાય છે તેમ બ્રહ્મત્વની સ્ફૂર્તિ થતા બધની સૂક્ષ્મતમ સૃષ્ટિની સર્વત્ર વ્યાપકતાનો અનુભવ થાય છે. જગદ્રૂપાત્મક જે કાંઈપિણ છે તે સર્વ સૂક્ષ્મતમ સૃષ્ટિથી વ્યાપ્ત છે. તેથી જ આ જગત્ અંતર્યામ્ય છે, અને તું તે છે.

આ પ્રકારે આરુણિ ઋષિએ પ્રથમ બધુ દૃષ્ટાન્તોથી ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણે અવસ્થામાં જગદ્રૂપાત્મક પ્રપંચનું સદાત્મકત્વ યુક્તીને, ચતુર્થ દૃષ્ટાન્તથી તેનું સૂક્ષ્મતમત્વ અને સર્વાધારત્વ અને પંચમ દૃષ્ટાન્તથી તેનું વ્યાપકત્વ અને અનુભવૈકવેદ્યત્વ દર્શાવ્યું. હવે આ ઉપદેશ આચાર્યની કૃપાથી જ પ્રાપ્ત છે તે દર્શાવવાને આંખે પાટા બાંધેલા પુરુષનું દૃષ્ટાન્ત આપે છે. જ્યાં સુધી અનુષ્ય અજ્ઞાન છે ત્યાં સુધી આંખે પાટા બાંધેલા પુરુષની માફક આમતેમ ભટકે છે, ક્યાંથી આવ્યો તેનું પણ ભાન નથી, પણ જ્યારે ગુરુકૃપાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, કે પછી આરબ્ધ કર્મોનો ભોગ પૂર્ણ થવેથી તેનો દેહ પડે છે, ને તેનો મોક્ષ થાય છે, ને તે સદ્ભાં સંપન્ન થાય છે. આવું દૃષ્ટાન્ત એમ સમજાવે છે કે જ્યારે વાણી, મન, પ્રાણ, ચક્ષુરેનો નિરોધ-લય-લય પર્યંતના સૂક્ષ્મતમ સદ્ભાં થાય છે ત્યારે એને બાહ્ય વસ્તુનું-સદ્ વિના અન્યનું અનુસંધાન રહેતું નથી. અર્થાત્ જે સૂક્ષ્મતમ સદ્ભાં વાણી, મન, પ્રાણ ચક્ષુરેનો નિરોધ થાય છે તે જ સદ્ આ જગદ્રૂપાત્મક પ્રપંચનો આત્મા છે. અન્તિમ દૃષ્ટાન્ત બધુ ઉપદેશે છે કે સદ્ભાં નિદ્રા રાખનાર-સ્થિતિ કરનારને મર્યા અભય છે, સદ્ભાં નિદ્રા રાખવાથી સર્વત્ર અભય પ્રાપ્ત થાય છે, અગ્નિનો સંપર્ક કરવા છતાં દગ્ધ થવાતું નથી. આ પ્રકારે નવ દૃષ્ટાન્તોથી જ્યારે આરુણિએ સ્વપુત્ર શ્વેતકેતુને સમજાવ્યું ત્યારે તેને સમજ પડી અને ગુરુની અન્તર્ગત વાત્સલ્ય અને સુસ્પષ્ટ અનુભવ કર્યો કે જગદ્ ચૈતન્યાત્મ છે, સત્ય છે, પોતે પણ તે જ છે, અર્થાત્ જે સદ્ છે તે જ જગદ્રૂપ સર્વ છે, અને તેથી એ સદ્ના જ્ઞાનથી જગદ્ કાર્ય જગદ્નું અને ચેતન અંશ જીવનું સમ્યક્ જ્ઞાન થાય છે, એ પિતાપુત્રે કરેલી પ્રતિજ્ઞા સર્વપ્રકારે પ્રોઢ્યમતમ છે એમ અનુભવતો પુનઃ પ્રશ્ન નથી કરતો, અને તે સમજ્યો છે એમ જણાવવાને મૂતિ કરે છે કે તે સમજ્યો તે સમજ્યો. 'सर्वेषां सर्वमाधे सर्वात्मत्वमलंगात् सर्वमेकमेव' સર્વે વસ્તુ બધ હોવાથી અને બધ સર્વ હોવાથી અનન્ત સર્વ જગતો પ્રસંગ આવે તેથી સર્વ-અનન્ત તે જ બધ છે એમ અમલથી આચાર્યો માને છે. અર્થાત્ બધ સૂક્ષ્મતમ સદ્ તે જ સર્વ છે, સર્વ તે તે જ છે, અને તેથી જ તેના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એમ અન્નોપદેશ ઉપદેશની મૂતિ શુદ્ધ સનાતન અદ્વૈતવાદ પ્રગટે છે. **अविरुद्धमार्पणमस्तु ।**

ग्रन्थावलोकन.

૨. **ભક્તિપ્રકરણ** શ્રીગોકુલેશમન્વરત્નમાલા ગ્રન્થોક્ત ૨. અનુવાદક તથા પ્રકાશક રા. રા. નાનુલાલ નારાયણદાસ ગાંધી. બી. A., L. L. B. બંબઈ, મૂલ્ય ૦-૪-૦. રા. ગાંધીએ વિદ્વન્મંડલનું બાપાન્તર પૂર્વમાં કર્યું છે, અને દ્વિતીય આ પુસ્તક પણ શ્રીમદાચાર્યજીના નિબંધના દ્વિતીય સર્વનિર્ણયના ભક્તિ પ્રકરણનું બાપાન્તર છે (શ્લો. ૨૦૬-૨૫૬). ૨. ગાંધીએ નિબંધના મૂલ શ્લોક છાપીને તેની નીચે શ્લોકનો અક્ષરાર્થ આપ્યો છે, ને તેની નીચે પ્રમાણ અને આવશ્યકભંજનો સરલ બાષામાં સાર આપ્યો છે. ૩. ગાંધીનો બાષાન્તરમાં સરલતા છે, અને તેની સાથે પ્રાયઃ ગુદ્ધતા પણ છે. કોઈ પણ વૈષ્ણવ આ

ગ્રન્થનો લાભ લઈ શકે એમ છે. મૂલ પણ અલ્પ છે. રા. ગાંધીએ જો આ ગ્રન્થ કોઈ સારા પ્રેસમાં છપાવ્યો હોત તો એની સુંદરતામાં વૃદ્ધિ થાત, અને કેટલીક મુદ્રણ અશુદ્ધિઓ પણ ગ્રન્થમાં પેસી જવા પામત નહિ. આ ભાષાન્તર સંસ્કૃતથી અજાણ દરેક વૈષ્ણવે અવશ્ય વાંચવું જોઈએ, તેમ કરવાથી આચાર્યજીનો તથા શ્રી પુરુષોત્તમજીનો સારો પરિચય થશે. ૨૩૬ આ શ્લોક ઉપરની ટીકા રસ અને રસાભાસનું તારતમ્ય મૂલ ગ્રન્થના આધારે દર્શાવે છે તે અવશ્ય મનનીય છે. અખિલ ગ્રન્થનું વાચન લાભપ્રદ છે એ નિઃસંશય છે.

રા. ગાંધીએ આ ગ્રન્થમાં એક વિસ્તૃત ઉપોદ્ઘાત લખ્યો છે, પૃ. ૧-૨૧. સુધીમાં શ્રીમદાચાર્યજીનું ઇતિવૃત્ત શ્રીગોકુલેશાનુયાયી કલ્યાણભટ્ટજી અને ગોપાલદાસજી બારાવાલાના મત પ્રમાણે આપ્યું છે, ને આચાર્યજીનું પ્રાકટ્ય સંવત્ ૧૫૨૯ માં કે ૧૫૩૫ માં એ વિષયનો જ્યોતિષાદિના સાહાય્યથી ઊહાપોહ કરી ૧૫૨૯ ની સાલ ખરી છે, ને કલ્યાણભટ્ટજીએ આપેક્ષા શ્રીમદાચાર્યચરિત્ર વિશેષ વિશ્વસનીય છે એમ બતાવ્યું છે. આચાર્યજીનું શ્રીસુબોધિની વામ્ય ટાંકીને કહે છે 'વિષ્ણુસ્વામીની પરંપરા માનથી એ અમને તો મોખ્ખું બ્રાહ્મણ છે' ઇત્યાદિ ત્યાર પછી પૃ. ૨૧-૨૮ સુધીમાં ગ્રન્થનો સાર આપ્યો છે.

રા. ગાંધી આચાર્યજીના પ્રાકટ્ય સંવતના સંબંધમાં સુવિસ્તૃત લેખ પુષ્ટિભક્તિસુધામાં બ્રાહ્મણ પ્રકટ કરે છે, એટલે તત્સંબંધમાં અભિપ્રાય હાલ આપી શકાય એમ નહિ હોવાથી મૌન બ્રાહ્મણ ધારણ કરીશું. પણ કે ક્વચિત્ જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે પ્રચલિત બ્રહ્મકુંડલી અસત્ય કરે તો પણ ૧૫૨૯ ની સાલ માનવાને માટે પ્રમાણ તો કલ્યાણભટ્ટજીનો શબ્દ બ્રાહ્મણ રહે છે, અને તેમના પણ શ્રીમદાચાર્યજી પછી આશરે શત વર્ષે થયા છે. કલ્યાણભટ્ટજી પણ આચાર્ય-જીના ગ્રન્થોમાં પૂર્વમીમાંસાભાષ્ય તથા ભાગવતસૂક્ષ્મટીકા, જે ઉભય ગ્રન્થનો ઉપન્યાસ શ્રીસુબોધિનીજીમાં થયેલો છે, તે આચાર્યજીના ગ્રન્થો લભતી વખતે લભતા નથી. કલ્લોલ પણ સંપૂર્ણ રા. ગાંધી પાસે નહિ હોવાથી જીવનચરિત્ર આપેક્ષા સંપૂર્ણ નથી. અન્ય પણ ભેદ છે. પરન્તુ આ વિષયમાં હાલ મૌન બ્રાહ્મણ ઉચિત છે.

તિલકના સંબંધમાં રા. ગાંધી '**दण्डयोः आकारः यस्मिन् तत् दण्डाकारम्**' એમ દંડાકાર શબ્દનો સમાસ છોડે છે. આ સમાસ છોડવાને બારણે પ્રમાણ આપ્યું હોત તો ઠીક થાત. '**दण्डस्य आकारः यस्मिन् तत् दण्डाकारम्**' સમાસ છોડવામાં વ્યાકરણનો બાધ નથી, પણ વ્યાકરણ અનુગુણ છે. હરિશ્ચરણને દંડાકાર નહિ કહેતા જો તિલક વૈષ્ણવો કરે છે, તેને દંડાકાર વૈષ્ણવો કહે તેમાં અનુપપન્ન શું છે? વૈષ્ણવો દંડાકાર માનીને જ તિલક કરે છે તેને હરિશ્ચરણાકૃતિ કહીને દૂષણ આપવું અનુપપન્ન છે. ગમે તેમ હો પરન્તુ તિલક એ બાલ ચિહ્ન છે, અને ભગવદ્ભાવ સ્થિર કરવામાં જ તિલકની ઉપયોગિતા હોવાથી એ વિષયમાં બહુપોહ વિશેષ ફલપ્રદ નથી. ઉભય તિલક પરંપરાપ્રાપ્ત હોવાથી પ્રમાણ જ છે.

રા. ગાંધીનો આ પ્રશ્ન વૈષ્ણવોના ઉત્તેજનને પાત્ર છે. સર્વ વૈષ્ણવો આ ગ્રન્થનો આદર કરશે એમ આશા રાખીશું. ઉત્તરોત્તર રા. ગાંધી આવા ભાષાન્તરો પ્રકટ કરતા રહો, અને પ્રભુ એમને અપેક્ષિત સામર્થ્યનું દાન કરો એજ અન્તમાં ઇચ્છીશું.

શ્રીદયારામકૃત કાવ્યભક્તિમાળા. ભાગ ૨. સંશોધક તેમ જ સંપાદક નાથજીભાઈ નિરિઅશંકર કવિમીના શિષ્યપુત્ર, અને કવિના શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના પ્રમુખ. પ્રકાશક નારાયણદાસ પરમાનંદદાસ શાહ, ડભોઈવાળા, કવિમીના શિષ્યપુત્ર. સન્ન ૨. ૧૦.

'ઉત્તમ ભક્તિકવિ દયારામના કાવ્યોનું સંશોધન અને પ્રકટ કરવાનું કાર્ય દયારામના શિષ્યપુત્ર અને શિષ્યપૌત્રે પોતાના શિરપર લેવાથી અમને અત્યાનંદ થાય છે. દયારામને પ્રસન્નમાં આણવાને કવિ નર્મદે, રા. રા. ગોવર્ધનરામે અને રા. રા. છગનલાલે પ્રયત્નો કર્યા છે, અને તેને માટે એ સજ્જનોને ધન્યવાદ ઘટે છે, તે છતાં અમારૂં માનવું એમ છે કે દયારામને આ સાક્ષરો યથાર્થ ન્યાય આપી શક્યા નથી. એમાં એમનો દોષ નથી. કવિમાં જે અત્યંત અનન્ય ભક્તિભાવ હતો તે સંસારસુધારક નર્મદ, સાહિત્યપ્રેમી ગોવર્ધનરામ કે વ્યવસાયી છગનલાલ સમજી શકયા જ નહતા, એટલે કવિને માત્ર એની રસઝરતી કવિતાપરથી "વ્યભિચારી, દુરાચારી, કામાંધ" વગેરે જેવો માનતા હતા. આ સંશોધક જોશી છોટાલાલ ઉર્ફે નાથજીભાઈમાં એક મોટો ગુણ એ છે કે એ કવિના શિષ્યપુત્ર છે, અને એ કવિનાં કાવ્યો સમજવાને જે ભાવ જોઈએ તે એમનામાં સ્વભાવિક છે. વળી સંશોધક પુષ્ટિમાર્ગીય હોવાથી ભક્તિનું સ્વરૂપ, અનન્યતા, પુષ્ટિભક્તિ વગેરે સમજી શકે છે તેથી બધે દષ્ટિએ આ કવિનાં જેટલાં કાવ્યો છપાય તેટલાં સારાં. આપણે ઇચ્છીએ કે એમણે નિઃસ્વાર્થપણે જેમ અને તેમ જલદી પોતાના જીવિતપર્યંત પોતાના ગુરૂની સેવા સમજી તેમનાં કાવ્યો જેટલાં જોઈએ તેટલાં વધારે પ્રકટ કરવાં જોઈએ. એમણે કરેલી ટીપ પણ ઉત્તમ છે, પણ જેટલી લાંબી ટીપ આ રસના અરસિક કવિતાને સમજવાને આવશ્યક છે એમ અમને લાગતું નથી. જે વાક્ય જે ગ્રંથ, શ્રુતિ, સ્મૃતિ કે પુરાણમાંથી લીધું હોય તે માત્ર ગાંઠી સંબંધવા વિવેચનથી અટકવું જોઈએ. સાહિત્યને ઉત્તેજન આપવાની ઇચ્છાવાળા ગ્રંથપણ સજ્જનો આ પ્રસ્તાવક અને સંશોધકને ઉત્તેજન આપશે તો તે પ્રશંસાપાત્ર થયા વિના રહેશે નહિ. બાકી પ્રયાસ ઉત્તેજનને યોગ્ય છે.

આપણું ગુર્જરરાષ્ટ્ર સ્વભાવતઃ ભક્તિપ્રધાન છે. જે ગુર્જર માતાએ નરસિંહમહેતા, મીરાં અને દયારામ જેવા ભક્ત કવિઓને જન્મ આપ્યો તેના પુત્રો—અમારા ભાઈઓ—ભક્તિ તો સોરેલથી સમજશે. નર્મદ ન સમજ્યો કેમકે એના સમયમાં વિદ્યાગતનો સુધારનો નવો વા વાયો હતો. મોટપણે ધર્મતરફ વૃત્તિ ગઈ ખરી, પણ હૃદય ભક્તિથી ભરપૂર થયું પ્રભુતરફ ઉઘડ્યું નહિ. રા. રા. ગોવર્ધનરામની બુદ્ધિ વિશાળ હતી પણ અંતર્મુખ થઈ પ્રભુતરફ ભક્તિભાવથી વળી નહતી. એમણે સાહિત્યમાં, પાશ્ચાત્ય સુધારાની અસર સમજવામાં અને અન્ય વિષયોમાં પોતાનું જીવન આપ્યું, એટલે પોતાના પિતાની શુદ્ધ ભક્તિ-મીરાં આવેલી ગંગા-ને પ્રાપ્ત કરી શકયા નહિ. રા. રા. છગનલાલ સામાન્યતઃ સારું કેળવેલા હતા, પણ આ સુંદર ભક્તની અનન્ય પ્રેમની સરિત્ કેમ સમજી શકે? આ કારણોથી આ સજ્જનો તરફથી દયારામને ન્યાય મળી શક્યો નહિ, તોપણ હવે કરવાનો અવકાશ છે. રવીન્દ્રનાથ ટાગોર જેવા કવિ વૈષ્ણવ કવિઓનાં ભજનો સારી રીતે સમજવા લાગ્યા છે, અને ઉત્તમોત્તમ માનવા લાગ્યા છે, ખૂણેખાંચરે પોતાપોતાની વૃત્તિ વિષયતરફથી અન્ય દિશામાં વળવા માંડી છે, આવે સમયે આ ઉત્તમોત્તમ શૃંગારભક્તિ ઝરતા કવિનાં કાવ્યો-ભાવસહિત એમના શિષ્યપુત્ર તથા શિષ્યપૌત્ર તરફથી પ્રકટ થવા માંડવાથી અમને અત્યાનંદ થાય છે.

આ મંજમાં સંપ્રદાયસાર, અષ્ટાભિલાષ્યાન, કલેશકુઠાર, કાલજ્ઞાનસારાંશ સ્વમસ્તકે લીલાનુક્રમણિકા એ પાંચ મોટા કાવ્યો અને છેલ્લે ભક્તિનાં થોડાં સુંદર પદો છે. વાચકને આ કાવ્યો એકટેશીય લાગવાનો સંભવ છે, પણ તેમ નથી. રસિક જનોએ પણ કહ્યું છે કે હૃદયને ધાર્મિક કરવું એજ ઉત્તમોત્તમ છે. સંસારવ્યવહારમાં વ્યગ્ર ચિત્ત ધાર્મિક થઈ શકતું નથી. માટે સંસારથી વિરક્ત થવું એ ઉત્તમ મનુષ્યનું કર્તવ્ય છે, પણ તેમ કરતાં રસહીન ન બતાં હૃદયરસ પ્રભુતરફ અનન્યતાથી ઉછળવો જોઇએ—આજ જીંદગીનું સાર્મસ્ય. ધ્યારામ નાનપણથીજ સંસારસંબંધ છોડી મામેકં શરણં વ્રજ એમ આજ્ઞા કરનાર પ્રભુને શરણ ગયો હતો, પોતાને પ્રભુની સ્ત્રી, દાસી સમજતો હતો, અને પોતાનો સર્વ પ્રેમ પ્રભુના સ્વરૂપમાં ઠાલવ્યો હતો. માટે એનાં કાવ્યો એકટેશીય નથી, પણ ઉત્તમો-ત્તમ છે. જેમ ધાતુઓમાં સુવર્ણ ઉત્તમ તેમ કાવ્યોમાં એનાં કાવ્યો ઉત્તમ છે. સંપ્રદાયસાર વાચી એમ સમજવાનું છે કે સર્વ બ્રહ્મરૂપ છે એમ વ્યાસમતાનુસાર સમજનાર સંપ્રદાય ઉત્તમોત્તમ છે, અષ્ટાભિલાષ્યાન વાચી એમ સમજવું કે સંસારમાંથી ચિત્ત છોડી પ્રભુનું નામ અહર્નિશ લેવું એજ ઉત્તમ છે, કલેશકુઠાર વાચી સમજવું કે પ્રભુ જ સર્વકર્તા છે, મનુષ્ય નિમિત્તમાત્ર છે, માટે સર્વે ચિંતા છોડી સર્વભાવથી પ્રભુશરણ જવું, કાલજ્ઞાનસા-રાંશ વાચી સમજવું કે જીંદગીનો બાકીનો સમય પ્રભુભક્તિમાં ગાળવામાંજ સાર છે, લીલા-કમેધલીલાનુક્રમણિકા વાચી સમજવું કે શુદ્ધ અનન્ય હૃત્સ્વામી ભક્તો પ્રભુને નિજધામ-માંથી ભૂતલપર ખેંચી લાવી પોતાને મનગમતી લાડ લડાવી પ્રભુને પણ પરાધીનની માફક નચાવે છે. આવાં કાવ્યોને એક દેશીય કહેનારને હું પુછું છું કે તમે તમારા જીવનનું લક્ષ્ય-બિંદુ શું છે તેનો વિચાર કર્યો છે? જે લોકો "સંસારસુધારો, દેશ સુધારો" વગેરે લક્ષ્ય રાખી બેઠા છે તેમને પુછવું કે સંસાર અને દેશસુધારા પછી શું? what then? જે લોકો સંસારમાંથી "મુક્તિ" લક્ષ્ય લઇ બેઠા છે તેને પુછું છું કે પછી શું? what then? મારું માનવું તો એ છે કે હૃદયમાં રહેતા નિરાલંબતા સાથે સુંદર સંબંધ કરવો એજ ઉત્તમ લક્ષ્ય છે. શ્રુતિ કહે છે કે सत्यं ज्ञानं अनंतं ब्रह्म यो वेद निहितं गुहायाम् परमे व्योमन सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता ૨. ૨. રવીંદ્રનાથ ટાગોર ગીતાંજલિમાં કહે છે કે "If it is not my portion to meet thee in this my life then let me *ever* feel that I have missed thy sight, let me not forget *for a moment*, let me carry the pangs of this sorrow in my dreams and in my waking hours."

અર્થ—"જો મારા ભાગ્યમાં તને મળવાનું મારા આ જન્મમાં ન હોય તો મને સર્વદા એવું વિરહદુઃખ થાઓ કે હે પ્રભુ, મને તારું દર્શન થયું નથી, એક ક્ષણ પણ હું આ વિરહ નહિ, આ વિરહદુઃખ મને સ્વપ્નમાં તેમ દિવસમાં અહર્નિશ થાઓ." આવો પ્રભુમાં સર્વોત્મભાવ થયો, અને એ ભાવથી સર્વ ત્યાગ કરી પ્રભુ પાસે જઇ પ્રભુનાં ગુણગાન કરવાં વિપશ્ચિત્ પ્રભુ સાથે સર્વ કામ ભજન કરવું, એ એકદેશીપણા નથી, એવો કોઇ મનુષ્યોમાં દ્વારકા ભાગ્યવાનનેજ પ્રાપ્ત થાય છે, માટે ઉત્તમ અધિકારીએ "સંસાર" "દેશ" વગેરેથી ચિત્તને વ્યગ્ર કરવું નહિ આ હું જ નથી કહેતો, આપણો ઉત્તમ કવિ ટાગોર પણ એ જ કહે છે, "As my days pass in this crowded market of this world

and my hands grow full with the daily profits, let me ever feel that I have gained nothing-let me not forget for a moment, let me carry the pangs of this sorrow in my dreams and in my wakeful hours."

અર્થ—આ સંસારના અવતારની અંજાગમાં જ્યારે મારા દિવસો વ્યતીત થતા હોય, અને સંસારની વસ્તુઓથી મારા હસ્ત ભરાઈ જતા હોય, ત્યારે પ્રભુ મને સર્વદા એવી વૃત્તિ આપો કે મને કંઈ મળ્યું નથી, મારો સમય વ્યર્થ ગયો છે; એક ક્ષણ પણ હું આ વિસરું નહિ, આ વિરહદુઃખ મને સ્વપ્નમાં તેમ દિવસમાં અકર્નિશ થાઓ.

ઉપરોક્ત પ્રાર્થના કરતાં પણ ઉત્તમ હતી. સંસારનો ત્યાગ નાનજીભાઈ જેને સિદ્ધ થયો હતો, અને પ્રભુની ગૃંગારભક્તિ જેને સિદ્ધ થઈ હતી, માટે જેનાં કાવ્યો એક-દેશીય નથી, પણ ઉત્તમોત્તમ છે.

ગાઢ્યગાઢ અને નર્મદ સંસારનો વિષયરસજ્ઞ ગાય છે, પ્રેમાનંદ રસનું સ્વરૂપ કાંઈ કરી શકે છે, પણ ઉપરાંત તો રસનું સ્વરૂપ કાંઈ કરી ભક્તહૃદયથી અનન્યતાથી તે પ્રભુને સમર્પણ કરી, ગૃંગારભક્તિની સુંદર વાટિકાઓમાં નિઃશંકપણે વિચરી એ રસનો રહાસ્વાદ કરાવતો ગુજરાતને ઓડી કરી ગયો છે. આ કવિના વિષયો સમજી શકે છે. ભક્તનું હૃદય ભક્તજ સમજે. માત્ર વિદ્વત્તાથી ભક્તહૃદય સમજાતું નથી. કવિના સમયમાં એના ભક્તોનું મંડલ હતું, તેમના વંશજોને લાભ છે. ઉપરાંત એને વ્યભિચારી કહેનાર અને સમજનાર મુખ્યનો જો આમાંથી કાઢી મૂક્યા હોત, જો કવિના જન્મવૃત્તાંતના પ્રસંગો જેમને મુખ મળ્યું હોત તો આ સુંદર ભક્તકવિપર આવા આક્ષેપો કદાપિ ન કર્યા હોત. માટે ઉપરાંતને યથાર્થ સમજનારો હોય તેણે પુષ્ટિમાર્ગની ઉત્તમતા પ્રથમ સમજી પછી આચાર્યનાં કાવ્ય વાંચવાં. જેમ કરવાથી જે આનંદ પ્રાપ્ત કરો તે અન્ય કોઈપણ કાવ્યો વાંચવાથી થઈ શકશે નહિ. આમ હોવાથી પુષ્ટિમાર્ગના એક વિદ્વાન આપણા મિત્ર રા. રા. મૂલચંદ તુલસીદાસ તેલીવાળા બી. એ, એલ. એલ. બી. ના હાથે સભાયલું ઉપરાંતનું શુદ્ધ દુર્લભ શ્રીનવનીત આ પુસ્તકની શરૂઆતમાં આપેલું છે તે દરેક વાચકને કાંઈક વાંચવા પહેલાં વાંચી જવાનો અમે આગ્રહ કરીએ છીએ. છેવટે આવી ઉત્તમ રીતે શરૂઆત કરવાવર સંશોધક અને પ્રકાશકને અમે ધન્યવાદ આપીએ છીએ.

सर्वोत्तमस्तोत्र.

(अनुसंधान वर्ष ५४, अंक द्वितीय पृष्ठ ५६.)

परमानंदः—श्रीमदाचार्यचरणनां नाम निरूपण करतां तेओश्रीनुं स्वरूप प्रभुचरणनां हृदयमां आविर्भूत थयुं. स्वरूपनां दर्शनथी मन आनंदथी ढळवाई गयुं अने तेथी श्रीमत् पुरुषोत्तम के अक्षरानंदना तारतम्यनी अभूतिथी आनंद जेम प्रथम नाम धर्युं, परंतु आनंद तो अखिलानंद अक्षरमां पण छे तेथी श्रीमदाचार्यचरणमां अखिलानंदनी छवि जोईने आप तेनी अभिलाषाए आ द्वितीय नाम परमानंद आप्युं छे.

પરમ+આનંદ=પરમાનંદ. પરમ=અખિલ+આનંદ. શ્રીમદાચાર્યચરણ અક્ષરવત્ અખિલાનંદ નથી પરંતુ પુરુષોત્તમવત્ અખિલાનંદ છે.

'જ્યાંથી[1] વાણિ પાછી ફરે છે' એ શ્રુતિપ્રતિપાદ્ય જે પુરુષોત્તમાનંદ તદ્રૂપ શ્રીમદાચાર્યચરણ છે. પરમ ઉત્કૃષ્ટ રાસોત્સવાદિજનિત આનંદ જેઓમાંને અથવા જેઓમાંથી છે. શ્રીમદાચાર્યચરણને રાસોત્સવાદિજનિત આનંદ છે. શ્રીમદાચાર્યચરણથી રાસોત્સવાદિજનિત આનંદ થાય છે.

પરમથી (શ્રીપુરુષોત્તમથી) જેઓમાંને આનંદ છે તે પરમાનંદ.

પિપર્તિ પૂરે છે તે પરા=વિપ્લુ, મા=શ્રી તે બન્નેને (વિપ્લુ તથા શ્રીને) પણ આનંદ જેઓમાંથી અને જેઓમાંથી છે તે પરમાનંદ. પર વિપ્લુ કલાત્મક કૃષ્ણ અને મા થી શ્રીસ્વામિનીજી તે બંનેને પણ આનન્દદાતા શ્રીમદાચાર્યચરણ છે.

પ્રથમ શ્લોકમાં વર્ણવેલ પ્રાકૃત ધર્મના અનાશ્રય અને અપ્રાકૃત નિત્યસિદ્ધ ધર્મરૂપ એવા ધર્મવિશિષ્ટ શ્રીમદાચાર્યચરણના દર્શનથી પ્રથમ નામ કેવલ આનંદઃ ધરવામાં આવ્યું પણ પછી **दयया निजमाहात्म्यं** એ શ્લોકમાં કેવલ રસંતનને માટે જ લીલાવિશિષ્ટ પુરુષોત્તમના આસ્ય મુખારવિંદનું પ્રાકટ્ય શ્રીમદાચાર્યચરણ સ્વરૂપે થયું એમ કહેવાથી લીલાવિશિષ્ટ આનંદનો અનુભવ થયો અને તેથી દ્વિતિય નામ પરમાનંદઃ એમ પ્રભુમુખે આવ્યું. પરમ ઉત્કૃષ્ટ જે આનંદ તદ્રૂપ. જેનાથી પર બીજો આનંદ નથી.

પર=પરાગતઃ માયા=લક્ષ્મીઓ લક્ષ્મીનો આનંદ જેનાથી તદ્રૂપ પરમાનંદઃ

શ્રીમદાચાર્યચરણ એવા આનંદરૂપ છે કે જે આનંદથી લક્ષ્મીનો આનંદ પણ પરાગત થઈ જાય છે. મહાપ્રભુજીના આનંદ આગળ લક્ષ્મીનો આનંદ પણ તુચ્છ છે.

કેવલ આનંદરૂપ એક દેશમાંજ હોય છે અને તેથી શ્રીમદાચાર્યચરણ સચ્ચિદાનંદ નથી એમ શંકા થાય તો આજ્ઞા કરે છે કે પરમાનંદઃ પરમ આનંદ અર્થાત્ પરમ તાપાનંદરૂપ. પરમને આનંદ જેમાંથી જેનાથી થાય છે તે પરમાનંદ.

શ્રીમદાચાર્યચરણ રસરૂપ છે. રસ સંયોગવિપ્રયોગ ભેદથી દ્વિવિધ હોવાથી સંયોગ-પૂર્વક વિયોગાત્મક છે. માટે પ્રથમ સંયોગરૂપક આનંદ નામ કહી પછી ઉત્તરદક્ષત્વરૂપ આજ્ઞા કરે છે પરમાનંદઃ. પૂર્વે (સંયોગમાં) અનુભૂત આનંદથી પણ વિપ્રયોગમાં તે તે અનુભવની સ્મરણથી, તે તે મનોરથની ભાવનાથી, અને (ભક્તોના) પરસ્પર ગુણાખ્યાનથી આનંદ અનંત ગુણિત થાય છે અને તેથી પરમાનંદ તે અનંતગુણિત આનંદરૂપ છે.

પર લોકત્રેયાભિજ્ઞથી પર, જીવને સાક્ષાત્ કરાય છે જેનાથી તે પરમ, તાદૃશ આનંદરૂપ તે પરમાનંદ ચિદાનંદ. ચિદાનંદ દશામાં જ ભગવત્સાક્ષાત્કાર થાય છે.

પરમાનંદઃ શ્રીમદ્ભાગવતના સ્કંધસંખ્યના દ્વિતીય અધ્યાયોક્ત શ્લોકક નામ છે. પરમ પુરુષોત્તમને આનંદ આપે છે તે પરમાનંદ. પરમ ભગવદાત્મકથી આનંદ છે જેને તે ભાવા

---

१ यतो वाचो निवर्तन्ते ।

દાસી[1] છે જેની તે પરમાનંદ. પરમ ભગવદાવેશથી[2] આનંદ જેને અથવા જેણીને છે તે અથવા તેથી પિતા અથવા માતાપણે જેના છે તે પરમાનંદ. ભગવદાવેશથી વસુદેવ દેવકીને આનંદ છે અને વસુદેવ દેવકીને કૃષ્ણનું પિતૃત્વ માતૃત્વ છે. શ્રીમદાચાર્યચરણ વસ્તુતઃ કૃષ્ણ જ છે.

પર ભગવાનનું માન થાય છે જેનાથી તે પરમ હંસ તેને આનંદ[3] જેનાથી છે તે પરમાનંદ. પરમ ભગવદવતાર થશે તેના જ્ઞાનથી આનંદ જેમાને છે તે બ્રહ્માદિ[4] પરમાનંદ, તે છે ત્રણેકથી જેમના તે પરમાનંદ.

काकाश्रीवल्लभजीकृत प्राचीन कीर्तनो.

श्रीगोकुलनाथजीनुं कीर्तन.

राग विलावल.

गिरि धार्यो श्रीगोकुलनाथ जे जे मंगल कीयो सनाथ
गोपी गाय गोप व्रजके सब धीरज दे सब हाथ ॥ १ ॥
दक्षिण पाणि स्वीकार कियो हे नग वाम पाणि शंखोदक साथ
दे कर मुरलीनाद कीये हे कमलासन वाहे गिरिराथ ॥ २ ॥
उपरके पंछी द्रुमवेली कीनहुं न लागी मातो ब्यार
गोरंभन धुनी करत झुंडहुल पुलकित अंग कछु न संभार ॥३॥
मघवा शरण भयो पद दीनो जे जे कुसुम वरखे सब देव
चिरं जीयो मम कुंवर लाडीलो नीरखी दास चरणरज सेव ॥४॥

श्रीगोकुलचंद्रमाजीनी भावनानुं कीर्तन.

(राग माळव.)

गोपीजनसंताप मिटावन प्रकट भये श्रीगोकुलचंद
कोटि कोटि अनंग विमोहित नीरख नीरख मीट्यो दुखद्वंद ॥१॥
सखियन मीठी धूमव दे पियकूं परोस मजव एक ममत्व परस्पर
एक मनत भजवे नहीं तीनको भेद कहो गिरिवरधर ॥२॥
इनही मे न्यारो मोही जानो इनही से रहो अति निरमल
मनकर्मवचहु जान विकायो यश कर लीनो मेम सनेहबल ॥३॥
नृत्य करन आरंभन कीनो मुखवी एक एक मति वपुघर
जे जे हरखी रही ब्रजवनिता नीरखी नीरखी दास वारनो कर ॥४॥

---

१. गच्छ देवि व्रजं भद्रे गोपगोभिरलंकृतम् । २. भगवानपि विश्वात्मा भक्त नाममवैकरः । मायिनेवाऽऽत्मभागेन मनः आनकदुन्दुभेः ॥ सा देवकी सर्वजगन्निवासनिवासभूता क्षितरा न रेजे । ३. आनंद मे ब्रह्मरूपे हरिर्गुहा शुद्धं भितो यत्र पुरैयमीक्षी । भासीनः सोविर्तास्तिष्ठन्भुञ्जानः पर्यटन्महीम् । चिन्तयानो हृषीकेशमपश्यत्तन्मयं जगत् ॥ ४. ब्रह्मा भवश्च तंत्रत्व मुनिभिर्नारदादिभिः।

श्रीमदनमोहनजीनी भावनानुं कीर्तन.

(राग मालव.)

मदनमोहन मुरलीधुन कीनी व्रजवनिता आकर्षित लीनी
माता पीता सुत बंधु विसारे कमलनेनचरणे रति दीनी ॥ १ ॥
वृंदावन मुखचंद विलोक्यो फुली रह्यो सब गात
मोहन मासों कुशल सुप्रत है सब निश राका परम सुहात ॥ २ ॥
अब घर वगदावो गोपीनन धर्मनही पतिनी रहो
कृष्णकलामे सब अंग वरज्यो तन ना रही संभार हो ॥ ३ ॥
अधर वसे नेनन आंसु ढरे गति सुली व्रजनारी हो
याते दुर मदनमोहन पीय नीरखी दास वलीहारी हों ॥ ४ ॥

श्रीविट्ठलनाथजीनुं कीर्तन.

(राग बिलावळ.)

देखेरी एक अद्भुत वाम
देखे बने कहत नहीं आवे नख कटि राधे कटिप्रीख श्याम ॥ १ ॥
पियके प्रेम छक्यो तन मुरयो कहो मेरी श्याम गइ अबही कीत ।
अपने सखनसो पुलत डोलत कटि दे हस्त लगे आकर्षित ॥ २ ॥
भ्रमजलचींदु लग्यो गंडितमे नेनवदन मु विलसे देखव ।
क्रीडाचटक भवरी संवरी तन श्यामाते श्याम भये सनमुख ॥३॥
कीटसरीत हरिदास दीखावत अतुल सुभाव नाथ श्रीविट्ठल ।
रजीआरज लाग्यो मेरी अखीयन नीरखी दास जात सब काहिपल ॥४॥

श्रीकृष्णायनमः

(राग विभास)

(श्रीसर्वोत्तमजी पिये श्रीगोविंदस्वामीकृत पदो अनुसंधान वर्ष ६ अंक २ पृष्ठ ५६)

सन मन धन मम आ परमानंद ।
मेरो सर्वस्व श्रीवल्लभ जसु निशदिन गान करहु छंद ॥ १ ॥
निरखि निरखि मेरे नेन सिराउं श्रीहरिवदन चंद्र मुखचंद ।
आनंद मगन सदाजु रहुंहुं यशी दरशन मानहु अरविंद ॥ २ ॥
सुभग मूरति निनि नेनन निरखें सो जन परे प्रेमके फंद ।
यह महानिधि मेरे (हृदय) हिरदे कमलतें
छिनुं (क्षण) मति करो दरो कहतु गोविंद ॥ ३ ॥

Reg. No. B. 896

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧. જગત્ સત્ય છે.
૨. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઇત્યાદિનાં નિમિત્ત અને ઉપાદાન કારણ, સર્વ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણપરમાત્મા જ છે.
૩. જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તાંમમતાત્મક સંસાર મિથ્યા છે.
૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, સ્વતઃ વ્યાપક નથી.
૫. પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદ છે.
૬. સર્વોપરિ વેદશિરોદેશે પ્રતિપાદિત પરમાદ્વયાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણ જ છે.
૭. શ્રીકૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ શ્રીકૃષ્ણસેવા જ છે.
૮. આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ વિના અન્ય વિષયમાં દોષ શોધ્યા જ કરે.

"પુષ્ટિભક્તિસુધા" ઑફિસનું સરનામું—

રા. રા. વાડીલાલ નગીનદાસ શાહ, બી. એ. એલ્ એલ્. બી.
મહારાજનો બોધવાડો, ભુલેશ્વર, મુંબાઇ.

आवश्यक निवेदन.

---

૧. આ માસિકસંબંધી સઘળો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો.
૨. આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે.
૩. આ માસિકમાં છપાવવાને આવેલા લેખો લેવા ન લેવા તેમ જ તેમાં યોગ્ય શુદ્ધિ-વૃદ્ધિ કરવી પ્રકાશકની ઇચ્છાધીન છે.
૪. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામાં આવશે.
૫. વર્ષનું નોંધવર પ્રથમથી લેવામાં આવે છે.
૬. આ માસિકના પરિવર્તનમાં જેમના તરફથી માસિક વા પત્ર મળશે તેમને વખર નોંધવરે આ માસિક મોકલવામાં આવશે.
૭. કોઇ પણ બાબતની ખબર મંગાવવી હોય તો જવાબને સારૂ ટિકીટ મોકલવી, વિના જવાબ આપવામાં આવશે નહિ.
૮. આ માસિકમાં જાહેર ખબર છપાવવી હોય કે કેન્વાસિંગ વહેંચાવવાં હોય તેમણે પ્રકાશકને લખવું અથવા મળવું.

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
મહારાજનો બોધવાડો,
ભુલેશ્વર, મુંબાઇ. } પ્રકાશક.

નોંધવર ૧૨. ૬—૦—૦ પ્રત ૩૫૦. છૂટક અંકના ૧. ૦—૪—૦

पुष्टिभक्तिसुधा.

પુસ્તક ૧૨ મું શ્રીકૃષ્ણજન્મ ૪૩૫. [અંક ૫.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥ १ ॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ३ ॥

પ્રકાશક,

વઠીલાલ નગીનદાસ શાહ,

ખીચ, ગિરગામ, મુંબઇ, દાર ઉપર.

નોબત, રૂ. ૨—૦—૦ છૂટક અંકના, રૂ. ૦—૧—૦

Printed by R. Miller, Superintendent, British India Press, Bombay. Published by Vaithal Nagindas Shah, B.A., LL.B., Princess Street, Bombay.

निरूपणादभियुक्तैः शान्तस्यापि नवमस्याङ्गीकाराद् दशरसवादिनो भोजस्यापि मते भक्तेरगणितत्वात्तावन्त एव रसाः, नत्वतिरिक्तो भक्तिरसोपीति मते,

अभिधीयते—

श्रुतत्वाल्लोकसिद्धत्वादनुभूतेश्च भेदतः ।
तेभ्योतिरिक्तो मन्तव्यः साङ्गो भक्तिरसो बुधैः ॥ १ ॥

तथाहि भक्तिस्तावद्गोपालतापनीये श्रूयते 'भक्तिरस्य भजनं तदिहामुत्र फलभोगनैराश्येनास्मिन्मनःकल्पन'मिति, तन्मनःकल्पनं किंस्वरूपमिति जिज्ञासायां, नारदपञ्चरात्रे तन्निष्कृष्यते 'माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोधिकः स्नेहो भक्तिरिति मोक्तस्तया मुक्तिर्न चान्यथे'ति, शाण्डिल्यसूत्रेऽपि 'अथातो भक्तिजिज्ञासे'ति प्रतिज्ञाय 'सा परानुरक्तिरीश्वर' इति तस्या लक्षणं क्रियते, अनुरक्तिश्च स्नेह एव, स्निग्ध एवानुरक्त इति प्रयोग-दर्शनात्, स्नेहश्चेच्छाविशेषः, विशेषस्य निर्वक्तुमशक्यत्वात्, न च सुखविषयिणी सा स्नेह इति युक्तं, स्वर्गकामनायामपि तथात्वप्रसङ्गात्, निरध्यामपि पुत्रादिविषयकस्नेहस्येच्छारूपत्वाभावेन तस्य स्नेहत्वाभावप्रसङ्गाच्च, ननूत्पि-प्यमाणविषयिणी सा स्नेह इति, तन्न, स्वर्गस्य श्रुद्दननादेर्भेष्यमाणत्वात् तद्विषयेच्छायां स्नेहादिपदप्रयोगस्य काप्यदर्शनात्, स्निह्यामि मीणाम्यनुर-ज्यामि नेच्छामीति विरुद्धानुव्यवसायाच्च, अत एव नाराध्यत्वेन ज्ञानं ज्ञानान्तरं वा सः, अत एव न यत्नोऽपि सः, अनुकूलबुद्धिविषयत्वाच्च न द्वेषादिरपि, स्वविषयकेंस्वाम्न लौकिकसुखरूपोऽपि, मत्यसत्त्वाच्चाष्टरूपोऽपि न, अतो मनो-धर्मान्तरमेव स इति निश्चयः ।

सोपि न क्षणिकः, कालान्तरे तत्कार्यस्य दर्शनात्तद्विषयकसंस्कारे मानाभावाच्च, किन्तु स्थाय्येव, अत एव काव्यादावप्युच्यते, 'आविर्भावदिने न येनेह गणितो हेतुस्तनीपानपि क्षायेतापि न चापराधनिधिना नत्या न यद्वधेते पीयूषमतिवादिनश्चिजगतीदुःखदुद्दः साम्मतं प्रेम्णा तस्य गुरोः किमप्य करवै वाङ्निष्ठितालाघव'मित्यादौ, एवं स्थायित्वे तस्य सिद्धे मातुः पुत्रे पीयूषमतिवादिनश्चिजगतीदुःखदुद्दो गुरोरुत्कर्षश्च-

---

१. भगवति । २. भक्तिः । ३. भक्तेः । ४. पित्रादिविषयकेच्छा । ५. स्नेहस्य । ६. स्वर्गे-श्रुद्दननादिविषयकेच्छायाम् । ७. पुत्रित्रादिप्रतियापने । ८. स्नेहः । ९. श्रुद्दननादिजननेऽप्रातिस्वि-केनुपयोगत्वात् । १०. स्नेहस्येति शेषः । ११. प्रेम्णा । १२. येन हेतुर्न गणितस्तस्य प्रेम्ण इतियोजना । १३. स्नेहस्य ।

भवतीति रसत्वमपि तस्य सुघटमेव, अत एव तत्स्मरणादौ दुग्धस्रावो यथासंभवं व्यभिचारिणश्च तत्र प्रसिद्धा एव, अत एव श्रीमद्गुद्धवागमने उक्तं, 'यशोदाकर्ण्य नामानि कृष्णस्याचरितानि च शृण्वन्त्यश्रूणि वास्राक्षीत्स्नेह-स्नुतपयोधरे'ति, एवमेव पितृभ्रातृमित्रादिष्वपि द्रष्टव्यं, अत एव श्रीनन्दादीनां तादृशानि तत्र वचांसि, शौनकस्य च 'तदश्मसारं हृदयं बतेदं यद्गृह्यमाणैर्हरिनामधेयैः न विक्रियेताथ यदा विकारो नेत्रे जलं गात्ररुहेषु हर्षे' इति मक्तेः रसत्वं कण्ठतोऽप्युक्तं, 'निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतं पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुका' इत्यत्रोक्तो भागवतो रसो भक्तिरस एव, 'यस्यां वै श्रूयमाणायां कृष्णे परमपूरुषे भक्तिरुत्पद्यते पुंसः शोकमोहभयापहे'ति भक्त्यर्थमेव भागवतसंहितामणयनकथनात्तत्र श्रीभागवतमतिपाद्यमानस्य भागवतरसस्य भक्तिरूपतापा एव सिद्धेरिति, अत एव शृङ्गाररसस्तोन्निद्रमंतयानुभूयत एव रसिकैः, यत्तु शृङ्गारस्यैव द्वावस्थाभेदौ संयोगो विप्रलम्भश्चेति सर्वैरुच्यते, तत्त्वविचारितरमणीयं, मात्रादिष्वप्यनिषिद्धसंयोगविप्रलम्भयोरुपलब्धेः, अतः स्नेहस्यैव सौ भेदौ, वस्तुतस्तु रतिरपि स्नेहविक्षेप एव, एवं सति शृङ्गारस्यैव रसत्वं न केवलं स्नेहस्येत्यत्र विनिगमकाभावादुभयोः पार्श्वद्वयेन रसत्वं स्वीकार्यं, तथा च नायिकायां नायकस्य तस्मिंस्तस्याश्च या रतिः सा शृङ्गारः, मात्रादीनां पुत्रादौ तेषां च तेषु या रतिः स केवलं स्नेहरस एव इति सिद्धं, भगवद्विषयिकाया निरुपाधिकाया द्विविधाया अपि रतेरलौकिकत्वेन मुख्यरसरूपत्वं, 'रसो वै सः' इतिश्रुतेर्भगवतो रसस्वरूपत्वात्, लौकिकस्य तूपाधिजन्यत्वात्तदाभासत्वमिति ज्ञेयं, तेन भक्तिरसस्य सेभ्योतिरिक्तत्वं निःसत्यूहं, भक्तणादिर्नवके तु तंज्जनकत्वात्तत्संयोगो भाक्तः, अतो न शङ्कालेश इति दिक् ।

इति श्रीमल्लीलार्णवचरणकाश्मीरजरजोलुरागारक्तः श्रीमत्पतिरतिप्रासनिखिलः ।
पयोदश्रीहारिद्युतिहरितदिन्नुत्स्पवसनाभिधावान् स्नेहस्य स्वमजनरसत्वं व्यरचयत् ॥

॥ इति श्रीमयदुपतिसनयश्रीपीताम्बरविरचितो भक्तिरसवादः सम्पूर्णः ॥

---

१. स्नेहस्य । २. श्रीमागवते । ३. भक्तिरसमिमत्या । ४. पुष्टिरस्य स्नेहरूपा भक्तिर्नारदस्य भवत्यारिरसेतिसूत्रे मिश्रनेन कथनेऽपि न दोषो नारदस्य कीर्तनप्राचुर्यभक्तत्वात् कीर्तनस्य भक्तयन्तःपातित्वात् । ५. रसस्य भोक्तृजनकत्वात् । ६. भक्तिपक्षप्रयोक्तः । ७. इमे कृष्णस्नेहतः श्रीमत्पुरुषोत्तमगोस्वामिचरणानामेव ।

यद्युच्येत तर्हि चिदंशस्यापि तत्समानयोगक्षेमत्वादेधात्रासत्त्वमिति वक्तव्यमिति चेन्न, स्वरूपहान्यन्यथोपपत्तिभिया तत्स्वीकारस्यावश्यवक्तव्यत्वात्, तत एव सोऽपि स्वरूपात्मको न तु धर्मात्मकज्ञानात्मकः, अत एव 'सच्चिदानन्द'मित्यारभ्य 'सर्वमनवद्य'मित्यन्तं ममवः, तस्मादानन्दांशतिरोभूता जीवाः सच्चिदंशेनोद्भूता इति फलितं, तत्र सदंशमात्रवृत्तिजडेष्वपि सत्ता परमाणव एव उभयांशमात्रवृत्त्यणुजीवेष्वपि तस्यैव तदा किं पुनर्देवेषु तत्सत्तायाः प्रश्नोऽपि? तथा सति तस्यैव विग्रहवत्त्वेन तदंशवृत्तिदेवेष्वपि तद्वत्त्वमनुक्तमागतं, ननु तस्यापि तद्वत्त्वसत्त्वे तस्य मध्यमपरिमाणवत्त्वनियमेनाव्यापकत्वादिदोषाः सङ्गच्छेयुरितिचेत्, न, अज्ञेयत्वात्, ननु कुत एवं? गृहाण, तस्यानुमानविषयत्वेन ज्ञेयत्वं सिध्यति, तथाहि घटादिपक्षैककार्यत्वसाध्यकसावयवत्वलिङ्गकपटदृष्टान्तकदृष्टान्तेन कुलालादिसिद्धिर्यथा तथा सर्वत्र सावयवत्वेन कार्यत्वाजिज्ञासायां क्षित्यादौ,तथादर्शनेन ज्ञानोपपत्तौ कार्यस्य कर्तृजन्यत्वनियमेन तद्धर्मगतत्वेन कर्तृत्वस्य सामान्यकर्तृसिद्धिः, तथा सति क इत्याकाङ्क्षायां कुलालतन्तुवायादिषु तत्कर्तृत्वासामर्थ्यग्रहेणानुक्तेश्वरसिद्धिः, तथा च दृष्टान्तीयतत्किञ्चिद्धर्मस्यापि दार्ष्टान्ते अवश्यवक्तव्यत्वाच्छरीरत्वज्ञानादिमत्त्वसिद्धिः, जन्यत्वाद्यसिद्धिर्यत्किञ्चित्पदात्, मुखे चन्द्रसादृश्यमात्रादजनकत्वधर्मादायैवेतिवत्, ननु शरीरत्वे पुनः पूर्वोक्तदूषणापत्तिरिति चेत्, तस्मादरणीयं, अन्वयव्यतिरेकसिद्धस्य तस्य यावता दूषणपरिहारस्यावश्यकत्वेन, साधनीयत्वात्, कावन्वयव्यतिरेकाविति चेत्, यत्सत्त्वे यत्सत्त्वं यदभावे यदभाव इत्येव, तथा च शरीरित्वसत्त्वे कर्तृत्वसत्त्वं तदभावे तदभाव इत्यागतं, ननु ज्ञानादिकमेव कुतो न तत्साधकमिति चेत्, न, मुक्तात्मसु तद्वत्त्वापि तथा दर्शनात्, एवं च सावयवत्वानित्यत्वज्ञानापेक्षितकर्तृरूपसर्वकर्तृत्वान्यथानुपपत्तिबलात्सिध्यन् कर्ता स्वयमेव सकलदेशगतकार्योत्पत्त्यनुपपत्त्यादिदूषणगणानवच्छिन्न एव शरीरज्ञानादिमानेव सिद्धः, स चेश्वर एव, ननु सर्वकर्तृत्वमीश्वरस्यैवेति को वा नियमः? घटादौ कुलालादीनां तथा दर्शनादिति चेत्, अत्रोच्यते, तत्कार्ये हि तत्तद्विषयकज्ञानस्य कारणत्वमिति तु तत्रापि सम्मतं, तथा च सर्वकार्ये सर्वविषयकज्ञानस्य कारणत्वमित्यप्यादरणीयं, एवं च 'यः सर्वज्ञः सर्ववित्' इत्यादिश्रुतिमतिपाद्यतत्त्वविशिष्टस्येश्वरस्य सर्वकार्यकरणे को वा सन्देहः? ननु प्रत्यक्षबाधो घटादिष्विति चेन्न, तत्रैव, न ब्रह्मविदां, यत एतत्तस्येच्छयेश्वरतेषां तत्तत्कार्यकरणे प्रवर्तमानत्वात्, अन्यथानवच्छिन्नघटादिधारापत्तिः, किञ्च, यो हि यदिच्छया यदधीनत्वे सति यत्कार्ये प्रवर्तते तस्य तदिच्छया तदधीनत्वेन प्रवर्तितत्वादवान्तर-

व्यापारत्वमेव, तथा च भगवदिच्छया तदधीनत्वे सति सर्वस्य सर्वकार्ये प्रवर्तित्वात्तत्त्वमेवेति मतं, अवान्तरकुलालादीच्छया दण्डादिद्वारा अम्बादेर्यथेतिवत्, ननु तादृशानां जडत्वात्तथा कल्प्यं प्रकृतेतद्विलक्षत्वान्न तथा कल्पनीयं, तथा च स्वेच्छयैव कुतो न प्रवृत्तिरिति कुलालादीनां स्वतःकर्तृत्वं सिद्धमेवेति पुनः पूर्ववत् इति चेत्, मूर्खो भाति न स्वमति कुब्जरशौचवत्, अरे यद्येवं स्यात्तदा कुलालादीनां तदेकपरत्वेनानवच्छिन्नघटादिधारापत्तिरिति पूर्वमेवावादि, पक्षा, प्रयोज्यप्रयोजकभावेन हि द्वेधा व्यवहारप्रवृत्तिः, तथा च तन्मात्रे तदधीनः 'स' इति तु युक्तं, तदभ 'सर्वस्य वशी सर्वस्येशान' इतिश्रुत्या प्रयोजको हि भगवान्प्रयोज्याश्च जीवा इति मन्तव्यं, तथा सति तेषां चेतनत्वेऽपि कर्तृत्वे सत्यपि न स्वतःकर्तृत्वं किन्तु गौणमेव, तथा च मुख्ये संभवति तस्मिंस्तत्कल्पनाया अन्याय्यत्वात्तेषु तत्त्वज्ञानमज्ञानत एव, किन्तु 'स्वतन्त्रः कर्ते'त्यनुशासनात्तेषां, इतरेषां स्वातन्त्र्याभावात, तस्मात्पूर्वोक्तदूषणगणानवसरिवक्षित्यादिपक्षकानुमानविधया जगत्कर्तृत्वेन तादृश ईश्वरः सिद्धः, एतदपि स्वयुक्त्युत्तरकालपराहतमुखान्तस्तार्किकान् प्रत्यक्षानुमानकानो, भगवदीयानां तु 'सहस्रशीर्षा सर्वतः पाणिपादान्तं नमोस्त्वनन्ताय सहस्रमूर्तये अनेकबाहूदरवक्त्रनेत्रं' पुरुषसूक्तीयब्रह्मस्तुतौ 'नाभिर्नभोग्निर्मुखं' 'आनन्दमात्रकरपादमुखोदरादिः' 'शारीरश्चोभयेऽपि हि'त्यादिसहस्रश्रुतिस्मृतिपुराणतत्त्वसूत्रोल्लेखादेव तथैवेश्वरः सिद्ध इति किमल्पसामर्थ्येनानुमानेन? तथा च सर्वधर्मविशिष्टो भगवानेव सर्वत्र सर्वरूपतया यद्यपि मुख्य आपास्यपि च, अत एव 'यस्येविभूतीर्भवतस्तत्सम्पादय नः प्रभो' इत्यादियुधिष्ठिरोक्तिः, अतो न बाधकावकाशः, ननु वादी पुनराशङ्कते, 'इन्द्राय स्वाहे'त्यादौ का गतिरिति चेत्, एतदप्यवधारय, सोपि स्वेष्टफलावाप्त्यर्थं 'मिदि परमैश्वर्ये' इतिधातुप्रतिपाद्यमहेन्द्रायेश्वरायैव वितरतीति किमनुपपन्नम्? तस्य तु सर्वशक्तिः 'परास्य शक्ति'रित्यादिश्रुत्युक्तत्वेन तथात्वात्, अत एव 'ये धातुशब्दा यत्रार्थे उपदेशे प्रकीर्तिताः तदर्थवार्थो यदराशेः कर्तव्यो नान्यथा क्वचिदि'ति वार्गीशचरणाः, तथा चोक्तया रीत्या देवेषु विग्रहवत्त्वमेवेति, प्राहिलतया कदाचित्तद्भावत्वमिति वदन्तः कर्मिणोऽकर्मिण एव, अत एवोक्तं 'श्रूयतेपि हीन्द्रादीनां देवानामप्रत्यक्षत्वं विग्रहवत्ता'मिति विद्वन्मण्डनेन प्रभुचरणैः, ननु देवादिषलिभोक्तृत्वं भगवतस्तर्हि तेषां कथं वृत्तिरिति चेत्, न, कोट्यिब्रह्माण्डविग्रहस्य तस्य तृप्तावेवदृष्टान्तगतत्वेन तेषां सुतरां तृप्तत्वात्, गोसुखे गर्भसुखवत्, अत एव 'सर्वदेवमयो हरिः' 'सर्वदेवनमस्कारः' 'यथा तरोर्मूलनिषेचनेने'त्यादीनि वचांस्यपि सङ्गच्छानि

(નિજજનને) બ્રહ્મસંબંધનું દાન કરવા પુષ્ટિમાર્ગનો પ્રકાશ કરનારા (એમની) કૃપાથી જ વરવા યોગ્ય, શ્રીવલ્લભપ્રભુ મારે શરણ છે.

स्वामिनीभावसंयुक्तभगवद्भावभावितः ॥
अत्यलौकिकमूर्तिः श्रीवल्लभः शरणं मम ॥ ३ ॥

સ્વામિનીભાવસંયુક્ત ભગવદ્ભાવ વડે ભાવિત, અતિઅલૌકિકસ્વરૂપવાન્ શ્રીવલ્લભપ્રભુ મારે શરણ છે.

श्रीकृष्णवदनानंदो वियोगानलमूर्तिमान् ॥
भक्तिमार्गाब्जभानुः श्रीवल्लभः शरणं मम ॥ ४ ॥

શ્રીકૃષ્ણના મુખકમલના આનંદસ્વરૂપ, (ભગવદ્-)વિયોગાગ્નિસ્વરૂપ, ભક્તિમાર્ગરૂપ કમલના (પોષક) સૂર્ય, શ્રીવલ્લભપ્રભુ મારે શરણ છે.

रासलीलारसमरसमार्क्कांडाऽखिलांगभृत् ॥
भावरूपाखिलांगः श्रीवल्लभः शरणं मम ॥ ५ ॥

રાસલીલારૂપ રસના પૂરથી સારીરીતે વ્યાપ્ત શ્રીઅંગને ધારણ કરનારા, જેનું સંપૂર્ણ શ્રીઅંગ ભાવસ્વરૂપ છે એવા શ્રીવલ્લભપ્રભુ મારે શરણ છે.

श्रीभागवतभावार्थाविर्भावार्थावतारितः ॥
स्वामिसंतोषहेतुः श्रीवल्लभः शरणं मम ॥ ६ ॥

શ્રીભાગવતના (શ્રીભાગવતમાં વિરાજમાન ભગવલ્લીલાના) ભાવરૂપ અર્થનો આવિર્ભાવ કરવાને પ્રકટ થયા સ્વસ્વામી (શ્રીગોવર્ધનનાથજી)ની સંપૂર્ણ પ્રસન્નતારૂપ હેતુ, શ્રીવલ્લભપ્રભુ મારે શરણ છે.

वल्लवीवल्लभांतःस्थलीलानुभववल्लभः ॥
अन्यास्फुरणरूपः श्रीवल्लभः शरणं मम ॥ ७ ॥

શ્રીગોપીજનાવલ્લભ (શ્રીકૃષ્ણ)ની નિગૂઢ લીલાઓના અનુભવમાં પ્રીતિવાળા (શ્રીકૃષ્ણની ગોપ્ય લીલાઓના અનુભવ વિના) અન્યસ્ફુરણથી રહિત, શ્રીવલ્લભપ્રભુ મારે શરણ છે.

जितांभोजपदांभोजाविभूषितवसुंधरः ॥
सदा गोवर्धनस्थः श्रीवल्लभः शरणं मम ॥ ८ ॥

કમલનો પરાભવ કરનાર (અતિસુંદર) ચરણકમલ વડે ભૂમિને શોભાવનારા, શ્રીગિરિરાજ ઉપર સદા વિરાજમાન શ્રીવલ્લભપ્રભુ મારે શરણ છે.

अनन्यस्तन्मना नित्यं पठेद्यः शरणाष्टकं ॥
सलभेत्साधनाऽभावयुक्तोप्येतत्पदाश्रयम् ॥ ९ ॥

શ્રીવલ્લભપ્રભુમાં સંયમ મનવાળો જે અનન્યભક્ત પ્રતિદિન (આ) શરણાષ્ટક નો પાઠ કરે તે (પોતાના ઉદ્ધારને માટે) સર્વસાધનથી રહિત હોય તોપણ શ્રીવલ્લભપ્રભુના ચરણકમલના (દૃઢ) આશ્રયને પામે.

" इति श्रीहरिदासविरचितं श्रीवल्लभशरणाष्टकं संपूर्णम् ॥

महानुभावी श्रीगोपालदासजी.

શ્રીમદ્ગોસ્વામીના ચતુર્થ પુત્રનું સ્મરણ કરીને ભક્ત કવિ એમોમીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજીનું સ્મરણ કરે છે-

" શ્રીરઘુપતિ અતિગજગતિ રતિપતિ કરું નવિચાર રે રસના,
જનકીજીવન એ સદા મંગ્યમભક્તિરતનમય હાર રે રસના;"

શ્રીમદ્ગોસ્વામીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજી છે, એમોમીનાં ધર્મપત્નીનું નામ શ્રીજનકીજી હતું, શ્રીગોકુલચંદ્રમાજી એમોશ્રીનું સેવ્ય સ્વરૂપ છે આ શ્રીગોકુલચન્દ્રમાજી નારાયણદાસ બ્રહ્મચારીના પ્રથમ સેવ્ય હતા. પંચમ મૂહના પ્રથમ નિયંતાપિત શ્રીરઘુનાથજી જ હતા. શ્રીરઘુનાથજી પ્રથમ વિદ્વાન્ ન હતા. એક સમયે સેવાના પ્રકરમાં શ્રીગુસાંઇજીએ એમોમાને ' नक्कूगामानय ' એમ કર્યું, તે સમયે સંસ્કૃતજ્ઞાનના અભાવને લીધે નહિ સમજવાથી એમોમીને પરમ ખેદ થયો, ત્યારપછી એમોમી શ્રીમદ્ગોકુલનાથજીની સમીપ ગયા, અને શ્રીમદ્ગોકુલનાથજીએ જ એમોમીને વિદ્વાન કર્યું. શ્રીરઘુનાથજીનાં કેટલાંક સ્વતન્ત્ર સ્તોત્રો સિવાય નિબંધરૂપ અન્ય પણ ગ્રન્થો છે. ભક્તિહંસ ઉપરિ એમોમીની ટીકા ઉપલબ્ધ છે, પોડશગ્રન્થમાંના કેટલાક ગ્રન્થો ઉપરિ પણ એમોમીએ ટીકાઓ કરેલી છે. એમોમીના વંશમાં પણ મહાધુરંધર વિદ્વાન ગોસ્વામીઓ થઈ ગયા છે. જે સ્વરૂપે પ્રભુએ ગ્રસોત્સવ કર્યો છે તે જ સ્વરૂપ આ શ્રીગોકુલચંદ્રમાજીનું કહેવાય છે, અને તેથી આ રસીક પ્રભુની સેવા કરનારા શ્રીરઘુનાથજીના વંશોના ગ્રન્થો પણ રસભર હોય છે. શ્રીરઘુનાથજીના પૌત્ર શ્રીવિશ્વનાથજી મહાધુરંધર વિદ્વાન હોવા ઉપરાંત અલૌકિક કાવ્ય કરવાની શક્તિ ધરાવતા હતા. એમોશ્રીવિરચિત ' रसाद्रिचकाव्य ' ડેક્કન કૉલેજના પુસ્તકસંગ્રહમાં છે. ભાષ્યો-દિ વિવિધ ગ્રન્થ ઉપરિ પણ એમોમાની ટીકા ઉપલબ્ધ છે. શ્રીવિશ્વનાથજી સિવાય અન્ય વિદ્વાન્ મહાનુભાવી ભાષકોએ પણ આ ગૂઢને અવલંબ કરેલું છે. શ્રીવિઠ્ઠલનાથજી ઉપરિ એક વિસ્તૃત ટીકા પણ આ જ વંશમાંના કોઇ મહાનુભાવી ભાષી કરી છે, એમાં શ્રીગોકુલચંદ્રમાજીને જ નમન કરેલું છે. યદ્યપિ શ્રીરઘુનાથજીના વંશો શ્રીરઘુનાથજીની ઉપનિષદ્ના જેવી સરલ કૃતિ ઉપર ભાષ્યોવાળી ભાષા સમજતા નથી તથાપિ એ ગ્રન્થોમાં શ્રીમદાચાર્યજીમાં, શ્રીમત્પ્રભુચરણમાં, અને શ્રીમદ્ગોકુલચન્દ્રમાજીમાં નિરુપધિ પ્રીતિ અને ભક્તિ પ્રતિપદ ઝમકે છે.

શ્રીમદ્ગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ અતિસુકુમાર છે તેથી જ ભાષકોને માથે એમોશ્રી બિરાજતા તેઓ પણ આચારમાં બહુ સુકુમાર થયા. અદ્યાપિપર્યન્ત શ્રીગોકુલચન્દ્રમાજીની સેવા અતિસુકુમારતાથી થાય છે.

પૂર્વે જબલપુરી ગયા તે પ્રસંગે શ્રીરઘુનાથજીના વંશની કંઠનિષ્ઠા થઈ ચુકી છે. આધુનિક તિરોહિત એમોશ્રીના સાક્ષાત્ વંશજ નથી, પરન્તુ શ્રીગિરિધરજી (પ્રથમ લાલ) ના વંશજ છે, અને પંચમ મૂહની ગાદી ઉપરિ બેઠેલા છે.

૬૦ અથવા ૭૦ વર્ષ ઉપરિ આ સ્વરૂપ જબલપુરમાં બિરાજતું હતું. ત્યાં કોઇ ભાષાવારીએ ૧૪ પ્રશ્ન તિરોહિત શ્રીગોવિન્દપ્રભુને પૂછ્યા, પરન્તુ એ પ્રશ્નોનું તત્કાલ ઉત્તર અપાય એવું નહિ હોવાથી, મહારાજશ્રીને જબલપુરનો ત્યાગ કરવો પડ્યો. અદ્યુત સમયે એ સ્વરૂપ શ્રીબીકાનેરમાં બિરાજ્યું. હાલ એ સ્વરૂપ કામબનમાં બિરાજે છે. ઉપર્યુક્ત ૧૪ પ્રશ્નનું સમર્થ પ્રત્યુત્તર કેટલાંક વર્ષ પછી સદ્ગત પંડિત મદ્દુલાલે સ્વકૃત ' सोत्सवाम्तमार्तण्ड 'માં આપેલું છે.

પંચમ મૂહના આધુનિક સમયના તિરોહિત આચાર્યો સુપ્રસિદ્ધ શ્રીમાન્ દેવકીનન્દનાચાર્યજી છે. આ ગોસ્વામી મહારાજશ્રીની મુંબાપુરીના વૈષ્ણવો ઉપરિ નિરતિશય કૃપા છે, જેને પરિણામે મહારાજશ્રી રસીક પ્રભુની સેવાનો પણ બમ્બોઇમાં ત્યાગ કરીને અત્ર બિરાજે છે. બહુધા વૈષ્ણવો કહે છે

महानुभावी श्रीगोपालदासजी.

શ્રીમદ્ગોસ્વામીના ચતુર્થ પુત્રનું સ્મરણ કરીને ભક્ત કવિ એમ્બોમીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજીનું સ્મરણ કરે છે-

" श्रीरघुपति अतिमज्जनि श्रुतिपति हरं अक्षिद्वार रे रसना,
जनकीजीवन ओ सद्य मंजमभक्षिरत्नभव दार रे रसना;"

શ્રીમદ્ગોસ્વામીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજી છે, એમ્બોમીનાં ધર્મપત્નીનું નામ શ્રીજનકીજી હતું, શ્રીગોકુલચંદ્રમાજી એમ્બોમીનું મેજ્ય સ્વરૂપ છે. આ શ્રીગોકુલચન્દ્રમાજી નારાયણદાસ બ્રહ્મચારીના પ્રથમ સેવ્ય હતા. પંચમ ગૃહના પ્રથમ નિવૃત્તપિત શ્રીરઘુનાથજી જ હતા. શ્રીરઘુનાથજી પ્રથમ વિદ્વાન્ ન હતા. એક સમયે સેવાના પ્રકમમાં શ્રીગુસાંઇજીએ એમ્બોશ્રીને 'नास्त्यूरामालय' એમ કહ્યું, તે સમયે સંસ્કૃતજ્ઞાનના અભાવને લીધે નહીં સમજવાથી એમ્બોમીને પરમ ખેદ થયો, ત્યારપછી એમ્બોમી શ્રીમદ્ગોકુલનાથજીની સમીપ ગયા, અને શ્રીમદ્ગોકુલનાથજીએ જ એમ્બોમીને વિદ્વાન કર્યું. શ્રીરઘુનાથજીનાં કેટલાંક સ્વતન્ત્ર સ્તોત્ર વિગેરે ગ્રન્થ પણ મળ્યો છે. ભક્તિહંસ ઉપરિ એમ્બોમીની ટીકા ઉપલબ્ધ છે, ચોરાસી વૈષ્ણવની વાર્તા ઉપરિ પણ એમ્બોમીએ ટીકાઓ કરેલી છે. એમ્બોમીના વંશમાં પણ મહાધુરંધર વિદ્વાન ગોસ્વામીઓ થઈ ગયા છે. જે સ્વરૂપે પ્રભુએ રાસોત્સવ કર્યો છે તે જ સ્વરૂપ આ શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ છે, અને તેથી આ સ્વરૂપ પ્રભુની નિત્ય કરવાય શ્રીરઘુનાથજીના વંશોના ગ્રન્થો પણ રસમય હોય છે. શ્રીરઘુનાથજીના પૌત્ર અનિરુદ્ધલાલજી મહાધુરંધર વિદ્વાન હોવા ઉપરાંત ભાંડારિક કાર્ય કરવાની શક્તિ ધરાવતા હતા. એમ્બોમીવિરચિત 'रसाधिवासाख्य' ટીકા ભક્તિહંસના પુસ્તકમાં છે. ભાષ્યોપરિ પોડશ ગ્રન્થ ઉપરિ પણ એમ્બોમીની ટીકા ઉપલબ્ધ છે. અનિરુદ્ધલાલજી સિવાય અન્ય વિદ્વાન મહાનુભાવી બાવાઓએ પણ આ ગૃહને અલંકૃત કરેલ છે. શ્રીવિઠ્ઠલભટ્ટ ઉપરિ એક વિસ્તૃત ટીકા પણ આ જ વંશમાંના કોઇ મહાનુભાવી બાવાએ કરી છે, એમાં શ્રીગોકુલચન્દ્રમાજીને જ નમન કરેલ છે. યદ્યપિ શ્રીરઘુનાથજીના વંશમાં શ્રીરઘુનાથજીની ઉપનિષદ્ના જેવી ચરમ કૃતિ વાંચવાવાળી બાવા જન્મ્યા નથી તથાપિ એ ગ્રન્થોમાં શ્રીમદાચાર્યજીમાં, શ્રીમત્પ્રભુચરણમાં, અને શ્રીમદ્ગોકુલચન્દ્રમાજીમાં નિર્મળ પ્રીતિ અને ભક્તિ પ્રતિપદ ઝળકે છે.

શ્રીમદ્ગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ અતિસુકુમાર છે તેથી જ બાવાઓ સિવાયના તેમ્બો પણ આચારમાં અતિ સુકુમાર થયા. અદ્યાપિપર્યન્ત શ્રીગોકુલચન્દ્રમાજીની સેવા અતિસુકુમારપણે થાય છે.

પૂર્વે જણાવી ગયા તે પ્રમાણે શ્રીરઘુનાથજીના વંશની દશિયાં થઈ ચુકી છે. અર્વાચીન નિવસતિ એમ્બોમીના સાક્ષાત્ વંશ નથી, પરન્તુ શ્રીગિરિધરજી (પ્રથમ બાવા) ના વંશ છે, અને પંચમ ગૃહની ગાદી ઉપરિ બેઠાલ્યા છે.

૧૦ અથવા ૭૦ વર્ષ ઉપરિ આ સ્વરૂપ જયપુરમાં બિરાજતું હતું. ત્યાં એક બાવાજીએ ૧૪ પ્રશ્ન નિવસતિ શ્રીગિરિધરપ્રભુને પૂછ્યા, પરન્તુ એ પ્રશ્નનો તત્પ્રશ્ન ઉત્તર આપી શક્યા નહિ હોવાથી, મહારાજશ્રીને જયપુરનો ત્યાગ કરવો પડ્યો. અમુક સમય બે સ્વરૂપ બીકાનેરમાં બિરાજ્યું. હાલ એ સ્વરૂપ કામવનમાં બિરાજે છે. ઉપર્યુક્ત ૧૪ પ્રશ્નનું સમર્થ મતપર કેટલાંક વર્ષ બાદ સદ્ગત પંડિત મથુરાએ સ્વકૃત 'सप्तिसप्तशतमार्तण्ड'માં આપેલું છે.

પંચમ ગૃહના અર્વાચીન સમયના નિવસતિ બાવામાં સુપ્રસિદ્ધ શ્રીમાન્ દેવકીનન્દનાચાર્યજી છે. આ ગોસ્વામી મહારાજશ્રીની મુંબાપુરીના વૈષ્ણવો ઉપરિ નિર્નિમિત્ત કૃપા છે, જેને પરિણામે મહારાજશ્રી સ્વીય પ્રભુની સેવાનો લાભ ગત્સુકોને ત્યાં કરીને આપી બિરાજે છે. અમુક વૈષ્ણવો કરે છે

કે દુર્જન મનુષ્યો જે ગોસ્વામીનાં સાક્ષાત્ દર્શન કરીને કૃતાર્થ નથી થતા તેમને કેવલ કૃપાથી દર્શન આપીને કૃતાર્થ કરવાને મહારાજશ્રી સ્વયં નાટકાદિમાં પધારે છે, અને મોંટરાદિમાં બિરાજીને જે મોહમયીમાં અત્ર તત્ર વૈષ્ણવોનું દર્શનથી જ હિત કરવાને વિચરે છે. ઉક્ત ગોસ્વામિઓનાં જે પ્રકારે દર્શન અમને પણ વારંવાર થયાં છે. મહારાજશ્રીનું નિમંત્રક, વસ્ત્રભૂષાને ધારણ કરેલો, શ્રીઅંગ ઉપરિ દેખીતાં સાદાં પણ સ્વચ્છ અને કલાયુક્ત મૂલ્યવાન્ વસ્ત્ર સાથે આસીન વર્તતા ગોસ્વામીનાં દર્શન અમને પણ થયાં છે. મહારાજશ્રીનો પરિષ્કૃત વિદ્યાભ્યાસ ગોસ્વામી પિતા શ્રીગોવિન્દપ્રભુજીના પરિશ્રમને આભારી છે. પંડિત ગટ્ટલાલના ગાઢ સંબંધથી કે પંડિતના કટ્ટરપક્ષ સંસ્કારો મહારાજશ્રી ઉપરિ અંકિત થયા છે. મંજુ ભાષણથી વાદીને પ્રસન્ન કરી તેનું સ્વવિષે પ્રિયત્વ સંપાદન કરવાની અપૂર્વ પદ્ધતિ આ મહારાજશ્રીમાં દૃષ્ટિગોચર થાય છે, પં. ગટ્ટલાલના સંગમથી જ પ્રાદુર્ભવી છે. શ્રીનૃસિંહલાલજીના લાલજી શ્રીગોવર્ધનલાલજીના રાજ્ય મહારાજશ્રીના સર્વ પ્રયત્ન પેન કેન પ્રકારેણ લોકપ્રિયતાસંપાદનાર્થે જ છે. યદ્યપિ અધુના અનિષ્ટ સયોગોને લીધે ગોસ્વામીની લોકપ્રિયતામાં કંઇક ન્યૂનતા થઈ છે, તથાપિ એક સમય મહારાજશ્રીએ તે સંપાદન કરવામાં સંપૂર્ણ વિજય મેલવ્યો હતો. કલિયક્રગતિને અધીન થઈને પં. ગટ્ટલાલ જે મહારાજશ્રી ઉભય સ્મૃતિકાર મનુને વિશેષ માન આપીને સ્વશાખાના તૈત્તિરીયના શીક્ષાધ્યાય **'सत्यान्न प्रमदितव्यम्'** એ વચનને સોચાયથી અનુસરતા, અને **'सत्यं ब्रूयात्'** કરતાં પણ **प्रिय ब्रूयात्'** પર અધિક લક્ષ અર્પણ કરતા.

વૈષ્ણવો કનેથી સેવા લેવામાં પણ મહારાજશ્રીની કુશળતા અદ્વિતીય છે. એ કાંયસ્થના પ્રભાં કહેવાય છે કે મહારાજશ્રીએ ૩૦ લક્ષ રુપિયાનું ઉપાર્જન કર્યું છે. રુપિયાનો આંક કદાચિ અતિશયોક્ત હોય તથાપિ મહારાજશ્રીની આધુનિક સમૃદ્ધિ અસાધારણ છે. યદ્યપિ મહારાજશ્રી આચાર્યવંશ્ય હોવાથી જ આટલું દ્રવ્ય સંપાદન કરી શક્યા છે, તથાપિ તેથી મહારાજશ્રીને દ્રવ્યોપાર્જન કરવામાં અસાધારણ શક્તિ અને કૌશલ્યની કોઈ પણ પ્રકારે ન્યૂનતા નથી. અન્ય ગોસ્વામી બાલકો પણ આચાર્યના જ વંશ્ય છે, તથાપિ તેઓની આમનાથી વિપરીત આર્થ સ્થિતિ મહારાજશ્રીની શક્તિનો જ ઉદ્બોધ કરે છે. મહારાજશ્રીને માત્ર વિચારવાનું એટલું જ છે કે આ સર્વ દ્રવ્ય શ્રીમદ્ પ્રભુજીની કૃપાથી જ પ્રાપ્ત થયું છે, અને તે જ દ્રવ્ય પ્રભુની સેવાને માટે જ વૈષ્ણવોએ ગોસ્વામીને નિવેદન કર્યું છે, તેથી સ્વયં ટ્રસ્ટી તરીકે હોવાથી એ સર્વ દ્રવ્યનો વિનિયોગ આત્મામાં નહિ પરંતુ પ્રભુમાં જ થવો જોઇએ. મહારાજશ્રીની સ્વરૂપસેવામાં આસક્તિ હોય તો તેમાં, અને નામસેવામાં આસક્તિ હોય તે તેમાં, તથાપિ ભગવદ્વ્યતિરિક્ત કોઈ પણ સ્થળે આ દ્રવ્યનો ઉપયોગ થાય તો માત્ર એટલું જ અનુમાન થઈ શકે કે એ દ્રવ્ય ભગવદ્દ્રવ્ય નથી, અથવા તો ભગવદ્દ્રવ્યનો અન્યથા ઉપયોગ થયો. જે ગૃહના સ્વતઃ તિમિરાવૃત છે તે ગૃહના અભ્યંતર ભાગોની અવસ્થા શાપ છે નામસેવા કરીને મહારાજશ્રીને જો તે દૂર કરવાની શુભેચ્છા થાય તો તો આ દ્રવ્યનો સદુપયોગ થયો કહેવાય, અને એ સદુપયોગથી ઘણાનું અને ઘણા મહત્કુટુમ્બનું ઉદ્ધારનું પરમ કલ્યાણ થાય. આ વિષયમાં મહારાજશ્રીએ પોરબંદરવાલા શ્રીજીવનલાલજીનું અનુકરણ કરવું જોઇએ. શ્રી નૃસિંહ લાલજીના તિરોધાન પછી માત્ર આ જ મહારાજશ્રી નામસેવા યથાશક્તિ કર્યા કરે છે.

વૈષ્ણવો પાસેથી પ્રાપ્ત ભગવદર્થે દ્રવ્યનો વિનિયોગના પ્રમાણમાં જ પ્રાચીન ગ્રન્થનું સમૃદ્ધત્વ આવશ્યક છે. આ વિષયમાં મહારાજશ્રીની થિયિક્ષતા વિશેષ છે. મહારાજશ્રીના ૫૦ વર્ષના જીવનમાં એક પણ પ્રાચીન સાંપ્રદાયિક ગ્રન્થનું એમણે સ્વદ્રવ્યથી મુદ્રણ કરાવ્યું નથી, એટલું જ નહિ, પરન્તુ અન્ય કોઇપણ ગોસ્વામીઓને તે કાર્ય તરફ તેમણે દોર્યા નથી. 'પુષ્ટિમાર્ગ' ના આ વર્ષના દ્વિતીય અંકમાં પ્રાચીનગ્રન્થમુદ્રણસંબંધમાં અમુક ગોસ્વામીઓના કર્તવ્ય વિષે અમે ચૂચના કરી હતી, તે સમયે રાજનગરમાં શ્રીવલ્લભોદ્યાનનો લગ્નપ્રસંગ હોવાથી મહારાજશ્રી તથા અન્ય ગોસ્વામી બાલકો પણ

ત્યાં બિરાજતા હતા. એ અંક વાંચીને મહારાજશ્રીએ અમારા શબ્દોને અન્યથારૂપ આપીને જાણ્યું કે અમે સર્વ ગોસ્વામીઓને દુકમ કરતા નહિ હોવ શું એમ અમને વર્ત્યું. મહારાજશ્રી કહે છે, 'એ લોક આપની ગર્દન પર ચઢ બેસવું આવે દે, પન આપન સબ ગોસ્વામી મીલકે એ લોકકી ગર્દનપર બેઠેંગે' !!! સદ્‌ગત છગનલાલજીએ અમને મહારાજશ્રીનું આ સંભારણું કર્યું હતું. પરન્તુ અમને સમજ નથી પડતી કે મહારાજશ્રીને આવા શબ્દનો ઉચ્ચાર શા વાસ્તે કરવો પડ્યો! આપ સર્વ ગોસ્વામીઓ તો વૈષ્ણવોની ગર્દનપર ચઢેલા જ છો, તેમ અમે વૈષ્ણવોને તમને ગર્દન પરથી ઉથલાવી કેંકી દેવાની સ્વપ્ને પણ ઇચ્છા નથી. અમારી તો એવી ઇચ્છા છે કે 'તમે સર્વ શ્રીમદ્‌પ્રભુજી અને શ્રીગુસાંઇજીની પ્રાચીન પ્રભુપ્રસિદ્ધાનો, અન્ય સર્વ ધર્મોનો ત્યાગ કરીને, સર્વાંશે સ્વીકાર કરો.' આમ કરવાથી અમારા પિતામહોએ જેમ અંતઃકરણથી આપના પિતામહોનું દાસ્ય સ્વીકાર્યું હતું, તેમ અમે પણ આપનું મન વાણી કર્મથી સ્વીકારશું. પ્રાચીન પ્રભુપ્રસિદ્ધાનો સ્વીકાર નહિ થાય તો તેનું પરિણામ વૈષ્ણવોની અને આપની જાતિની પ્રગતિ જોશે. મહારાજોને દુકમ કરવો એ અમારું કર્તવ્ય નથી, તેથી અમે કદાપિ દુકમ તો કરીશું જ નહિ, તથાપિ જે અમને એમને વાસ્તે એમકરવું ક્ષમે તે શુદ્ધ અંતઃકરણથી સત્ય સ્વરૂપમાં અગોચરીને નિવેદન કરવું તો આવશ્યક જ છે. મહારાજશ્રીઓને અમારા વચનનો સ્વીકાર વા અસ્વીકાર કરવો એ સ્વેચ્છાધીન છે. છગનલાલજી કહેતા હતા કે 'બદ્રિવિશાલજીની એવી આજ્ઞા છે કે પુસ્તકોનું મુદ્રણ કરવું એ વૈષ્ણવોનું કર્તવ્ય છે, મહારાજોનું કર્તવ્ય તો માત્ર સેવા કરવાનું જ છે, મહારાજો અન્ય શું કરે?' આ અભિપ્રાયના સત્યાસત્યનો નિર્ણય પછી કરીશું, પરન્તુ મહારાજશ્રીનું આ વચન શ્રીમદ્‌ભાગવતસપ્તશતીના શબ્દોમાં 'નારદજી' જેવું નથી? ૫૦ વર્ષના જીવનમાં મહારાજશ્રીએ શ્રીગોકુલચંદ્રમાજીની સેવા કેટલાં વર્ષ કરી? ને તો પોતે નિજજનઃકરણને પૂજે. સેવાના વિષયમાં મહારાજશ્રીને અનુરાગ્યા શ્રીગોપાલદાસજીએ શિક્ષા કરી ન હતી શું? વળી આ અભિપ્રાય પણ અયુક્ત છે. મહારાજોના પિતામહોના અત્યંત પરિશ્રમથી લખાયલા ગ્રન્થોને કીટપતંગાદિના ભક્ષણ-માંથી સમુદ્ધરવું કરવાનું કર્તવ્ય શું એમના વંશજોનું ન હોઈ શકે? ન હોઈ શકે એમ જો કહેવામાં આવે તો આપણી કૃતઘ્નતા અન્ય કયી હોઈ શકે! જે પિતામહોના વંશજ હોવાથી અલ્પાંશવું સમૃદ્ધિ પ્રાપ્ત કર્યું, તે જ પિતામહોના નામ વિસ્મરણમાં અમેસર થવું એ પણ કાયની જ અધિકારી! વળી મહારાજોના પિતામહોના ગ્રન્થો સર્વથા ભગવદિયક છે, તેથી તે ગ્રન્થોના મુદ્રણથી પ્રભુની નામસેવા જ થાય છે, અર્થાત્ સેવાના વિસ્તારમાં જ પ્રાચીન ગ્રન્થનું સંરક્ષણ અન્તર્ગત છે. શ્રીગોકુલચંદ્રમાજીએ ઉક્ત મહારાજશ્રીને પત્રિત તરીકે મનાવવાને વાસ્તે કેટલાક ગ્રન્થો અમારીના નામથી પોતાના કર્યા હતા. આ ગ્રન્થમાંના કેટલાક પં. મથુરાનાથના પુસ્તકાલયમાં અમે જોયા છે. એ ગ્રંથોનું પણ મુદ્રણ ત્યારે મહારાજશ્રીથી નથી થયું તો પછી અન્યની વાતો શું કરવી. પુસ્તકનું મુદ્રણકાર્ય વૈષ્ણવોનું પણ છે. મહારાજશ્રીએ ચન્દ્રભાગમાં એક હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ કર્યો હતો, તે પણ પ્રભુની ઇચ્છાથી નષ્ટ થયો. કહેવાય છે કે આ ચન્દ્રભાગના પુસ્તકાલયમાં પ્રાચીન ભગવદીયોના નામથી કેટલાક નવા ગ્રન્થોની પોતાના વંશજોને હાથે થઈ, તેથી આચાર્યોએ શ્રીમન્મિત્રરૂપે પ્રકટ થઇને એ સર્વ પાંડિત્યનો પ્રલય કર્યો. વસ્તુતઃ બદ્રિવિશાલજીની સાત્ત્વિકપ્રકૃતિ એટલી બધી ઉચ્ચ છે કે મહારાજશ્રી માત્ર વચનથી જ સર્વ ગ્રન્થોનું મુદ્રણ કરાવી શકે એમ છે, તેમ છતાં પણ મહારાજશ્રીની આજ્ઞા સરલ અને મંજુલ કાર્યમાં ઉદાસીનતા પ્રભુની એમને હસ્તે સેવા નહિ સ્વીકારવાના ચિન્હરૂપે ભાસતી જણાય છે. મહારાજશ્રીની સાંપ્રદાયિક જ્ઞાનના વિસ્તાર પ્રતિ એટલી બધી અરુચિ છે અને એટલા જ કહે છે કે એમના અને શ્રીગોકુલચંદ્રમાજીના પ્રભાવથી ગોસ્વામી-વૃન્દપરિષદ્ જેવી સાંપ્રદાયિક જ્ઞાનપ્રસારક સભા સુરતમાં એમનાં દર્શન કર્યા પછી, કરીબાબ જેવી છે.

પંડિત ગદ્દુલાલના વચનમાત્રથી મહારાજશ્રીએ અને તેમના પિતાએ વિષ્ણુસ્વામિપરંપરાનો સ્વીકાર કર્યો છે. પંડિત ગદ્દુલાલના 'વચનમાત્રથી' જ કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે અદ્યાપિપર્યન્ત સાંપ્રદાયિક પાંડિત્ય એઓશ્રીમાં છે, એમ માનવાને અનુમાનપ્રમાણ મળતું નથી, એટલું જ નહિ પરન્તુ મહારાજશ્રીનાં કેટલાંક આચરણો તો સંપ્રદાયવિરુદ્ધ જ લાગે છે, આથી મહારાજશ્રીએ સ્વઅજ્ઞાનમાં પંડિત ગદ્દુલાલના શબ્દનો સ્વીકાર કર્યો હોય એમ લાગે છે. આના જ કાંઈક કારણથી મહારાજશ્રી શુદ્ધ નિરુપધિ ભક્તિના સ્થાનમાં સોપાધાદિની સકામ ઉપાસના કરે છે. આ પણ પં. ગદ્દુલાલના ઉપદેશનું જ પરિણામ છે. પં. ગદ્દુલાલનું સાંપ્રદાયિક પાંડિત્ય ન્યૂન ન હતું, તથાપિ કોણ જાણે કપટી બાનિથી એ પંડિતે વાદિમોધને માટે અથવા કોઇ અન્ય કારણથી, શુદ્ધપુષ્ટિનું નિગૂહન કરીને ઉપર્યુક્ત વિષયનો પ્રચાર કર્યો. હાલ પણ વિષ્ણુસ્વામિપરંપરાનું પ્રત્યક્ષ સ્વીકરણ કરનારા મહારાજોમાં એમના ત્રણ શિષ્યો સિવાય અન્ય કોઇ નથી. શ્રીગોવર્ધનલાલ તિલકાયિત, શ્રીદિવકીનન્દનજી, અને શ્રીજીવનલાલજી આ ત્રણે ગોસ્વામીબાળકોએ એમના પાંડિત્યથી અંજાઈને સાંપ્રદાયિક જ્ઞાનના અભાવમાં એ પરંપરાનો સ્વીકાર કર્યો હોય એમ અનુમાન થાય છે.

લોકોમાં એવી માન્યતા છે કે હવે મહારાજશ્રીએ સ્વતઃ બાપણ નહિ કરતાં ભારત મહામંડલના સુપ્રસિદ્ધ દીનદયાલજીમાં જેવા વક્તાઓને રાખીને અનેક વ્યાખ્યાનો કરાવી વૈષ્ણવોને ઉપકૃત કર્યા છે, પરન્તુ વસ્તુતઃ એમ કરવામાં પણ મહારાજશ્રીથી સંપ્રદાયને કંઈ લાભ થવો એમ માનવું અયુક્ત લાગે છે, પ્રત્યુત એથી સંપ્રદાયને કેટલીક હાનિ થઈ છે. 'સનાતન ધર્મ'ની પદ્ધતિ પ્રમાણે મૂર્તિપૂજન આદ્યાદિ વિષયો ઉપરિ બાપણ અપાવ્યાં, તે પણ પુષ્ટિમાર્ગના જ્ઞાનની ઉપેક્ષામાં જ, નહિ તો મૂર્તિપૂજન ઉપરિ પુષ્ટિમાર્ગમાં વ્યાખ્યાન જ ન હોઈ શકે. 'મન્ત્રાધીન દેવતાની પ્રતીકોપાસના પુષ્ટિમાર્ગમાં અનાવશ્યક' એ, અને જે લોકો કરે છે તેમને એ કલપદ્ધ હોય એમ શ્રીમદ્ભાષાક્ષરે માન્યું પણ નથી. પુષ્ટિમાર્ગમાં તો સાક્ષાદ્ બાલકૃષ્ણ પ્રભુના સ્વરૂપની જ સેવા થાય છે, તેની મૂર્તિની નહિ. પુષ્ટિમાર્ગમાં મૂર્તિપૂજન ન હોય, પણ સ્વરૂપસેવા જ છે. પુષ્ટિમાર્ગમાં સેવ્ય સ્વરૂપ મન્ત્રાધીન નથી, પણ ભાવગમ્ય છે. પ્રભુના સર્વવ્યાપકત્વથી જ સ્વરૂપની પૂર્ણ સેવ્યતા સિદ્ધ થાય છે.

વધી પુષ્ટિમાર્ગમાં શ્રીમદ્આચાર્યજીદ્વારા પ્રભુમાં સંપૂર્ણ નિરોધ પ્રાપ્ત થયાથી લૌકિક દેહત્યાગ કર્યા પછી, શ્રીમદ્ગોપીજનવલ્લભની નિત્યનવલલીલામાં પ્રવેશ થાય છે. આવા જ આશયથી જ્યારે કોઈ ગોસ્વામી વા મહાનુભાવી વૈષ્ણવનો લૌકિક દેહપાત થાય છે ત્યારે 'ગોકુલનિવાસ કર્યો' એમ પારિભાષિક શબ્દો ઉચ્ચારાય છે. આદ્ધ તો પિતૃલોકમાં વસતા પ્રેતના આત્માની શાન્તિને વાસ્તે છે, પણ જ્યારે શુદ્ધપુષ્ટિમાર્ગમાં લૌકિક દેહત્યાગ પછી (અને પહેલાં પણ) નિત્યલીલામાં પ્રવેશ પ્રાપ્ત થાય તો પછી અમન્દ આનન્દ અનુભવનારને કર્મજન્ય દુઃખની સંભાવના જ નથી, તો પછી શાન્તિ વા શમનની અપેક્ષા પણ શા હોય શકે? વસ્તુતઃ પુષ્ટિમાર્ગનું આવું સત્ય સ્વરૂપ માત્ર શ્રીગોકુલનાથજી જ સમજ્યા હતા, અને એમના પ્રસાદથી જ એમના વૈષ્ણવો અને શિષ્યોએ એનો કંઈક અનુભવ કર્યો છે. મહારાજોમાં જે આદ્ધાદિ થાય છે તે પણ એક લોકરૂઢિ જ સમજવી, બાકી ઉપર્યુક્ત દૃષ્ટિથી તો આદ્ધાદિ નિરર્થક લાગે છે. અદ્યાપિ પર્યન્ત આદ્ધાદિ જે પુષ્ટિમાર્ગમાં થાય છે તે પણ લૌકિક દૃષ્ટિથી લોકસમુદાર્થે જ થાય છે, બાકી શુદ્ધપુષ્ટિમાં આવા વિડંબનની કંઈ પણ અપેક્ષા હોય એ અસંભવિત છે. શુદ્ધપુષ્ટિમાં તો સર્વ ભાવો પ્રભુમાં જ ગોઠવે, અને તે સિવાય જે અન્ય થાય તે તો દેખરાખપક્ષની અન્યાશ્રય જ.

વસ્તુસ્થિતિ આ પ્રકારે હોવાથી આવા વિષયો ઉપરિ વ્યાખ્યાનો થાય એ તો વૈષ્ણવોને એમની પ્રાચીન પ્રભુપ્રતિષ્ઠામાંથી પ્રચ્યુત કરવા સિવાય અન્ય કંઈ કૃત્ય સાધી શકે એમ લાગતું નથી. આવા વિષયો ઉપરિ વ્યાખ્યાને મહારાજશ્રીએ નિજ પ્રતિષ્ઠાર્થ બધે કરાવે, પણ લોકોના મનમાં એવું ન ઠસવા દેવું જોઇએ કે એવાં ધર્મમાર્ગીય વ્યાખ્યાનોને પુષ્ટિમાર્ગ સદ સંમત છે, અથવા તો પુષ્ટિમાર્ગ સનાતન ધર્મનો અન્તર્ગત એક ફાંટો છે. પુષ્ટિમાર્ગ તો પ્રભુના જેવો વિલક્ષધર્માશ્રય છે. વિશ્વધર્મ વિશ્વ હોવા છતાં સંકુચિતમાં સંકુચિત છે. પ્રભુમાં અત્યન્ત નિરાંકક્ષમી દેવ, દાનવ, મનુષ્ય, પશુ, ચેતન, જડ, કોઇ પણ અધિકારી છે, જ્યારે નિરાંકક્ષ્ય વે. ધ. સં. યથાર્થ બ્રાહ્મણ હોય કે બ્રહ્મ સામર્થ્યવાન્ દેવ હોય, ગમે તે હોય, પરન્તુ તે સર્વથા અનધિકારી છે.

મહારાજશ્રી અન્ય સંપ્રદાયના પંડિતના વ્યાખ્યાનમાં પ્રતિષ્ઠાથી અવશ્ય પધારે છે, પરન્તુ જ્યારે એમણે પોતાને ઘરે શ્રીમદ્ભાગવતના શ્રીગોપાલદાસજીએ એમને નિમન્ત્રણ આપ્યું, ત્યારે અન્તરના અંતરમાંથી ત્યાં આવેલા છતાં દ્વારમાંથી જ એમણે પાછા ફર્યા ! આવા વર્તનથી એમના ભક્તને પરમ ખેદ થયો અને સ્વાભાવિક રીતે એમણીના મુખમાંથી એમ નિકળ્યું કે 'પ્રભુજીએ સાથે નાટકમાં જતા હશે ત્યાં પણ અસ્પર્શમાં રહેતા હશે ?'

મહારાજશ્રીને વલ્લભ આચાર્યપદ ધારણ કરવાનો બહુ શોખ છે. સ્વનામ સાથે સ્વતઃ આચાર્યની પદવી ધારણ કરનાર આચાર્યવંશ્ય તરીકે એમણીઓ પ્રથમ જ છે. સ્વનામસહ આચાર્યપદ યોજવામાં વિશેષ શું લાભ હશે તે તો મહારાજશ્રી જાણે. અમને તો વૃથા આડંબર સિવાય અન્ય કંઈ લાગતું નથી, એટલું જ નહિ, પરન્તુ એથી એમનું શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તરફ ભક્તિરાહિત્ય સૂચવાય છે. શ્રીમદાચાર્યજી પછી એમના સર્વ વંશોએ સ્વતઃ આચાર્યપદ ધારણ નહિ કરતાં દત્તપક્ષ અંગીકાર કરેલું, એનું કારણ એમ નથી કે તે વંશોમાં શ્રીમાન્ દેવકીનન્દનજીથી આચાર્યપદ ધારણ કરવાની યોગ્યતા કોઇ પણ પ્રકારે ન્યૂન હોય, પરન્તુ શ્રીમહાપ્રભુજીનું 'ન ભૂતો ન ભવિષ્યતિ' અદ્વિતીયત્વ દર્શાવવાને આચાર્યશબ્દ તો કેવલ શ્રીમહાપ્રભુજીમાં જ રૂઢ કર્યો, અને જદપિ શ્રીગુસાંઇજીની યોગ્યતા શ્રીમહાપ્રભુજીથી કોઈ પણ પ્રકારે ન્યૂન ન હતી, તથાપિ એમણીઓને માટે પણ આચાર્યપદ નહિ ધરતાં શ્રીમત્પ્રભુચરણપદ જ ધર્યું. અતઃ સાંપ્રદાયિક ગ્રન્થોમાં શ્રીમહાપ્રભુજી 'આચાર્યઃ' અને શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઇજી 'પ્રભુચરણાઃ' એમ વિશેષ સંજ્ઞાથી પ્રાયઃ ઓળખાય છે. એમણીઓના પછી શ્રીમાન્ હરિરાયચરણે, અને દામોદરજીથી શ્રીપુરુષોત્તમજીએ પણ વારંવાર શ્રીમદાચાર્યજી, શ્રીપ્રભુચરણ, અને શ્રીઠાકુરજીના દત્તની જ અભિલાષાપૂર્વક પ્રાર્થના કરેલી છે. એ કે વૈષ્ણવોના સર્વ આચાર્યવંશ્યો તો આચાર્ય જ છે, અને સર્વથા એ આચાર્યસંજ્ઞાથી વૈષ્ણવો મહારાજોને વ્યવહારે તો તે અનુચિત તો નથી જ, તથાપિ મહારાજોએ પોતે તો સ્વસ્વરૂપનો વિચાર કરતાં આ દત્તગ્રહમય સંપ્રદાયમાં શ્રીમદ્ગોપીજનવલ્લભના કમનીય દત્ત વિના અન્યની કૃષ્ણ સૃષ્ટી એ ઓઠ મહામોહ જ સમજવો. વળી પ્રાચીન પદ્ધતિ એવી છે કે જ્ઞાનચક્ષુઓ પર ભાષ્ય કરનાર જ આચાર્ય પદાધિરૂઢ વાસ્તવિક રીતે થઈ શકે, અને શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી પછી એમના કોઇ પણ વંશે એવું નહિ કરવાથી આચાર્યપદ યોગ્યતાથી મંડિત કરી શકાય નહિ, તથાપિ જો કોઇ મંડિત કરે તો સહિષ્ણુમાં જેમ પંડિતને 'આચાર્ય' કહી બોલાય છે તેમ જાણવા જેવું થાય છે. આવું આચાર્યપદ ધારણ કરવામાં કંઈ વિશેષ હોય એમ અમને તો લાગતું નથી, પછી તો મહારાજશ્રી સ્વતઃ જાણે.

॥ मार्गस्वरूपनिर्णयः ॥

तथा सम्बन्धिभिः कृत्वा सर्ववस्तु समर्पयेत् ॥
स्वानन्यतानुसम्बन्धाभावो बाधक इष्यते ॥ १० ॥

શ્લોકાર્થ.—પૂર્વોક્ત પ્રકારવડે સ્વસંબંધિદ્વારા પોતાની સર્વ વસ્તુ પ્રભુને સમર્પવી. પ્રભુસંબંધ દ્વારા પોતાને અનન્ય પ્રભુમાં સંબંધ જે પ્રાપ્ત થયો છે, તેનું વિસ્મરણ થવું તે અત્ર મહાન્ બાધા પુષ્ટિમાર્ગમાં મનાય છે.

ભાવાર્થ.—આ ભાવાત્મકભક્તિમાર્ગમાં પ્રભુને સર્વવસ્તુનું સમર્પણ એટલે સર્વ દેહ પ્રાણાદિક તથા ઐહિક પારલૌકિક સર્વે ભગવદર્થે જ છે, એ વિભાવના કરીને પોતાના દેહેંદ્રિયપ્રાણાંતઃકરણાદિકને સાક્ષાત્ પ્રભુનો સંબંધ કરાવવો. એ સમર્પણ શબ્દનું તાત્પર્ય છે. समर्पण सुष्ठुक्ति सम्यक् प्रकारेण अर्पणम् समर्पणम्. અર્થ—સારી રીતે યાવત્ જીવં, પ્રભુના સંબંધ સિવાય અન્યત્ર કોઈ પણ વસ્તુનો સંબંધ થાય નહિ, એ પ્રકારે તદીયતાનુસંધાન રહ્યું આવે તે સમર્પણ કહેવાય. અર્થાત્ પ્રભુ સંબંધ સિવાય અન્યત્ર કોઈ પણ વસ્તુનો તથા દેહેંદ્રિયાદિકનો વિનિયોગ જીવન પર્યંત ન થવો, તે સમર્પણ કહેવાય. કારણ કે સારી રીતે અર્પણ કર્યું ત્યારે કહેવાય. પ્રભુવ્યતિરિક્ત અન્યત્ર કોઈ પણ પદાર્થ તથા દેહેંદ્રિયાદિકનો વિનિયોગ ન થાય ત્યારે જ સમર્પણ કહેવાય. પોતામાં અનન્યતા એટલે હું સર્વથા પ્રભુનો જ છું, પ્રભુ સિવાય સર્વે પરધર્મ છે, એવી અવ્યભિચારિણી ભક્તિનું વિસ્મરણ થવું તે આ પુષ્ટિમાર્ગમાં મહદ્બાધક છે. માટે જ સર્વે ધર્મત્યાગપૂર્વક સંબંધદ્વારા પૂર્ણપુરુષ શ્રીકૃષ્ણમાં જ અનન્ય, અવ્યભિચારિણી પરા ભક્તિ કરવી, એ અત્ર હસિતાર્થ નિષ્પન્ન થાય છે.

यथा सम्बन्धिभिः साकं स्वपातिव्रत्यरक्षणम् ॥
तथात्र ब्रह्मसम्बन्धचिन्तनं तादृशैर्जनैः ॥ ११ ॥

શ્લોકાર્થ.—જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના સંબંધીઓની સાથે રહીને પોતાના પાતિવ્રત્યનું રક્ષણ કરતું, તેમ જ અત્ર પુષ્ટિમાર્ગમાં તાદૃશીય ભગવદીયોની સાથે રહીને બ્રહ્મસંબંધનું ચિંતન કરવું.

ભાવાર્થ.—અત્ર શ્રીમદાચાર્યના વાક્યનું સંસ્મરણ કરવું. निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः સ્વધર્મ રક્ષણાર્થ તાદૃશીય જનની સાથે નિવેદનનો વિચાર કરવો. અર્થાત્ નિવેદનમંત્રદ્વારા સર્વ દેહેંદ્રિયાદિકનો પ્રભુમાં વિનિયોગ થયો છે, તેમાંથી કંઈ કંઈ ઇંદ્રિયો પ્રભુમાં નથી લાગી, તેનો વિચાર ભગવદીય પાસેથી કરી પ્રભુપરાયણ કરવી. બ્રહ્મસંબંધચિંતનનું એટલે અંત પરિત્યાગરૂપી જીવ પ્રભુ પાસેથી બ્રહ્મચરણ પામ્યો છે, તન્નિમિત્ત તાપકલેશની આવશ્યકતા છે, જે ભક્તિમાર્ગમાં બ્રહ્મવિરહજન્ય તાપ તથા ભગવદર્થનાર્થ કલેશ અને સંભ્રમસ્વામિક આનંદની આવશ્યકતા છે. પુષ્ટિમાર્ગમાં તાપ, કલેશ અને આનંદ એ ત્રણે ક્રમપ્રાપ્ત છે. તે ક્રમને ઓળંગી આવીને અનંતાત્મક સંસારમાં પડવાથી જીવ ભુલાવી બેઠો છે, માટે શ્રીમદાચાર્યના કૃપાપાત્ર તાદૃશીય ભગવદીયની સંગતિ કરીને તે તાપાદિકની ઉપલબ્ધિ કરવી ઉપપન્ન છે. પતિવ્રતા સ્ત્રી જેમ પોતાના આત્માને અન્યના સંપર્કથી બચાવે છે, અને સ્વપતિના સંબંધિ પાસે જ પાતિવ્રત્ય બતાવવા પતિની જેવાજાતીમાં રહે છે, તેમ પુષ્ટિમાર્ગીય ભગવદીયોએ પણ પ્રભુના સાનુભાવ પદાર્થો પ્રભુથી વિમુખ વિજાતીય અન્યમાર્ગીય જીવોથી અને અન્યાયપથથી બચીને રહેવું, અને ભગવદીયોનો સાક્ષાત્ અભાવ થયા પછી न विमेति कुतश्चन એ ઉપનિષદ્વાક્યથી બધાભાવ જ તેને ધર્મ રહે છે. આવા વિરલ ભગવદીયને પ્રાપ્તિ કરનાર કાલાદિક પણ થઈ શકતા નથી, તો અન્યનું તો સામર્થ્ય ક્યાંથી અપેક્ષા હોય ? આવે સાંપ્રતકાલમાં આપણને વૈષ્ણવોએ તો તાદૃશીય વૈષ્ણવની સાથે મળી નિવેદન જો અન્ય થાય તે તો કદંબએમ નિષ્પન્ન થયું. અન્યથા અનન્યતાના ભંગનો પ્રસંગ થવા સંભવ છે.

॥ દાખલો ઘટતે આપ્યો છે.

વેદને અનિત્ય અને મિથ્યા માનનાર વૈદિક કહેવાય કે ?

(૩)

' ગુજરાતી પંચ'ના તા. ૧૧-૪-૦૯ના અંકમાં મિ. ત્રિવેદીના સર્વ પ્રશ્નના ઉત્તર આપી ગયા છે, અને 'તટસ્થ' ત્વવેચક વાચકો તેમ તેની સત્યાસત્યનિર્ણય પણ કરી જ લીધો છે, તથાપિ ' સત્યજનિક સૌમનસ્યનો. આડંબર કરનાર જ્ઞાનબલદુર્વિદગ્ધ મિ.ત્રિવેદીએ તા. ૧૮-૪-૦૯ના અંકમાં કેટલાક નિર્બન્ધ દુષ્પ્રલાપ કર્યો છે, તેના ઉપશમાર્થે યદિકિંચિત્ લખવામાં આવે તો તે ક્ષન્તવ્ય ગણશો.

તા. ૪-૪-૦૯ના અંકમાં વેદનું અનિત્યત્વ અને તા. ૧૮-૪-૦૯ના અંકમાં વેદનું મિથ્યાત્વ મિ.ત્રિવેદી અંગીકાર કરી ચુક્યા છે. વેદને અનિત્ય અને મિથ્યા માને તે અવૈદિક, શંકરજી અને તેના અનુયાયી વેદને અનિત્ય અને મિથ્યા માને છે, તેથી શંકરજી અને તેના અનુયાયી અવૈદિક છે, એમ શુદ્ધ નિર્દુષ્ટ અનુમાનથી સિદ્ધ થઈ રહે છે, એટલે નિગ્રહસ્થાનમાં મિ.ત્રિવેદી સપડાઈ ગયા છે એમ સર્વે સજ્ઞાન પુરુષની પ્રતીતિ થઈ ચુકી છે.

શ્રીમદ્વલ્લભાચાર્યજીના ' ભાસ્યબોધ ' અને ' પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ' સંબંધમાં પણ કુતર્કથી જે આક્ષેપ મિ.ત્રિવેદીએ કરી હતી તેનું પણ પર્યાપ્ત યોગ્ય ઉત્તર આપીને વૈદિક મોક્ષનું પણ ભાન કરાવીને. સૌકાલીન વેદાનીન પુષ્ટિમાર્ગ અત્યંત વૈદિક હોવાથી વેદનો પણ આધાર છે એમ સિદ્ધ કરી આપ્યું છે. પ્રશ્નોત્તરાર્થે સમાપ્ત થઈ ગયું, સત્યાસત્યનિર્ણય વાચકે કરી લીધો, તથાપિ દાપટ્યવશાત્ત્રિકુન્નાદર ત્રિવેદિત્વની કુટિલતાનું પણ સહજ નિર્ણાન કરાવને જ મિ.ત્રિવેદીને પોતાને પિષ્ટપેષણ કરવું પડ્યું છે.

શ્રીમદ્વલ્લભાચાર્યજીના અનુયાયીને અક્ષરાતીત તિરોધાનંદ અને વૈદિક બ્રહ્માનંદની પણ અપેક્ષા નથી, કારણ કે તેમને સર્વોત્તર સ્વરૂપાનન્દનો અધિકાર છે, એમ પુનઃ પુનઃ અપ્રતિક્ષિપ્ત મિ.ત્રિવેદીને સંસ્મરણ કરાવવું પડે છે. ' ભાસ્યબોધ ' અર્થાત્ ગ્રંથ ' બ્રહ્મસૂત્રભાષ્ય ' કહેવાય છે એ ભૂલી જઈને મિ.ત્રિવેદીના ઉત્તરમાં નવીન ચૂક થઈ ગઈ છે, તેથી અત્ર ' બ્રહ્મસૂત્રભાષ્યનો અર્થ સ્પષ્ટ કરીએ છીએ. **'सिद्धान्तस्य तदेकदेशस्य वा प्रतिपादकः शास्त्रीयोऽल्पग्रन्थः प्रकरणम्'** ' સિદ્ધાન્તને અથવા સિદ્ધાન્તના અમુક અંશને પ્રતિપાદન કરનાર શાસ્ત્રીય અલ્પગ્રન્થ ' શાંકર મતમાં પણ ' પ્રકરણગ્રંથ ' કહેવાય છે. પ્રકરણગ્રન્થ શાસ્ત્રીય છતા અલ્પ હોવાથી, સમગ્રવિગ્રહી આત્માને તેના અર્થજ્ઞાનમાં સંક્ષેપ થાય તો મહાગ્રન્થનું શરણ અંગીકાર કરવું પડે છે. વૈદિકમોક્ષના મિ.ત્રિવેદીએ કરેલા દુરર્થનું ખંડખંડન કરીને શુદ્ધ અર્થ પણ આપવામાં આવ્યો છે, તથાપિ અપસ્મારગ્રસ્ત મિ.ત્રિવેદીને સર્વે વિપરીત જ ભાન થાય, એમાં આશ્ચર્ય નથી. મિ.ત્રિવેદીના પ્રત્યેક દુરુક્તનો પ્રતિક્ષેપ કરવામાં આવ્યો છે, તેથી ' અપ્રતિવિદ્વદનુમિતમ્ ' નહિ પણ ' અપ્રતિવિદ્વદનુમતમ્ ' ન્યાયનો અત્ર અવકાશ જ નથી. શ્રીમદ્વલ્લભાચાર્ય તો શું પણ સ્વયં શંકર ભાષ્યની એક પણ પંક્તિનો અર્થ મિ.ત્રિવેદીથી થઈ શકે એમ નથી. કારણ કે તેમને સંસ્કૃત ભાષા સાથે જ પરંપરાથી વિરોધ છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીમાં અનવધિકસચ્ચિત્વનો ગંધ પણ નથી, પરંતુ નિરોધરહિત સર્વનિધાનપરિપૂર્ણ મિ.ત્રિવેદી જ અનવધિકસત્ત્વની છે. ' **नायमात्मा प्रवचनेन लभ्यः** ' ઇત્યાદિ શ્રુતિ જ ઉપદેશે છે કે ' પરમાત્મા ઇન્દ્રિયાદિત અનવધાનાદિ સાધને કરીને લભ્ય નથી, પરંતુ પરસ્પૈકલભ્ય છે. ' પરમાત્મા અનુગ્રહૈકલભ્ય છે. ' **नाहं वेदैर्न तपसा** ' ઇત્યાદિ શ્રીમદ્ભગવદ્ગીતા પણ એ જ ઉપદેશનો અનુવાદ કરે છે. ભગવદનુગ્રહનું અવલમ્બન કરનારને અવૈદિક માનતાં મિ.ત્રિવેદી ' નાયમાત્મા ' ઇત્યાદિ શ્રુતિ અને ' **नाहं वेदैर्न तपसा** ' શ્રીકૃષ્ણવાક્યની ઉપર કરવાને સન્નિપાતમાં પડ્યા છે !!!

---

૧. આ ખંડ 'ગુજરાતી પંચ' માં મિ.ત્રિવેદીના આક્ષેપના ઉત્તરરૂપે તા. ૨-૫-૦૯ને દિવસે પ્રસિદ્ધ થયો હતો.

॥ मार्गस्वरूपनिर्णयः ॥

तथा सम्बन्धिभिः कृत्वा सर्ववस्तु समर्पयेत् ॥
स्वानन्यतानुसम्बन्धाभावो बाधक इष्यते ॥ १० ॥

શ્લોકાર્થ.—પૂર્વોક્ત પ્રકારવડે સ્વસંબંધિદ્વારા પોતાની સર્વ વસ્તુ પ્રભુને સમર્પવી. બ્રહ્મસંબંધદ્વારા પોતાને અનન્ય પ્રભુમાં સંબંધ જે પ્રાપ્ત થયો છે, તેનું વિસ્મરણ થવું તે અત્ર મહાન્ બાધક પુષ્ટિમાર્ગમાં ગણાય છે.

ભાવાર્થ.—આ ભાવાત્મકમાર્ગમાં પ્રભુને સર્વવસ્તુનું સમર્પણ એટલે સર્વે દૈહિક પ્રાસાદિક તથા લૌકિક પારલૌકિક સર્વે ભગવત્સ્વે જ છે, એ વિભાવના કરીને પોતાના દેહેંદ્રિયપ્રાણાંતઃકરણાદિકને સાક્ષાત્ પ્રભુનો સંબંધ કરાવવો, એ સમર્પણ શબ્દનું તાત્પર્ય છે. સમર્પણ વ્યુત્પત્તિ **सम्यक् प्रकारेण अर्पणम् समर्पणम्.** અર્થ—સારી રીતે યાવત્ જીવં, પ્રભુના સંબંધ સિવાય અન્યત્ર કોઈ પણ વસ્તુનો સંબંધ થાય નહિ, એ પ્રકારે તદીયતાનુસંધાન રહ્યું આવે તે સમર્પણ કહેવાય. અર્થાત્ પ્રભુ સંબંધ સિવાય અન્યત્ર કોઈ પણ વસ્તુનો તથા દેહેંદ્રિયાદિકનો વિનિયોગ જીવન પર્યંત ન થવો, તે સમર્પણ કહેવાય. કારણ કે સારી રીતે અર્પણ કર્યું ત્યારે કહેવાય. પ્રભુવ્યતિરિક્ત અન્યત્ર કોઈ પણ પદાર્થે તથા દેહેંદ્રિયાદિકનો વિનિયોગ ન થાય ત્યારે જ સમર્પણ કહેવાય. પોતામાં અનન્યતા એટલે હું સર્વથા પ્રભુનો જ છું, પ્રભુ સિવાય સર્વે પરધર્મ છે, એવી અવ્યભિચારિણી ભક્તિનું વિસ્મરણ થવું તે આ પુષ્ટિમાર્ગમાં મહાબાધક છે. માટે જ સર્વે ધર્મત્યાગપૂર્વક સંબંધ પૂર્ણપુરુષસ્વરૂપ શ્રીકૃષ્ણમાં જ અનન્ય, અવ્યભિચારિણી પરા ભક્તિ કરવી, એ અત્ર ફલિતાર્થ નિષ્પન્ન થાય છે.

यथा सम्बन्धिभिः साकं स्वपातिव्रत्यरक्षणम् ॥
तथात्र ब्रह्मसम्बन्धचिन्तनं तादृशैर्जनैः ॥ ११ ॥

શ્લોકાર્થ.—જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના સંબંધીઓની સાથે રહીને પોતાના પાતિવ્રત્યનું રક્ષણ કરવું, તેમ જ અત્ર પુષ્ટિમાર્ગમાં તાદૃશીય ભગવદીયોની સાથે રહીને બ્રહ્મસંબંધનું ચિંતન કરવું.

ભાવાર્થ.—અત્ર શ્રીમદાચાર્યના તાત્પર્યનું સંસ્મરણ કરવું. **निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः** સ્વધર્મ રક્ષણાર્થે તાદૃશીય જનની સાથે નિવેદનનો વિચાર કરવો. અર્થાત્ નિવેદનમંત્રદ્વારા સર્વે દેહેંદ્રિયાદિકનો પ્રભુમાં વિનિયોગ થયો છે, તેમાંથી કંઈ કંઈ ઇંદ્રિયો પ્રભુમાં નથી લાગી, તેનો વિચાર ભગદીય પાસેથી કરી પ્રભુપરાયણ કરવી. બ્રહ્મસંબંધચિંતનનું એટલે અનંત પુરુષોત્તમથી જીવ પ્રભુ પાસેથી વ્યુચ્ચરણ પામ્યો છે, તન્નિમિત્ત તાપક્લેશની આવશ્યકતા છે, જે ભક્તિમાર્ગમાં ભગવદ્વિરહજન્ય તાપ તથા ભગવદ્દર્શનાર્થે ક્લેશ અને સંગમસામયિક આનંદની આવશ્યકતા છે. પુષ્ટિમાર્ગમાં તાપ, ક્લેશ અને આનંદ એ ત્રણે દોષાત્મક છે. તે ત્રણેને ઓળંગી આવીને અહંતામમતાદમક સંસારમાં પડવાથી જીવ ગુમાની બેઠો છે, માટે શ્રીમદાચાર્યના કૃપાપાત્ર તાદૃશીય ભગવદીયની સંગતિ કરીને તે તાપાદિકની ઉપલબ્ધિ કરવી ઉપપન્ન છે. પતિવ્રતા સ્ત્રી જેમ પોતાના આત્માને અન્યના સંપર્કથી બચાવે છે, અને સ્વપતિના સંબંધિ પાસે જ પાતિવ્રત્ય બતાવવા પતિની જોરદારીમાં રહે છે, તેમ પુષ્ટિમાર્ગીય ભગવદીયોએ પણ પ્રભુના સાનુભાવ પદાર્થો પ્રભુથી વિમુખ વિજાતીય અન્યમાર્ગીય જીવોથી અને અન્યાશ્રયથી બચીને રહેવું, અને ભગવદીયતાનો સાક્ષાત્ અનુભવ થયા પછી **न विमोक्ति कृतघ्नवत्** એ ઉપનિષદ્વાક્યથી અયોગ્ય જ તેને થઈ રહે છે. આવા વિરલ ભગવદીયને પ્રત્યુત કરનાર કોઈ પણ કોઈ શક્તા નથી, તો બીજું તો સામર્થ્ય કયાંથી અપેક્ષા હોય ? માટે સાંપ્રતકાલમાં આધુનિક વૈષ્ણવોએ તો તાદૃશીય વૈષ્ણવની સાથે મળી નિવેદનનું જે અન્ન માણ તે તો કર્તવ્યરૂપે નિષ્પન્ન થયું. અન્યથા અનન્યતાના ભંગનો પ્રસંગ થવા સંભવ છે.

વેદને અનિત્ય અને મિથ્યા માનનાર વૈદિક કહેવાય કે ?

(૩)

'[1]ગુજરાતી પંચ'ના તા. ૧૧-૪-૦૯ના અંકમાં મિ. ત્રિવેદીના સર્વે પ્રશ્નના ઉત્તર આપી ગયા છે, અને 'તટસ્થ' વિવેચક વાચકો જોઈ તેવી સત્યાસત્યનિર્ણય પણ કરી જ લીધો છે, તથાપિ 'સાર્વજનિક સૌમનસ્યનો આડંબર કરનાર શાનશત્રુવિદ્વજ્જન મિ.ત્રિવેદીએ તા. ૧૮-૪-૦૯ના અંકમાં કેટલાક નિર્બન્ધ કુપ્રલાપ કર્યો છે, તેના ઉપશમાર્થે કંઈકચિત્ લખવામાં આવે તો તે સન્તોષ અનુભવે.

તા. ૪-૪-૦૯ના અંકમાં વેદનું અનિત્યત્વ અને તા. ૧૮-૪-૦૯ના અંકમાં વેદનું મિથ્યાત્વ મિત્રિવેદી અંગીકાર કરી ચુક્યા છે. વેદને અનિત્ય અને મિથ્યા માને તે અવૈદિક, શંકરજી અને તેના અનુયાયી વેદને અનિત્ય અને મિથ્યા માને છે, તેથી શંકરજી અને તેના અનુયાયી અવૈદિક છે, એમ શુદ્ધ નિર્દુષ્ટ અનુમાનથી સિદ્ધ થઈ રહે છે, એટલે નિમદ્રસ્થાનમાં મિ.ત્રિવેદી સપ્ડાઈ ગયા છે એમ સર્વે ચક્ષુષ્માન્ પુરુષની પ્રતીતિ થઈ ચુકી છે

શ્રીમદ્વલ્લભાચાર્યજીના 'ભાસ્યબીજ' અને 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રંથમાં પણ કુતર્કથી જે આક્ષેપ મિ.ત્રિવેદીએ કરી હતી તેનું પણ પદ્યાર્થે મોજા ઉત્તર આપીને વૈદિક મોક્ષનું પણ ભાન કરાવીને, સાકલ્યેન વેદપ્રતિપાદ્ય પુષ્ટિમાર્ગ અત્યંત વૈદિક હોવાથી વેદનો પણ આધાર છે એમ સિદ્ધ કરી આપ્યું છે. પ્રશ્નોત્તરદ્વારે સમાપ્ત થઈ ચુકયું, સત્યાસત્યનિર્ણય વાચક કરી લીધા, તથાપિ કપટ્યવાપ્તિજ્ઞાનકર ત્રિવેદિનુની કુટિલતાનું પણ છેલ્લું નિર્બન્ધ જવાને જ મિ ત્રિવેદીને પોતાને પિષ્ટપેષણ કરવું પડ્યું છે.

શ્રીમદ્વલ્લભાચાર્યજીના અનુયાયીને અનિત્યત્વ વિયત્પાદ અને વૈદિક બ્રહ્માનંદની પણ અપેક્ષા નથી, કારણ કે તેમને સર્વોત્તર સ્વરૂપાનન્દનો અધિકાર છે, એમ પુન. પુનઃ અર્થવિક્ષિપ્ત મિ.ત્રિવેદીને સંસ્મરણ કરાવવું પડે છે. 'ભાસ્યબીજ' અર્થાત્ ગ્રંથ 'પ્રકરણમન્થ' કહેવાય છે એ અવધ કરીને મિ.ત્રિવેદીના ઉદરમાં નવીન શૂલ થઈ આવ્યું છે, તેથી અત્ર 'પ્રકરણમન્થનો અર્થ સ્પષ્ટ કરીએ છીએ. **'सिद्धान्तस्य सदेकदेशस्य वा प्रतिपादकः शास्त्रीयोऽल्पग्रन्थः प्रकरणम्'** 'સિદ્ધાન્તને અથવા સિદ્ધાન્તના અમુક અંશને પ્રતિપાદન કરનાર શાસ્ત્રીય અલ્પગ્રન્થ' શંકર મતમાં પણ 'પ્રકરણગ્રંથ' કહેવાય છે. પ્રકરણગ્રન્થ શાસ્ત્રીય હોવાથી અલ્પ હોવાથી, સમાધિનિષ્ઠની બાજુને તેના અર્થજ્ઞાનમાં સંક્ષેપ થાય તો ભક્તિમાર્ગનું શરણ અંગીકાર કરવું પડે છે. મૌક્તિકમોક્ષના મિ.ત્રિવેદીએ કરેલા દુરર્થનું ખંડખંડન કરીને શુદ્ધ અર્થ પણ આપવામાં આવ્યો છે, તથાપિ અપસ્મારગ્રસ્ત મિ.ત્રિવેદીને સર્વ વિપરીત જ ભાસ થાય, એમાં આશ્ચર્ય નથી. મિ.ત્રિવેદીના પ્રત્યેક કુતર્કનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે, તેથી 'अप्रतिषिद्धमनुमतम्' નહિ પણ 'अप्रतिषिद्धमनुमतम्' ન્યાયનો અત્ર અવકાશ જ નથી. શ્રીમદ્વલ્લભાચાર્ય તો શું પણ સ્વકીય શાંકર ભાષ્યની ઐદ પણ પંક્તિનો અર્થ મિ.ત્રિવેદીથી થઈ શકે એમ નથી, કારણ કે તેમને સંસ્કૃત ભાષા સાથે જ પરોક્ષથી વિદ્વેષ છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીમાં અનવધિકવ્યક્તિત્વનો દોષ પણ નથી, પરંતુ વિદ્વેષવશ સન્નિપાતપીડિત મિ.ત્રિવેદી જ અનવધિકત્વની છે. 'नायमात्मा प्रवचनेन लभ्यः' ઇત્યાદિ શ્રુતિ જ ઉપદેશે છે કે 'પરમાત્મા શબ્દવિહિત અધ્યયનાદિ સાધને કરીને લભ્ય નથી, પરંતુ વરણૈકલભ્ય છે.' પરમાત્મા અનુગ્રહૈકલભ્ય છે. 'नाहं वेदैर्न तपसा' ઇત્યાદિ શ્રીમદ્ભગવદ્ગીતા પણ એ જ ઉપદેશનો અનુવાદ કરે છે. ભગવદ્ગુણદોષનું અવધારણ કરનારને અવૈદિક માનતાં મિ.ત્રિવેદી 'नायमात्मा' ઇત્યાદિ શ્રુતિ અને 'नाहं वेदैर्न तपसा' શ્રીકૃષ્ણવાક્યની હત્યા કરવાને સન્નિપાતમાં ઉદ્યત થયા છે!!!

---

૧. આ ખંડ 'ગુજરાતી પંચ'માં મિ.ત્રિવેદીના આક્ષેપના ઉત્તરરૂપે તા. ૨-૫-૦૯ને દિવસે પ્રસિદ્ધ થયો હતો.

ત્રિદોષપ્રકૃતિને સર્વત્ર વિપર્યાસની જ સ્ફૂર્તિ થયા કરે એ સ્વાભાવિક છે. સાવધાન વિદ્વાનને અમારા લેખમાં તેવી સ્ફૂર્તિ થતી નથી, એટલે મિ.ત્રિવેદીની ઉપેક્ષા કરવામાં આવે છે.

વેદ, શ્રીકૃષ્ણવાક્ય, બ્રહ્મસૂત્ર, અને સમાધિભાષા એ પ્રસ્થાનત્રયીને અનુસરીને સપ્રમાણ શ્રીમદ્વલ્લભાચાર્યજીથી પ્રારંભી તેમના અદ્યાવધિ સર્વ અનુયાયીના સર્વે ગ્રન્થ શિરસાવન્દ્ય જ છે, એમાં પ્રશ્ન શું ?

'માયાવાદી'નો અર્થ કદી ચુકતા કીએ, પિષ્ટપેષણ કરવાનું કારણ નથી. વ્યાસજી 'માયાવાદી' છે એમ અમે કહ્યું નથી. યંત્રારૂઢ સર્વ અક્ષરને માપીએ કરીને અમલ કરાવનારથી (printer થી) કદાચિત્ તેમ થયું હોય તોયે ગુર્જરભિરાના બ્યાકરણનું અલ્પાલ્પ જ્ઞાન પણ જેને હોય તેને તે તરત સમજાય તેમ છે, છતાં મિ.ત્રિવેદી જેવા એક અક્ષરથી જ અર્થઘોટન કરનારને પણ ભ્રાન્તિ ન થાય તેવા હેતુથી શુદ્ધિપત્ર આપ્યું હતું, અને તે પણ તા. ૧૮ મીના અંકમાં સમગ્ર પત્રમાં મુદ્રિત જ છે. વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર, અને શ્રીમદ્ભાગવત સર્વે શુદ્ધ બ્રહ્મવાદી જ છે, માયાવાદી નથી.

'**इन्द्रो मायाभिः पुरुरूप ईयते**' શ્રુતિમાં માયાવાદ નથી, પરંતુ બ્રહ્મવાદ જ છે. પરબ્રહ્મ (પરમાત્મા) બુદ્ધિવૃત્તિઓએ કરીને અનેકરૂપ જણાય છે. સર્વત્ર એક જ સર્વરૂપ બ્રહ્મ વ્યાપક છે, તથાપિ બ્રહ્મની સ્ફૂર્તિ ન થતાં ભેદસ્ફૂર્તિ થાય છે તે બુદ્ધિની વૃત્તિઓને લીધે છે. અત્ર '**मायाभिः**' વડે '**अनिर्वचनीय सदसद्विलक्षणत्व**' શાંકરપરિભાષિક '**मिथ्या माया**' સમજવાની નથી. નિરુક્ત અને અનેકાર્થકોશમાં 'માયા'નો 'બુદ્ધિ'અર્થ સુપ્રસિદ્ધ જ છે. બુદ્ધિવૃત્તિઓએ કરીને પરબ્રહ્મ અનેકરૂપ જણાય છે. આ શ્રુતિમાં '**मायाभिः**' માં બહુવચન અને '**ईयते**' એ માયાવાદથી વિરુદ્ધ જાય છે. સર્વે બ્રહ્મ છે, તથાપિ સર્વેમાં બ્રહ્મની સ્ફૂર્તિ થતી નથી અને ભેદની સ્ફૂર્તિ થાય છે, એ બુદ્ધિવૃત્તિઓનું કાર્ય છે. નામરૂપાત્મક જગત્ માયાકાર્ય નથી, પરન્તુ અહંતામમતાત્મક સંસારની ભેદસ્ફૂર્તિ માયાઓનું કાર્ય છે. માયાએ કરીને ઇન્દ્ર પુરુરૂપ 'થતો નથી', પણ માત્ર પુરુરૂપ 'દેખાય છે'. પરમાત્મા અનેકરૂપ થાય છે તે માયાનું કાર્ય નથી, પરન્તુ ભિન્નરૂપ જણાય છે એ માયાઓનું અર્થાત્ બુદ્ધિવૃત્તિઓનું કર્મ છે. જેની બુદ્ધિવૃત્તિઓ સ્થિર છે તેને સર્વત્ર બ્રહ્મસ્ફૂર્તિ થાય છે, અને જેની બુદ્ધિવૃત્તિઓ ભ્રાન્ત છે તેને ભેદસ્ફૂર્તિ થાય છે. ઇતર શાન્કિય શ્રુતિઓનો પણ આ પ્રકારથી અર્થ ઘટાવી લેવો. ઘટાવતાં ન આવડે તો અજિતને પૃચ્છા કરવી, તપસ્યા કરવી, પણ શ્રુતિદ્વેષ કરવો નહિ. '**इन्द्रो मायाभिः**' આદિ શ્રુતિમાં પણ માયાવાદ નથી, વસ્તુતઃ શાંકરજ જ માયાવાદી-મિથ્યાવાદી-માયાવાદી છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદીની તો સર્વ સર્વત્ર જ્ઞાનભક્તિનિષ્ઠ સદાચારોમાં જ અમ મજુના છે.

જે અક્ષરત્રયમાં શ્રીમદ્વલ્લભાચાર્યજીના સંસ્કૃત ગ્રન્થોનું અવગાહન કરવાનું બળ ન હોય તેવા નિર્બળ જૈનેતર જંતુ અત્યંત શોચનીય છે. સંસ્કૃતજ્ઞને તો શ્રીમદ્વલ્લભાચાર્યજીના આચારવિચાર નિસર્ગતઃ સ્વયંગમ થઈ પડે છે. કોમળમુખ પુસ્તકાભાસ સદૈવ ઉપેક્ષ્ય છે. ભિક્ષુક સંન્યાસપાર્લામેંટના અપમૌપાર્જીત અલ્પાલ્પ જ્ઞાનની ધજ્જીયાં સાર્વભૌમ ક્ષિતીન્દ્ર કરે એ જરૂર નિર્મૂલ જ છે.

મિ.ત્રિવેદીને આખરે જ્ઞાન આપ્યું તો ખરું કે માધ્વજ્ઞ અને મધ્વાચાર્ય ત્રિભિન્ન વ્યક્તિ છે. શંકરજ્ઞના ભાષ્યાભ્યાસથી વિરુદ્ધ શ્રીરામાનુજ, શ્રીમધ્વ, શ્રીનિમ્બાર્ક, શ્રીમદ્વલ્લભાચાર્યજી, ભિક્ષુ, અને નીલકંઠ એ સાત આચાર્યોએ ભાષ્ય પ્રકટ કર્યાં છે. એ સાતે ભાષ્યકારોએ શંકરજ્ઞના દુર્મંતવ્યનું સમૂલોન્મૂલન કરી મૂકયું છે. માધવજ્ઞમાં કાંઈ વિદ્યા અને શંકરજ્ઞ મારે મોસાળ પણ અભિમાન હોય તો આ સર્વ ભાષ્યનું મનનાદિ તો કર્યું પણ યથાવિધિ અવલોકનમાત્ર કરીને, ગ્રન્થપ્રત્યની અવમાનના કરીને આ સર્વ ભાષ્યના પ્રત્યુત્તરરૂપ જગન્માન્ય શ્રીસંસ્કૃત લેખ લિખ કરતા

બહુપરિકર થવું બોધ્યું, એ સૂત્રનું અમે પુનઃ સ્મરણ કરાવીએ છીએ. 'અદ્વૈતસિદ્ધિ' આદિ ગ્રંથનાં નામ ગણાવવાથી માયાવાદ વૈદિક સિદ્ધ થતો નથી. શ્રીમદ્ભાષ્યાબ્ધિનાં સિદ્ધાન્ત શુદ્ધાદ્વૈત સંપ્રદાયમાં 'ભાષ્ય,' 'પ્રકાશ,' 'તત્ત્વદીપનિબંધ,' 'આનન્દકુભજ,' 'વિદ્વન્મણ્ડન,' 'સુવર્ણસૂત્ર,' 'પ્રકરણ,' 'પણ્ડિતકલ્પદ્રુમ,' 'પ્રમેયરત્નાર્ણવ' આદિ લક્ષાવધિ મન્થરત્નોમાં માયાવાદપરાકરણનું ખંડખંડન કર્યું છે. સર્વતન્ત્રસ્વતંત્ર શ્રીમદ્ભાષ્યાબ્ધિનાં અનુયાયીઓને શંકરાભાષ્યાદિનો 'હવાલો' આપવો પડતો નથી.

જગતને મિથ્યા માનનારને શ્રીકૃષ્ણચંદ્રે જ શ્રીમદ્ભગવદ્ગીતાના પોડશાધ્યાયમાં 'આસુર' કહ્યો છે. આસુર 'બ્રહ્મવાદી' હોઈ શકે નહિ; તેનો અધિકાર જ માયાવાદમાં છે. 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' ઇત્યાદિશ્રુત્યુક્ત બ્રહ્મવાદનો આદર જેવો શ્રીમદ્ભાષ્યાબ્ધિકારે કર્યો છે તેવો કર્તા વેદવ્યાસે પણ કરી શક્યા નથી, તો પામર માયાવાદીનો બ્રહ્મવાદમાં ચંચુપ્રવેશ જ કયાં ? શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદી જ શુદ્ધ 'વેદાન્તી' છે.

શ્રીનાથદ્વારાદિ આદિયમના મહાપુરુષોત્તમાબ્ધિની નિરીક્ષા તો દૂર રહી, પરન્તુ પણ શ્રીમદ્ભાષ્યના પુરુષોત્તમાબ્ધિની એકાદ વાર નિરીક્ષા કરી હોત તો શ્રીમદ્ભાષ્ય ઉપર કેવા કેવા શિષ્ટ વિશિષ્ટ દર્શનિકોની વિદ્વત્તેજસ્વરીઓએ ટીકા કરેલી છે તે સમજાત એમ છે. 'પ્રદીપ,' 'નિબન્ધ' 'પ્રકાશ,' 'રશ્મિ,' ઇત્યાદિ અણુભાષ્યની ટીકાઓમાંથી 'પ્રકાશ' તો મુદ્રિત પણ છે. 'શ્રીમદ્ભાષ્યપ્રકાશ' જેવી એક પણ પ્રામાણિક મન્થ શંકરાના ભાષ્યાભાસપર મિત્રિવેદી બતાવી શકશે ખરા ? વિદ્વાન પુરુષો બ્રહ્મવાદનો જ આદર કરે છે, માયાવાદનો આદર કરતા નથી. શંકરાના માયાવાદને 'સિદ્ધાન્તપરિમલ' કોણ કહે છે. 'શ્રીમદ્ભાષ્યાબ્ધિ' સિદ્ધસંમત છે, અને તેથી જ 'ભાસ્કરોદય' આદિ સમસ્ત પ્રકરણગ્રંથ પણ શિરસામાન્ય છે, એટલે પુષ્ટિમાર્ગના વૈદિકત્વ વિષે બે મત નથી.

શંકરાને 'પ્રચ્છન્નબૌદ્ધ' શ્રીવિઠ્ઠલેશે કયે સ્થલે કહ્યો છે એ વિષે મિત્રિવેદીને જ્ઞાતા કૃપા તો 'પદ્યાકલ્પપ્રમાણકૃત'નામધારી માધ્વજનને જ પૂછી લેવું. ત્યાં વેદ અનિત્ય અને મિથ્યા છે, ત્યાં વિઠ્ઠલેશનાં તેવાં વચન પણ અનિત્ય અને મિથ્યા છે, એટલે 'પ્રચ્છન્નબૌદ્ધ' પણ અનિત્ય અને મિથ્યા જ છે, તેનો માયાવાદ પણ અનિત્ય અને મિથ્યા જ છે એમ મનન કરીને બસ્યા જલ્પા પણ ઠંડા થઈ જવું. 'પદ્યાકલ્પપ્રમાણકૃત'નામધારીની તેવાં વાક્ય નહિ બતાવાય તો પછી અમે પ્રસિદ્ધિમાં બતાવીશું.

વસ્તુતઃ શંકરાજી વેદને અનિત્ય અને મિથ્યા માને છે તેથી શંકરાજી અવૈદિક છે એમ મિત્રિવેદીનો આંતર નિશ્ચય થઈ જ ગયો છે, એટલે સ્વેચ્છાથી જ નિગ્રહસ્થાનમાં આવી પડ્યા છે. હવે માધ્વજનને સારું લગાડવા અપ્રાસંગિક અને અપ્રસ્તુત પ્રસંગ ન કરતાં, શંકરાજીને પ્રસિદ્ધિમાં 'અવૈદિક' અંગીકાર કરવામાં જ ભૂલવું છે. વાદિપ્રતિવાદીના જલ્પપરાજયનો વિનિર્ણય કરવાનું કામ વિચક્ષણ સભ્યોનું છે. શંકરાજી વેદને અનિત્ય અને મિથ્યા માને છે, એમ મિ. ત્રિવેદી સ્પષ્ટ અંગીકાર કરે છે, એટલે નિગ્રહસ્થાનનું લક્ષણ મળી ચૂકે છે તે વિચારી લેવું. સ્વકીય વૈદિકત્વના સમર્થનની પ્રતિજ્ઞાનો સંન્યાસ કરવો એ તો જાતિભંગરૂપ સંન્યાસપરાકરણનું લક્ષણ જ છે. સ્વમતસમર્થનાર્થે એક પણ યુક્તિ કે યુક્તિ ન આપતાં સાક્ષાદ્ભગવત્પ્રેમગત પુષ્ટિમાર્ગ વિષે વિનંબ આરબીને અપ્રસ્તુત પ્રસંગમાં પડતાં પણ નિર્વિલંબને લજ્જા નથી હોય ! પુષ્ટિમાર્ગ 'नायमात्मा प्रवचनेन लभ्यो' ઇત્યાદિ સહસ્રાવધિશ્રુતિસિદ્ધ હોવાથી સ્વતઃ વૈદિક જ છે, પરન્તુ અપસ્માર થવાથી મિત્રિવેદીને ભ્રાન્તિ થઈ છે.

દુરાગ્રહતત્ત્વતરણિથી ભૂમણ્ડલના કયા અંધકારિત ભાગમાં પ્રવેશ છે તે જાણવાની અમને દરકાર નથી, તથાપિ જો તેનું અસ્તિત્વ થશે તો નિશાકર સાગરનો પણ પ્રાદુર્ભાવ થશે.

વેદમાં શુદ્ધ અદ્વૈત જ છે. પરમાર્થ દશામાં ભેદદૃષ્ટિનો અત્યંત અપભ્રમ થાય છે, એટલે વિશેષતઃ જગતમાં પણ બ્રહ્મત્વ અનુભવાય છે. વેદને મિથ્યા માનનાર નાસ્તિક કહેવાય છે. સ્વમતપ્રમાણે સ્વસિદ્ધાંતને સર્વ જ 'વૈદિક' કહે, પરંતુ 'વસ્તુતઃ વૈદિક' સિદ્ધાંત કર્યો છે એ સમીક્ષક જાણે છે. 'નિરુક્તિ' શબ્દ અશુદ્ધ છે, 'નિરુક્તિ' જોઈએ. સંસ્કૃત ભણ્યો, પછી પાદ પ્રારંભ્યો. શુદ્ધ અદ્વૈત સિદ્ધાંત વૈદિક જ છે, માયાવાદ વૈદિક નથી, તેથી શંકરાનુજાદિ સાતે ભાષ્યકારોએ તેને પુનઃ પુનઃ મંડ્યો છે. સંસ્કૃત જાણ્યા વિના પોતાનું ઘર જ તપાસ્યું નથી, તેથી બ્રહ્મવાદભવનની નિરીક્ષાનો આડંબર કરતાં ઉપહાસમાં ઉપસંહાર થાય છે.

પ્રસ્તુત પ્રસંગ 'વેદને અનિત્ય અને મિથ્યા માનનાર વૈદિક કહેવાય ?!' એ પ્રશ્નનો નિર્ણય કરવાનો છે. 'વેદને અનિત્ય અને મિથ્યા માનનાર પણ વૈદિક કહેવાય' એમ સિદ્ધ કરી આપ્યું, એટલે નિગ્રહસ્થાન, પ્રતિજ્ઞાહાનિ અને અપ્રસ્તુત પ્રસંગમાંથી મુક્તિ આપીશું. તે સામર્થ્ય ન હોય તો માધ્યસ્થનો સ્વીકાર કરીને ઉદરંપોષણમાત્ર કર્યા કરો, સત્યાન્વેષી કઠિન છે.

'ભાસબોધ' અને 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રંથ વિશે મિ.ત્રિવેદીએ પ્રશ્ન કર્યા તેનું યથાશક્તિ સપ્રમાણ સુસ્પષ્ટ ઉત્તર અમે આપી ચુક્યા છીએ. હવે શાંકર મત વૈદિક છે એ જ મિ.ત્રિવેદીએ નવરસ કાઢીને સિદ્ધ કરવાનું છે. શંકરજી કરીથી અવતરે તોએ શાંકર મત વૈદિક છે એમ હવે કોઈ પ્રેક્ષાવાન્ અંગીકાર કરે એમ રહ્યું નથી.

પુષ્ટિમાર્ગમાં લોક અને વેદની અપેક્ષા નથી, લોક અને વેદનો ભય પણ નથી. પુષ્ટિમાર્ગમાં લોકના, વેદના અને સર્વના નિયામક પરમાત્માની જ અપેક્ષા છે, એટલે તેમાં લોક અને વેદની પૃથક્ અપેક્ષા ન જ હોય. છાંદોગ્યમાં નવમ પ્રપાઠકમાં નારદ અને સનત્કુમાર ભક્તના ભૂમવિદ્યાપ્રસંગમાં "आत्मत एवेदं सर्वम्" કહીને ભક્તને પરમાત્માની જ અપેક્ષા છે એમ સ્પષ્ટ ઉપદેશ કર્યો છે. તૈત્તિરીયોપનિષદ્માં આનંદમયસ્વરૂપપ્રસ્તાવમાં आनन्दमय સ્વરૂપનું પાન કરનારને કોઈનું પણ ભય નથી એમ 'यतो वाचो निवर्तन्तेऽप्राप्य मनसा सह आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन' શ્રુતિ સ્વતઃ જ આજ્ઞા કરે છે. લૌકિક અન્નમય પ્રાણમય, અને વૈદિક મનોમય વિજ્ઞાનમય એ સર્વમાં સર્વાન્તર આનંદમય પુરુષ જ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ છે. પરમકારુણિક આનંદમયના આનંદની માત્રામાત્રમાં અન્નમયાદિ લૌકિક વૈદિકની ઉપજીવિકા ચાલે છે. આનંદમય પરમાત્માની ઉપરિ કોઈ નથી, તેથી આનંદમય પુરુષોત્તમના સ્વરૂપામૃતનું પાન કરનાર ભક્ત સ્વરૂપામૃતના ઉન્માદમાં સાધનભૂત મનોમય વેદની પણ અપેક્ષા અથવા ભીતિ ન રાખે એ પુષ્ટિમાર્ગનું પરમ ભૂષણ છે. ક્ષણ પ્રાપ્ત થયા પછી પણ સાધનને માયાવાદિવત્ મિથ્યા માનવામાં આવતું નથી, પરંતુ બ્રહ્મરૂપ જ માનવામાં આવે છે, એવી પરમવૈદિકતા પુષ્ટિમાર્ગની છે. લોકવેદાતીત જ્યાં વૈદિક પુષ્ટિમાર્ગનો સરસ બાગમાં સર્વોત્કર્ષ સિદ્ધ કરવાનું માન શ્રીમદ્વિઠ્ઠલેશ્વરપ્રભુને ઘટે છે. પરમાત્મામાં મુદ્દલ સર્વતોધિક સ્નેહ સિદ્ધ થયા પછી માહાત્મ્યજ્ઞાન પણ ઊંચું છે. વેદ, ગીતા બ્રહ્મસૂત્ર, અને સમાધિભાષાની યથાશ્રુત મીમાંસા કરતાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના અવલંબનપૂર્વક પુષ્ટિમાર્ગ વિના બીજો કોઈ પણ સિદ્ધ કરવાની મોકળપના જેવા દાસ્યભાવ છે. માધ્વજી તો શું પણ તેમના અમીક ગુરુ શંકરજી પણ પુનઃ જન્મે તોએ માયાવાદ વૈદિક છે એમ આ સમીક્ષાગ્રંથમાં સિદ્ધ થયું અશક્યવત્ભાસમાન છે.

मायावादकरीन्द्रदर्पदलनेनास्पेन्दुराजोद्गत-
श्रीमद्भागवतास्यदुर्लभसुधावर्षेण वेदोक्तिभिः।
राधावल्लभसेवया तदुचितप्रेम्णोपदेशैरपि
श्रीमद्वल्लभनामधेयसदृशो मार्गो न भूतोऽत्यपि ॥

(૪)

'તા.' ૬ ઠ્ઠના 'મુંબઈ સમાચાર'માં ર.'ઉપાધ્યક્ષ-ઉત્તર. ત્રિવેદી'ની સહીથી જે લેખ પ્રકટ કરવામાં આવ્યો છે તેનું ઉત્તર શ્વેત વેદ્યુત ર.ચંદ્રશેખર નગીનદાસ શાહ તરફથી તા. ૨૮-૩-૦૬ના 'ગુજરાતી પંચ'માં અને તા ૪-૪-૦૬ના 'આર્યપ્રકાશ'માં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તા.૪-૪-૦૬ના 'ગુજરાતી પંચ'માં ર.ત્રિવેદી તરફથી શ્રીમદ્શંકરાચાર્યના સિદ્ધાન્ત વિષે કેટલાક પ્રશ્ન કરવામાં આવ્યા હતા, તેનાં પણ સંતોષકારક ઉત્તર તા.૧૧-૪-૦૬ના 'ગુજરાતી પંચ'માં પ્રસિદ્ધ થઈ ચુક્યાં છે, તથાપિ ર. 'તટસ્થ'ના ઉપરક્ત[1] ભ્રમાર્થે કદિચિત્ સભ્યતામાં આવે છે તેને આપના પત્રમાં સ્થાન આપવા કૃપા કરશો.

'તટસ્થ' પુછે છે કે 'નામદાર મુંબઈ હાઇ કોર્ટે કરાવેલા પ્રચ્છન્નશાક્ત અને સૈદ્ધિકમોક્ષવાદી વૈદિક શી રીતિ કરી શકે છે ?'

ઉત્તરમાં જણાવવું પડે છે કે હાઇ કોર્ટે આદિ ન્યાયસ્થાનું કામ વ્યાવહારિક ન્યાય આપવાનું છે; અદ્વૈતવાદ, શાક્તવાદ, પ્રકૃતિવાદ, પરમાણુવાદ ઇત્યાદિ વાદમાં કયો વાદ વૈદિક છે અને કયો વાદ વેદવિરુદ્ધ છે તે નિર્ણય કરવાનું કામ હાઇ કોર્ટે આદિ ન્યાયસંસ્થાનું નથી, અને તેથી જ શ્રીમદ્-શંકરાચાર્યજીના વૈદિક સિદ્ધાંતને નામદાર મુંબઈ હાઇ કોર્ટે કદાપિ પ્રચ્છન્નશાક્ત અથવા સૈદ્ધિકમોક્ષવાદી કહ્યો જ નથી. શ્રીમદ્શંકરાચાર્યજી શુદ્ધ અદ્વૈતવાદી બ્રહ્મપરમાત્મા છે, એમ જગતીતલમાં સર્વત્ર સુવિખ્યાત જ છે.

ર.'તટસ્થ' જણાવે છે કે બૌદ્ધનો પ્રચ્છન્ન કહ્યાનું માન મેક્સમુલર આદિ પાશ્ચાત્ય પંડિતો આદિ શંકરાચાર્યને આપે છે, અને રમેશચંદ્ર દત્ત આદિ ઇતિહાસલેખકો તે વાત કબુલ રાખે છે, વિશેષમાં ર.'તટસ્થ' સી. જે. માસ્ના પુસ્તકમાંથી પોતાનો સર્વાંશે માન્ય ઉલ્લેખ પણ કરે છે.

આ સર્વ આક્ષેપનું ઉત્તર નીચે પ્રકારે છે. ઉલ્લેખમાંથી એમ ફલિત થાય છે કે શંકરાચાર્ય આફ્રિટ પછી આઠમા સૈકામાં થયા. ર.'તટસ્થ'ના ઉલ્લેખમાં શંકરાચાર્યનો કાલ આપ્યો છે તે માત્ર માધ્વતીર્થે આદિ શંકરમતાનુયાયીઓને જ માન્ય નથી એમ તેમના ગુરુસ્થાનમાંથી વારંવાર નીકળતી આવૃત્તિઓમાં આપણી શંકરાબ્દસંખ્યાથી સિદ્ધ થાય છે. માધ્વતીર્થના મતપ્રમાણે શંકરાચાર્યને ૨૩૭૯ વર્ષ થયાં, અર્થાત્ ક્રાઇસ્ટની પૂર્વે પાંચમા શતકમાં શંકરાચાર્ય થઈ ગયા એમ માધ્વતીર્થના મતથી વિરુદ્ધ ર.'તટસ્થ'નો ઉલ્લેખ છે. ર.'તટસ્થ'ના ઉલ્લેખમાંથી એમ પણ ફલિત થાય છે કે શંકરાચાર્યે સ્વતઃ ચાર મઠ સ્થાપ્યા, પરન્તુ પ્રો.ધ્રુવ શુદ્ધ શાંકર છતાં આ વાત અંગીકાર કરતા નથી, એમ માધ્વતીર્થના લેખમાં પ્રો.ધ્રુવની જુબાની ઉપરથી સ્પષ્ટ નિર્મલ થાય છે. ર.'તટસ્થ'ના ઉલ્લેખમાંથી એ સિદ્ધાન્ત જ્યારે માધ્વતીર્થે અને પ્રો.ધ્રુવ જેવા શાંકર જ અંગીકાર કરતા નથી ત્યારે તે ઉલ્લેખ કોઈ પણ રીતે વજનદાર ગણાય નહિ. વસ્તુતઃ ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસનું સર્વમાન્ય એક પણ પુસ્તક અદ્યાવધિ પ્રસિદ્ધ જ થયું નથી કે જે માનનીય છે. બૌદ્ધધર્મનો સમૂલ નાશ કરતા સર્વ આસ્તિક દર્શનકારોએ સ્વસિદ્ધાન્તાનુસાર પ્રકાશ કર્યો છે. એમ ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસાનાં સૂત્રમાત્ર વાચનારને પણ સુવિદિત જ છે. બૌદ્ધનું બધાયે ખંડન કરીને વૈદિક સિદ્ધાન્ત સ્થાપવાનું માન જૈમિનિના એકલાનું કુમારિલભટ્ટ કે શ્રીમદ્વેદવ્યાસજીના એકલાનું શંકરાચાર્યને ન આપતાં જૈમિનિને અને તેથી પણ વિશેષ ભગવાન્ વેદવ્યાસજીને જ અભિયુક્ત પુરુષો આપતા આવ્યા છે. બૌદ્ધમતનું ખંડનનું માન અભિયુક્ત પુરુષો કુમારિલભટ્ટને આપતા નથી, એટલું કે બધાયે કુમારિલભટ્ટ

---

૧. 'કાઠીઆવાડ, ભલીકાંઠા, રેવાકાંઠા અને પાલનપુર ગેઝેટ'માં મિ.'તટસ્થે' કરેલી ર્ંકાનું ઉત્તર આ ખંડમાં આપવામાં આવ્યું છે. તે જ સાપ્તાહિકમાં તા.૬-૫-૧૯૦૬ ના અંકમાં આ વિભાગ પૂર્વે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

વેદને નિત્ય અને અપૌરુષેય માને છે, તથાપિ કુમારિલભટ્ટ કેવલ કર્મવાદી છે અને તે સર્વપ્રકારે કર્મનિયામક ઈશ્વરનો પણ અંગીકાર કરતા નથી. એવા કર્મજડ મીમાંસક વિષે શ્રીકૃષ્ણ શ્રીમદ્ભગવદ્ગીતાના દ્વિતીયાધ્યાયમાં નીચે પ્રમાણે નિજ અભિપ્રાય આપે છે:—

यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीतिवादिनः ॥
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥
भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥

બૌદ્ધમતના ખંડનનું માન અભિયુક્ત પુરુષો શંકરાચાર્યને તો આપતા જ નથી, કારણ કે શંકરાચાર્યે તો બૌદ્ધનું ખંડન કરવાને બદલે વેદમાં પ્રવેશ કરીને બૌદ્ધમતનું ખંડન કર્યું છે. શંકરાચાર્યે ઉપનિષદ્, ગીતા, અને બ્રહ્મસૂત્રનો અનર્થ કરીને પ્રબળ બ્રહ્મવાદનો ઉચ્છેદ કર્યો છે. પામર બૌદ્ધ તો વેદને જ માનતો નથી, પરન્તુ પ્રચ્છન્નબૌદ્ધ શંકરાચાર્ય તો વેદને પ્રમાણ માનવાનો ને મનાવવાનો આડંબર કરીને વેદને અનિત્ય અને મિથ્યા કહીને વેદની તિરસ્કૃતિ કરે છે. બૌદ્ધમતનું સ્વતંત્ર બુદ્ધિબળે બૌદ્ધ મતનું સ્થાપન કરે છે, પરંતુ શંકરાચાર્ય તો વેદને માનવાનો અને પરમ વૈદિક આચાર્ય શ્રીમદ્વેદવ્યાસજીના બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય લખવાનો ભારેભમ આડંબર કરીને વેદ અને વેદવ્યાસ ઉભયથી વિરુદ્ધ માયાવાદનાસ પ્રસારીને બૌદ્ધમતનું ખંડન નહિ પ્રત્યુત મંડન કરે છે. શ્રુતિમાં, ગીતામાં કે બ્રહ્મસૂત્રમાં વેદને કયે સ્થલે મિથ્યા અને અનિત્ય કહ્યો છે તે કોઈ શાંકર બતાવશે ખરો કે? શ્રુતિ ગીતા સૂત્રમાં વેદને સત્ય અને નિત્ય માન્યા છે, બ્રહ્મને આનંદાકાર માન્યું છે, જીવને અણુ અને અંશ માન્યો છે, જગતને બ્રહ્મનું સત્ય કાર્ય માન્યું છે, અને સાંખ્ય યોગ તપ વૈરાગ્ય અને ભક્તિ એ પંચ અંગ વડે અથવા સાક્ષાત્ ભગવદનુગ્રહથી પરબ્રહ્મની પ્રાપ્તિ માની છે. આ સર્વથી વિરુદ્ધ શંકરાચાર્ય વેદને અનિત્ય અને મિથ્યા માને છે, બ્રહ્મને કેવલ નિરાકાર માને છે, જીવને જ બ્રહ્મ કલ્પીને વ્યાપક માને છે, જગતને પરમાર્થતઃ મિથ્યા માને છે, ગુરુ સાક્ષાત્કારોપત્તિ સર્વને મૃષા માનીને લોકમાં વ્યામોહ કરે છે. બ્રહ્મસૂત્રના દ્વિતીયાધ્યાયના તર્કપાદમાં ૨૬મા સૂત્રમાં બૌદ્ધખંડનપ્રસ્તાવમાં શ્રીમદ્વેદવ્યાસજી આજ્ઞા કરે છે કે 'અસત્માંથી સત્ કાર્ય થઈ શકે નહિ,' સત્ બ્રહ્મમાંથી જ સત્ કાર્ય થઈ શકે, તથાપિ શંકરાચાર્ય સદસદ્વિલક્ષણ અસદપરપર્યાય અવિદ્યાને જગતનું કારણ કહે છે. ૨૬ અને ૨૭મા સૂત્રમાં શ્રીમદ્વેદવ્યાસજીએ કારણને સત્ કહ્યું છે, તેથી વિરુદ્ધ જઈને શંકરાચાર્ય કારણને અસત્ કહે છે. બ્રહ્મસ ૨૮મા સૂત્રમાં શ્રીમદ્વેદવ્યાસજી આજ્ઞા કરે છે કે 'કાર્ય સત્ય છે, કારણ કે કાર્યની ઉપલબ્ધિ થાય છે.' શંકરાચાર્ય આથી વિરુદ્ધ જઈને કાર્યને અસત્ માને છે. ૨૯મા સૂત્રમાં શ્રીવ્યાસજી સ્પષ્ટ કહે છે કે 'આ જગત્ સ્વપ્નાદિવત્ મિથ્યા નથી, કારણ કે સ્વપ્નાદિ અને જગતમાં મોટું વૈધર્મ્ય છે, જગતને મિથ્યા માનતાં મોક્ષાર્થ પ્રવૃત્તિનો જ વ્યાઘાત થઈ જાય'. આ સર્વથી વિરુદ્ધ શંકરાચાર્ય જગતને અસત્ય માને છે, અને મોક્ષાર્થ પ્રવૃત્તિનો જ વ્યાઘાત કરી મૂકે છે. આવા વેદદ્રોહી, વ્યાસદ્રોહી, જગદ્રોહી, પ્રચ્છન્નબૌદ્ધ શંકરને બૌદ્ધમતના ખંડનનું લેશમાત્ર પણ માન ન આપતાં અભિયુક્ત સ્થિતપ્રજ્ઞ પુરુષો સદાસર્વદા તે માન શ્રીમદ્વેદવ્યાસને જ આપે છે તે અત્યંત યોગ્ય છે. માત્ર સંપ્રદાય વેદદ્રોહ અને વેદવ્યાસદ્રોહ સહન ન કરી શકે એ ઉપયુક્ત છે, કારણ કે 'मायेत्यसुराः' 'असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम्' ઇત્યાદિ વાક્યમાં પણ માયાવાદને 'આસુર' કહ્યો છે.

રા.'તટસ્થ' 'ગૌત-વૈષ્ણવ' શબ્દનો અર્થ અને તેમને માન્ય પ્રમાણ ગ્રંથોનાં નામ પૂછે છે! 'ગૌત' એટલે 'વૈદિક', અને 'વૈષ્ણવ' એટલે 'આત્માભ્યંતરાનંદવિષ્ટ શ્રીકૃષ્ણનો સંબંધી.' 'ગૌત વૈષ્ણવ' એટલે વેદાસ્તિત્વપ્રમાણસિદ્ધ આત્માભ્યંતરાનંદાવિષ્ટ શ્રીકૃષ્ણનો સંબંધી. પૂર્વ અને ઉત્તર ઉભયમીમાંસક વેદ, શ્રીમદ્ભગવદ્ગીતા, બ્રહ્મસૂત્ર, અને સમાધિભાષા એ પ્રસ્થાન ચતુષ્ટયને અનુકૂલ શ્રીમદાચાર્યચરણથી પ્રારંભીને અદ્યાવધિ સર્વ મહાનુભાવો અનુયાયિમાત્રના ગ્રંથો બ્રહ્મવાદમાં સર્વોપરી સન્માન્ય છે.

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥ १ ॥
उत्तरं पूर्वसन्देहवारकं परिकीर्तितम् ।
अविरुद्धं तु पत्त्वस्य प्रमाणं तच्च नान्यथा ।
एतद्विरुद्धं यत्सर्वं न तन्मानं कथंचन ॥ २ ॥

પારમાર્થિક બ્રહ્મવાદમાં લાઘવગૌરવ કોઈ આદિ હેતુભાત્ર ઉપયુક્ત થઈ શકતો નથી, તથાપિ રા.'તટસ્થ'ની તેવી જ વૃત્તિ હશે તો માધ્વતીર્થોદિયી વિરુદ્ધ કોઈ ગૌડ્ય કોડ્ય નથી, એટલે તેનું પણ રહસ્ય જનસમાજમાં મુકવાની અમને દરકાર નથી.

जीर्णवार्णपर्णाकीर्णविविधमतमवनमये वर्णपुरे स्वयं वसन् दूषणदहनमुद्गा-
धयन निजभवनदारं किं नानुसंधत्स इतिचेदायि देवानांप्रिय न वेत्सि किं युक्ति-
कनकपंकसंघट्टितविविधनिगममहामणिविरचितं ब्रह्मवादभवनं मम ॥

'पुष्टिप्रवाहमर्यादाभेद' ગ્રન્થનું રહસ્ય રા.ત્રિવેદી સમજી શક્યા નથી એ તા. ૧૧-૪-૦૬ ના 'ગુજરાતી પંચ'માં તે તે શ્લોકના તાત્પર્યાર્થ વિસ્તારથી આપીને સિદ્ધ કર્યું છે. पुष्टिमार्गीयखण्डनादि ગ્રન્થ વિષે રા.ત્રિવેદીનો પ્રશ્ન છે૬ તા.૧૮-૪-૦૬ ના 'ગુજરાતી પંચ'માં આપ્યો છે, તથાપિ તેનું પણ સ્પષ્ટ ઉત્તર ગૌત વૈષ્ણવે બારનું પણ વિસ્તારથી મોકલી આપ્યું છે.

માધ્વતીર્થે કયી ચોપડી ભૂમંડલના કયા દેશમાં છપાવી પ્રસિદ્ધ કરી છે તે જાણવાની અમને દરકાર નથી. માધ્વતીર્થને સંપ્રદાયની સમીક્ષા કરવાની આકાંક્ષા હોય તો તેણે તે ચોપડી બીનાયક દ્વાર, ગ્રીસ, ત્રિપદી, પ્રિંકુપી આદિ ધામમાં વિરાજમાન સર્વ વૈષ્ણવાચાર્યોને મોકલી આપવી, જેથી તેનું યથાર્થ ઉત્તર મળે. અસૂયાસહિત ત્યાગ કરીને સાક્ષાત્ વૈષ્ણવાચાર્યોની સન્મુખ થવાનું માધ્વતીર્થમાં પીઠ ન હોય તો તે તે સંપ્રદાયના પ્રસિદ્ધ શાસ્ત્રીઓને તે ચોપડી મોકલી આપવાથી પણ પરાઙ્મુખ માધ્વતીર્થને ન્યાય મળ્યા વિના રહેશે નહિ. ન્યાય યાચનારે કદાપિ અધીર થવું નહિ.

સંકરાચાર્યના મતથી વિરુદ્ધ શ્રીરામાનુજ, શ્રીમધ્વ, શ્રીનિમ્બાર્ક, શ્રીવલ્લભ, શ્રીભાસ્કર, વિજ્ઞુ, અને નીલકંઠ એ સાતે ભાષ્યકારોએ સ્વસ્વસિદ્ધાંતાનુસાર ભાષ્ય લખ્યાં છે. એ સાતે ભાષ્યકારો પ્રકરે પ્રકરે પણ શાંકરમતોન્મૂલન કરવામાં અતીવ નિપુણ છે, એટલે કોઈ પણ આચાર્યને બીજા આચાર્યની 'ગ્રાય' લેવાની જરૂર નથી, એટલું જ નહિ પણ જેવું માધ્વવાદસરીસૃપદલન શ્રીમદ્વલ્લભાચાર્યચરણે શ્રીમદ્ભાષ્યાદિમંજનાખપંજરે કરીને કર્યું છે તેવું બીજા કોઈ પણ આચાર્યથી થવું કઠિન છે એમ સાભિમાન કહીને પ્રમોદ પામીએ છીએ.

તા.૮-૪-૦૬ ના 'દેશી મિત્ર'માં આપેલી વાત નિર્મૂલ છે, કારણ કે પ્રામાણિક ગ્રંથોથી તે વિરુદ્ધ છે. શ્રીવિષ્ણુસ્વામીના સમુચ્ચ ભક્તિસંપ્રદાયથી શ્રીમદ્વલ્લભાચાર્યજીનો શુદ્ધાદ્વૈત ભક્તિસંપ્રદાય વિભિન્ન છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીને 'આદી' જ ન હતી, કે પદ્મગ્રંથ પ્રાપ્ત શ્રીકૃષ્ણદાસ શૂદ્ર ન હતા, પરંતુ દ્વિજ

હતા. શંકરાચાર્યના સંપ્રદાયમાં કલ્પિત શિષ્યપરંપરા છે, તેથી પદ્મપાદ સંભવે પણ ખરો, પરંતુ શ્રીમદ્વલ્લભાચાર્યજીના સંપ્રદાયમાં તો વૈદિક પુત્રપરંપરા છે, તેથી પદ્મપાદ સંભવતો જ નથી. અગ્નિકુમારયજ્ઞની અનન્ય ભક્તિથી જહ્નુગિરિ સદાસર્વદા પ્રસન્ન જ રહેતો એટલું જ નહિ પણ પેલા પાખંડિશિરોમણિ કાલનેમ્યવતાર ચિદ્રૂપનો અંતે માનવિધ્વંસ જ થયો, એ મોટાઓના ઇતિહાસમાં સુવિદિત જ છે. જહ્નુગિરિની જહ્નુગીરીમાં પણ નિષ્કપટભાવે વૈદિક બનાયાં હતાં !

બ્રહ્મનિર્ણયમાં બ્રહ્મવાદ અને માયાવાદ ઉભય વાદના મુખ્ય ગ્રન્થોના અભ્યયન વિના બીજા પ્રાકૃત સાધન વ્યર્થ છે. બ્રહ્મવાદ અને માયાવાદ ઉભયમાંથી કયો વાદ વૈદિક છે તે નિર્ણય કરવાનું કામ હાઇ કોર્ટનું નથી, પણ વેદશાસ્ત્રસંપન્ન વિદ્વદ્વરેનું છે એમ અમે કહી ચુક્યા છીએ. પાર્લામેંટનું શાસન કરવાને હાઇ કોર્ટ આદિ ન્યાયસંસ્થા સમર્થ જ છે.

શંકરાચાર્ય તેમના વાદમાં કયે માર્ગ હોય. શાંકરમતાનુયાયી મેક્યુમોટ બહાર પડ્યો તો શ્રીવલ્લભસિદ્ધાંતાનુયાયી પણ સજ્જ જ છે. શાંકરમતાનુયાયી પ્રજ્ઞની અલ્પ સોબ્યા વિષે વિચાર તા. ૧૧-૪-૦૯ ના 'ગુજરાતી પંચ'માં થઈ જ ગયો છે. ચંપક, કમલ, આદિ સુરભિ કુસુમો વિરલ હોય છે, અને કટક તો સર્વત્ર વિદ્યમાન હોય છે, તથાપિ ગોકુલમાં ચંપકાદિ કુસુમનો જ સુગન્ધ પ્રસરે છે. બી'ભાકિતરક્ષિત અનંત દુરત્યય કોરવસૈન્યસાગરને શ્રીકૃષ્ણપરાયણ પાંડવો વત્સપદ કરીને તરી ગયા ! શ્રીકૃષ્ણના કોકીનો આ લોકમાં પણ કદાપિ વિઘ્ન બનો જ નથી.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

બ્રહ્મારાજ શાંકરમત કેસમાં અન્યમાર્ગવિ મુખ્ય પંડિતોથી પ્રકરણગ્રન્થોના પણ અર્થ. થઈ શક્યા નથી, તો અણુભાષ્યના અર્થ તેમનાથી થશે નહિ એ તેમના નિર્ણયથી મહાગ્રન્થ કોર્ટમાં લાવવામાં આવ્યા ન હતા. વસ્તુતઃ હાઇ કોર્ટનું કામ બ્રહ્મનિર્ણય કરવાનું છે, બ્રહ્મનિર્ણય કરવાનું નથી, એમ મહાનુભાવીઓ જાણતા હતા. સંપ્રદાય શ્રીમદ્ભાષ્ય પ્રસિદ્ધ થઈ ગયું છે, તેની નિરીક્ષા કરવાથી સા.'તટસ્થ' આદિને જ્ઞાન આવશે કે શાંકરમતનું કેવું ખંડખંડન તેમાં થયેલું છે. વેદને અનિત્ય અને મિથ્યા માને તે અવૈદિક, શંકરાચાર્ય વેદને અનિત્ય અને મિથ્યા માને છે, તેથી શંકરાચાર્ય અવૈદિક છે. એ નિર્દુષ્ટ વિશુદ્ધ અનુમાનનું ખંડન 'કુસુમમજનવત્' નહિ પણ 'અજ્ઞકુસુમવત્' છે.

पुरन्दरमदोद्भवमम्बुवृष्टिसंपीडितस्वकीय-
नरगोकुलावनपरायणो लीलया ।
स्मितामृतसुवृष्टिभिः परिपुपोष तान् यो गिरिं
दधार च स एव हि श्रुतिशिरस्सु संराजते ॥ १ ॥
मायावादादिवादैर्म्यचदितामिव मं ब्रह्मवादं प्रकाश्य
श्रीमत्कृष्णाज्ञया तद्रतिपथ उदितो दैवजीवावनार्थम् ।
यैस्ताम्र श्रीकृष्णरूपान् मथितगुणगणाम् श्रीमदाचार्यवर्यान्
ध्यायं ध्यायं नमामि स्वहितमवदितस्तत्कृपादृष्टिवृष्ट्या ॥ २ ॥

અધિકારવિવેક.

મંથકાર પુષ્ટિનો વિવેક કરીને હવે તેના અધિકારીઓનું સ્વરૂપ દર્શાવે છે.

હવે પુષ્ટિમાર્ગના અધિકારસંબંધે વિચારાય છે. અધિકારવિમર્શન કરતાં નિશ્ચય થાય છે કે જેમા ભગવત્કૃપા ઉતરી હોય તે અધિકારી. 'આ[1] આત્મા પ્રવચનથી નથી મળતો; બુદ્ધિથી કે બહુશ્રુત થવાથી પણ નથી મળતો.' આ શ્રુતિ ઉપરના નિશ્ચયને વધારે દૃઢ કરે છે. ભગવત્કૃપાનું પ્રત્યક્ષ નથી થતું; તેનું કાર્ય જે પુષ્ટિમાર્ગમાં રુચિ છે, તે વડે પ્રભુકૃપાનું અનુમાન થાય છે, કેમ કે ભગવત્કૃપાવિના પુષ્ટિમાર્ગમાં રુચિ જ ન ઉદ્ભવે. નિર્ણયના કૃપાપુરુષસ્ય એ શ્લોકના વ્યાખ્યાનમાં સ્પષ્ટ નિરૂપણ છે કે, માર્ગમાં થતી રુચિને સહજી ભગવત્કૃપાજ્ઞાન નિમિત્ત થાય છે. આ સર્વ ઉપરથી પુષ્ટિમાર્ગના અધિકારિનું સ્વરૂપ આ નિષ્પન્ન થાય છે. પુષ્ટિમાર્ગીય ફલ આપવાની ઇચ્છાથી ઉદ્ભૂત થયેલી જે ભગવત્કૃપા, અને તેથી જેની પુષ્ટિમાર્ગમાં રુચિ થાય તે અધિકારી. આવી રુચિ ઉત્પન્ન થવામાં બેટલોક પ્રકાર કહેવામાં આવે છે. દૈવી જીવોમાં જે જીવને પ્રભુ પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરવા ઇચ્છે છે, તેને પ્રભુકૃપાથી સત્સંગ પ્રાપ્ત થાય છે, અને પછી તત્કૃપાથી સેવાદિવડે પ્રસંગાનુસાર યથાસંભવ અવણ, તનુજસેવન વગેરે ભજનનો અનુભવ થયા પછી આ માર્ગમાં રુચિ થાય છે. 'એ[2] પ્રભાસે યથા વિશુદ્ધ અંતઃકરણવાળા ભગવદીયની ભગવદ્ધર્મમાં જ રુચિ થાય છે,' એ વાક્ય અત્રપ્રમાણ છે. આવી રુચિવાળો અધિકારી પુષ્ટિમાર્ગમાં હોવો જોઇએ. ત્યારપછી માર્ગમાં રુચિપૂર્વક શ્રવણાદિમાં પ્રવૃત્ત થાય એટલે ચિત્તમાં ભગવદાવેશ થાય. પછી ચિત્તશુદ્ધિ થાય. પછી શ્રવણાદિની અનુવૃત્તિ થાય. દ્વિતીયસ્કંધમાં નિરૂપણ છે કે:-'કર્મના છિદ્રદ્વારા નિજજનના ભાવરૂપી કમલમાં પ્રવિષ્ટ[3] થઇને પ્રભુ મીઠાશ પાપનો નાશ કરે છે. જેમ રાહુગ્રસ્ત ચન્દ્રનાં માલિન્યનો નાશ કરે છે, તેમ. શુદ્ધ-નિષ્પાપ થયેલો પુરુષ કૃષ્ણના ચરણભૂષણને ત્યજતો નથી.' આવી રીતે શ્રવણાદિની આવૃત્તિ કથાથી ભગવાનમાં રુચિ ઉત્પન્ન થાય છે. 'હે[4] અંબ! અદ્યાથી અનુપદે ભગવત્કથાને સાંભળતાં સાંભળતાં મારી પ્રભુમાં રુચિ થઇ,' આ વાક્ય ઉપરના સિદ્ધાંતનો નિશ્ચય કરાવે છે. આ રુચિ અનુભવમાં ન આવે એવી પરોક્ષ રુચિ કહેવાય છે. આ રુચિ ભક્ત વગેરેથી અને સત્પુરુષોનો સત્કાર, દર્શન વગેરેથી પ્રકટ છે, માટે પ્રથમ કક્ષાની સમજવી. **यद्यनुष्ठासिता युक्ताः** એ શ્લોકના વ્યાખ્યાનમાં-મીમાંસાદિકોમાં 'સર્વે સ્વર્ગે અલૌકિક પદાર્થમાં માહાત્મ્યના જ્ઞાનથી રુચિ ઉત્પન્ન થાય છે' એમ બોધ્યા કરી આ જ રુચિ સમજવી છે. એમ જાણવું. તે રુચિ એક પ્રકારની ભક્તિ જ છે. પ્રથમ સ્કંધનાં મીમાંસાદિકોમાં ત્રણ પ્રકારની ભક્તિ ઉક્ત છે-૧. રુચિ, ૨. શ્રવણાદિ, ૩. પ્રેમ. આ ત્રણ પ્રકારો છે. ત્યાર પછી અનુભવમાં ન આવે એવી ભગવદ્રુચિવડે શ્રવણાદિરૂપ ભજન થાય અને પછી ભક્તિવર્દ્ધનીમાં બતાવેલી દિવ્ય અનુધ્યાન બીજરૂપ ભાવ-સૂક્ષ્મભક્તિ દૃઢ પામે છે. તે ભાવ ભગવાને પહેલેથી જ-ઉદ્ભવ થાય કરાવ્યા પછી, પુષ્ટિમાર્ગીય જીવમાં સિદ્ધ થાય માટે સૂક્ષ્મરૂપ રાખ્યો છે, એમ

---

१. नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ॥

२. एवं प्रवृत्तस्य विशुद्धचेतसस्तद्धर्म एवात्मरुचिः प्रजायते ॥

३. प्रविष्टः कर्णरन्ध्रेण स्वानां भावसरोरुहम् ॥ धुनोति शमलं कृष्णः सलिलस्य यथा शरत् ॥
धौतात्मा पुरुषः कृष्णपादमूलं न मुञ्चति ॥

४. सा त्वयाऽनुपदं विष्णुभक्तः प्रियतरस्त्वया ममाप्यवश्रुतिः ।

જણી લેવું. તે જ બીજભાવ કહેવાય છે. તે જ ભાવ ઉપર કહેલી પરોક્ષ રુચિથી શ્રવણાદિની સહાયના મેળથી અન્તરમાં ભગવત્સ્ફૂર્તિ કરે છે. શ્રવણાદિકે સ્વાભાવિક ભગવાન્ પ્રકટ થાય છે, એ દ્વિતીયસ્કંધના નિર્ણયથી એમ નિશ્ચય થાય છે. આવી રીતે અન્તર્ભગવત્સ્ફૂર્તિ થવાથી કંઈક અનુભવથી રુચિવિશેષ ઉત્પન્ન થાય છે. તે પ્રત્યક્ષ રુચિ કહેવાય છે. તે રુચિથી તે બીજરૂપ ભાવ શ્રવણાદિસાધનજન્યથી વધી જઈને પ્રેમરૂપ થાય છે. તે સ્નેહ પ્રભુથી ક્ષણ જેટલા વિયોગમાં રાગ દ્વેષ તેની નિવૃત્તિ કરે છે. 'સ્નેહથી રાગની નિવૃત્તિ થાય' એ ભક્તિવર્દ્ધિની અંદરથી. ભગવાન્થી ભિન્ન પદાર્થમાં મનના રાગની નિવૃત્તિ કરનાર જે ભગવદ્ભાવ તે સ્નેહ એમ એનું લક્ષણ છે. સ્નેહ પછી સેવા અને શ્રવણાદિ વારંવાર થાય એટલે તે જ સ્નેહ વૃદ્ધિ પામી આસક્તિરૂપ બની જાય છે. તે આસક્તિરૂપ સ્નેહ તો ભગવત્સંબંધરહિત સર્વ પદાર્થને બાધક જ દર્શાવે છે. ભક્તિવર્દ્ધિની પ્રકરણમાં પણ એમ જ છે—'[૨]આસક્તિથી મૂઢમાં અરુચિ થાય છે.' અરુચિ એટલે મૂઢમાં રુચિ નહિ એમ નહિ, પણ રુચિવિરુદ્ધ ભાવ થાય છે. અરુચિમાં 'ન' વિરોધાર્થમાં છે. '[૩]મૂઢત્વનું બાધકત્વ અને અનાદરત્વ ભાસે છે, એવું ત્યાં જ વિવરણ છે. તો આસક્તિ એટલે ભગવાન્થી ઇતર વિષયમાં બાધકત્વની સ્ફૂર્તિ કરાવનારો ભાવ. તે જ આસક્તિરૂપ ભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામી વ્યસનરૂપ થઈ જાય છે. વ્યસન એટલે દેહના ધર્મો, જેમાં વિશેષ ત્યાગ. વ્યસનરૂપ ભાવને પ્રાપ્ત થયેથી ભક્તિ, માનસી સેવા કહેવાય છે. 'ઈશ્વરમાં ઉત્કૃષ્ટ અનુરાગ[૪] તે જ ઉત્કૃષ્ટ ભક્તિ' એમ ભક્તિસૂત્ર વર્ણવે છે. '[૫]જ્યારે શ્રીકૃષ્ણમાં વ્યસન થાય ત્યારે જ ભક્ત કૃતાર્થ થાય,' એમ ભક્તિવર્દ્ધિનીમાં આજ્ઞા છે. '[૬]પ્રભુમાં ચિત્તનું પરોવાનું તે સેવા, અને તેની સિદ્ધિ માટે તનુજ અને વિત્તજ છે,' આ પ્રમાણે મુક્તાવલીપ્રકરણમાં પણ તે જ અર્થનું વિવરણ છે. મુક્તાવલીપ્રકાશમાં આનું વિવરણ કરતાં 'તા માવિંદન્' એ એકાદશસ્કંધના વાક્યનો ઉપન્યાસ કર્યો છે. '[૭] જેમ ગંગાજલની સમુદ્રમાં અવિચ્છિન્ન (તૂટે નહિ એવી) ગતિ છે, તેમ જ અવિચ્છિન્ન-એકસરખી મનની ગતિ (પ્રભુ પ્રત્યે) થાય ત્યારે જ નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ કહેવાય.' આ પ્રમાણે તૃતીય સ્કંધમાં તેવી જ ભક્તિ બતાવી છે. આ શ્લોકના જ વ્યાખ્યાનમાં જેમ કાપિલ ગતિ ગોપિકાની છે, એમ કહી મુખ્યભક્ત તો તે જ છે એમ સ્પષ્ટ કર્યું છે. માટે વ્યસન સુધી સાધનનું આયત્ત્વ છે. એથી જ શુકોક્તિની અને નિબંધમાં પ્રમાણ, પ્રમેય અને સાધન એ ત્રણ પ્રકરણથી પ્રેમ, આસક્તિ અને વ્યસનનું નિરૂપણ કરીને આગળ એનું નિરૂપણ કર્યું માટે શ્રીમદ્ભાગવત વગેરેમાં, શ્રીમદાચાર્યજીની ઉક્તિમાં અને શ્રીમદ્વિઠ્ઠલેશની ઉક્તિમાં જ્યાં જ્યાં 'સાધનો ફક્ત પ્રેમસુધી જ છે' એમ જણાય છે, ત્યાં ત્યાં પ્રેમ અને વ્યસનનો અભેદ માની કહ્યું છે, એમ ધારવું. પ્રેમમેવાऽતઃ વગેરે વાક્યમાં પણ પ્રેમસેવા શબ્દથી માનસી સેવા વ્યસનશબ્દવાચ્ય જ સમજવી.

આ પ્રમાણે ભગવાનમાં રુચિ થયા પછી શ્રવણાદિ સાધનો કરવાથી સિદ્ધ થતી પ્રેમભક્તિની પ્રથમ-અવસ્થા 'પ્રેમ' કહેવાય છે, મધ્યમ-અવસ્થા 'આસક્તિ, પરિપાક-અવસ્થા વ્યસન' કહેવાય છે.

---

૧. સ્નેહાદ્રાગવિનાશઃ સ્યાત્ ।
૨. આસક્ત્યા સ્યાદ્ગૂઢાऽરુચિઃ ।
૩. મૂઢત્વાનો બાધકત્વમનાદરત્વે ન માનને ।
૪. સા પરાનુરક્તિરીશ્વરે ।
૧. 'निर्वर्तय दयानिधे' એમ પાઠ હોય તો 'હે દયાનિધે, આપ નિશ્ચિત કરો' એમ અર્થ કરવો.

૨. नाथ त्वत्स्मरणोपायाः सर्वापायविनिर्मिताः तेषामेव समर्थस्येतद्भयात् काऽत्र मतिर्मम એમ પાઠ કરવો હોય તો 'હે નાથ! આપના સ્મરણરૂપ ઉપાય સર્વ અપાયથી વિનિર્મિત છે પરંતુ તે બધથી કદાપિ સંભવતા નથી, અત્ર મારી શી અતિ? એમ અર્થ કરવો.

આપના કૃપાસુધાનું આઘ્રાણ હજો, આપના ઉચ્છિષ્ટ રસનો આસ્વાદ—આસમંતાત્ મદ હજો, આપના ગુણોનું શ્રવણ હજો, આપના ચરણકમલનું સ્મરણ હજો. ૩.

આપના મહિમાનું શ્રવણ, આપના શ્રીહસ્તનું સેવન, આપના સ્વરૂપવિષે જ આન્તર ભોગ, અને આપના સન્નિધિમાં ગમન હજો. ૪.

આપના આગલ સર્વદા સ્થિતિ, સદા આપના સેવકો સહ સંગ, આપની વાર્તાવિષે અત્યન્ત અભિરુચિ અને કેવલ આપના જ વાક્યમાં ગમનકર્તા નિષ્ઠા હજો. ૫.

કેવલ આપના જ સંબંધમાં શ્રદ્ધા, આપના ચરણકમલમાં વિશ્વાસ, આપનું જ દાસ્ય અને આપના જ ચરણનો આશ્રય હજો. ૬.

મારા મસ્તકવિષે શ્રીમથુરાપ્રભુજી સ્થિતિ કરો, મારા હૃદયવિષે શ્રીવલ્લભ સ્થિતિ કરો, મારી સર્વ પાસે શ્રીવલ્લભ હજો, શ્રીવલ્લભ મારું સર્વ [સર્વસ્વ] હજો. ૭.

શ્રીવલ્લભને જ નમસ્કાર, સદા શ્રીવલ્લભવિષે જ દૈન્ય, શ્રીવલ્લભપ્રતિ જ પ્રાર્થના, અને શ્રીવલ્લભના ચરણમાં જ મારી અધીનતા હજો. ૮.

ભક્તિમાર્ગમાં પૂત* છે આત્મા જેમનો એવાઓને આ અષ્ટકના પાઠથી વિના-યાસે શ્રીવલ્લભના ચરણકમલમાં બાર વાસ (થશે).

ઇતિ શ્રીહરિદાસવિરચિત શ્રીવલ્લભભાવાષ્ટક સંપૂર્ણ.

દૈન્યાષ્ટક.

શ્રીમદ્વલ્લભ! વૃન્દાવનવિષે[૧] રત્નયુક્ત શ્રીયમુનાજલવડે પરિક્ષિ[૨] ચરણકમલને [મારા] મસ્તકવિષે ક્યારે ધરશો? ૧.

શ્રીમદ્વલ્લભ! સત્સંગસાર્દ્ધ હૃદયવિષે સદા પરિભાવિત ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૨.

શ્રીમદ્વલ્લભ! નિજ સ્નાનજલામૃતવડે સંજીવ્યા છે આશ્રિત જેણે એવા ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૩.

શ્રીમદ્વલ્લભ! કૃતપુણ્યપુંજોએ પ્રાપ્ત સર્વદા પરિસેવિત ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૪.

શ્રીમદ્વલ્લભ! ભક્તિસહ પંચપુરુષાર્થરૂપ અંગુલિઓવડે સંયુક્ત ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૫.

શ્રીમદ્વલ્લભ! સ્વભક્તિરૂપ રાગસંઘોની સતત સ્થિતિએ કરીને રંજન (રજ્જત[૩]) ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૬.

શ્રીમદ્વલ્લભ! ભક્તજને વિષે ગૂઢસહિત સારી રીતિએ જાગત પુષ્ટિકલ્પદ્રુમાત્મત્વ ચરણ કમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૮.

ઇતિ શ્રીહરિદાસવિરચિતદૈન્યાષ્ટક સંપૂર્ણ.

---

* 'પ્રત' એમ પાઠ હોય તો 'ભક્તિમાર્ગ જે પ્રત જેમનું જેવાઓને' એમ અર્થ કરવો.

૧. અથવા 'વૃન્દાવનની.' ૨ પંક્તિયુક્ત.

૩. રંજિતમ્ એમ પણ પાઠ છે.

પુષ્ટિમાર્ગમાં સાધનો છે ?

આ અંકમાં શ્રીમદ્વલ્લભાચાર્યજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનો સાધનદીપક મંથ વાંચી ઉપરી રંગ સ્વાભાવિક રીતે સુરે છે. પુષ્ટિ એટલે અનુગ્રહ. સાધન વિના પ્રભુ અનુગ્રહથી જ વિનાશ્રમે સંસારસાગર તરી જઈ પ્રભુના ભગવાનંદનો અનુભવ થવો એજ પુષ્ટિમાર્ગની ઉત્તમતા; તો આવા પુષ્ટિમાર્ગમાં—અનુગ્રહમાર્ગમાં કયાં સાધનો કરવાનાં આવ્યાં છે?

આ મતનું વિશેષ ઉદ્ઘાટન કરતાં એક સન્મિત્ર લખે છે કે "પુષ્ટિમાર્ગમાં નામ ધારી પણ લૌકિકવૈદિકથી અતીત જ છે. એમાં 'વ્યાપૃતિ' (વેપાર રોજગાર) પણ ભગવદ્ભક્ત જ સમજવી, કારણ કે તે પણ નિસ્સાધનતાનું અંગ છે. આમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન ન સમજવું, પરંતુ શ્રીમહાપ્રભુજીએ જે આજ્ઞા કરી તેનું પરિપાલન પણ તે જ કરાવશે એમ વિશ્વાસ પ્રધાન છે. નિસ્સાધનતાને લેશપણ પ્રકારે બાધ આવે એ સદા ન હોવાથી આ લખ્યું." ....." પ્રશ્ન એ છે કે જેમને—આધુનિક વૈષ્ણવોને—શરણ અને બ્રહ્મસંબંધ સ્વભાવિક રીતિથી થયલું છે, બાહ્ય સાધનમાં વૃત્તિ હોતી નથી, આપ જે 'પ્રેમ' અનુચારો છો તે પણ સ્પષ્ટ તો પ્રતીત નથી, સંસારમાં નિમગ્ન છે, દિવસે વ્યાપાર કરે છે, રાત્રિએ નિદ્રાને સેવે છે, એવા-નામ માત્ર ધારો-પુષ્ટિમાર્ગીયોને શ્રીમહાપ્રભુજી જ સ્વપ્નમેય બધથી ઉદ્ધારશે કે સ્વોદ્ધારાર્થ આ છતોએ વિહિત સાધન આચરવાં જ ? સાધન બને વિહિત સાધન આચરતાં નિસ્સાધનતામાં ક્ષતિ ન આવે ?"

આખા પત્રપર બને ખાસ કરી આ બાબત પર વિચાર કરતાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી પ્રતિકૂલ અને વિપરીત પરિણામો લાગવાથી અને જે સત્ય જણાય છે તે નીચે કરતું છું. ખરા વિચારમાં ભૂલ હોય તો વે મને બતાવવાથી હું ઉપકાર સહિત સુધારીશ. જ્યારે આ નિસ્સાધનત્વાનો વિષય જ આ લેખને માટે લીધો છે, ત્યારે એ બાબતમાં મને વરસના પ્રમાણો જે મને તાત્કાલિક મળ્યાં છે તેનો જ સંગ્રહ કરી નિર્ણય પર આવવા પ્રયત્ન કરીશ.

પ્રથમ એટલું સમજવું જોઇએ છે કે આપણે પ્રભુને કર્તુમકર્તું અન્યથાકર્તું સર્વ સમર્થ માનીએ છીએ, એટલે કયા જીવને કેવી રીતે કેવા સાધનથી કે સાધન વિના પ્રભુ કેવા આપવા ઇચ્છે છે તે જાણવું અશક્ય છે; તેમજ તે પ્રભુઇચ્છાનું કોઇપણ રીતે નિયંત્રણ પણ અશક્ય જ છે. પ્રશ્ન માત્ર એટલો જ છે કે શ્રીમહાપ્રભુજીએ જે પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો, જેની पृथक्शरण्यमार्गोपदेष्टा પોતે કહેવાયા, તે પુષ્ટિમાર્ગ—અનુગ્રહમાર્ગ—નિસ્સાધન માર્ગ કેવા પ્રકારનો છે ? તેમાં કોઇપણ સાધનો છે કે તે સાધનશૂન્ય છે ? શરણ અને બ્રહ્મસંબંધ મંત્ર લઈ પછી વ્યાપૃતિ પણ ભગવદ્ભક્ત હોવાથી આવી ગઇ ? જે એમ પ્રતીત નથી તે વધારવાના સાધનનો ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે ? કે સ્વપ્નમેય બધપર વિશ્વાસ રાખી સંસારમાં નિમગ્ન રહેવાનો ઉપદેશ કર્યો છે ? જો સાધનનો ઉપદેશ કર્યો હોય અને તે કરવા પ્રયત્ન કરીએ તો નિસ્સાધનતામાં ક્ષતિ ન થાય ?

અને તો આનો ઉત્તર બહુજ સરલ લાગે છે. આપણે ગોકુલ ગ્રંથ નિત્ય વાંચીએ છીએ, તે પુષ્ટિમાર્ગના છે એમાં તો કોઇથી ના કહેવાશે નહિ. હું તો એ સર્વે મથાને શ્રીમહા-

પ્રભુજીનું હસ્ત ભાનું હતું, અને શ્રીમહાપ્રભુજીનો અમુક વિષયમાં શું આશય છે તે બે બાબતોનો વિચાર કરતાં સેહેજમાં સમજાય છે. હવે ભક્તિવર્ધિનીમાં પોતે શું કહે છે તે જુઓ:-

यया भक्तिः प्रवृद्धा स्यात्तयोपायो निरूप्यते ।
बीजभावे दृढे तु स्यात् त्यागाच्छ्रवणकीर्तनात् ॥
बीजदार्ढ्यमकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः ॥
व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत् सदा ।
ततः प्रेम तथाऽऽसक्तिर्व्यसनं च यदा भवेत् ॥
बीजं सदुच्यते शास्त्रे दृढं यस्मापि नश्यति ।
स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद् गृहाशुचिः ॥
गृहस्थानां बाधकत्वं अनात्मत्वं च भासते ।
यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥
तादृशस्यापि सततं गृहस्थानं विनाशकम् ।

× × × ×

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मसिर्मम ॥

અર્થ:—જે પ્રકારે ભક્તિ વધે તેના ઉપાય નિરૂપણ કરીએ છીએ. બીજભાવ દૃઢ થવાથી (૨) ત્યાગથી (૩) અને શ્રવણ કીર્તનથી ભક્તિ વધે. બીજ દૃઢ થવાનો પ્રકાર એકે ગૃહમાં સ્થિતિ કરી સ્વધર્મથી વ્યાવૃત્તિનો ત્યાગ કરીને પૂજા શ્રવણ વગેરેથી કૃષ્ણનું ભજન કરવું. વ્યાવૃત્તિ હોય તોપણ હરિને વિષે શ્રવણાદિમાં ચિત્ત પરોવવા સદા યત્ન કરવો. તેથી પ્રેમ તથા આસક્તિ અને વ્યસન જ્યારે થાય ત્યારે તે શાસ્ત્રમાં બીજ કહેવાય છે, જે દૃઢ થવાથી નાશ પામતું નથી. સ્નેહથી રાગનો વિનાશ થાય, આસક્તિથી ગૃહપર અરુચિ થાય, ગૃહમાં રહેતાં સર્વ બાધક અને પારકા લાગે, જ્યારે કૃષ્ણમાં વ્યસન થાય ત્યારેજ કૃતાર્થ થાય. એવાનું પણ દેખેલ ગૃહમાં રહેવું વિનાશકારક છે. × × સેવા અથવા કથામાં જેની જીવતા સુધી દૃઢ આસક્તિ થાય તેનો કદી પણ નાશ થતો નથી એવી મારી મતિ છે.

અહિં જે ઉપાય નિરૂપણ કર્યા તે સાધન નહિ તો શું કહેવાય? અહિં સ્પષ્ટ કહ્યું કે વ્યાવૃત્તિ છોડવી, ન છોડાતી હોય તોપણ શ્રવણ વગેરેના પ્રયત્ન કરવા. વ્યાવૃત્તિ ભગવદ્દત્ત સમજી ભગવાન્ છોડાવે ત્યાં સુધી તેમાં મગ્ન રહેવાનું કહ્યું નથી, વ્યાવૃત્તિને નિસ્સાધનતાનું અંગ માનવાનું કહ્યું નથી, પણ એથી ઉપરનું અને તેટલો ત્યાગ કરી શ્રવણનો પ્રયત્ન કરવા આજ્ઞા કરી છે. પ્રેમ, આસક્તિ અને વ્યસન પણ ભગવાન્ દાન કરે ત્યાંસુધી હાથ જોડી બેસી રહેવાનું કહ્યું નથી, પણ તેનાં સાધનોનો સ્પષ્ટ નિર્દેશ છે. વળી શ્રવણ કરવું વગેરે વિધાન છે, એટલે પુષ્ટિમાર્ગમાં કર્તવ્ય કર્તવ્ય તરીકે નથી એમ પણ નહિ કહેવાય.

ત્યાગપૂર્વક શુદ્ધજ્ઞાનનો શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ છે એમ આ મંત્રથી સ્પષ્ટ થાય છે.

વળી " पुष्टिमार्गस्थ नामधारी क्वचि लौकिक वैदिकथी अतीत જ છે " તે બાબતમાં શ્રીમહાપ્રભુજીનાં વચનામૃત સાંભળો.

ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः ।
सर्वदोषनिवृत्तास्तः । × × ×
असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत् ।
निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ।

અર્થ—બ્રહ્મસંબંધ કરવાથી સર્વે દેહજીવોના સર્વ દોષની નિવૃત્તિ થાય છે. × × માટે અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો. નિવેદીઓ સાથે સમર્પણ કરીને સર્વ કરવું.

અહીં સ્પષ્ટ કહ્યું કે બ્રહ્મસંબંધથી સર્વ દોષ નિવૃત્ત થયા પછી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો. સર્વ વસ્તુ પ્રભુને સમર્પણ કરી ઉપયોગમાં લેવી. જેમ સેવકોનો વ્યવહાર સ્વામીની ઉતરેલી વસ્તુઓથી ચાલે છે તેમ વૈષ્ણવોએ રહેવું. આ સર્વ માત્ર નામધારી વૈષ્ણવોને કેમ લાગુ પડે ? બાલપક્ષમાં અજ્ઞાનાવસ્થામાં મંત્રોપદેશ લીધા પછી અને તે ભૂલી ગયા પછી કોઈ કર્તવ્ય રહ્યું જ નહિ, એવો સિદ્ધાંત હોય તો અસમર્પિતનો ત્યાગ વગેરે બાબત શા માટે જોઈએ ? બ્રહ્મસંબંધ કર્યા પછી સંસારમાં પડવાની છૂટ મળે છે, કેમ કે " पुष्टिमार्गस्थ नामधारी क्वचि लौकिक वैदिकथी अतीत જ છે, " એમ આ ઉપલા મંત્રનો સાર નથી, પણ જે બ્રહ્મસંબંધ થયો કે તરત સંસારના દ્વાર બંધ કરી પુષ્ટિમાર્ગના દ્વારમાં પ્રવેશ કરવાથી જ ફલપ્રાપ્તિ થાય એમ સ્વાભાવિક અર્થ નીકળે છે. હવે આપણે બીજા નામરત્ન નામનો સુંદર મંત્ર જોઈએ. તેમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે,

चिंता क्वापि न कार्या निवेदितास्माभिः कदापि ।
भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम् ॥
निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैः जनैः ॥
× × ×
लोके स्वास्थ्यं तथा वेदे हरिस्तु न करिष्यति ।
× × ×
अतः सेवापरं चित्तं विधाय स्थीयतां सुखम् ।
× × ×
तस्मात् सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।
यदङ्घिरेव सततं स्येयमित्येव मे मतिः ॥

આ સુંદર મંત્રમાં લૌકિક ગતિથી દૂર રહેવા સરલ હૃદયના ભક્તજનોને શ્રીમહાપ્રભુજી આશ્વાસન આપે છે કે જેઓએ પોતાનો આત્મા ભગવાનને નિવેદન કર્યો છે તેઓએ કોઈપણ ચિંતા કરવી નહિ. પુષ્ટિસ્થ ભગવાન લૌકિક ગતિ કરશે નહિ, તાદૃશ જનની સાથે નિવેદનનું સંબંધ સ્મરણ કરવું, નહિ કે લૌકિક કાર્યોમાં જ વ્યાપૃત

રહેવું. સ્મર્તવ્ય શબ્દમાં પણ સ્મરણનું સ્પષ્ટ વિધાન છે, માટે પણ ભગવાનની કૃપા થાય ત્યાં સુધી હાથ જોડીને બેસી રહેવું એમ ફલિત થાય જ નહિ. સેવાપર ચિત્ત ધરીને સુખથી રહેવું, અહિં પણ સ્પષ્ટ સેવાનું વિધાન છે, નહિ કે સેવા પણ પ્રભુ કરાવે ત્યારે હતો કરીશ. "श्रीकृष्णशरणंमम" નિત્ય જપવું, એમ જપવાનું પણ વિધાન છે. નિસ્સાધનતામાં ક્ષતિ થવાની ભીતિ શાસ્ત્રવિરુદ્ધ—મહાપ્રભુજીના મોઢાના મંથના—વચનામૃત વિરુદ્ધ છે, એમ એક વાર નહિ, પણ અનેક વાર સ્પષ્ટ માલમ પડે છે. કદાપિ શ્રીમહાપ્રભુજીનો આશય તો એક ક્ષણવાર પણ પ્રભુ નામ લીધા વગર રહેવું નહિ એમ ઉપલ્યા વાક્યોથી જણાય છે; તો વ્યાપૃતિ અભાવદૃષ્ટત્ત સમજી તે છોડવાના પ્રયત્ન—સાધનો ન કરવા એમ ઉંધો સાર નિકળી શકે ખરો ? અરે, નિરોધલક્ષણમાં તો પોતે સ્પષ્ટ આજ્ઞા કરે છે કે,

तस्मात् सर्वं परित्यज्य निरुद्धैः सर्वदा गुणाः ।
सदानंदपरैर्गेयाः सच्चिदानंदता वसः ॥

આમ સર્વનો પરિત્યાગ કરવાની સ્પષ્ટ આજ્ઞા છે, માટે નિસ્સાધનતાની ક્ષતિની ભીતિ વૈષ્ણવોએ રાખવી કે મહાપ્રભુજીની આજ્ઞા પાલવા પ્રયત્ન કરવો ? कृतिमूर्तिः सदाध्येया संकल्पादपि तत्र हि વગેરેમાં ધ્યેયમાં સ્પષ્ટ વિધાન છે તે સાધન નહિ તો શું ?

સર્વસમર્થ પ્રભુ અનભિજ્ઞ જેવા દુષ્ટને વિનાસાધને તારે છે તેની અમે ના પાડતા નથી એમ ઉપરભાગમાં કહ્યું છે, આપણે તો જોવાનું એટલું જ છે કે અનભિજ્ઞ જેવા રહેવાની મહાપ્રભુજીની આજ્ઞા છે કે નિવેદનનું સર્વદા સ્મરણ કરવું, સર્વદા વનમાલાનું ભજન કરવું, કૃષ્ણસેવા સદા કરવી, એવી એવી આજ્ઞા છે ? પુષ્ટિમાર્ગ એટલે અનભિજ્ઞ જેવા દુષ્ટ રહેવાનો—લૌકિક વૈદિકમાં વ્યાપૃત રહેવાનો માર્ગ કે સહજ પરિત્યાગથી યત્પદં કૃષ્ણવિયોગનું સર્વદા સ્મરણ રાખી, દેહપ્રાણ ઇંદ્રિય અંતઃકરણ, આલોક પરલોક વગેરે પ્રભુને સમર્પણ કરી પ્રભુના દાસ થઇ રહેવાનો માર્ગ ? કે નામ માત્રધારી વૈષ્ણવે નિસ્સાધનતામાં ક્ષતિ થાય માટે વિનાપ્રયત્ને—વિનાસાધને બેસી રહેવાનો માર્ગ ?

સેવાફલ વિવરણમાં તો સાધનનો ઉપદેશ કરવા સર્વ ગ્રંથોની આજ્ઞા એટલો બધો સ્પષ્ટ છે કે નિસ્સાધનતાની ક્ષતિની શંકા પણ દરકાર જેવી નથી. सेवार्थां प्रतिषेधकक्षयम् उद्वेगः प्रतिबंधो वा भोगो वा ॥ अर्थानां साधनपरित्यागः कर्तव्यः॥ સેવામાં ત્રણ પ્રતિબંધ છે, ઉદ્વેગ, પ્રતિબંધ અથવા ભોગ. દ્રવ્યનો સાધનથી પરિત્યાગ કરવો. ભાગવત ટીકામાં શ્રીમહાપ્રભુજી કહે છે કે भोगो द्विविधः लौकिकोऽलौकिकश्च। तत्र लौकिकस्त्याज्य एव । प्रतिबंधोऽपि द्विविधः साधारणो भगवद्भक्तश्च । तत्र साधो बुद्ध्या त्याज्यः॥ ननु साधारणो भोगः कथं त्यक्तव्य इत्याकांक्षायामाहसर्पविषमोऽल्पो घातकः स्यादिति॥ सर्पविषत्वाद्बलवत्त्वात् भोगस्त्याज्यः॥

भोगाभासस्तदैव सिद्ध्यति यदा गृहपरित्यागः ॥

"આપનું વચન ત્યાગપ્રતિ હોવાથી ત્યાગપૂર્વક શ્રીપુરુષોત્તમનો ઉપદેશ આપનો (ભારો) અત્યુગ્ર છે," આમ કહેનાર સન્મિત્રને ઉપરનાં સર્વે વાક્યોપરથી કહી શકું છું કે એ ત્યાગપૂર્વક શ્રીપુરુષોત્તમનો ઉપદેશ મારા ધરનો નથી, પણ શ્રીમહાપ્રભુજીનો છે, સાંભળોઃ—

तस्मात् सर्वं परित्यज्य निश्चैः सर्वदा गुणाः ।
सद्भानंदपरैः गेयाः सच्चिदानंदसा सतः ॥

આવો ઉપદેશ શ્રીમહાપ્રભુજી કરે છે, કુ કરતો નથી. આ ઉપદેશ શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને કરે છે, મર્યાદામાર્ગીયને નહિ, માટે **निस्साधनतानी** ક્ષતિની વૈષ્ણવોએ દરકાર ન કરતાં શ્રીમહાપ્રભુજીના વચનામૃતાનુસાર સર્વે સાધનો કરવા પ્રયત્ન કરવા.

विवेकधैर्याश्रयभक्ति તો સાધનોથી ભરપૂર છે. નિસ્સાધનતાને જ જે પુષ્ટિમાર્ગ માને છે તે તો એ ગ્રંથની સામું પણ જોતો નહિ. શ્રીમહાપ્રભુજી એ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે "વિવેક, ધૈર્ય અને આશ્રયનું હંમેશાં રક્ષણ કરવું. વિવેક—કરિ સર્વ નિજેચ્છાથી કરશે...અભિમાનનો ત્યાગ કરવો. ત્રિદુઃખ સહન કરવું તે ધૈર્ય...स्वयमिंद्रियकार्याणि कायवाङ्मनसा त्यजेत् । अशूरणापि कर्तव्य स्वस्यासामर्थ्यमाश्रयात्...प्राप्तं सेवेत निर्ममः । यथाकथंचित् कार्याणि कुर्यान्नुद्वाचाम्यपि । किंवा प्रोक्तेन बहुना कारणं भावयेद्धरिम् ॥ પોતે શુદ્ધિનાં કર્મ કાયવાક્ચિત્ત અને મનથી ત્યજવાં, મમતા વગર પ્રાપ્ત વસ્તુનું સેવન કરવું. જેમ તેમ કરીને ઉચ્ચ નીચ કામો કરવાં. બહુ શું કહેવું ? હરિના સ્વરૂપની ભાવના કરવી.

આમાં તો શ્રીમહાપ્રભુજીએ કયું કે સંસારનો ત્યાગ કરવો એવું જ નહિ, પણ શુદ્ધિનાં કર્મો પણ ત્યજ્યાં. માટે " પુષ્ટિમાર્ગીયને શ્રીમહાપ્રભુજી જ સ્વપ્નમેય બાકી ઉગારતે " એવા વિચારથી બેસી ન રહેતાં **શ્રીમહાપ્રભુજીની** આજ્ઞા પ્રમાણે પાલી શ્રીમહાપ્રભુજીએ કહેલાં સર્વ સાધનો કરવા પ્રયત્ન અવશ્ય કરવાં જ—એમ ન કરીએ તો ભક્તિમુક્તિ પ્રાપ્ત થાય, દ્રવ્ય, કીર્તિ વગેરે પ્રાપ્ત કરવાની લોલુપતા વધે અને વધારે ને વધારે પતિત થવાય, અને અતિ-(આ કંઈ કુંતે બોલું નથી, પણ અક્ષરશઃ એ છે) પુષ્ટિમાર્ગના ઉત્તમોત્તમ ગ્રંથો વાંચ્યા છતાં, સેવાં કર્યા પણ કેટલેક વખત કર્યાં છતાં પ્રભુમાંથી શ્રદ્ધા ઉઠી જઈ નાસ્તિકતા પ્રાપ્ત થાય, અને કર્મરૂપી ઝુંપડી પ્રભુ વિષે પણ ન બોલવાનાં વચનો બોલે, અને **પરિત્યજ્યે लोकार्थौ चेद् मज्जेत् कुत्सं द्विषां भवति सर्वथा**—આસપાસ સર્વત્ર દ્વેષ દ્વેષ અને દ્વેષ સિવાય બીજું કાંઈ દૃષ્ટિગોચર થાય જ નહિ નિસ્સાધનતાના અર્થનું કેવું વિકૃતિ જ થાય, પ્રતિષ્ઠા અને દ્રવ્ય જ વધતાં લાગે. માટે શ્રીમહાપ્રભુજીનું વચનામૃત કે સ્નાન એ સર્વપાપનું મૂલ છે એનું વિસ્મરણ ન થવું જોઈએ—લૌકિક ત્યાગ મનથી અકરણ જોઈએ જ. એ જ શ્રીમહાપ્રભુજીએ વારંવાર આજ્ઞા કરી છે. અને જેવી સોનાના મૂલની આજ્ઞા પણ એ જ છે:—

यद्दिष्टेषा यदा यूयं भविष्यथ कथंचन ।
तदा कालमवाहस्या देहचित्तादयोऽप्युत ॥
सर्वथा मद्गतिर्ज्ञाति युष्मानिति मतिर्मम ॥
न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम् ।
मायस्तस्याप्यस्मदीयः सर्वस्वं चैहिकश्च सः ।

અર્થ—અધુના કલિયુગમાં સર્વે વિદ્વ આચારમાં તત્પર છે, સ્વાધ્યાય વગેરે ક્રિયા-હીન છે, આચાર પરાંમુખ છે, કદાપિ કોઇ આચાર કરે તો વિધિવિના કરે છે, વિક્ષિપ્ત ચિત્તવાળા થઇ ગયા છે, ક્ષાંત થઇ ગયા છે, ઇંદ્રિયો અને ઉપસ્થપરાયણ થઇ ગયા છે, વામપ્રાય થઇ ગયા છે, પોતે દુષ્ટ છે, આવામાં ધર્મ કેમ થઇ શકે? ધર્મસંપાદન કરવામાં જે વસ્તુની જરૂર છે, દેશ, કાલ, દ્રવ્ય, મંત્ર, કર્મ એ સર્વ કલિયુગમાં અત્યંત દુર્લભ છે.

શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથ આ વાતનું આપણને સારી રીતે ભાન કરાવે છે. આપણી આસ-પાસ દૃષ્ટિ ફેરવી વિચાર કરતાં આપણને આ વાત અક્ષરશઃ સત્ય લાગે છે. મારે જે વેદમાં કહેલા સાધનથીજ મુક્તિ થતી હોય તો આ કલિયુગમાં મુક્તિનું દ્વાર બંધ થઇ ગયું છે, વેદમાર્ગ, આર્યમાર્ગ લુપ્ત થઇ ગયો છે, એમ કહેવું ખોટું નથી જ. આ વેદમાર્ગ તે જ મર્યાદામાર્ગ. પ્રભુએ વેદમાં જે સાધનો કહ્યાં છે, જે મર્યાદા બાંધી છે, તે રીતે ચાલી મુક્તિ મેળવવી એનું નામ મર્યાદા. જ્યારે મનુષ્યોને આ માર્ગે સાધન કરી મુક્તિ મેળવવી અશક્ય થઇ પડી ત્યારે પ્રભુએ કૃપા કરી વેદમાંથી જ બીજો માર્ગ બતાવ્યો કે જેમાં ઉપરના વૈદિક સાધનોની જરૂર રહે નહિ, અને ગીતામાં સ્વમુખથી આજ્ઞા કરી કે—

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसिमे ॥
सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच ॥

પ્રભુએ કહ્યું કે મારામાં મન રાખ, મારો ભક્ત થા, મારું ભજન કર, મને પ્રણામ કર, હું તને સત્ય પ્રતિજ્ઞા કરી કહું છું કે તું મારી પાસે જ આવશે. સર્વે ધ-ર્મોનો ત્યાગ કર, મને બ્રહ્મલોકને શરણે આવ, હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ. શોક ન કર.

લાલ ! કેવી મુક્ત, કેવી સરલ આજ્ઞા ! વેદના સાધન કરવાની, નિષ્કામ કર્મો કરી અંતઃકરણને શોધ્ય ભક્તિ દેહ પ્રાપ્ત કરવાની જરૂર નહિ, વેદ ભણવાની જરૂર નહિ, કોઇપણ જ્ઞાન, ઉપાસના વગેરે સાધનોની જરૂર નહિ, આમ

सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।
वदाम्येरेव सततं स्येषमित्येव मे मतिः ॥

અહિં જે સર્વ ધર્મોના ત્યાગપૂર્વક એકસ્વરૂપમાત્રપરતાનો ઉપદેશ કર્યો, તેનું રહસ્ય શ્રીમદ્યપ્રભુજી જેવું સ્પષ્ટ અન્ય કોઇ આચાર્યે કર્યું જણાતું નથી. यदपासीदृषमेव त्रिमुखमतएणे मांक्षवच्च स्वर्तभं । વગેરેમાં તેમજ અન્ય સ્થલે પણ એ વાત કરીકરીને કહી છે, અને એ સ્વરૂપના સંબંધમાં આવવાથી સર્વ દોષની નિવૃત્તિ આમ છે, એમ ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिः એમાં પોતે સ્પષ્ટ આજ્ઞા કરે છે, મારે જ પોતે पृथक्शरणमार्गोपदेष्टा કહેવાય. આ માર્ગ તેજ પુષ્ટિમાર્ગ. વૈદિક મર્યાદામાર્ગથી અત્યંત ભિન્ન છતાં પણ વૈદિક. દેહ, ચિત્ત વગેરે વૈદિક સાધનોથી પ-વિત્ર કર્યા પછી ભક્ત-પ્રભુ પાસે જવું એમ નહિ, પણ પ્રભુ સંબંધથી જ દેહ ચિત્ત વગેરેને

ભક્તિ કરવી. કૃષ્ણારપરં માસ્તિ વેવં વસ્તુતઃ દોષવર્જિતમ્ માટે કૃષ્ણસંબંધજ કરવો, એજ પુષ્ટિમાર્ગ. સાધનમેવ મોક્ષનેચ્છા હિ મર્યાદામાર્ગીયા મર્યાદા. વિહિત-સાધનં વિનૈવ મોક્ષનેચ્છા પુષ્ટિમાર્ગમર્યાદા એટલે સાધનભક્તી-વેદમાં કહેલ સાધન કર્મથી-મુક્તિની ઇચ્છા એ મર્યાદામાર્ગની મર્યાદા, વેદમાં વિધાન કરેલો સાધન માર્ગ વિના મુક્તિની ઇચ્છા એ પુષ્ટિમાર્ગમર્યાદા. આ સ્વરૂપમાં આસક્તિ થવી એજ પુષ્ટિમાર્ગનું સાધન, તે માટે પ્રેમ, પ્રેમ માટે અનન્યભક્તિ, તે માટે વિરક્તિ, બીજમાત્રે વદે તુ સ્વા-ત્યાગાખ્યકૃષ્ણકીર્તનમાત્ર ॥ બીજાધર્મ પ્રમાણ એટલે મૂલમાં સ્થિતિ કરી, સ્વધર્મથી આ-ધાર રોજગાર છોડી પૂર્ણ અનન્ય પત્રોરથી કૃષ્ણભજન કરવું. આ સાધનો વેદમાં-મર્યાદા માર્ગમાં-કહેલા મુક્તિના સાધનોથી અત્યંત ભિન્ન છે. આ સાધનો તો વસ્તુતઃ દોષરૂપ છે. દોષ તો ચાલ્યા જાય છે, અહિર્મુખતાનો ત્યાગ કરી, તે પ્રભુના દર્શન કરવા, તેનો અનુભવ કરવો એટલા જ સાધનની અપેક્ષા. વ્યાપાર રોજગારથી સંસારનો અનુભવ થાય માટે તેનો ત્યાગ એ એક સાધન, અનન્ય કીર્તનથી સ્વરૂપ પ્રભુનો અનુભવ થાય માટે તે બીજું સ્વાભાવિક, સાધન, જેને પ્રેમ આસક્તિ પ્રભુમાં સિદ્ધ જ છે, તેને આ સાધનોની જરૂર રહી નથી એ પ્રત્યક્ષ છે, પણ " જેનામાં પ્રેમ પ્રતીત નથી, સંસાર નિમગ્ન છે, તે નામ માત્ર ધારી પુષ્ટિમાર્ગીયોને " પુષ્ટિમાર્ગના દૃઢના અનુભવને માટે આટલા સાધનની આવશ્યકતા શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે, આવશ્યક માટે એ આવશ્યક છે એમ આપણું હૃદય કબુલ કરે છે, આપણું બુદ્ધિ પારલૌકિક સર્વ પ્રભુજ છે એ સમજવા, અનુભવવા માટે આ સા-ધનોની આવશ્યકતા છે જ એની કોણ ના કહેશે ?

ત્યારે વૈદિક સાધનોની અપેક્ષા વિના પ્રભુ કૃપા કરી સ્વજન જે ભાગમાં કરે તે પુષ્ટિ-માર્ગ. આ સંબંધમાં શ્રીમહાપ્રભુજીનો पुष्टिप्रवाहमर्यादासंबंध વિચારવા યોગ્ય છે. પ્રથમ તો એમજ સંશય થાય કે વેદમાં કહેલા સાધનો જે ન કરે તેનાપર 'પુષ્ટિ' અથવા અનુ-ગ્રહ પ્રભુ કરે છે એનું શું પ્રમાણ ? શ્રીમહાપ્રભુજી કહે છે કે,

भक्तिमार्गस्य कथनात् पुष्टिरस्तीति निश्चयः ।
कश्चिदेव हि भक्तो हि योगब्रह्मकथोरणात् ।
सर्वप्रोत्कर्षकथनात् पुष्टिरस्तीति निश्चयः ॥

એ પ્રમાણે " પુષ્ટિનું પ્રમાણ આપીને પુષ્ટિમાર્ગ વેદ અથવા મર્યાદામાર્ગથી ભિન્ન છે એમ પોતે આગળ કહે છે, અને પછી पुष्टिः कायेन निश्चयः એમ કહી પુષ્ટિ-ભક્તોને મર્યાદાથી ઉત્પન્ન કર્યા, એમ કહ્યું અને તેમનું ફલ પણ कायेन तु फलं पुष्टौ એમ આપ્યા કરી, એટલે પુષ્ટિમાર્ગને સ્વસ્વરૂપથી જ ફલ આપે છે એમ પોતે કહ્યું.

तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।
भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ॥
भगवानेव हि फलं स यथाधिर्भवेद् ह्यवि ।
गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत् ॥

અર્થઃ—માટે પુષ્ટિમાર્ગીય જીવો ભિન્ન દોષ છે એમાં કોઇપણ સંશય નથી, ભગવત્ સ્વરૂપની સેવાને માટે જ તેમો ઉત્પન્ન થયા હોય છે. ભગવાન્ મુખ્ય અમૃત

સ્વરૂપના ભેદથી જેવી રીતે ભૂતલપર પ્રકટ થયા તેજ પુષ્ટિમાર્ગનું ૧૯ મર્યાદામાર્ગથી પુષ્ટિમાર્ગની આ ભિન્નતા સ્પષ્ટ દર્શાવવાને પોતે સિદ્ધાંતમુક્તાવલીમાં આજ્ઞા કરી કે **अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ॥**

એવા પુષ્ટિમાર્ગીય ભક્તો જે લૌકિક વૈદિક કર્મો કરે છે તે કેવળપણાથી જ કરે છે, પોતાનું ભગવદીયત્વ ગુપ્ત રાખવાને જ કરે છે, તો પછી "સંસારમાં નિમગ્ન" પામરજનો, જેમનો 'ભગવાનમાં પ્રેમ પ્રતીત' નથી, અને જેઓ દ્રવ્ય અને પ્રતિષ્ઠા પામ્યા હોવાથી ભોગ અને તે ન મળતાં "આ દુનીઆ તો શેતાનની છે, ભગવાન્ છે જ કયાં," વગેરે નાસ્તિક ઉદ્ગાર કાઢતા હોય તેમને પુષ્ટિમાર્ગમાં પણ કેમ કહેવાય ? એવાં મનુષ્યોને તો અમારે અત્યંત પ્રાવાહિક કહેવા જ પડે છે, માટે તેમના ભલાને માટે, તેમને પ્રવાહથી ભિન્ન કરવાને શુદ્ધ હૃદયથી તેમને શ્રીમદ્પ્રભુજીના આ વચનામૃતપર વિચાર કરી શીઘ્ર વૈષ્ણવત્વનું અવલંબન કરી કર્તવ્યપરાયણ અવા સૂચના કરવી જોઇએ, નહિ કે માત્ર વાણીમાં પ્રભુના પ્રેમમાર્ગપર વિશ્વાસ રાખી સંસારના ખાડામાં પડવા જેવી સૂચના કરવી.

પ્રિય વાચક, હાલમાં સનાતનધર્મીઓ પણ બહુ નીકળ્યા છે, તે બાપડાઓને અત્તર નથી કે સનાતન ધર્મ એટલે શું ? અગ્નિહોત્ર વગેરે રાખવો, વેદમાં કહેલા યજ્ઞયાગાદિ નિષ્કામતાથી કરવા, પવિત્ર દેશ, કાલ, દ્રવ્ય, મંત્ર, શ્રદ્ધા વગેરેની સહાયતાથી કંઇપણ ભૂલ ન થાય તેમ કરવા, તે કરી પવિત્ર દેહ ઉત્પન્ન કરવો, પછી બ્રહ્મબોધ લક્ષ, જ્ઞાનકર્મસન્યાસ, ભક્તિ વગેરે સાધનો કરે ત્યારે બ્રહ્મનો અનુભવ થાય અને મુક્તિ થાય—આ વૈદિક સનાતન ધર્મ. આ ધર્મ લુપ્તપ્રાય થઇ ગયો ત્યારે પરમકૃપાળુ પ્રભુએ ગીતામાં પુષ્ટિમાર્ગની રૂપરેખા દર્શાવી, ભાગવતમાં વિસ્તાર કર્યો, અને હાલમાં ફરીથી પરમકૃપાળુ પ્રભુએ સ્વમુખારવિંદ દ્વારા—શ્રીમદ્પ્રભુજીદ્વારા—પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો. પ્રિય વાચક, જો કોઇ સત્ય, સરલ માર્ગ પ્રભુપ્રાપ્તિ માટે આધુનિક સમયમાં હોય તો તે આ પુષ્ટિમાર્ગ જ છે, અને તેથી જ આપણા એક મુખ્ય સિદ્ધાંત તરીકે "આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિવિના અન્ય વિષયમાં દોષ થાય જ નહિ" એમ માનીએ છીએ.

હવે આપણે કેટલાક ઉપરઉપરથી સંદિગ્ધ દેખાતા વાક્યો લઇ તેનો અર્થ સ્પષ્ટ કરીશું.

न हि साधनसम्पत्त्या हरिस्तुष्यति कस्यचित् ।
मक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् ॥

અર્થ:—સાધનસંપત્તિથી હરિ કોઇપર પ્રસન્ન થતા નથી; ભક્તોનું માત્ર દૈન્ય જ હરિને પ્રસન્ન કરવાનું સાધન છે.

દશમસ્કંધના ઓગણત્રીસમા અધ્યાયની શરૂઆતમાં શ્રીમદ્પ્રભુજીએ આજ્ઞા કરેલી પ્રથમ કારિકાની આ બીજી કારિકા છે. તેની પહેલાના અઠ્ઠાવીસમા અધ્યાયમાં ગોપિકા-ગીતનો સુંદર પ્રસંગ છે. એ ગીત ગાવાનું પ્રયોજન શું ? समवेताः जगुः कृष्णं तदागमनकांक्षिताः "સઘનકુંજો પધારવાની આકાંક્ષાવાળા ગોપિકાઓએ ભેગાં થઇ કૃષ્ણના ગુણગાન કર્યાં." એમ સત્યાવીસમા અધ્યયના છેલ્લા શ્લોકમાં કહ્યું છે. એ શ્લોકના શ્રીસુબોધિનીમાં કહ્યું છે કે "तदा साधर्म्यान्तरमठममानाः कृष्णं सदानंदं जगुः बोधनिवारणे हरिगुणगानमेव साधनमिति । निवृत्ते पुनर्बोधे स्वयमेवायास्यतीति तदागमनकांक्षया जगुः ॥

અર્થ—પછી બીજું કાંઈ સાધન નહિ મહત્ત્વથી દોષનિવારણમાં કરિષ્યમાણ એ જ સાધન છે એમ સમજી કૃષ્ણ સદાનંદના મુખમાન કર્યો. દોષ નિવૃત્ત થવાથી પ્રભુ પોતે જ પધારશે એમ સમજી પ્રભુના પધારવાની આકાંક્ષાથી માન કર્યું. " છત્રીસમા અધ્યાયના સુડતાલીસમા શ્લોકમાં કહ્યું છે કે કૃષ્ણ તરફથી માન મળવાથી ગોપિકાઓએ પૃથ્વીપર પોતાને કરીઓમાં મોટી માની. અભય જેવી બીજી દોષ નથી, ત્યારે પ્રભુ અમારી પ્રાર્થના કરશે ત્યારે જ અમે પ્રભુને રસદાન કરીશું એમ ગર્વ થયો. જે એક ક્ષણમાં ગોપીને ગર્વ નહિ થયો હતો તેમને પણ પાછળથી ગર્વ થયો અને મારાથી ગવાતું નથી, મને થઇ ગયો એમ ગર્વ-ગર્વથી મોટાં એમ સત્તાવીસમા અધ્યાયના સાડત્રીસમા શ્લોકમાં કહ્યું છે—આ પ્રમાણે સર્વે ગોપીજનોને ગર્વ થયો હતો તે દોષનું નિવારણ કરવાને માટે પ્રભુ અંતર્ધાન થઇ ગયા. પછી ગોપીઓએ વિક્લેશ થઇ પ્રભુ પ્રાકટ્યનાં સર્વસાધન કર્યાં, પ્રભુની શોધ કરી, ગુણગાન કર્યાં અને અતે દીનતાથી રમા. જેવો ગર્વ દોષ નિવૃત્ત થઇ દીનતા આવી કે પ્રભુ હસતા હસતા પ્રકટ થયા.

આ પૂર્વાપરનું અનુસંધાન કર્યા પછી વલ્લભી કારિકાનો પ્રભુના અન્વેષણઉપર વિશ્વાસ રાખ્યા જેવી રહેવાનો અર્થ નીકળતો નથી પણ ઉલટું શ્રીમદાપ્રભુજીએ કહેલાં સર્વસાધનો કર્યા પછી પણ જો પ્રભુ પ્રકટ ન થાય તો આર્તિથી દોષ-નિવૃત્તિ અર્થ રાખવું, સાધન સંપત્તિનો ગર્વ, ઉત્તમતાનો ગર્વ મનમાં આવી અમને ભક્તિ ન કરવું, પણ દીનતા-શુદ્ધ દીનતા-સર્વસાધનથી એવો અર્થ નીકળે છે. સાધન સંપત્તિનો ગર્વ દોષ ત્યાં સુધી પ્રભુ પ્રસન્ન કેમ થાય ? અરે ! મનુષ્ય પાસે એવું શું સાધન છે કે પ્રભુને સંતોષ આપી શકાય ? અશક્યે અમે તે કરીએ પણ પ્રભુ તો સ્વતંત્ર છે, તેની ઇચ્છામાં આવશે તો જ પ્રાકટ્યનું સુખ આપશે, એમ દીનતા રાખવી એવો આ કારિકાનો અર્થ છે, આર્તિ રાખવી, આસક્તિ અને વ્યસનથી રહેવું, નહિ કે વ્યાવૃત્તિ અભાવત્વ માની વિશ્વાસ રાખી સંસારમાં પડવું અને સર્વસાધનનો ત્યાગ કરવો. સાધન સંપત્તિનો ત્યાગ નહિ, પણ સાધન સંપત્તિના ગર્વનો ત્યાગ એવો આ કારિકાનો અર્થ છે.

ગોપીજનોને તો પ્રેમ આસક્તિ અને વ્યસન પણ સિદ્ધ હતાં. આધુનિક નામ માત્ર-ધારી વૈષ્ણવ જેને પ્રભુપ્રેમની ગંધ પણ નથી, તેણે શ્રીમદાપ્રભુજીએ કહેલાં સાધનોનો ત્યાગ કરવો અને સંસારમાં વિશ્રામવાન રહેવું, એવો આ કારિકાનો અનર્થ ન કરવો.

अङ्गन्यासपूर्तं मिश्रो यायानमतिभ्रमेण लोकं विकुण्ठ उपमेव्यति गोकुलं स्वम् ॥

અર્થ—દિવસે વ્યાપારમાં શ્રમવશ અને રાત્રે અતિભ્રમથી સુઈ રહેતા પોતાના ગોકુલને વૈકુંઠમાં લઇ જશે.

દ્વિતીયસ્કંધના સાતમા અધ્યાયનો બોતેરમો આ શ્લોક છે. કૃષ્ણ પ્રકટ થઇ શું શું ચરિત્ર કરશે તેનું આ વર્ણન છે. અહિં ગોકુલને પ્રભુનું "स्व" પોતાનું કહ્યું છે, અને વસ્તુતઃ ગોકુલવાસીઓને પ્રભુપર નૈસર્ગિક પ્રેમ હતો, પ્રભુનો આશ્રય હતો, પ્રભુ તેમની નિકટ હતા, એવા ગોકુલવાસીઓને પ્રભુપ્રાપ્તિને માટે શું સાધન કરવાનું હોય ? પ્રભુનું પ્રાકટ્ય અને પ્રભુપ્રેમ તો હતાં જ, એવા ગોકુલવાસીઓનું દૃષ્ટાંત નામમાત્રધારી વૈષ્ણવ, પ્રભુપ્રેમની ગંધ પણ નહિ, એવા મનુષ્યોએ લેવું આનની કહેવાય ? ક્યાં પ્રભુપર નૈસર્ગિક પ્રેમવાન ગોકુલવાસી અને ક્યાં પ્રેમશૂન્ય નામમાત્રધારી ?

(અપૂર્ણ.)

સૂચના.

ગદ્ય ૫-૬ અંકમાં ૧૦૨ મનાપર શ્લોક ૫૬ અને ૫૮ ના ભાષાંતરમાં "મંત્ર" ને બદલે "મનુ" શબ્દ વાચવો. મનુ એટલે પુરુષ.

પ્રકાસંબંધ.

શિષ્ય—આપણે અહીં પૃથ્વીપર ક્યાંથી આવ્યા ?

ગુરુ—આપણે પ્રભુના આનંદમય ધામમાંથી આવ્યા છીએ.

શિષ્ય—પ્રભુનું સ્વરૂપ કેવું છે ?

ગુરુ—પ્રભુનું સ્વરૂપ રસરૂપ છે. વેદમાં કહ્યું છે કે રસો વૈ સઃ રસં હ્યેવાયં લબ્ધ્વા આનંદી ભવતિ । રસ એ પ્રેમરસ છે. સંયોગ અને વિયોગ. જ્યારે આપણે પ્રભુધામમાં હતા, ત્યારે આપણે સંયોગરસનો અનુભવ કરતા હતા; હાલમાં આપણે પ્રભુની કૃપાથી પ્રભુના સ્વરૂપમાંથી વિખૂટા પડ્યા છીએ તે વિયોગનો અનુભવ કરવા માટે જ.

શિષ્ય—એ અનુભવ કેમ થાય ?

ગુરુ—જ્યારે આપણાથી સર્વે વસ્તુનો મનથી ત્યાગ થાય, અને લક્ષ-અનન્ય થઈ પ્રભુનું ચિંતન કરે, પ્રભુનાં ગુણગાન કરે, ત્યારે પ્રભુનું સ્વરૂપ આપણા હૃદયમાં સ્ફુરે; પછી આપણને પ્રભુને મળવાની આર્તિ થાય, ત્યારે વિયોગનો અનુભવ થાય.

શિષ્ય—એવો અનુભવ કોઇને થયો છે ?

ગુરુ—બ્રહ્મને; શ્રીગોપિકાઓ, શ્રીકુબ્જા, નારદજી, અંબરીષ, પ્રહ્લાદ, નરસિંહ મેહેતા, પદ્મનાભદાસ, સુરદાસ, પરમાનંદદાસ, કુંભનદાસ, વગેરે હજારો ભક્તોને આવો અનુભવ થયો છે.

શિષ્ય—ત્યારે આપે શું કરવું ?

ગુરુ—મેં આ મંત્ર આપ્યો તેનું નિરંતર ધ્યાન કરવું. "સહસ્ર વર્ષો જેટલો મહા થયો પ્રભુનો વિયોગ મને થયો છે, એ પ્રભુવિયોગના તાપક્લેશના આનંદનો તિરોભાવ હાલ મને થયો છે. ભગવાન પ્રભુને દેહ, પ્રાણ, ઇંદ્રિય, અંતઃકરણ, તેમનાં ધર્મો, ઘર, આકાર, પુત્ર, આપ્ત, વિત્ત, આ લોક, પરલોક, મારા આત્માની સાથે હું સમર્પણ કરું છું, હું દાસ છું, હે પ્રભુ, હું તારો જ છું."

શિષ્ય—હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ.

ગુરુ—પ્રભુ તારું કલ્યાણ કરો.

(૨)

જગત્

શિષ્ય—આ સર્વ જગત્ શું છે ?

ગુરુ—જગત્ બ્રહ્મરૂપ છે. વેદમાં કહ્યું છે કે સર્વં ખલ્વિદં બ્રહ્મ. બ્રહ્મના મત્ર ૨૫ છે.

સત્, ચિત્, અને આનંદ; જડ વસ્તુઓમાં ચિત્ અને આનંદનો તિરોભાવ છે, જીવવાળા વસ્તુઓમાં આનંદનો તિરોભાવ છે, કોઇપણ જડ વસ્તુમાં અથવા જીવવાળા વસ્તુમાં જ્યારે આનંદનો આવિર્ભાવ થાય ત્યારે તેમાં આપણને પ્રભુનાં દર્શન થાય છે.

શિષ્ય—એમ આનંદનો આવિર્ભાવ થઇ પ્રભુના દર્શન પહેલાં કેમ થયા છે ?

ગુરુ—પક્ષીચર. જ્યારે કોઇપણ ભક્તની ભક્તિથી પ્રભુ પ્રસન્ન થાય છે ત્યારે તેને પ્રભુ પ્રથમ થઇ દર્શન આપે છે, ધ્રુવજી, પ્રહ્લાદજી, નરસિંહ મેહેતા, અંબરીષ વગેરે જ્યારે ભક્તોને પ્રભુએ દર્શન આપ્યાં છે.

શિષ્ય—ત્યારે બધા મનુષ્યો પ્રભુની ભક્તિ કેમ કરતા નથી ?

ગુરુ—જગતની સર્વે વસ્તુઓ ભ્રમમય છે, છતાં મનુષ્યો તે જુદી જાય છે અને એ વસ્તુઓના મોહમાં પડી જાય છે.

શિષ્ય—જગતની બધી વસ્તુઓ ભ્રમમય છે તો મનુષ્ય પણ ભ્રમમય જ હશે.

ગુરુ—હા. સર્વે મનુષ્યો ભ્રમમય છે, એકેએક મનુષ્ય ભ્રમનો અંશ છે, શ્રીકૃષ્ણે ગીતાજીમાં કહ્યું છે કે મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ॥ વ્યાસજીએ બ્રહ્મસૂત્રોમાં કહ્યું છે કે અંશો નાનાવ્યપદેશાત્ ॥ માટે બ્રહ્મના અંશરૂપ જીવે આનંદમય બ્રહ્મનો સંબંધ ન છુટ્યો અહંનું જ ચિંતન-ભજન-કર્યું જોઇએ; જેને બધે જગતની વસ્તુઓથી જીવ મોહ પામી બ્રહ્મસંબંધ ભૂલી જાય છે અને પ્રભુ ભજન કરતો નથી, અને દુઃખ પામે છે.

શિષ્ય—ત્યારે એ મોહમાંથી છુટવાનો ઉપાય શો ?

ગુરુ—એ પ્રભુને શરણે જવું એ જ ઉપાય. પ્રભુએ ગીતાજીમાં કહ્યું છે કે " સર્વે ધર્મો છોડીને એકલા મારે શરણે આવ. હું તને સર્વે પાપમાંથી છોડાવીશ. શોક કર નહિ "

શિષ્ય—આપે બ્રહ્મસંબંધના મંત્રમાં અને એ જ ઉપદેશ કર્યો છે.

ગુરુ—હા. માટે હવે હજારમું ચિત્ર બ્રહ્મ કે કૃષ્ણ કેરું પ્રભુમાં જ જોવું.

શિષ્ય—હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ.

ગુરુ—પ્રભુ તારું કલ્યાણ કરો.

પુષ્ટિપથમર્મ.

(અનુબંધાન પૃષ્ઠ ૮૯)

૫ પઞ્ચમં મર્મ.

પઞ્ચમં કૃષ્ણલીલાયા માવનં હૃદિ સર્વદા ।
તદ્ભાવેન પ્રભુઃ [1]માસો માવાત્મા તદમેદતઃ ॥ ૧૧ ॥
ન હિ લીલા વિચારે તુ સ્વરૂપાદતિરિચ્યતે ।
સ્વસર્વધર્મરૂપત્વાત્ પ્રભોર્ભેદો ન યુજ્યતે ॥ ૧૨ ॥
તથાપ્યાવિષ્કૃતે રૂપે ભેદબુદ્ધિર્નિમેચ્છયા ।
લોકદૃષ્ટ્યા યથા સૂર્યે કિરણેપ્વાદિતે સતિ ॥ ૧૩ ॥
ધર્મધર્મિસમોતિર્હિ પ્રાકટ્યે રૂપલીલયોઃ ॥
અન્વયસ્થિતૌ તુ લીલૈવ સ્વરૂપમિતિ નિશ્ચયઃ ॥ ૧૪ ॥
ગુણગાને યથાચાર્યૈરાસક્તિવશતો હરૌ ।
જાતા તન્મયતા ક્રીડામયતૈવ નિરૂપિતા ॥ ૧૫ ॥
લીલા સ્વરૂપતો નૈવ ભિન્ના કિરણસૂર્યવત્ ।
મતીતિમાત્રતો ભેદઃ સ્વરૂપેણ ન વસ્તુતઃ ॥ ૧૬ ॥
કૃષ્ણઃ પ્રવિશતિ પ્રીતો લીલાયા હૃદયસ્થિતૌ ।
તદાત્મા સકલૈઃ સ્વીયસ્વરૂપૈરિતિ નિશ્ચયઃ ॥ ૧૭ ॥

મર્મ-૫ ' માવ ઉદ્બોધ. '

ભાવાર્થઃ—પંચમ મર્મ ભાવોદ્બોધ છે. સદાનંદ પ્રભુની નિત્ય નવલ લીલાની નિરંતર હૃદયમાં ભાવના કરવી, એ પાંચમું મર્મ છે. આ લીલાની ભાવના કરીથી પ્રભુ પ્રાપ્ત થાય છે, અથવા પ્રસન્ન થાય છે, કેમકે પ્રભુ પોતે જ તે ભાવરૂપ છે. જ્યારે તે ભાવ હૃદયમાં આવે ત્યારે તે ભાવસ્વરૂપ પ્રભુ પણ હૃદયમાં પધારે જ, એમાં આશ્ચર્ય શું ? વળી પ્રભુથી પ્રભુની લીલા પણ જુદી નથી. લીલા પણ સ્વસ્વરૂપ જ છે એથી પણ જે લીલાની ભાવના કર્યાથી તે લીલાત્મક અને લીલાભાવાત્મક પ્રભુ હૃદયમાં વિરાજે એ અર્થ અત્યંત સુપટ છે. જ્યારે લીલાના સ્વરૂપનો વિચાર કરીએ છીએ, ત્યારે લીલા પ્રભુના સ્વરૂપથી જુદી પાડી શકાતી નથી. પ્રભુ જુદા અને તેમની લીલા જુદી એવા ભેદભાવને સ્થાન બિલકુલ નથી. જો પ્રભુમાં ભેદ હોય તો તેમની લીલામાં પણ ભેદ હોય. તેમ તો બની શકે જ નહિ કે પ્રભુ પણ જુદા જુદા હોય. પ્રભુ તો એક જ છે, પણ તેમના ધર્મો અનેક છે. તે ધર્મ પણ ભગવત્સ્વરૂપથી જુદા નથી, પણ પ્રભુરૂપ જ છે. પોતાના સર્વધર્મરૂપ પણ પ્રભુ જ હોવાથી જુદા જુદા ધર્મોને લઈને પ્રભુસ્વરૂપમાં ભેદની કલ્પના કરવી ઘટતી નથી. સ્વસર્વધર્મરૂપ

---

૧. પ્રીત હૃત્યપિ પાઠઃ

પ્રભુ જ લોકથી તેમાં ભેદ જણાવે। એ ઠીક નથી, પરંતુ પ્રભુ પોતાનાં જ સ્વરૂપો પ્રકટ કરે છે, તેમાં જે ભેદબુદ્ધિ જણાય છે, જેમ કે આ સ્વરૂપ જીદું, તે ભેદ પ્રભુની ઇચ્છાથી જ જણાય છે. તેમાં દૃષ્ટાંત—જેમ સૂર્ય ઉદય પામે તે વખતે તેના કિરણોમાં અને સૂર્યમાં જેમ ભેદબુદ્ધિ લોકની દૃષ્ટિમાં જણાય છે. સૂર્ય જ્યારે ઉદય છે ત્યારે જ તે જુદો અને તેનાં કિરણો જુદાં એમ લોકની દૃષ્ટિમાં દેખાય છે. એવી રીતે જ્યારે પ્રભુ પોતાનું સ્વરૂપ અને તે સ્વરૂપથી કરવાની લીલા જ્યારે પ્રકટ કરે છે, ત્યારે પ્રભુના તે લીલારૂપ એમ અને તે લીલા-યુક્ત ધર્મિરૂપ એમ ભેદબુદ્ધિ જણાય છે. જેમ શ્રીનવનીતપ્રિયાજીના પ્રકટ સ્વરૂપમાં આસ્ત લીલાની સ્ફૂર્તિ મુખ્યતઃ જણાય છે અને શ્રીગોકુલેન્દુના સ્વરૂપમાં મુખ્યતે રાસલીલાની સ્ફૂર્તિ જણાય છે અને તેથી બન્ને સ્વરૂપમાં ભેદભાવ જણાય છે. આ બધું જ્યારે તે તે સ્વરૂપથી તેવી તેવી ભિન્ન ભિન્ન લીલાઓ પ્રકટ કરેલી હોય, ત્યારે જ તેવી લીલાઓને આધારે તે તે સ્વરૂપમાં ભેદભાવ મનાય છે. લીલાભેદે સ્વરૂપભેદઃ એ સિદ્ધાંત ભેદાત્મક જ લાગે છે. આ ભેદભાવ જ્યારે તે સ્વરૂપ અને તેની લીલા પ્રકટ થાય છે, ત્યારે જ જણાય છે. જેમ સૂર્ય ઉદય પામે છે ત્યારે જ તેમાં અને તેના કિરણોમાં જુદાપણું ભાસે છે, ઉદય પામેલો નથી હોતો, ત્યારે તો કિરણો અને સૂર્ય જુદા છે એવું જ્ઞાન થતું જ નથી, તેવી જ રીતે જ્યારે સચ્ચિદાનંદ પ્રભુ પોતાની સચ્ચિદાનંદમય લીલા અને પોતે જ્યારે પ્રકટ થાય છે ત્યારે તે લીલા અને તે સ્વરૂપમાં ભેદભાવ ભાસે છે. જ્યારે પોતે અવતરણ કરે છે, ત્યારે તો લીલા સ્વરૂપાત્મક જ જણાય છે એવો નિયમ છે. જ્યારે લીલા સ્વરૂપની ભીતર રહે છે, ત્યારે તો લીલા સ્વરૂપથી અલગ જણાતી નથી, તે વખતે લીલા જ સ્વરૂપ છે એમ નિયમ-સિદ્ધાંત થાય છે. શ્રીવિલ્વમંગલની સમાધિમાં શુકદેવજી કહે છે કે ‘[1]શ્રીકૃષ્ણાકર્ણવિહરી પ્રભુની ભિન્ન પ્રકારની લીલાઓનું પરસ્પર વર્ણન કરનારાં ગ્રન્થોએ તન્મયતાને પ્રાપ્ત થયાં.’ શ્રીમદાચાર્યવર આ શ્લોકના શ્રીસુબોધિનીજીમાં તન્મયતા શબ્દનો એવો અર્થ પ્રકટ કરે છે કે, તન્મયતાને પ્રાપ્ત થયાં એટલે ‘[2]લીલારૂપ—લીલારૂપ થઇ ગયાં.’ જેમકે સ્વપ્નાવસ્થામાં પ્રભુલીલાનું જ વર્ણન કરતાં કરતાં શ્રીકૃષ્ણ જેમ જાગરૂપ થઇ જાય છે, તેમ પ્રભુ-લીલારૂપ થઇ ગયાં. એવી જ પ્રભુની લીલા પ્રભુનાં સ્વરૂપથી જોડી પણ ભિન્ન નથી જ. જેમ સૂર્યનાં કિરણો સૂર્યથી જુદાં નથી, તેમ માત્ર તે લીલા જ્યારે જણાય પ્રકટ દૃષ્ટિગોચર થાય છે, ત્યારે જ તેમાં ભેદ જણાય છે વસ્તુતઃ સ્વરૂપથી તો ભિન્ન નથી જ. વર્ણન કરતી વેળાએ ભગવાનનું સ્વરૂપ અને તેથી પ્રકટ થતી અનંત લીલાઓમાં તાદાત્મ્ય જણાય છે, પરંતુ વસ્તુતઃ ભગવાનનું સ્વરૂપ તે જ લીલા અને લીલા તે જ પ્રભુનું સ્વરૂપ એવો સિદ્ધાંત છે. એ હેતુથી જ જો પ્રભુની લીલા હૃદયમાં સ્થાન મેળવે તો સચ્ચિદાનંદ ભગવાન્ પણ પ્રસન્ન થઇને હૃદયમાં પ્રવેશે છે. પૂર્ણપુરુષોત્તમની અનેક સ્વરૂપ લીલાઓમાંની એક પણ લીલાની સ્થિતિ જો હૃદયમાં થાય તો રસાત્મક નંદકુમાર હૃદયમાં પ્રવેશે છે. કેમકે થાય તે લીલારૂપ છે, એટલે તે લીલાની સ્થિતિ જ્યારે હૃદયમાં થાય ત્યારે આપની પણ તેમાં સ્થિતિ થઇ જાય જ જોઇએ. જો લીલાની સ્ફૂર્તિ ભક્ત હૃદયમાં થઇ હોય તે લીલામાં જોડાયા પોતાનાં સ્વરૂપો હોય, તે સર્વસ્વરૂપ સાથે લીલાત્મક પ્રભુ ભક્તહૃદયમાં પ્રવેશ કરે છે, એવો નિયમ છે.

---

૧. एवंविधा भगवतो या कृष्णाक्षनचारिणः । वर्णयन्त्यो मिथो गोप्यः क्रीडास्तन्मयतां ययुः ॥ क्रीडास्तन्मयतां ययुः ॥ वेणुगीत । ૨. क्रीडयैवम्य एव आत्मा ।

६ षष्ठं मर्म.

षष्ठं ग्रनस्थितानां यो भावः स्मर्यो वियोगिनाम् ।
ततो भावस्य सम्प्राप्तिर्मथिलासो हरेर्भवेत् ॥ १८ ॥
ग्रवस्था लेशभावो वा तत्सम्बन्धी विचिन्त्यताम् ।
न स्वरूपं पृथग् यस्मान्न तत्र विशते मनः ॥ १९ ॥
तत्मविष्टतया नैव स्वरूपं भिद्यते ततः ।
ग्रतोऽन्तःस्थितकृष्णास्ताः सततं हृदि भावयेत् ॥ २० ॥

मर्म ६ '(गुनगान[1]तें) घोपग्रिय भावना ढमय जाने'

भावार्थः—छठुं भर्म व्रजसुंदरीनो भाव छे. ते पण विरही वनश्रुतरीनो ने भाव तेनुं स्मरण करवु ते छठुं भर्म छे. हा नाथ रमण प्रेष्ठ क्वासि महाभुज भेम सतत उच्चारण करतां व्रजदेवीओनां निगूढ भावनुं स्मरण करतां करतां भावनी प्राप्ति थशे. ग्रहमभां प्रभुलीलानी निरंतर भावना पण व्रजांगनाओना भावनुं स्मरण कर्यांथी ज थशे. तेथी ज प्रभुनी पण सम्प्राप्ति—सम्यक् प्रकारे प्राप्ति थशे. विप्रयोगथी संयोग थशे. आ रस प्राप्त करवा माटे व्रजभक्तोनी विरहावस्थानुं चिन्तन करो. विरहावस्थामां प्राप्त थता भेद भावनुं विशेष स्मरण करो. प्रभुनी लीलाथी प्रभुनुं स्वरूप जुदुं नथी, तेथी त्यां मननो प्रवेश थतो नथी. ज्यारे व्रजसुंदरीना भावमां के प्रभुलीलामां मननो प्रवेश थाय छे, त्यारे तेथी स्वरूपनो भेद थतो नथी. व्रजभक्तोनां हृदयमां प्रभुलीला निरंतर ग्रनुभवे छे. लीलाथी स्वरूप भिन्न नथी. माटे ज स्वरूपमां मन प्रवेश करतुं नथी, पण लीलामां प्रवेश करे छे. अने लीलामां मन प्रविष्ट थवाथी स्वरूपनो भेद रहेतो पण नथी. भेदना माटे जेमनामां नंदनंदन विराजे छे, एवा व्रजभक्तोनी निरंतर भावना करवी.

उपरना श्लोक उपर मनन करतां आ आशय प्रकट थाय छे. श्रीहरिरायचरण पहेलां भगवल्लीलानी भावना करवानी आज्ञा करे छे. पछी भेम आज्ञा करे छे के व्रजभक्तोना भावनु स्मरण करवुं, तेथी ज लीलानी भावना अथवा तो सर्वात्मभाव सिद्ध थशे. लीला अने स्वरूप भेद ज छे, जेथी मन स्वरूपमां प्रवेश न करतां, लीलानुं रसिक मंडल जतुं थाय छे. ज्यारे लीलामां प्रवेशे छे, त्यारे लीलाथी स्वरूप भिन्न न होवाथी सर्वात्मभाव प्राप्ति अने प्रभुनी सम्यक् प्राप्ति पण थाय छे. व्रजभक्तो तो तन्मयताने-लीलास्वरूपपणाने प्राप्त थयेला छे, तेथी ज प्रभुनुं स्वरूप पण तेमनाथी जुदुं नथी; माटे तेमनां भावनुं स्मरण करवाथी भगवत्प्राप्ति साथे ज थाय छे. ग्रे हेतुथी जेमां साक्षात् प्रभु विराजे छे, एवां व्रजसुंदरीनी भावना हृदयमां करवी.

---

१. श्रीहरिरायचरण कीर्तनमां 'गुणगान'ने छठ्ठा अंक 'व्रजसुंदरीभाव'ना पदेला छे छे. मूल अंकमां प्रथम छठ्ठा अंक तरीके व्रजसुंदरीभावनो अधिकार कर्यो छे अने गुणगानने ७ मा अंक तरीके गोठव्युं छे. वली श्रीहरिरायचरण व्रजलीलाभावने 'रसरूप' विशेषण आपे छे, तेथी संयोग वियोगरूप जेने भाव स्मरण मिश्रे अर्थ थाय छे. मूल अंकमां श्रीहरिरायचरण तो मात्र वियोगी व्रजभक्तोना भावने स्मरवानी आज्ञा करे छे आटली विलक्षणता हृदयमां रमता रहेवी छे.

७ सप्तमं मर्म.

सप्तमं मोच्यते मर्म सर्वदोषनिवारकम् ॥
गुणा एव हरेर्ज्ञेयाः[1] सर्वदोषनिवारणे ॥ २१ ॥
अन्यत् सर्वं न यन्नास्ति साधनं सर्वे यैव हि ॥
गुणेषु गीयमानेषु प्रसन्नः सन् हरिः स्वयम् ॥ २२ ॥
स्वात्मानमाविर्भाव्यैव स्वानन्दं सम्प्रयच्छति ॥
गुणाः पूर्वं तु विरहे स्मृत्यार्तिं दहति क्रमोः ॥ २३ ॥

मर्म ७ 'गुनगानतें'

ભાવાર્થ:—સાતમું મર્મ શુદ્ધજ્ઞાન છે. એ સર્વ દોષનું નિવારણ કરે છે. સર્વ દોષનાં નિવારણ માટે હરિનાં ગુણો ગાવા. સર્વ દોષનું નિવારણ કરવા માટે બીજું કાંઇપણ સાધન નથી. પ્રભુનાં શુદ્ધજ્ઞાન સિવાય બધા દોષને દૂર કરવા માટેનો બીજો કોઇ પ્રબલ ઉપાય છે જ નહિ. ગુણોનું ગાન કરતાં કરતાં પ્રભુ પ્રસન્ન થાય છે, અને પ્રસન્ન થઇને આપ પોતે જ સ્વસ્વરૂપ પ્રકટ કરીને સ્વાનંદનું દાન કરે છે. પહેલાં વિરહાવસ્થામાં પ્રભુનાં સ્મરણથી જે આર્તિ થાય છે તેને ગુણો જ નાશ કરે છે–દૂર કરે છે. અથવા તો ગુણો પ્રભુનું સ્મરણ કરાવીને વિરહાવસ્થામાં થતી અસહ્ય પીડાને શાંત કરે છે. અર્થાત્ પોતે આનંદમય છે, તેમની લીલા આનંદમય છે, અને ગુણો, ધર્મો પણ આનંદમય જ છે, તો તે ગુણોનું ગાન કરવાથી તે ગુણોનું સ્વરૂપ જાણવાથી આનંદ પ્રાપ્ત થાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી જ.

८ अष्टमं मर्म.

अष्टमं नाममाहात्म्यस्फूर्तिः सर्वोत्तमो हरेः ॥
सदल्पसाधनेष्वल्पबुद्धिः स्फुरति चेत्वदा ॥ २४ ॥

मर्म ८ 'कृष्णनाम स्फुरे.'

ભાવાર્થ:—આઠમું મર્મ શ્રીહરિનાં નામનાં માહાત્મ્યની સ્ફૂર્તિ થવી એ છે. અનાદિ અવિદ્યાદિ મહાદોષોનો ઘોર પાતકપંકમાંથી ઉદ્ધાર કરનાર ભગવન્નામ જ છે, એવી નામની મહત્તા સર્વોત્તમ સ્ફુરે. નામ સિવાયના બીજા સાધનોમાં અલ્પ બુદ્ધિ થાય. નામ જેવા કિંવા ભક્તિ વગેરે બીજાં સાધનો તુચ્છ ભાસે. નામ પણ ભગવત્સ્વરૂપ જ છે. પ્રભુ નામ અને રૂપ જેમ અને સ્વરૂપે પ્રકટે છે. નામ પણ સ્વયંપ્રકાશ હોવાથી તેની મહત્તા પ્રભુસ્વરૂપથી ન્યૂન હોય નહિ.

९ नवमं मर्म.

नवमं वाक्यमार्गैकनिष्ठता ह्यविचारणात् ॥
यतो वाक्यमयस्त्वस्तु साधनं वाप्यसाधयन् ॥ २५ ॥

---

१० जेवा इत्यपि पाठः ।

હરિભક્તિચન્દ્રિકા.

(શ્રીદયારામકૃતા)

(અનુષ્ટુપ ૫૪ ૩૧૦)

જેને પ્રસન્ન વેરાગ્યરામ, તે જન જે કરે તે ન્યાય;
મહેતા નૃસિંહ હરિની મહેર, ઉત્સવ કર્યો અનાભિ ઘેર. ૧૦૨
નાતે નિંદા સાખી કરી, તદપિ શિક્ષા આપ્યા ખરી;
તો પખી પીડે કરી અન્યાય, તે પખી કેમ ન આપ્યા આય ? ૧૦૩
જેને માંધ આનું સ્વામનું, તેથી આવું નહિ કામનું;
ભૂખી કામ કરે તે કદ્ય, તો પશુ સહીએ નમીએ સદ્ય. ૧૦૪
કૃષ્ણદાસ દુર્જન નવ સહીએ, ચોટમ બળ કરું કદુ ન કહીએ;
ધર્મ સહે નહિ બીજોબાળ, ભૂલ્યો ભક્ત પશુ હરિનો બાલ. ૧૦૫
ભૂતો ભક્ત હરિ રાખે માન, જડ પુરોહિત ચોપે મજમાનઃ
ઘસ દોષ નવ સહે ગોપાળ, જેમ ન ગણે મા ભૂલ્યું બાળ. ૧૦૬
જે અપરાધે વાળી હરયો , તે સુમીત્ર તણો નવ ગણયો;
તે જ વિભીષણ દેરો કહ્યો, નિજ જનથી પ્રભુ મુખ્યો જતો. ૧૦૭
રઘુમાં પૂત્ર હણ્યો સુરત્રાસ, તેને તે સાખી કહ્યાય;
અર્જુન ગુરુ આદિ હિંસ્ર કર્યા, તે કૃષ્ણ સ્વપ્ને નવ ગણ્યા. ૧૦૮
ભક્ત દોષ ભગવંત ન વસ્યો, આપણ જોવો હેતુ કર્યો;
અતિ શિક્ષા દે તો નિર્નાથ, આવે [1]મારકે કૃષ્ણસ્તત્ર હિ [1]તાદૃશઃ ॥
ભક્ત ન પામે [1]દુઃખ મારકે [1]કૃષ્ણસ્તત્ર હિ [1]તાદૃશઃ ॥
>> ~~तथास्तस्समा~~ ज्ञेयाः प्रतीता अपि चान्यथा ॥ २८ ॥

यत्करोति हरिः कृष्णः स्वकीयेषु कृपापरः ॥
तया तदीयाः स्वीयेषु यत् कुर्वेति कृपालवः ॥ २९ ॥
सत्साध्येषेति मन्तव्यं यया पित्रोः कृतौ सुतः ॥
एतानि दश मर्माणि वेत्ति यः सर्वथा जनः ॥ ३० ॥
श्रीमदाचार्यकृपया भक्तिमार्गे महामतिः ॥
तस्य मार्गेश्वरः कृष्णो वशो भवति तत्क्षणात् ॥ ३१ ॥
विज्ञायैतानि मर्माणि श्रीमदाचार्यसेवकैः ॥
भक्तिमार्गे स्थितिः कार्या सर्वदातिसिचक्षणैः ॥ ३२ ॥

॥ इति श्रीहरिदासोदितस्वमार्गमर्मनिरूपणं समाप्तम् ॥

મર્મ ૧૦ ' કૃપા વચન વિશ્વાસ મન ચિત્ત આને '

---

૧. ક્વચિદ્ દૃશ્યતે પાઠઃ ।

ઉદ્ધવ અને નવ રોષિ યોગ, સાંખ્ય ધર્મ ને કર્મ પ્રયોગ;
ન સ્વાધ્યાય ન તપ ને ત્યાગ, દાન દક્ષિણા નાના માગ. ૧૧૮
વ્રત નિયમ યમ તીર્થાટને, ન રોધાઉં વેદ સર્વ ભણે;
એક અને રોકે સત્સંગ, નાદકોથી તેનો અને તરંગ. ૧૧૯
તર્યા અનેરા બહુ સત્સંગ, એકે ધર્મ ન સાધન રંગ.
રાક્ષસ દૈત્ય સહુ અમ મૃગ બહુ, ગર્ભે નાગ અપ્સરા સહુ. ૧૨૦
સિદ્ધ ચારણ ગુહ્યક ભરા, વિદ્યાધર મનુષ્ય વાનરા;
વૈશ્ય શૂદ્ર ઓ અત્યંજ જાતિ, રજસ્તમઃપ્રકૃતિ મુજ મુજ ખ્યાતિ. ૧૨૧
તે તે સહુ મુજ પદ પામિયા, કેવલ સત્સંગ બળ નહિ બીજા;
કોણ કોણ કોણ એક કહું નામ, જે જે પામ્યા મુંદરશ્યામ. ૧૨૨
પ્રહ્લાદાદિક પુત્રાસુર, વૃષપર્વા બલિ બાણાસુર;
સુગ્રીવ બિભીષણાદિ હનુમાન, રીંછપતિ જાંબુવાન. ૧૨૩
અજ સમાધ શુક્ર બ્રહ્મજાતિ, વ્યાધ વળી કુબ્જા જગખ્યાતિ;
અજામલીઓ ગજગ્રાહીઓ, ભક્તમધ્યે સર્વે આપીઓ. ૧૨૪
તે સહુ ન હતા વિદ્યાભ્યાસ, મહદ્ધ્યાનને ન હતું પાસ;
તપે ન તમ કર્મો કો તન, વ્રતાદિ ન હતું કોઈ સાધન. ૧૨૫
તે શુદ્ધર્યા સહુ સત્સંગ, શ્રીપુરુષોત્તમ પ્રગટ્યો રંગ;
સિદ્ધ પરમપદ પામ્યાં તેહ, કેવળ સત્સંગતિ બલ એહ. ૧૨૬
અક્ષરોત્તમ વક્તૃત્વ જેહનાં, સહજ પ્રાપ્ત થાય જ તેહનાં;
મુખ્ય મિલનમાં જે અંતરાય, અનાયાસ તે સર્વ પલાય. ૧૨૭
શ્રીપુરુષોત્તમ નિત્ય પ્રસન્ન, નિર્ગુણ દે સહી નિર્જન્ન,
એ સહુ શ્રીય અને સત્સંગ, જો સેવાય હસતી રંગ. ૧૨૮
એ સહુ સિદ્ધ થવું હરિ હાથ, મીઠને કર સહુની નાથ;
છે તો એમ જ આખ્યું જોમ, તદપિ કરવો બલસમ ભ્રમ. ૧૨૯
ત્યારે હરિને આવે દયા, મુતાં મુખીઓ કોણ નવ થયા;
પવન ભર્યો છે બંધાર્મા, પણ વસ્તુ હસવે ભળતો કર્મા ? ૧૩૦
અર્ભકમુખ સ્તન અર્પે માત, મનસોપણ મમ અર્પણ હાથ;
કલ્પવૃક્ષ સહુ ફળ દાતાર, સર્વથી નિકટ જતું નિર્ધાર. ૧૩૧
રહ્યું જતું તેમ હરિજન, તો સહુ સુખ દે અતિ પ્રસન્ન;
દુઃખ સંભવી રહેવું દૂર, ભક્તમાં જ ભગવે ઉર. ૧૩૨
મુક્તિ અવર શીખવે ઘરી, જેમ તેમ કરી ભૂલાવે હરિ;
ભગવદ્ ઉપાસ્યવે તુચ્છ, જે બ્રહ્મ પિર નવ લાગે મુખ્ય. ૧૩૩
સદ્ગુનમાં સદ્ગુણ જોયલા, દુર્જનમાં અવગણ વેરયા;
સપણું અવણું હરિજન થકી, એટલામાં સમજો બીજ મર્મ. ૧૩૪
વિષયી પણ વશસાધું બળ, મોક્ષ દુઃખદાતા નાહ ભણ;
ક્યિ વેદ કરે તેજ તણ ભંગ, અમિત જન્મ વણસે દુઃસંગ ? ૧૩૫

સજ્જન મુખદ સુધાથી જ્યોતિ, સજે સમતા હરિમાં ભક્તિ;
રાહુ અમૃત પીધું હતું, તદપિ દુષ્ટપણું નથી જાતું. ૧૩૬
માટે દુષ્ટ થકી નાસવું, જેમ તેમ સાધુ થઈને જીવું;
મીનરિક્ષા અવશ્ય ત્યાં થાય, જેથી સઘળા સંયમ જાય. ૧૩૭
મહાચાર્યચરણશરણે જવું, વૈષ્ણવી દીક્ષા વૈષ્ણવ થવું;
વળી ફરી વસવું સત્સંગમાં, નિશદિન રહેવું હરિ રંગમાં. ૧૩૮
ગોપીપુરુ શુભ ઘરવું ભાલ, માળે મુદ્રા તુલસી માલ;
મહારિ સેવા કરવી સદા, સ્મરણ કૃષ્ણ ત્યજવું નહિ કદા. ૧૩૯
હરિદાસેન નિત્યે હરિકથા, મુખે કૃષ્ણ, જન્મ હોમ થથા;
નામ મંત્ર ત્યજવો નહિ ક્ષણું, અન્યાશ્રમ કરવો નહિ અણું. ૧૪૦
માનપાન આદે સહુ વસ્તુ, વલ્લભકૃષ્ણ જીવન સમસ્ત;
મરવો નિજ પ્રભુ તણો પ્રસાદ, નરક રૂપ છે તે વિન સ્વાદ. ૧૪૧
ભક્તિ રહેવું અંતર અધર, ત્યજવો આધસ્ય ને અહંકાર;
અવર ન ધરવી ચિંતા રતિ, હરિ ભગવા આતુરતા અતિ. ૧૪૨
હરિગુરુ હરિજન લહેવા ભેદ, તન ધન અર્પવું કરી વિવેક;
વિષયે જતી ઇંદ્રિય ક્ષોભવી, હરિ સેવનમાં સહુ વાળવી. ૧૪૩
સઘળે દયા ન દ્વેષનો દોષ, સહજ લાભ ધરવો સંતોષ;
ઇત્યાદિક પ્રકરણ ગાયવું, પ્રાભાષ્ટિક પુષ્ટી ચાલવું. ૧૪૪
વલ્લ વૈષ્ણવ કહું ના ભેટીએ, ભેટે સદ્ગુ સુકૃત મેળીએ;
અસત્સંગે અકૃતો માત્ર, પાપરૂપ થાય જનમજાત્ર. ૧૪૫
બાલ બાધ અગ્નિ ઝંપીએ, તેથી અધિક વિમુખે કંપીએ;
રમાતું શાકૃત સંગે કરી હોય, તદપિ નાજ જોવું કોય. ૧૪૬
કૃષ્ણ ભક્તિ વિણ ધિક અવતાર, ફોગટ ભૂમિ કેરો ભાર;
અન્ન પાય વિણ જીવ્યા ધન્ય, સહજ કલ્પ જીવ્યા ધિક અન્ય. ૧૪૭
ધન્ય અધમ કુણ પશુ હરિ ભક્ત, વિપ્ર વિમુખ ધિક વિષયાસક્ત;
સંગ મૂળ પર જોઈ મૂકીએ, અંધ કૂપ કસરી ઘૂકીએ. ૧૪૮
કૃષ્ણ ભક્ત જોયાં તે સુખી, સઘળી વાતે છે તે સુખી;
મહાસિદ્ધિ તેને નવ દમે, નક્ષત્ર તેને ચરણે નમે. ૧૪૯
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ, હરિજનને સેવે સહુ વિધિ;
મુક્તિ ચાર તેને પેર ઘસી, માયા સરખી કરે બવાસી. ૧૫૦
મહાકાલ પણ રહે કંપતો, હરિજન રહે જેને ચાંપતો;
અષ્ટદિક્ નેનો જસ ધરે, ઈંદ્રાદિક સુર પ્રભુ વરવરે. ૧૫૧
નવ અસુર નવ નમતા રહે, મુનિઋષિ નમન કરે વર લહે;
સર્વ મનિપતિ પદ રજ ચહ્યમ, ભાગ્ય વદું આને જે નહ્યમ. ૧૫૨
વેદશાસ્ત્ર હરિભક્ત વખાણ, અર્થ શું કહું ? પ્રભુનો પ્રાણ;
સર્વ ત્યજી જે અને ભજે, પ્રભુનું મન તેને કેમ ત્યજે ૧૫૩

અખિલ વિશ્વ જે આજ્ઞા દીન, તે ભગવાન ભક્તાધીન;
ભક્ત વાણી શ્રીમુખ કહી કથી, મુને ભક્ત સમ પ્રિય કો નથી. ૧૫૪
રોષ ભક્ત જે અમાપુત્ર, શ્રીમન્ત જેથી પરમિત્ર;
તે પણ પ્રિય નથી ભક્ત પ્રમાણ, એથી વલ્લભ શ્રીકૃષ્ણ! ૧૫૫
મુજ આત્મા તેનો પ્રિય નથી, જેવા ભક્ત સ્વલ્પ કહું કથી;
અખિલ વિશ્વ મુજ આજ્ઞા દીન, તે ઉપર હું ભક્તાધીન. ૧૫૬
શ્રીમુખે એમ કહું શ્રીહરિ, તે પ્રમાણ મૂર્તિ ઘણે કરી;
ન કરવાનાં નીચાં કામ, ભક્ત ખારે તે કીધાં સ્વામ. ૧૫૭
કળી પ્રસીધી હરિ હિત પક્ષ, ધોમાં પક્ષ પીસ્યું પીસણ્યું;
ઝપ્યાં ચીપ્યાં તે પણ ખરૂં, નામનું બાકું છાપું. ૧૫૮
સેન ભક્ત ઉપર અતિ ભાવ, નારાયણજી નાવિક થયા;
વારિ વહું નિશેચન ધામ, એક વર્ષ થયો સુંદર સ્વામ. ૧૫૯
અતિ રાજમી એવી રતિ, દ્વારપાલ દ્વારાવતી પતિ;
ઉગ્રસેન શું ઉગ્રજ પ્યાર, એવા ભગવિલોજી ઝવીકાર. ૧૬૦
કુંતી પુત્ર થકી અતિ પ્રીત, ત્યાં નવ રાખ્યા ધુમિર રીત;
દ્વત થઇ વિશ્વિમે ગયા, ચરવાકાર ચતુર્ભુજ થયા. ૧૬૧
અર્જુનની એ અદ્ભુત ગયા, પાપું પાણી એવી લ્યા;
ગુહ્યાં ભાત વર્ણાં ત્રજવાસ, વળી બ્રજાંગના સહુના પાસ. ૧૬૨
પરમેશ્વર પાર્થ સારથિ, શું શું કહું? કંઇ બાકી નથી;
દીઠો સ્વલ્પ નિજ ભગિની રક્ત, તે આપી જેવા પ્રિય ભક્ત. ૧૬૩
અંબરીષને ચિરનો શાપ, તે મીટ્યો મુખ્યો આપ;
સખા મુદ્રામા રહ્યે વહો, મૃત્ય થઇ મૃત્યુ જયાનુ દહો. ૧૬૪
સહુ મજ ભક્ત કૃષ્ણના ખાસ, તેમના સદા થઇ રહ્યા દાસ,
ઘોર ભાર પદ અધમ અપાર, ભક્ત હિત કરિ અંગીકાર. ૧૬૫
બાંધ્યા ઉદોદર ગમલે, બાકું નવોદ્ય હિત વારલે:
ગોવાળીઓ મૂર્ખનું નામ, ભક્ત હિત તે પણ મહું સ્વામ. ૧૬૬
ખૂબર થયા વિશ્વ ગુહ્ય મિત્ર, શાસ્ત્રી અશ્વિજ્ઞ ભક્ષ્યે અપવિત્ર;
રમે રમ્યા કુબ્જા કિંકરી, અક્રૂરીબાન પુત્રી એ કરી. ૧૬૭
નંદબાલ નૃસિંહ પિતામહ, કાર્યું સ્નેહથી ન અલ્યો બાધ;
રમે દ્રુમ ઉખાણે બાન, મહામંત્ર ધર્યું વિષ્ણુરામ. ૧૬૮
મીરાનું વિષ કીધું પાન, સ્વામિ મુખ આપ્યું ભગવાન;
સહજ બસાઇ મેર હરિ રહ્યા, બાંસ તોલ્યા તોલું થયા. ૧૬૯
પ્રિય નરીતમ ચમારનું ધામ, મુખે આવ્યો શાલિગ્રામ;
શ્રીબમલ બ્રહ્મ ક્ષત્રિબકુલ, તે ઉપર મીનિકૃપ રહ્યા. ૧૭૦
તેની બીનું સંકટ લખી હરિ, નવું બ્રહ્મ સુનાવ્યા મરી;
ભક્ત ચૂહરો મોહન નામ, તેને રામે આપ્યા ધનશ્યામ. ૧૭૧

માધવદાસ પ્રિય અતિ પુત્ર, જગન્નાથ ઘોષાં મહામુત્ર;
થંડલદાસ સુખમાં હરિ રમ્યા, ઉચ્છિષ્ટ દંત પ્રહાર પ્રિય ગમ્યા. ૧૭૫
કર્યું રમાડું રમવાતણું, ગોરીમાં મરબડીયા ઘણું;
કરકીર્તિ કમલાપદ સેવ; ભક્ત પ્રેમ દૃઢ્ય સુખ હરિ દેવ. ૧૭૬
સપુત્રાદ રૂપે સ્વયં હરિ, તેના પતિની સેવા કરી;
સત્ય સંકલ્પ જુઠા કરી, ભીષ્મ પ્રતિજ્ઞા સાચી કરી. ૧૭૭
રત્નત્વદા સુપુત્રા કર કરી, વલ્લભે મુકુટ ધરાવ્યો હરિ;
ભિક્ષા સમર્થને અપટિત, માગી કૃષ્ણ ઋષિ પત્ની હિત. ૧૭૮
ગયા નીચાં લાગ્યો કામ, ભક્ત માટે કીધાં ઘનશ્યામ;
દરિજન દોડ કરે તે મરે, દરિજન કૃતિ મનસ્વી કરે. ૧૭૯
જગન્નાથ પંડિત પ્રિય હરિ, પવનસુતા ધરની રહી કરી;
શ્રીમંગા ભાવન સોપાન, ઉમા વદી કરાવ્યું સ્નાન. ૧૮૦
મુનિ પરાશર હરિ જનુભવી, તેણે કૃતિ કરી અવતની;
ગંગા મધ્યે નૌકા માંય, ધિમર કન્યા મુક્તી ત્યાંય. ૧૮૧
મત્સ્યગંધા હતી બહુવરી, મૃગમદ યોજનગંધા કરી;
દોષ ઘણો નહિ હરિ મનમાંય, વ્યાસરૂપ નિજ પ્રકટયા ત્યાંય. ૧૮૨
કૃષ્ણદેવ મેળા હરિજન, જે કીધા મતિએ ઉત્પન્ન;
સંસ્કારહિજ કર્મો નિષેધ, પાઠા પાસે બહુવ્યા વેદ. ૧૮૩
કસ્યપ પુત્ર પુત્રીને વર્યો, સૌથા સ્નેહ ભક્તિથા કર્યો;
નિજ પુત્રી અદિતા મનભટ્ટ, રમી ભક્તિ વશ સબળી સૃષ્ટિ. ૧૮૪
ભસ્મ કરે શિવ સઘળું જગત, તદપિ અનઘ છે હરિભક્ત;
પ્રતિદાસ એવા છે અતિ, સત્ય ભક્તને દોષ ન રતિ. ૧૮૫
ઇતિ હૃદયે અચલ અદ્ભુત, મારે મલ સહુ ભસ્મીભૂત;
જેમ રસનામાં અગ્નિ સદા, મારે ચીકટ બહુ નહિ કદા. ૧૮૬
વિચારતાં સમ સઘળું તત્ત, પ્રભુ પ્રતાપ જોતાં અતિ ભિન્ન;
તેમ હરિ ભક્ત જગતના જન, બહુસમ નહિ સમ દીસે તન. ૧૮૭
શ્રીમંગાજ પ્રભુ જલરૂપ, જેમ જલ અવર સરોવર કૂપ;
જોતાં જલના ધર્મ સમાન, પણ પ્રભાવ મ્યાંથી ? કર અનુમાન. ૧૮૮
તેમ સજ્ઞાન એક તનુ ભ્યવહાર, ભક્ત જગત અતિ પૃથક્ અપાર;
અધમ વંશ પણ જો હરિ ભક્ત, નિઃશંક ત્યાં થજ્યે આસક્ત. ૧૮૯
જેમ અગ્નિયો કુવજ્યો છે અગ્નિ, પણ ચિર બાંધે ધરણિ બણી;
નવ જોવો તેમજ રવિ દોષ, દુઃખ પામીએ રાખતાં રોષ. ૧૯૦
અમિર્ધ્વ જેમ દીપક સ્થામ, પણ સારે આપણું કામ;
દીપક વદા સમયો જાય, ત્યારે વળો થયો કલેજાય. ૧૯૧
તેમ હરિ ભક્તિ વિના જે વપ્ર, તે જોગ ખોલામા દીવા;
જો મન નથી કૃષ્ણ પદ પ્રેમ, સાધન ધર્મ બધે મનુ જેમ. ૧૯૨

ત્યન્યો કામ તો દંભ વધ્યો, જ્ઞ ધર્મ વધુ ક્રોધે સધ્યો;
નિર્લોભી અન્તર છે ઘણા, પણ પામે નહિ પદ હરિ તણાં. ૧૪૦
મોહ નહિ ઘરાને મન, પણ પામે નહિ જગજીવન;
સુનારુઆરને મન મદ નથી, પણ પ્રભુ ન મળે કર્યે શ્રુતિ મથી. ૧૪૧
ન માત્સર્ય ઉન્મદ મોક્ષની, પણ તે ન આપ્યા હરિ જોખની;
સર્પ કરે છે વાયુ ભક્ષ, લઘુ આકારી શુક લક્ષોલક્ષ. ૧૪૨
જીવે જળ પત્રભક્ષીયે, હરિ માં કેવા જે લક્ષીયે ?
તૃષા સહે છે ચાતક સદા, પણ હરિ ન મળે ટળે સદા. ૧૪૩
ચક્ષુ નિશિ જાગે છે ઘુવડ, પણ સ્વપ્ને ન મળે શ્રીરણછોડ;
નિદ્રા અલ્પ કરે છે શ્વાન, માટે શું મળશે ભગવાન ? ૧૪૪
ચારે વેદ ભણ્યો દત્ત વિપ્ર, રતિ વિના દૂરના જગદીશ;
સદા બાપણ કરવાનું ગાન, રતિવણ ભગ ચંદ્રાણસમાન. ૧૪૫
હરિ રતિ વિના બસંખી રહ્યો, મારે મન અહિમાર્ગ ભલો;
કુમ વાયસ સદા આકુળાન, પણ સુખ શું ? સંતોષી શ્વાન. ૧૪૬
હરિ ભાવે જોક્ષ પોપણ લાખ, પરોણા પોપ લાખ ફળ રાખ;
મીન સદા તીર્થ જલ મજ્જન, મુક્તિ ન પામે વણ હરિ ભજન. ૧૪૭
મુખમાં વસ્ત્ર કરે ને ગાય, વણ ભાવે વૈકુંઠ ન જાય;
બસદ જાપ વાર શત કથી, ભક્તિ વિના ન મળે અવિનાશી. ૧૪૮
બાલબ્રહ્મચર્ય જે પાળનારી, અહંમમત્વાદિ નહિ અવિચારી;
તદપિ ભક્તિ વિના હરિ દૂર, જ્ઞાની લક્ષણો યદપિ પૂર. ૧૪૯
પતંગ જનમ વિષે સંચરે, દાઝીઆ જળમાં ડૂબી મરે;
અધુરી વાણી જોસે જોર, રતિ વિણ રીઝ ન નંદકિશોર. ૨૦૦
સ્વાર્થી કરુણ વચન પણ સહે, મૃગાદિક પશુ વનમાં રહે;
દરિદ્રીને સમજો ત્યાગ, હરિ પ્રસન્ન નહિ વણ અનુરાગ. ૨૦૧
તેલી જગદ ચરિકમા કરે, સર્પ દંડવત કર તો કરે;
સદ્ગુ સેવ્યે તપોધ્યમ થાય, પર રક્ષામાં રોજે જમ. ૨૦૨
વટ જો જોજન જટાનો સહે, દંડ આંધળા અચલ જ મહે;
નદવો વેગ ધરે અત્યધૂત, જમરો ધ્યાન ધરે અચ્યુત. ૨૦૩
પક્ષાને ઘણી કોમ સધ, ભક્તિ વિન પ્રભુ ન મળે કદા;
નૃગનૃપ કર્યો પણું ગૌદાન, ભક્તિ વિના ન મળ્યા ભગવાન. ૨૦૪
વ્રત અમિત પ્રાચીન બર્હિષ, ભક્તિ વિના દુર્લભ જગદીશ;
નર સમાધિ સાધે છે ઘણી, પ્રેમ વિના તાવિ દૂર હરિ. ૨૦૫
વ્રત સંતોષી મુંગા મુનિ,, અશક્તિ સાધુ કકડ ધુની;
નિર્ધન તપીઓ વિરહી ઉદાસ, સપજું પિક જો નથી હરિદાસ. ૨૦૬
ઓર અન્ય પંખીનિ પ્રેત, સિદ્ધ મોર નહિ વણ હરિ હેત;
કૃષ્ણ ભક્તિ વણ ક્ષત્યાદિક, કૃતિ હરિ ન મળે સદ્ગુ મમ ધિક. ૨૦૭

સાધન બધ થાય નહિ કોય, જો હરિ ભાવે ભગતા હોય;
વસ્ત્ર વહ્નિ ઘૃત હોમે રાખ, પૂર્ણ કરે કો મન અભિલાખ. ? ૨૦૬
શ્રીહરિ ભક્તિ અંક પ્રમાણ, સાધન શૂન્ય સરીખાં જાણ;
આઘ અંક ભણી દશ ધણું થાય, કેવળ શૂન્યે કશું ન ગણાય. ૨૦૬
તેમ ન અંકને સાધન કામ, કેવળ ભક્તિ ભજે ધનશ્યામ;
શુભાચરણ શું હતું ધરવિ ? છબ્યો ચણા પશુને વધિ. ૨૧૦
વન હરિ કર્યા જોયું ધ્રુવ તણું ? ગજેન્દ્રમાં વિદ્યા નહિ અર્જુ;
રૂપ હતું શું કુબ્જામાંય ? દ્રવ્ય સુદામાને ઘેર કયાંય ?
વિદુર શું જાતિ પક્ષ વસ્યું ? ઉગ્રસેન પુરુષાર્થ કર્યું;
હરિ ન વિચાર્યું શ્રેષ્ઠ સાધન, પ્રીતિ માત્રથી કૃષ્ણ પ્રસન્ન. ૨૧૨
સર્વ સરલ એક ભક્તિવડે, તે ભક્તિ સત્સંગે જડે;
મુક્તિ ભક્તિ દુર્લભ જગતમાં, સહજે દે બલ હરિ ભક્તમાં. ૨૧૩
મુક્તિ દીધી મહીની સાઠ, ભક્તિ આપી બાજી માટ;
પ્રભુદાસજી ગાયધરઘસ, પ્રભાવ વચન કર્યો પ્રભુ પાસ. ૨૧૪
શુભાભિમ હરિજન બિના અંક વિધાતાના છે બિના ?
ધન્ય ભાગ્ય નૃપને ત્રણ સુત, આપ્યા હરિજન બલ અદ્ભુત. ૨૧૫
નામે મુખ ઇવાઠી ગાય, વસિષ્ઠ પુત્ર કર્યો કન્યામ;
હરિજન જોર હરિથી બલું, કર્મ લગી વર્ણવું મોટમપલું ? ૨૧૬
ચવિધ ભક્તિ મહાચણી, જેને વશ છે શાર્ઙ્ગપાણિ;
તે કરજ્ઞ કરી જેમાં વસે, તેને દંડ હરિ મોહન કસે. ૨૧૭
હરિ પ્રસન્ન થઇ સહુ સુખ આપે, ચોમુક્તિ નિજ સમ કરી સ્થાપે;
પણ ભક્તિ જોઇને નવ અર્પે, થવું આધીન ભાઠે હરિ કરપે. ૨૧૮
આપી પ્રેમ સહિત જ્યાં ભક્તિ, ત્યાં ઉઠતી પ્રભુની આસક્તિ;
જેને વશ બીજે સહુ થયું, સદ્ગુ સદા મન હરિમાં રહ્યું. ૨૧૯
જેને હૃદયે વસ્યું હરિ રૂપ, તે તો અખિલ વિશ્વનો ભૂપ;
જોઇ પૂર્ણ પંડિતને ગુણી, બને કૃષ્ણ વસ્તુ શી ઉણી ? ૨૨૦
એહિ પ્રકાર ધન્ય તે જન, ક્ષણે વિસરે નહિ જગજીવન:
શ્રીહરિ ગુરુ ભક્ત ને ભક્તિ, આમું ચારિ પદ સહજાસક્તિ. ૨૨૧
સહુથી અધિક હીમાયત મારે, શ્રીહરિ પ્રિય કહું વારે વારે;
સુણો કૃષ્ણજન વિનતિ મારી, મારે આશા સદા તમારી. ૨૨૨
સહજ ધર્મ સહુ સાધન દીન, હું પ્રભુ દાસ તમારો દીન;
સદા તમારી કરવા માંગું, તમ અવસર વહી ફરી માંગુ. ૨૨૩
દઉ અનન્ય આશ્રય ગુરુ તણો, આપો મને મનોરથ ઘણો;
અનન્ય પ્રેમ લક્ષણા ભક્તિ, અનઘવિનો બ્રજનાસક્તિ. ૨૨૪
શ્રીગોપીજન વલ્લભ કેરી, આપો મુજને હોંસ પગેરી:
દાસ દયાની પૂરો તૃષ્ણ, સાચો ભક્ત કરો શ્રીકૃષ્ણ. ૨૨૫

ધ્યારામ ધ્યાવજ્ય ધરિધ્યસ, ધરિજન ગુરુ આપા વિશ્વાસ;
શ્રીધરિલીલાત્રિયવિંશ નામ, ગુરુ ભક્ત મંધ સ્થ્યો અભિરામ. ૨૨૬
નિજભાજન પ્રભાવજ્ય રચી કથ્યું, રખે લહો મનઃ મલિત પથ;
આ ચરિત્ર આપે-ધરી નેમ; ધરિજન-ધરિ શું વધશે પ્રેમ. ૨૨૭
પાપ તાપ સહુ પ્રલય થશે, અતિ શ્રીધરિ ધામ પામશે;
મનઃ મમત્વ થાશે પરિપૂર્ણ, સર્વે ચિંતા થાશે ચૂર્ણ. ૨૨૮
અષ્ટ પ્રહર મનમાં આનંદ, નહિ વિસરે ધરિપદારવિંદ;

દુહો.

પૂર્ણ મંધ પ્રેમે ભર્યો. સદ્ગુન થયા પ્રસન્ન;
શ્રીસ્વજ્યોવિંશ કૃપા કરી ધો લક્ષ્મી નિવાસન.

श्रीकृष्णो विजयते ।

श्रीमदाचार्यचरणकमलाभ्यां नमः ।

श्रीमद्गोपीनाथप्रभुचरणानां जन्मकुण्डली.

चिन्तासन्तानहन्तारो यत्पादांशुनरेणवः ।
स्वीयानां तान् निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः ॥ १ ॥
यदनुग्रहतो जन्तुः सर्वदुःखातिगो भवेत् ।
तमहं सर्वदा वन्दे श्रीमद्वल्लभनन्दनम् ॥ २ ॥

स्वस्तिश्रीनृपविक्रमार्कसमयातीत संवत् १९६७ दक्षिणायने शरदृतौ महामांगल्यप्रदमासोत्तममासे भाद्रपदमासे कृष्णपक्षे तिथौ १२ चन्द्रे पुष्यनक्षत्रे परमयोगे कौलवकर्णे एवं पंचाग शुद्धौ अत्र दिने शुभसमये सर्वग्रहानुकूल्ये श्रीमदाचार्यमहाप्रभूणां गेहे श्रीमद्गोपीनाथानां प्राकट्यमभूत्, तथया विश्वोद्धारकृते स्फुटोऽभवदिह श्रीगोपीनाथाभिधः (ततोय स्वस्तिश्रीनृपविक्रमादित्यकृतसमयातीतसंवत् १९७१, तथा शके १८३७ राक्षसनाम संवत्सरे दक्षिणायने शरदृतौ भाद्रपदमासे कृष्णपक्षे तिथौ १२ भौमे. घ. ५७ प, २६ मध्याह्न घ. ६० प. ० साध्य यो. घ. ३३ प. २८ कौल. एवं पं. अत्र दिने सकलगोब्राह्मणमंडलिपालकश्रीमदाचार्यमहाप्रभूणां गेहे श्रीगोपीनाथानां प्राकट्यवर्षाणि ४०४ गतानि. अग्रे ४०५ वर्षमवेशः । शुभं भवतु ।)

*जन्मकुण्डली.

१ शुक्र. ७		१२ ५
२ शनि. ८	१ बुध, गुरु, रवि. ६	११ ४ चन्द्र.
४ ९. राहु.		१० केतु, मंगल. ३
५ १०	६ १२	९ २
७ ११		८ १

मंगो विस्तरतां पातु । सदैव क्षमम् । शुभम् । भीक्षम् ।

---

*गुर्भगंकः गृहसंख्या संकेताकेष गणितसंख्या मन्यते ।

અને છે:—

तदोडुराजः ककुभः करैर्मुखं मार्ज्या लिलिम्पन्नरुणेन शंतमैः ।
स चर्षणीनामुदगाच्छुचो मृजन् प्रियः प्रियाया इव दीर्घदर्शनः ॥२॥

(પ્રિયા સ્ત્રીના દીર્ઘ સમય પછી દર્શન કરતા પ્રિય પતિની માફક પૂર્વ દિશારૂપ મુખ દિશ્યોથી અરુણ રંગે રંગતા અને શીતલ સુખદ કિરણોથી મનુષ્યોના દુઃખ દૂર કરતા નક્ષત્રરાજ ચન્દ્રમાનો તે જ સમયે ઉદય થયો. ૨.)

જે સમયે પ્રભુએ મન ઉત્પન્ન કર્યું તે સમયે જ તેના અધિષ્ઠાતા દેવ નક્ષત્રરાજ ચન્દ્રમાનો ઉદય થયો. *જોકે પ્રભુએ સર્વ રમણ રાત્રિઓનું દર્શન તો એક જ સમયે કર્યું છે છતાં એ સર્વ રાત્રિઓની સ્થિતિ તો ક્રમથી જ છે. ભગવાનના મનનો અધિષ્ઠાતા મન પણ અધિદૈવિક હોવાથી તે પૂર્ણ જ અને નિષ્કલંક છે. મનના આવિર્ભાવ સાથે એનો આવિર્ભાવ થાય છે, કીર્તિની ઉપરતિ, (વિરામ, તિરોધાન) સાથે તેનું તિરોધાન થાય છે. બ્રહ્મલોકના અધ્યક્ષ પર્યન્ત જ આનું ગમન છે, કોઇ સમયે પણ એનો અસ્ત નથી. એ

પ્રભુએ ચન્દ્રને ઉત્પન્ન કર્યો એમ કહેવું કદાચિત્ વિરુદ્ધ લાગે, પરન્તુ તેમ લાગવાનું કારણ નથી. સહજ જ વિચાર કરવાથી પ્રભુએ ચન્દ્રને ઉત્પન્ન કર્યો એ સ્પષ્ટ થાય છે. જે સમયે પ્રભુએ મન ઉત્પન્ન કર્યું તે સમયે જ નક્ષત્રરાજ ચન્દ્રમાને અર્થાત્ ઉત્પન્ન કર્યો. વધુ તો મૂલમાં 'ससृजगात्' ને બદલે 'स असृजगात्' કહેત. વળી અમાડીના શ્લોકમાં નિષ્કલંક કરેલું ચન્દ્રદર્શન અન્ય રીતિથી પણ થવાનું નહિ હોવાથી, ચન્દ્રોદય તો પ્રાપ્ત જ થયો, અને તેમ માનવા આ શ્લોક પણ વ્યર્થ થાય. આથી પ્રભુને જે લીલાની ઇચ્છા છે, કરવાની ઇચ્છા છે, તે લીલા લોક અને વેદમાં અપ્રતીત હોવાથી અપૂર્વ છે અને તેવી લોકવેદાતીત લીલાની સર્વ સામગ્રી અત્ર પ્રભુ જ સંપાદન કરે છે તે જણાવવાને 'असृक्' શબ્દના પ્રયોગ પૂર્વક ચન્દ્રનું ઉત્પત્તિવર્ણન કર્યું છે એમ સ્પષ્ટ થાય છે. આથી જ 'ભગવાનના મનના ચન્દ્ર અધિદેવતા છે' એમ આરંભી 'कदाचित् पशु' પર્યન્તનો ગ્રન્થ યુક્તાર્થ જ છે. જો આમ ન માનીએ તો બીજી કોઇ પણ રીતે. મૂલ શ્લોકમાં ચન્દ્રની પૂર્ણતા અને નિષ્કલંકત્વાદિ ધર્મો કંઇ કહેલા વા સ્પષ્ટ નથી, અને આચાર્યથી પણ તેમ કહેવાય નહિ તેથી આ અધિદૈવિક ચન્દ્રની ઉત્પત્તિ પોતાને અને સર્વ સામગ્રી અત્ર પ્રભુએ સિદ્ધ કરેલી છે, અને તેથી જ એ સર્વ લીલા સમાજ નિર્દોષ પૂર્ણગુણ છે, એ સૂચવવાને આચાર્યથી કહે છે કે ચન્દ્ર તો ભગવાનના મનનો અધિષ્ઠાતા છે, એ પૂર્ણ છે, એ નિષ્કલંક છે, એનું ગમન બ્રહ્મલોકપર્યન્ત જ છે, અને એનો અસ્ત કદાચિત્ પણ થતો નથી વળી પ્રથમ શ્લોકમાં 'चक्रे' કર્યું એ પરથી મનની ઉત્પત્તિ નિરૂપણ કરેલી છે. લીલામાં મન જ મુખ્ય હોવાથી, તેની ન્યૂનતા હોય તો લીલા સિદ્ધ ન થાય તેથી તેની ઉત્પત્તિ પ્રભુએ કરી એમ કહેવાથી સર્વ લીલાસૃષ્ટિ અને લીલાસામગ્રીની ઉત્પત્તિ પણ સ્પષ્ટ થાય છે. આમ વિચાર કરવાથી તેવી લીલાસૃષ્ટિનો યોગ્ય એવા અધિદૈવિક નિર્દોષ પૂર્ણગુણ ચન્દ્રને પ્રભુ ઉત્પન્ન કરે છે, સર્જે છે, તેથી અમાડીના શ્લોકમાં શ્રીમુખરૂપ એવા ચન્દ્રનો ઉદય નિરૂપણ કરે છે એમ શ્રીસુબોધિનીજીનો આશય છે એમ જણાવ્યું.

*. यद्यपि प्रभुએ सर्व रमणु रात्रिओनुं दर्शन એક જ समये કર્યું છે છતાં

અન્ય પણ અશ્વિનાના મત, કે અત્ર નક્ષત્રમત' સ્થાનમાં છે, તેમનો પક્ષ ચરક દક્ષ પ્રજા-પતિથી જ થાય છે, તેથી પૂર્વ જ દિશામાં તેનો ઉદય કહેવાય છે. 'તે દિશા દેવોની છે' એ અનુસાર તે દિશાનો ઇન્દ્ર દેવતા અને અધિપતિ છે. આ સમયે ભગવાન્ જ ઇન્દ્ર છે, તેથી તેમનો વીર્યરૂપચન્દ્રાભમ્યંરૂપં તે આધિદૈવિક ચન્દ્ર તેમાં જ ઉદય પામે છે. આથી પૂર્વ દિશાના મુખને, 'મધ્ય ભાગને, ઇન્દ્રવદનને, પોતાના કિરણોથી રમતો ચંન્દ્ર ઉદય પામ્યો. પૂર્વ દિશાના મુખ ઉપર રાગ ન હતો. પ્રતિસ્પર્ધિની પશ્ચિમ દિશામાં સૂર્યના

બે રાત્રિઓની સ્થિતિ તો ક્રમથી જ સંભવતી. બ્રહ્મણી પ્રશ્ન 'દક્ષકન્યેવા' 'આ રાત્રિ' એમ કહે છે, તેથી એમ સ્પષ્ટ થાય છે કે રાત્રિઓનું દર્શન પ્રભુ એકજ સમયે કરે છે, છતાં રાત્રિઓની સ્થિતિ તો એક પછી એક એમ ક્રમથી જ છે. આ રાત્રિ નિત્ય હોવાથી તેની એક રાત્રિથી સર્વ માર્ગ ચાલી શકે એમ છે છતાં અત્ર આવી અનેક રાત્રિઓનો અંગી-કાર પ્રભુ કરે છે તેનું પ્રયોજન આ નીચે પ્રમાણે છે. વાત્સ્યાયન ઋષિએ એમ નિરૂપણ કરેલું છે કે રસનો પ્રાદુર્ભાવ વચને નાયિકાઓ સાથે પ્રતિપદાદિ તિથિઓમાં અમુક પ્રકારના નખાદિ વિશેષોથી નિત્ય રમણ કર્યું જોઇએ. અત્ર રસનું પ્રાકટ્ય એ ઇષ્ટ છે તેથી પ્રભુ સર્વ તિથિઓની રાત્રિઓનું દર્શન એક જ સમયે કરે છે, અને આ પ્રકારે આપે દર્શન કરેલી આધિદૈવિક પૂર્ણ નિત્ય રાત્રિઓનો સર્વ પ્રકારે સુંદર રીતે અંગીકાર કરી, તે રાત્રિ-ઓને લૌકિક રાત્રિઓમાં સ્થાપન કરી, તેમને વિષે નિત્ય અખંડ રસાત્મક રમણ સિદ્ધ કરી, આખું કેવલ બાલૈકગમ્ય રસસ્વરૂપ પ્રકટ કરી, શ્રીમત્સ્વામિનીજીસહ રસશાસ્ત્રોક્ત રમણરાગ સ્વરસ્વરૂપ એમનામાં પધરાવે છે.

૪. આ રમણસંત્રિઓ સર્વ અલૌકિક છે તેથી પ્રાકૃત રાત્રિઓના નક્ષત્રો એમનું રક્ષણ ગ્રહ કરી શકે નહિ, તેમ આ રાત્રિઓમાં પ્રસરતા ચોગ્ય ઉડુઓ, નક્ષત્રો, પણ અપ્રસિદ્ધ છે, છતાં પણ અહિં કંઇ શબ્દનો ઉપયોગ કર્યો છે તેનું પ્રયોજન નીચે પ્રમાણે છે. અત્ર જે ઉડુઓ-નક્ષત્રો-છે તે આ જ રમણ રાત્રિઓમાં પ્રસરમાન છે, અને અહિં શ્રીમત્સ્વામિનીજીઓનાં મત —નક્ષત્ર—તરીકે અભિપ્રેત છે. 'નક્ષત્રાણામહં શશી' 'નક્ષત્રોમાં હું ચન્દ્ર છું' એ ગીતા-માંનો ચન્દ્ર અને નક્ષત્રો એક જાતિના છે એમ સિદ્ધ છે. અત્ર શ્રીસ્વામિનીજીઓના મત કરતાં સજાતીયતા હોવાથી, આ અલૌકિક ચન્દ્રની સાથે પણ તેમની સજાતીયતા સૂચવાય છે. સ્વામિનીજીઓના મત અને આ અલૌકિક ચન્દ્રની સજાતીયતા—એક જાતિ—આ પ્રકારે સ્પષ્ટ છે. આ ચન્દ્ર ભગવાનના મનનો સંબંધી છે, અસ્તુ ! એનો એ અધિદૈવતા છે, ને શ્રીસ્વામિનીજીઓનાં મત કે અત્ર નક્ષત્રોને સ્થાને છે, તે પણ નક્ષત્રરાજ ચન્દ્રની સાથે મનવાળા સંબંધી થાય છે. આ સંબંધ પણ અંતરાધિકારીનો જ સમજવો. શ્રીસ્વામિની-જીના મત અને ચન્દ્ર એમને ભગવાનના મનના અંશ જ છે. અને અંશ શબ્દ પણ પરિ-ભાષિક અર્થમાં સમજવો. સાધારણ રીતે અંશનો અર્થ અવયવ થાય છે, પણ અહિં અંશ-અર્થ સ્વામિનીની પ્રકૃતિ નિવૃત્તિ સંક્ષેપાદિ માર્ગ સંપાદન કરવાને આવિર્ભાવ થયો તે છે.

૫. ઉત્તર સંધ્યા કાલે અભિજિત્ નિમેષને વિલાસ્ય, પૂજ્ય, તરીકે આ પશ્ચિમ દિશા મુખ્ય છે આ દિશા ભગોલમાર્ગમાં છે એમ સૂચવાય છે. રવિ પણ મધ્યોલમાર્ગમાં છે, તેથી આ પશ્ચિમ દિશાને રાત્રિનો સંભવ પ્રાપ્ત થાય છે. અહિં આ પૂર્વ દિશા જેમાં

સંબંધથી સમનો સંભવ છે. આથી આ પૂર્વ દિશાના મુખને કુંકુમના જેવા કરોથી, કિરણોથી આરક્ત, રંજિત કરે છે. જો ચન્દ્ર સ્વદિશાનું મુખ રંગે નહિ, રાગયુક્ત કરે નહિ, તો ભગવાનનું મન પણ બીજાના હૃદયને રંજિત રાગયુક્ત, કરે નહિ. ચન્દ્રના કિરણો સુખકર છે, શીતલ હોવાથી તે તાપને દૂર કરે છે. વળી, એ કિરણો અલ્પ રક્ત-રંગને લીધે અત્યન્ત કલ્યાણરૂપ છે. અલ્પ રંગ રાગપ્રધાન છે એ પ્રસિદ્ધ છે. પુરુષ પણ જો અનુરાગથી સ્પર્શ કરે ત્યારે સુખ થાય છે. આ ચન્દ્ર જો માત્ર ભગવાનના મનનો અધિષ્ઠાતા દેવ જ છે તો મનને વિષે એનો ઉદય થાય, જો અંધકારની નિવૃત્તિ એનું પ્રયોજન છે તો ભગવાન્ જ અંધકારનું નિવારણ કરે, અથવા જો ઉદ્દીપકત્વ, ભાવનો ઉદ્બોધ, છે તો પણ ભગવાન્થી જ તેનો સંભવ છે, માટે આનું અસાધારણ કર્મ કહેલું જોઈએ તો તે કહે છે. 'અર્વાક્ષીઓ એ સર્વત્ર પરિભ્રમણ કરનારી શક્તિઓ છે. તેમણે સર્વત્ર પારબ્રહ્મણ

આ અશોકિક ઇન્દુનું, ચન્દ્રનું, પ્રાકટ્ય થાય છે, એ પુષ્ટિમાર્ગીય છે એમ પણ સમજાય છે. આ પ્રકારે પશ્ચિમ દિશા એ પૂર્વ દિશાની પ્રતિસ્પર્ધિની, હરીફ થાય છે. આથી અર્વાતભાગમાં સર્વનો સર્વથા સંબંધ હોવાથી સર્વથા તાપ જ છે, અને એ તાપની નિવૃત્તિ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થયેથી થાય છે એ તાત્પર્ય પણ અત્ર સ્પષ્ટ થાય છે. પ્રાતઃકાલમાં અસ્તોન્મુખ સમયે પૂર્વ દિશા પણ સૂર્યના સંબંધથી રાગયુક્ત હોય છે, પણ આ સમયે એ પૂર્વ દિશાને રાગયુક્ત કહી છે તેનું કારણ એ છે કે ત્યારે પ્રભુ જ ચન્દ્ર તરીકે છે અને એ દિશાના દેવતા તરીકે પણ છે. આથી પણ પશ્ચિમથી પૂર્વનો ઉત્કર્ષ સિદ્ધ થાય છે. પ્રભુ સર્વદા પુષ્ટિમાર્ગનો જ ઉત્કર્ષ કરે છે, એટલું જ નહિ પણ અન્યત્ર આનાથી અન્યનો ઉત્કર્ષ સહન કરતા જ નથી. આ સર્વ ધ્યાનમાં લઈને આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે 'તે પૂર્વ દિશાના મુખ ઉપર રાગ ન હતો, અને પશ્ચિમ દિશામાં રાગ હતો તેથી પશ્ચિમ દિશાએ પૂર્વની હરીફ, પ્રતિસ્પર્ધિની, થાય છે.

૬. સર્વત્ર ભક્તોમાં પરિભ્રમણ કરનાર, પ્રભુના પ્રસાદનું કૃપાતું, નિરૂપણ કરનાર, જ્ઞાનાદિની શક્તિના અંશભૂત ભગવાનના મનની શક્તિઓને સમજી કહે છે. તેવી શક્તિઓ સર્વત્ર કૃષ્ણાદિ ભક્તોમાં પરિભ્રમણ કરે છે, તથાપિ તેમને આ પરમાનંદનો સંબંધ થતો નથી, કારણકે તેવા ભક્તોની તો મુક્તિ જ થાય છે. પરમાનંદની પ્રાપ્તિમાં જેવા કૃષ્ણાદિ ભક્તોનો અધિકાર નથી એમ જાણીને, અને મીસ્વામિનીઓમાં એ યોગ્યતા, અધિકાર, સિદ્ધ છે એમ નિશ્ચય કરીને, તેઓ આશ્રયમાં અત્ર મીસ્વામિનીઓમાં સ્થિતિ કરે છે. અહિં પણ પરમાનંદની પ્રાપ્તિમાં વિઘ્ન થવાથી તેમને શોક થાય છે. ભગવત્સંબંધ જ્યાં પ્રાપ્ત થાય કે મુક્તિનું પણ પ્રયોજન ન જ કરે તે સંબંધને મુક્તિ થતાં પૂર્વેજ તેમની નિવૃત્તિ જણાવી છે. સંપ્રતિ પ્રથમ ગીતના સપ્તમવતી શક્તિ તે મત્સ્યની છે, અને તેના અંશભૂત આ સર્વજ્ઞીઓ જ્યાંસુધી પર્યન્ત મીસ્વામિનીઓમાં સ્થિતિ કરે છે. ચન્દ્રોદયથી ભગવત્સંગમ સુખ પ્રાપ્ત થશે એમ જણાવવાથી એમનો શોક નિવૃત્ત થાય છે.

દ્વિતીય પક્ષમાં યોગમાયાની અંશભૂત આ સ્વામિનીઓમાં સર્વોત્તમભાવ પ્રાપ્ત કરનારી શક્તિઓ તે જાણવી કહેવાય છે. યોગમાયા ભગવાનને જ્યાં જેવી લીલા કરવાની ઇચ્છા થાય ત્યાં તદનુરૂપ, તેવો જ ભાવ સંપાદન કરે છે. આ સર્વોત્તમભાવ લીલા કરવાની પ્રભુની

કર્યું પણ ત્યાંહિ પણ પરમાનન્દનો સંબંધ થયો નહિ, સર્વત્ર તેમનો અટક્યા પણ પરમાનંદ પ્રાપ્ત થયો નહિ. જો કોઈ મુક્ત થાય તો પણ તેમને પ્રવેશ પ્રાપ્ત થતો નથી, ત્યાંથી તો તેમનો પહેલા જ નિવૃત્ત થાય છે. આથી તેમનો શોક રહે છે જ. અર્વાક્સંસક્તિ જીવોનો અથવા તે શક્તિઓનો શોક કદાપિ જ નિવૃત્ત થાય છે, અસ્તુ જે શક્તિસહિત જીવોને જ

છતાં છે તેથી આ શક્તિઓ ચોરાશીના અંતર્ભૂત તે તે યોનિઓમાં સ્થિતિ કરે છે, અને પ્રભુનું નિર્દુષ્ટ કર્મોદિ અનેક પ્રકારોથી તે તે ભાવ સંપાદન કરે છે. બીજા સમયે તે તે વસ્તુના અનુરૂપ ભાવ પ્રકટ કરવાને શક્તિઓની સ્વામિનીઓમાં સ્થિતિ છે, તેથી શક્તિ સહિત જીવોનો શોક દૂર થયો એમ આચાર્યોએ આજ્ઞા કરે છે.

આ પ્રકારે ઉભય પક્ષમાં અર્વાક્સંસ્થાના સ્વરૂપમાં ભેદ છે. અર્વાક્નું સ્વરૂપ આ પ્રકારે શ્રીમત્પ્રભુચરણે નિરૂપણ કરે છે. અર્વાક્ શબ્દમાં મૂલ ધાતુ 'ઋધ્' છે, જેનો અર્થ આવિર્ભાવ, વા વૃદ્ધિ ધાતુના અર્થમાં, અથવા ઇચ્છાર્થક પણ આમ્ અથવા જોવાના અર્થમાં પણ વપરાય. અત્ર એક સર્વોત્તમભાવથી પ્રાપ્ત રસની અધિમરિષ્ઠા સૃષ્ટિમાં જ જે શક્તિઓ અધિકૃત છે તેઓ અસદ્વાવિર્ભાવ જાણીને તેવી સૃષ્ટિ પ્રકટ કરીને, ફલ સિદ્ધિની પ્રતીક્ષા કરતી ત્યાંથી અન્ય ભાવથી તે સૃષ્ટિનું રક્ષણ કરે છે. અર્વાક્ શબ્દ પ્રયોજવાનું આ તાત્પર્ય છે. જોકે વૈયાકરણો આ ધાતુને અતિવ્યાપક કહે છે છતાં અહિ 'ઋધ્ પ્રાપ્તનમૈશ્વર્યયોઃ' આ અર્થ શબ્દ નહિ કહેતાં જોઈએ કહ્યું તેથી અત્ર તાત્પર્ય પણ અભિપ્રેત અમને લાગે છે 'ઋધ્' ધાતુનો અર્થ ગમન કરીએ તો તેમાં ક્યાં પ્રકટ થઈ ત્યાં જઈને તત્રસ્થસિદ્ધિના અનુકૂલ પ્રયત્ન કરવા માંડી. તેથી સ્વસ્વામિનીઓ જે ભગવાનના ભોગને યોગ્ય છે તેમનામાં પણ ભગવદ્ભોગનો વિઘ્ન અને તેને લીધે તેમને થતી અતિ જોઈને આ અર્વાક્સંસ્થાને પરમ સ્નેહને લીધે શોક થયો. આમ હોવાથી આ ચન્દ્ર શ્રીસ્વામિનીઓનું પ્રિયના સંગમના અભાવથી થતું દુઃખ, વિરહ દુઃખ, દૂર કરે છે, કેવલ સ્વામિનીઓનું દુઃખ દૂર કરે છે એટલું જ નહિ પરન્તુ અર્વાક્સંસક્તિ સર્વનું દુઃખ હરે છે. આ પ્રકારે મૂલાર્થ બેસે છે. અર્વાક્સંસ્થાના શોકનું કારણ સ્વામિનીઓને ભગવત્સંગના અભાવને લીધે થતું દુઃખ છે. તેથી તેમના એ દુઃખની નિવૃત્તિ થવાથી તે અર્વાક્સંસ્થાનું પણ દુઃખ નિવૃત્ત થયું. આ પ્રકારે અર્વાક્સંસ્થાના દુઃખની નિવૃત્તિ અમુખ્ય, ગૌણ, હોવાથી આચાર્યોએ અર્વાક્સંસક્તિ જીવોના દુઃખની નિવૃત્તિ થઈ એમ કહીને તેમનો સદ્ભાવ અનુકૂલે છે. આ અસૌદ્ધિ ચન્દ્ર સ્વભાવથી એવો હોવાથી એના ઉદયની સાથે પ્રભુ સંગમ કરે એમ નિયમ કર્યો દુઃખની નિવૃત્તિ થાય છે. આથીજ આચાર્યોએ કહ્યું કે 'અર્વાક્સંસક્તિ જીવોના શોક દૂર થયા' આ દ્વિતીય પક્ષ છે.

પ્રથમ પક્ષમાં તો તેના સંબંધીઓને જ પરમાનંદનો અનુભવ છે તે શક્તિઓ તે પરમાનંદની આકાંક્ષાવતીઓ થઈને, આજ્ઞાથી ભિન્ન ભાવોમાં અત્યાર સુધી પરિભ્રમણ કરે છે. આવી પરિભ્રમણ કરનારી શક્તિઓને અત્ર અર્વાક્ કહ્યાં છે. મુક્તિમાં પરમાનંદનો અનુભવ થયો નહિ એમ જાણીને તેના ભાવોમાંથી સ્વતઃ જ નિવૃત્ત થાય છે. ભગવાને જ એ અર્વાક્ શક્તિઓને એવી નિર્મેલી હોવાથી તેમાં તેમનો પ્રવેશ થતો નથી અને સ્વતઃ તેમનો ત્યાર પહેલા નિવૃત્ત થાય છે એમ આચાર્યોએ કહ્યું છે. અર્થાત્ આ શક્તિઓની ક્રિયા નિવૃત્તિ

પરમાનંદનો અનુભવ થવાનું કહેવાનું છે. સામાન્યતાથી પ્રભુના અવતારકાલીન જીવો જેવી શક્તિથી મુક્ત છે. ચન્દ્રનો ઉદય થયો છે એટલે પરમાનંદનો અનુભવ અવશ્ય થશે. આમ હોવાથી ચન્દ્રોદયના ત્રણ પ્રયોજન છે, સ્ત્રિવતાનો મુખ્યતું સંમાર્જન, સર્વસ્ત્રીઓના શોકનું હરીકરણ, અને અંધકારની નિવૃત્તિ. એ પ્રયોજન સ્પષ્ટ છે છતાં પણ એ ચન્દ્રના જ આગમનથી સિદ્ધ થાય છે તે કહેવાને દૃષ્ટાન્ત આપે છે. દીર્ઘ કાલ પછી દર્શન દેતા, અતુ સમય પછી આવેલો બાલો પ્રિય હોય છે. તે પ્રિય પતિ પતિવ્રતાનો શોક દૂર કરીને તેના મુખનું સંમાર્જન કરે છે. અને આ કાર્ય કોઈ અન્ય રીતે સિદ્ધ થતું નથી.

કરતું નથી, પણ જતે જ તેનો નિવૃત્ત થાય છે. આ કારણથી જ્યારે ચન્દ્રોદય થયો અટલે તેમના શોકની પણ નિવૃત્તિ થઇ. આ પક્ષમાં ચન્દ્રનું પુનઃ પરામર્શ કરવાનું પ્રયોજન નહિ હોવાથી અને એક વાક્યમાં બે વાર ચન્દ્રનું કથન અસંભવિત હોવાથી અને પૂર્વ અપ્રસિદ્ધ એવા ચન્દ્રની પ્રસિદ્ધિ થતાં, તે અર્થ 'તત્' શબ્દનો થઇ શકે નહિ તેથી અગ્નિથી અગ્ન્યર્થમાત્રે થાસ્તુપોધિનીમાં દ્વિતીય પક્ષ બતાવ્યો છે એમ લાગે છે.

વળી, અર્થાત્ ભક્તિ માર્ગમાં મુક્તિ થતાં પહેલાં જ શક્તિઓની નિવૃત્તિ થાય છે. મુક્ત જીવોને પરિશ્રમનું નહિ હોવાથી સ્ત્રીઓનો ત્યાં ઉપયોગ થતો નથી, પરન્તુ જેઓ સંસારથી શક્તિઓ જેવા પ્રશ્રિમનુના કારણભૂત છે તેમનો સંસર્ગીયમાં વૃત્યારંભમાં અમનુનો આસ ઉપયોગ હોવાથી એ શક્તિઓની નિવૃત્તિ થતી નથી, પણ પરિશ્રમનું કરવાની શક્તિયુક્ત જીવન્મુક્તોને જ રાસમાં પરમાનંદનો અનુભવ થશે એમ જણાવવા તેમના શોકની નિવૃત્તિ થઇ. આ જ ન્યાયથી આચાર્યશ્રીએ કહે છે કે સર્વસ્ત્રીસહિત જીવોના શોકની નિવૃત્તિ થઇ, કારણ કે તેઓએ જાણ્યું કે હવે તેમને પરમાનંદનો અનુભવ અવશ્ય થશે જ.

૭. તે તે લીલા કરવાની ઇચ્છા પ્રમાણે તે તે ભાવની સંપાદક યોગમાયાની અંશભૂત શક્તિઓથી મુક્ત જીવો.

૮. મુખ સંમાર્જન યદ્યપિ કેવલ ચન્દ્રના આગમનથી સિદ્ધ થઈ શકે એમ છતાં પણ એ ચન્દ્રોદયનું મુખ્ય કારણ નથી, એ તો પ્રાસંગિક કાર્ય છે.

૯. ચન્દ્ર મનનો અધિષ્ઠાતા હોવાથી એ સ્ત્રીઓનો પતિ કહેવાય છે. ઉપર કહ્યું તે પ્રમાણે સ્ત્રીઓ ભગવાનના મનની અંશભૂત શક્તિઓ છે, અને આ ચન્દ્ર ભગવાનના મનનો અધિષ્ઠાતા દેવ હોવાથી એ સ્ત્રીઓનો પતિ કહેવાય છે. સ્ત્રિવતાનું પતિપણું ચન્દ્રમાં સ્પષ્ટ છે, અને તેના મુખસંમાર્જનમાં પણ. જેમ અન્ય કારણે આવેલો પ્રિયપતિ સ્વયિત સ્ત્રીનું મુખસંમાર્જન કરી શોક દૂર કરે છે તેમ આ ચન્દ્ર પણ સ્ત્રીઓનો પતિ હોવાથી તેમનો શોક દૂર કરે છે. અત્ર મુખસંમાર્જન ગૌણ છે, તેથી ચન્દ્ર સ્ત્રીઓનું મુખસંમાર્જન નથી કરતો તો પણ વિરોધ નથી. મુખ્ય પ્રયોજન જે શોકનું હરીકરણ છે એ સર્વત્ર સમાન છે.

શ્રીગોપીપરિષદ્.

કૃષ્ણપ્રભુ શુભ્ર છે, શુભરૂપ છે, સર્વરૂપ છે, રસરૂપ છે, આનંદાકાર છે, અને એવા પ્રભુ વિવિધ સમયે વિવિધ પ્રયોજનથી વિવિધ અવતારો ધરે છે, એ આપણે અગાઉ એક લેખમાં કહી ગયા છીએ. પોતે સંપૂર્ણ કામી જે અવતાર ધર્યો તે કૃષ્ણાવતારની લીલા રાસસ્કંધમાં છે, અને તેનું એક પ્રયોજન શ્રુતિઓને આપેલું રમવાનું વરદાન પાળવાને માટે હતું. પોતે અપરિચ્છિન્ન છતાં, સર્વરૂપ છતાં, નટવત્ ભક્તની ઇચ્છા પૂર્ણ કરવા માટે જેમ તે રૂપ ધરે તે છતાં વ્યાપ્યુત રહે છે, પરિચ્છિન્ન દેખાતા છતાં અપરિચ્છિન્ન છે, એમાં પોતે સર્વે વિરુદ્ધ ધર્મોના આશ્રય છે, એ પણ આપણે જોઈ ગયા છીએ.

એ રસરૂપ આનંદાકાર કૃષ્ણ પ્રભુએ જે રાત્રિઓમાં રમવાનું વરદાન આપેલું, તે રાત્રિઓને જોઈને, પ્રભુએ મનોહર વેણુનાદ કર્યો. તે સુંદર નાદ સાંભળી સર્વ ગોપીઓ પોત પોતાનાં સર્વ કામ પડતાં મૂકી દોડતાં દોડતાં તે વર-રસના ભોગ કરવા પ્રભુ પાસે આવ્યાં. કોઇએ અધવચ્ચે છોડી આગ દોહોવી, અને કોઇએ પડતી મૂકી મુલાકરની ખીર, કોઇએ જોડયું પરિસવાનું અને કોઇએ જોડયું પચરાવવાનું ને જમવાનું; કોઇએ જોડયું બીબું ગુંપવું અને કોઇએ જોડયું અંજન આંજવું. કોઇએ તો સંભ્રમમાં વસ્ત્રાલંકાર ઉંધા અર્યા પહેરી લીધા. પતિ, પુત્ર, બંધુઓએ બહુએ સમજાવ્યાં, પણ માને કોનાં! આ ગોપીઓમાં પ્રભુપર સ્વાભાવિક પ્રેમ હતો, પ્રાકટ્યના દિવસથીજ પ્રેમ હતો, જેમનામાં કાંઇ અમની ઉપાધિવાળો સ્નેહ ન હતો. ભીમટપ્રભુજી કહે છે કે:—

नहि साद्ये कामोपाधिकस्नेहः संभवति । न वा तादृशीनामज्ञनादित्यागः संभवति । प्रत्युत सदादि सर्वं प्रसाद्यागमनं कुर्यात् । यदनन्तरं यद्रमणं तच्च रसो वै स इति श्रुतेः स्वरूपस्य रसात्मकत्वाद्रसरीत्या स्वरूपानन्ददानमेव । "सात्त्विकं सुखमात्मोत्थं विषयोत्थं तु राजसम् । तामसं मोहदैन्योत्थं निर्गुणं मदपाश्रय" मिति भगवद्वाक्यात् भगवत्सम्बन्धि सुखस्यापि गुणातीतत्वमेव ॥

અર્થ:—આવાપ્રતિ અમની ઉપાધિવાળો સ્નેહ સંભવતો નથી. તેમ હોય તો તેવી સ્ત્રીઓથી અંજન વગેરેનો ત્યાગ ન થાય, પણ ઉલટું કૃષ્ણની આગળ સર્વે શૃંગાર સજીને આવે. એવા શુદ્ધ સ્નેહવાળી ગોપીઓ આવે જે રમણ, તે તો रसोवैसः એ શ્રુતિને અનુસાર પ્રભુનું સ્વરૂપ રસાત્મક હોવાથી રસ રીતે સ્વરૂપાનંદનું દાનજ સમજવું. "અહમાથી ઉત્પન્ન થતું સુખ સાત્વિક, વિષયથી થતું સુખ રાજસ, મોહ દૈન્યથી થતું સુખ તામસ, અને આપ્ત આશ્રયથી થતું સુખ નિર્ગુણ" આમ ભગવદાશ્રય હોવાથી ભગવત્ સંબંધી સુખ એ ગુણાતીત જ સમજવું.

આ વર-સ્વરૂપ અવર પ્રભુએ ગોપીઓને પાસે આવેલાં જોઈ તેમાંનાં જે સ્ત્રીરૂપ હતા, અનન્ય ન હતા, તેમને મોહ કરી અટકાવવાને, માત્ર અનન્યના જ અધિપતિ એવા પ્રભુએ કહ્યું "મહાભાગ્યશાલી ગોપીઓ, તમે અહીં આવ્યાં, કે તમારું શું પ્રિય કરું?

વનમાં કોઇ ઉપદ્રવ તો નથી ? આવવાનું કારણ શું · આ રાત્રિ ઘોરરૂપ છે, ઘોર પ્રાણીઓ ફરી રહે છે, માટે મારો વનમાં જન્મ. હે સુંદર કટિવાળી સ્ત્રીઓ, સ્ત્રીઓને સ્વપક્ષ આ સ્થાન નથી. તમારા માબાપ, પતિ, પુત્ર, ભાઇઓ તમને જોશે નહિ એટલે શોધવા નીકળશે, માટે તેમને દુઃખ ન આપો. આ ખીલેલાં કુસુમોવાળું વન તો જુઓ ! ચંદ્રના કિરણોથી કેવું શોભે છે ! યમુનાના પવનની લહેરીઓથી વૃક્ષોનાં પલ્લવ કેવાં હાલી રહ્યાં છે ! હવે ગોકુળમાં જાઓ ! વાર ન લગાડો. હે સતીઓ, પતિની સેવા કરો. વાછરડાં ને બાળકો રડે છે તેમને દૂધ પાઓ અને છાનાં રાખો. અથવા કદાચ તમે પ્રેમથી મારાં દર્શન કરવા આવ્યાં હો તો ઠીક છે. હવે દર્શન કરી પધારો. પતિની, તેના બંધુઓની અને પ્રભુની સેવા કરવી, નિષ્કપટથી ચોકસ કરવું એ સ્ત્રીઓનો ધર્મ છે, બહુ દુર્મુખી, દરિદ્રી, વૃદ્ધ, જડ, રોગી, ગરીબ, અને તેવો કોઇ દોષ હોયતો લોકમાં અપકીર્તિની બીકવાળી સ્ત્રીએ તેનો ત્યાગ કરવો નહિ. કુલ સ્ત્રીઓએ ઉપપતિ કરવો એ પરલોકનો નાશ કરનાર, અપયશ આપનાર, તુચ્છ, કષ્ટ સાધ્ય, ભય કરનાર અને જુગુપ્સા કરનાર છે. અન્ન, દર્શન, ધ્યાન, કીર્તનથી જેવો માણ પર ભાવ માન તેવો કોઇ હમેશાં નિકટ રહેવાથી થતો નથી. એ તો સૌહિત્ર અને કામ મિશ્રિત, કોઇ શાસ્ત્રીય નહિ. માટે ઘેર પાછા વળો. ”

પ્રભુનું આવું વિધિય વાક્યરૂપ સાંભળીને ગોપીઓ બહુ દુઃખ પામ્યા, તેમના બધા સંકલ્પ પળમાં ભંગ થયા, અને તેઓ બહુ ચિંતામાં પડ્યા. મહોં વહીલાં થઇ ગયાં, દોઢ સુમાર થયા, નખથી જમીન ખોતરવા લાગ્યા, કાળા મેશવાળા અશ્રુથી, કુચકુંકુમ ધોવાઇ ગયાં, અને દુઃખના ભારથી દબાઇને મુગા મુગા ઉભા રહ્યા. પછી જેને માટે પોતે સર્વે ભ્રમનો ત્યાગ કર્યો હતો તે પ્રાણપ્રિય પ્રભુને અપ્રિય બોલતાં સાંભળીને અંગ્યો ધ્રુજીને, કંઠમાં ભયભીત થઇ ગદ્ગદ વાણીની નીચે પ્રમાણે બોલવા લાગ્યા. “ હે પ્રભુ, આવાં કઠોર વચન બોલવાં આપને છાજતાં નથી. સર્વે વિષયોનો ત્યાગ કરી અમે આપના ચરણકમલ આગળ આવ્યા છીએ. માટે અમારો અંગીકાર કરો. હે દીક્ષા પ્રભુ, અમારો ત્યાગ ન કરો. જેમ આદિ પુરુષ મુમુક્ષુઓનો અંગીકાર કરે છે, તેમ અમારો અંગીકાર કરો. આપે કહ્યું કે સ્ત્રીઓએ પતિ, પુત્ર, સ્વજન વગેરેની સેવા કરવી તે ખરું, પણ દેહધારીઓના પતિ, બંધુ સર્વસ્વ આપજ છો. સઘળા જંતુઓ તો પોતાના આત્મારૂપ નિત્ય પ્રિય આપને વિષે જ રતિ કરે છે દુઃખથકી ધણી છોકરાંને શું કરવાં છે ? માટે હે વરેશ્વર, હે કમલનેત્ર, ચિરકાલથી આપને વિષે બાંધેલી અમારી આશાનો ભંગ ન કરો. અમારું ચિત્ત તો આપે ચોરી લીધું છે, તે વગર નથી કે ? હવે જે ચિત્ત ઘરમાં પેસતું જ નથી, અને ઘર કામમાં લાગતા નથી. આપના ચરણકમલમાંથી અમારા પગ ખસતા નથી. હવે વનમાં કેમ જઇએ, અને શું કરીએ ? હવે તો હે અંગ, હાસ્યથી, દૃષ્ટિથી, અને ગીતથી અમારા હૃદયમાં અગ્નિનો જે બાકો કર્યો છે, તેપર આપના અધરામૃતનું સિંચન કરો; નહિ તો, હે સખે, વિરહાગ્નિથી અમારા દેહ બળી જશે, અને અમે આપની પાછળ પાછળ બળીશું. હે કમલનયન, વનવાસીને પ્રિય એવા આપના ચરણોને સુખ આપનાર ચરણકમલનો સ્પર્શ અમે કર્યો છે, ત્યારથી આપની સાથે રમણ કરનાર અમે બીજા કોઇ પાસે ઉભા પણ રહી શકતા નથી. આપના વક્ષઃસ્થલનો સ્થાન ભગવા છતાં લક્ષ્મીજી આપના ચરણકમલની રજની અપેક્ષા કરે છે, તેમ અમે પણ આપના ચરણકમલની રજને ચરણે છીએ. માટે હે દુઃખ હર કરનાર,

અમારાપર પ્રસન્ન થાઓ. આપની સેવા કરવાની ઇચ્છાથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને અમે આપના ચરણકમલમાં આવ્યા છીએ. આપની મુક્ત સ્મિતભરી દૃષ્ટિથી અમને તીવ્ર કામ ઉત્પન્ન થઈ અમારાં હૃદય હરેલ છે, તેને હે પુરુષશ્રેષ્ઠ, ધરવ આપો. આપનું મુંડલથી શોભિત, અલકાવલીથી વીંટાયલું, વિશાલ કપોલયુક્ત, અધરોષ્ઠને વિષે સુધાવાળું, અને હાસ્યયુક્ત કટાક્ષવાળું મુખારવિંદ જોઈને, અભયદાન કરનાર ઘુંટણ સુધી લાંબું કમલ, અને માત્ર લક્ષ્મીજીને જ ભોગ્ય વક્ષઃસ્થલ જોઈને અમે આપની દાસી થયાં છીએ. હે અજ ! આપનાં કોમલ કોમલ પદ્મકમલવાલા વેણુગીતથી મોહિત થઈને, અને આ ત્રણ લોકના શોભારૂપ, આવો, દયો અને દૃષ્ટિને પણ રોમાંચ કરનાર આપનાં સ્વરૂપનાં દર્શન કરીને કઇ પણ આર્ય અસતિથી ન ચલે ? જેમ આદિ પુરુષ દેવોકનું રક્ષણ કરે છે, તેમ આપ વ્રજનાં ભય અને આર્તિને હરણ કરવા પ્રકટ થયા છો, માટે હે દુઃખીના બેલી, આ કિંકરીઓનાં તપ્ત સ્તન અને શિર ઉપર આપનો હસ્તકમલ ધરો." ગોપીઓનાં આવાં વિકલ વચનો સાંભળીને યોગેશ્વરેશ્વર પ્રભુએ પોતે આત્મારામ છતાં હસીને રાધાથી તેમની સાથે રમણ કર્યું. નક્ષત્રોમાં જેમ ચંદ્ર શોભે, તેમ ગોપીઓમાં અચ્યુત પ્રભુ શોભી રહ્યા. યમુનાજીના પુલિનપર પધારીને રમણરેતીમાં પોતે રમણ કર્યું. બાહુ પ્રસારીને, ભેટીને, કર, અલક, ઉર, નીવી, સ્તન વગેરે અંગસ્પર્શ કરીને નર્મ નખક્ષતથી, વિહારથી, અવલોકનથી, હાસ્યથી, વ્રજસુંદરીઓનો કામ જાગ્રત કરીને તેમની સાથે રમણ કર્યું. અહો ક્રિયા સર્વાડપિ સા પદ પદે કામસ્ય વિષ્વતે તાસાં કામરૂપ સંપૂર્તિર્નિષ્કામેનેતિ તાદ્ભુતા ॥ સર્વ કામની ક્રિયા છતાં પ્રભુમાં કામ વિદ્યમાન નથી, ગોપીઓના કામની સંપૂર્તિ નિષ્કામ પ્રભુથી થઇ તેથી ગોપીઓ નિષ્કામ થઈ—એ શ્રીમદ્પ્રભુજીની કરિશ્મા સમરણ રાખી મનને કામથી મલિન ન થવા દેતાં કામરૂપી દાવાનલ નિવારણ કરી સ્વરૂપસ્થીતિના સ્વારસ્યમાં તન્મય થયું. આ રમણથી ગોપિકાઓ હૃદયપર પોતાને સ્ત્રીથી શ્રેષ્ઠ માનવા લાગ્યાં. તેમનો આ સૌભાગ્ય મદ તથા માન જોઈને તે અંતર્યામિ કરવા પ્રભુ અંતર્ધાન થઇ ગયા. ગોપીઓ પ્રભુને નહિ જોવાથી સંતાપમાં પડયા. ભગવાનની ગતિ, અનુરાગ, ઈક્ષિત, મનોરમ આલાપ, વિહાર અને ક્રિયાથી જેમનાં ચિત્ત આકર્ષિત થયાં હતાં એવાં ગોપિકાઓ તદ્રૂપ થઇ પ્રભુની સર્વલીલા કરવા મંડયા. પોતાની માફક વર્તન કરવા લાગ્યાં. વૃક્ષોને, લતાઓને, હરિણીઓને, તુલસીને પ્રભુના સમાચાર પૂછવા માંડયા; અને પૂતનાલીલા વત્સલીલા, દૈત્યલીલા, સિંહલીલા, વગેરે સર્વ લીલા કરવા માંડી; પછી કૃષ્ણપરમાત્માના તથા કોઇ ભાગ્યવાન્ ગોપીનું પગલાં જોયાં. સર્વ ગોપીને છોડી પોતાને સાથે લેવાથી તે ગોપીને અહં થયો, અહંથી તેને છોડી પ્રભુ અંતર્ધાન થઇ ગયા. પછી સર્વ ગોપીઓ યમુનાજીના તટપર પોતાનાં થઇ પ્રભુપ્રાકટ્યની ઉત્કટ ઇચ્છાથી પ્રભુનાં ગુણગાન કરવા લાગ્યાં, ને ગોપીગીત આવ્યું, અને પછી નિરાધાર, નિરાધાર, દીન થઇ રહ્યાં. નિજ જનનું દુઃખ નહિ સહન થવાથી સાક્ષાત્ મન્મથના મન્મથ પ્રભુ આપનો પદ્મો બસેડી હાસ્યયુક્ત મુખારવિંદ સહિત પ્રકટ થયા. પ્રાણ આવવાથી જેમ ઇંદ્રિયોમાં ચૈતન્ય આવે, તેમ પ્રીતિથી ફુલ્લ દૃષ્ટિવાળાં સર્વ ગોપીઓ પ્રાણપ્રેમને જોઇ બહારમ ઉભાં થયાં. કોઇ ગોપીએ હર્ષથી પ્રભુનો હસ્ત અંજલિથી ગ્રહણ કર્યો; કોઇએ અંજલિમાં પ્રભુહસ્ત પોતાના અંસ (ખભા) પર મૂક્યો. કોઇ કોમલાંગીએ પ્રભુનું તાંબૂલચર્વિત અંજ-

સિખાં દીજુ, એ અત્યંત વિરહાતુર ગોપીએ પ્રભુનું વક્ષસ્થળ શાંતિને બારે પોતાના સ્તનપર ધર્યું. આ પ્રમાણે સર્વ ગોપીઓએ પ્રભુપ્રાકટ્યના મહોત્સવથી સુખી થઇ વિરહથી થયલા તાપનો ત્યાગ કર્યો. જેમ પુણ્ય શક્તિઓથી શોભે તેમ અચ્યુત પ્રભુ વિમલશોભા ગોપીઓથી વિંટાયલા અધિક શોભવા લાગ્યા. જ્યાં ડોકર, મંદિરના પુષ્પો બીછવાં હતાં, સુગંધી વાયુ વાતો હતો અને ભમર ઉડતા હતા એવા મણિંદીપુલિનપર ગોપીઓને, લઇ પ્રભુ પધાર્યા. શરચ્ચંદ્રની ચાંદનીથી રાત્રિનો અંધકાર મટી ગયો હતો, યમુનાજીના લહેરાતરંગોએ ત્યાં રોમશ વાલુકા (રેતી) પાથરી દીધી હતી,—અહીં ગોપીપરિષદ્ મણિંદી મધ્યે સર્વમણ મટાડે છે, અને ભક્તહૃદયોને નિર્ભય કરી પ્રભુભાવે રતિભોગ કરે છે, માટે આજ ગોપીપરિષદ્ને યોગ્ય સ્થાન હતું. હવે એ પરિષદ્માં શું બિના બની તે આપણે વિસ્તાર કહીશું.

सदर्शनाह्लादविधूतहृद्रुजो मनोरथान्तं श्रुतयो यथा ययुः ।
स्वैरुत्तरीयैः कुचकुंकुमाङ्कितैः अधीश्वरूपमासनमात्मबन्धवे ॥

અર્થઃ—પ્રભુના દર્શનના આહ્લાદથી તેમના હૃદયના શોક નિવૃત્ત થયા, અને શ્રુતિઓની પેઠે તેમણે પોતાના સર્વે મનોરથો પૂર્ણ થવા માન્યા. કુચકુંકુમથી રંગાયલા પોતાના ઉત્તરીય વસ્ત્રોનું આત્મબંધુ ભગવાનને આસન કરી આપ્યું.

પ્રભુના દર્શનથી શોક નિવૃત્ત થયો, પણ અમનો તાપ કેમ નિવૃત્ત થાય છે ? હજુ પ્રભુ સાથે જોઇએ તેવું રમણ કર્યા થયું છે ? પણ હવે તો રમણને માટે પ્રભુ પોતે જ આ સુંદર સ્થલપર આપણને લાવ્યા છે એટલે રમણ નક્કી થવાનું જ, એ વિચારથી એમના મનમાં આહ્લાદ થયો. શ્રુતિઓ નિરંતર ભગવદ્ગુણ ગાય છે, તેથી વાચ્યોનું પૂર્ણરૂપ જે મન તેને પણ અગમ્ય એવા ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ કરે છે. यतो वाचो निवर्तंते अप्राप्य मनसासह એમ શ્રુતિ પોતે કહેવા છતાં ગુણગાનથી सर्वे वेदा यत्पदमामन्ति सर्वे वेद જેના પદનું આ મનન કરે છે એમ કહે છે ! શ્રુતિ પણ સ્વમુખથી પ્રભુપ્રાપ્તિ કહેતી નથી, પણ यमेवैष वृणुते तेन लभ्यः એમજ કહે છે, તેમ ગોપીઓના સર્વે મનોરથો પ્રભુ ઇચ્છાથી જ પૂર્ણ થયા. પોતાને પરમ પુરુષાર્થ આપનાર પ્રભુને શું આસન આપ્યું ? સર્વ ગોપીઓએ કુચકુંકુમથી રંગાયલાં પોતાનાં ઉત્તરીય વસ્ત્ર એકપર એક પાથરી પ્રભુ માટે આસન બનાવ્યું. પ્રિય વાચક, આ આસન આપવામાં ગોપીઓને તથા તેપર બેસવામાં પ્રભુને જે આનંદ થયો તે સોના ચાંદીના આસનથી કોઇ દિવસ થાત નહિ. મખમલ તેટલી કીંમતના સોના ચાંદીના આસન પ્રભુને ગોઠ્યા નથી. પ્રભુને નિવેદન કરેલા હાથે પોતે પકડેલું વસ્ત્ર પ્રભુને બેસવાના આસન માટે આપી પોતાની કૃતાર્થતા, અનન્યતા અને પ્રેમ બતાવ્યાં. જે ગોપિકાઓ પોતાના અલૌકિક સામર્થ્યથી પ્રભુને પ્રકટ કરી શકયા, જેઓ પ્રભુની સ્તુતિ કરી શકયા, તેઓ ઇચ્છત તો ગમે તેવું કિમતી આસન ઉત્પન્ન કરી શકત, પણ આ પ્રેમાસનની તુલ્યે તે આવી જ નહિ. પણ પ્રભુ આવા આસનપર બેઠા !

तत्रोपविष्टो भगवान् स ईश्वरो योगेश्वरान्तर्हृदि कल्पितासनः ।
चकास गोपीपरिषद्गतोऽर्चितस्त्रैलोक्यलक्ष्म्येकपदं वपुर्दधत् ॥

અર્થઃ—જેને યોગેશ્વરોના અંતર્હૃદયમાં પણ જેનું આસન માત્ર કલ્પિત છે, એવા ભગવાન

ઇચ્છા, તે પર બેઠા. ગોપી પરિવારમાં પૂજાતા પ્રભુ અત્યંત શોભવા લાગ્યા, અને સર્વ શોભના સૌંદર્યના સ્થાનરૂપ સ્વરૂપ ધારણ કર્યું.

પ્રિય વાચક ! બેઠક લઇ પછી વિચાર કર્યા વિના આનંદથી પ્રભુ અસનપર બેઠા, એમ જણાવતા શ્લોકમાં तत्रोपविष्टः (તે પર બેઠા) બે શબ્દો પ્રયોજ્યા છે. પોતે ભગવાન્ બેઠલે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય વગેરેથી પૂર્ણ, અને ઇચ્છિત બેઠલે સર્વકરવું સમર્થ છતાં બીજા આસન બેઠાને વહાલું લાગ્યું. બે આસન અપવિત્ર ન ધાર્યું ? ના, પ્રેમ-ભાગળ પવિત્રતા તુચ્છ છે, યમ, નિયમ, રામ, દમ વગેરેથી જેઓએ પોતાનાં હૃદય શુદ્ધ કર્યાં છે એવા યોગીઓના શુદ્ધ હૃદયમાં પણ પ્રભુને ગોઠતું નથી. તેથી ત્યાંથી તો પોતે ઉભા ઉભા ન ઘૂઘકે પધરામણી કરી નાસી જાય છે, અને અહીં આવી નિરાંતે બેસે છે. ફુનીઆનો છોડો ઘર, તેમ પ્રભુનું સ્વધામ પણ બીજા, અને અહીં પ્રેમથી બદ્ધા વશેલા નિજ જનની પરિષદમાં આનંદથી બેઠા. અને પોતાનાં પ્રિયાઓને આનંદ આપવાને ત્રણ લોકમાં સૌથી સુંદર એવું સ્વરૂપ ધારણ કર્યું.

समासाद्यैवं रमनद्वीपनं सहासलीलेक्षणविभ्रमादृता ।
संस्पर्शनेनांककृतांघ्रिहस्तयोः संस्तुत्य ईषत् कुपिता बभाषिरे ॥

અર્થ:—હાસ્યવાળી લીલાયુક્ત કટાક્ષથી, વિલાસવાળી ભ્રાંતિથી, આનંદને ઉદ્દીપ્ત કરનાર તે પ્રભુનો સત્કાર કરીને, પ્રભુના ચરણને પોતાના ખોળામાં લઇને, બેઉ હાથવડે તેની સાથે રમત કરતાં પ્રભુની સ્તુતિ કરી, કંઇક રોષથી બોલ્યાં—

પ્રભુના દર્શન યોગીઓને કોઇવાર થાય છે, તેમનાપર કૃપા કરી પ્રભુ દર્શન આપે છે, પણ આ તામસ પ્રેમથી તો દૂર જ રહ્યા. આ પ્રેમને વશ થઇ પ્રભુ પ્રગટ થયા બેઠલું જ નહિ, પણ ગોપીઓને આનંદ થાય, તેમના મનોરથ પૂર્ણ થાય એવું સ્વરૂપ ધર્યું. ગોપીઓએ બનાવેલા ગોપીવસ્ત્રના આસનપર ગોપીઓની સભામાં બેઠા, ગોપીઓએ પ્રભુનું ચરણારવિંદ પોતાના ખોળામાં લીધું, અને સેવા કરતાં, સ્તુતિ કરતાં, પ્રભુપર રોષ કર્યો ! રોષ કરી બેસી રહ્યાં ? ના, ના. બભાષિરે—બોલ્યાં પણ ખરાં ! કયાં પરબ્રહ્મ, પૂર્ણ પુરુષોત્તમ ! અને કયાં તામસ ગોપીઓ ! ધન્ય છે એમના ભાગ્યને ! શું પ્રભુ ગુસ્સે થયા ? ના, ના. બ્રહ્મના રોષથી કિંવા ગુસ્સે થાય છે ? પિતાની મુઠ્ઠી પકડતા બાલકપર પિતા કોપ કરે છે ? રમણાવિભ્રમના માન પ્રસંગમાં પરિણામે નાયક તેના પર કોપ કરે છે ? જેનાથી મોટા કોપમાં કોપ બીજું મોટું નથી—मत्तः परतरं नान्यत् किंचिदस्ति—તે પ્રભુપર કોપ કરવાનું અલૌકિક સામર્થ્ય આ ગોપિકાઓને શુદ્ધ પ્રેમથી—અનન્યતાથી જ પ્રાપ્ત થયું. પ્રભુ સેવા—પ્રભુમાં ચિત્ત પ્રવૃત્તિનું નષ્ટ થવું છે, અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને સેવોપયોગિક દેહ. તેમાં ઉત્તમોત્તમ અલૌકિક સામર્થ્ય છે, વે આવા ઉત્તમોત્તમ, શુદ્ધ પ્રેમી, ભક્તોને ભજે તેમાં આશ્ચર્યકારક કશું નથી. અંતર્ધાન થઇ જવા, હૃદયમાં બરાબર બેઠેલા—પ્રભુને બહાર પ્રકટ કરી, પોતાને મનવાંછિત સ્વરૂપ ધારણ કરાવી, મનવાંછિત લીલા કરી, પ્રભુપર રોષારોપણ કરવાની પૃષ્ટતા બતાવવી એ પ્રેમની પરિસીમા છે. પ્રભુ એ ધૃષ્ટતારૂપી દોષનું નિવારણ કરતે જ, પણ આ પ્રસંગનો વિચાર કરતાં જે આનંદ થાય છે તે અવર્ણનીય છે. મહાભાગ્ય-લીલામાં, રમોત્સવલીલાપ્રસંગમાં, આજ પૂર્ણ પુરુષોત્તમે—પરબ્રહ્મે—યોગેશ્વરે પ્રભુને પમાડવાનો,

પ્રભુને ગોપિકા બાલકની માફક બાંધવાનો જે અધિકાર આપ્યો છે તે પણ આપણને આકર્ષક્તિ કરે છે. હવે રોષમાં, ભાવણ કરતાં, કટાક્ષથી પક્ષને શું જેહેવું આવું તે સાંભળો.

भजतोऽनुभजन्त्येक एक एतद्विपर्ययम् ।
नोभयांश्च भजन्त्येक एतन्नो ब्रूहि साधु भोः ॥

અર્થ:—અરે ચતુર ! કોઇ પોતાપર પ્રીત કરનારપર સામી પ્રીત કરે છે, કોઇક તો પ્રીત નહિ કરનારપર પણ પ્રીત કરે છે, અને કોઇ (તમારા જેવા) તો પોતાપર પ્રીત કરનાર અને નહિ કરનાર બેઇપર પ્રીત કરતા જ નથી, આ જરા અમને બરાબર સમજાવો !

સામાન્યતઃ પ્રીતિ કરનાર પર મનુષ્ય પ્રીતિ કરે છે. કોઇ ઉદાર જનો પ્રીતિ ન કરનાર પર પણ પ્રીતિ કરે છે; પણ અહીં તો અમે તમારે સારૂ ઝુરી ઝુરીને મરીએ છીએ, त्रुटिर्युगायते त्वामपश्यताम्—તમે નજર બહાર જતા હોઇ એક ક્ષણ અમને યુગ જેવી વીતે છે, અને તમારા તો ચિત્તમાંય નથી ! આનું કારણ શું ? તમે આમ નગુણા કેમ છો ? પ્રિય વાચક ! પૂર્ણ પુરુષોત્તમને, પરબ્રહ્મને, પોતાની conduct clear કરવાનો, પોતાનું વર્તન વ્યાજબી છે એમ સમજાવવાનો, not guilty કે guilty ગુનેગાર છો કે નહિ, તે સાબિત કરવાનો આ પ્રસંગ છે ! વાહ, તેમાં પોતે જીતે છે કે ? ના, ના. શુદ્ધ પ્રેમ આગળ જીતવું અશક્ય છે ! પછી પૂર્ણ પુરુષોત્તમ-કૃષ્ણ સામે કોણ વોણ શું ! પણ જોઇએ તો ખરા પ્રભુ શું જવાબ રજુ કરે છે ? !

मिथो भजन्ति ये सख्यः स्वार्थैकान्तोद्यमा हि ते ।
न तत्र सौहृदं धर्मः स्वार्थार्थं तद्धि नान्यथा ॥
भजन्त्यभजतो ये वै करुणाः पितरौ यथा ।
धर्मो निरपवादोऽत्र सौहृदं च सुमध्यमाः ॥
भजतोऽपि न वै केचिद् भजन्त्यभजतः क्वचित् ।
आत्मारामा ह्याप्तकामा अकृतज्ञा गुरुद्रुहः ॥

અર્થ:—હે સખીઓ ! જેઓ અરસપરસ (પરસ્પર) પ્રીત કરે છે, તે તો માત્ર સ્વાર્થી છે. એમાં કંઇ પ્રીત નથી ને ધર્મ પણ નથી, એ તો માત્ર સ્વાર્થ માટેજ છે, એમાં બીજું કશું નથી. પ્રીત નહિ કરનારપર પણ પ્રીતિ કરે છે તે કરુણાવાળા હોય છે, જેમકે માબાપ પોતાનાં છોકરાં અમે તેવાં કૃતઘ્ન હોય તોપણ પોતાની પ્રીતિ છોડતા નથી. હે સુક્ષ્મ બુદ્ધિવાળાં ગોપીઓ ! આવા સ્થળોમાં ધર્મ અને પ્રીત બને હોય છે, વળી કેટલાક પ્રીત કરનારપર સામી પ્રીત કરતા નથી, તો પ્રીત નહિ કરનાર પર તો કમાંથીજ ? એવાં જનો કમાં તો આત્મારામ હોય છે, અથવા આપ્તકામ હોય છે, અથવા કૃતઘ્ન કે ગુરુદ્રોહી હોય છે.

આ ઉત્તર બહોળા સ્પષ્ટ છે. વણિક વૃત્તિવાળા સ્વાર્થી લોક, તેમજ આપ્ત જેવા કરવા, તેમજ કૃતઘ્ન અને ગુરુદ્રોહી વચ્ચે પ્રકારના જનો દુનીઆમાં બહુ મળે છે, તેમ આત્મારામ અને આપ્તકામ પણ કોઇક મળી આવે છે. વધારે સ્પષ્ટ નિરાકરણ આ વચન પ્રસંગમાં બહુજ સરસતાથી પ્રભુએ કર્યું છે. પણ એથી ગોપિકાઓના મનનું સમાધાન થયું ? શું કહે,

રસહીન જાનીબા બસે આ ઉત્તરથી સંતોષ માને, પણ ચતુર ગોપીબાને તો આમાં ભગવાન્ નંધાઇ અપલક્ષન લાગ્યા ! પ્રથમ શ્લોક તો ભગવાનને લાગુ પડતો નથી, કેમકે પોતે સામી પ્રીત ગોપિકાબાઇપર કરતા નથી. દ્વિતીય શ્લોક પણ લાગુ પડતો નથી કેમકે પ્રભુમાં પ્રીતિનો આભી છે ગોપિકાબાઇમાં નહિ. ત્રીજો શ્લોક પ્રભુને લાગુ પડે ખરો ! તેમાં પણ આત્મારામ અને આપ્તકામ વિશેષણો તો તમને ક્યાંથી લાગુ પડે ?! તમે તો બ્રહ્મચારી સાથે પહેલાં નહિ રમ્યા કર્યું છે ! તે કોઇ અમે જુથી જાણ્યું નથી ! આરે તમે આત્મારામ અને આપ્તકામ જાના ?! એમ હોત તો તમે ગોપીપતિ, ગોપીશ્વર, મદનમોહન વગેરે નામો કહેવાત ?! તમે એવા વસ્ત્રા હોત તો પ્રથમથી જાનીબા તમને સ્વચ્છંદી, અભિચારી, ચોર, વગેરે નામો કહેત ?! આરે તમે અકૃતજ્ઞ અને ગુરદ્રોહીના વર્ગમાંજ આવ્યા ?! તેમાં તમે કો સર્વજ્ઞ ! જેથકે અકૃતજ્ઞ અભાગણી ન કહેવાય ! એટલે ઇશ્વરાજ ! ગુરદ્રોહી ! પ્રભુ—ભરથાર સમજ્યા. પોતાની ભૂલ કબુલ કરી. પોતાનો અભાવ છોડી દીધો. ભક્તાધીન ભગવાને ભક્તની ઉત્તમતા, પોતાની... સ્વીકારી, જે પ્રભુ શ્લોક આ પ્રસંગમાં પોતે સ્વમુખથી કહ્યો છે તે દુનિયાના સકલ શાસ્ત્રોમાં ઉત્તમોત્તમ છે. પ્રિય વાચક ! તારું અને મારું ધન્યભાગ્ય છે કે આ શ્લોકો આપણા કણે પડે છે.

नाहं तु सख्यो मनसोऽपि जन्तून् ममाम्यमीषामनुवृत्तिवृत्तये ।
यथाधनो लब्धधने विनष्टे तच्चिन्तयान्यन्निभृतो न वेद ॥
एवं मदर्थोज्झितलोकवेदस्वानां हि वो मय्यनुवृत्तये ऽबलाः ।
मयापरोक्षं भजता तिरोहितं मासूयितुं मार्हथ तत्प्रियं प्रियाः ॥
न पारयेऽहं निरवद्यसंयुजाम् स्वसाधुकृत्यं विबुधायुषापि वः
या मा भजन् दुर्जरगेहशृंखलाः संवृश्च्य तद्वः प्रतियातु साधुना ॥

અર્થઃ—હે સખીઓ ! નિર્ધન મનુષ્યને પુષ્કળ ધન મળે, અને પછી તે જાતું રહે તો તે જેમ તેની ચિંતામાં મસ્ત થઇ બીજું કાંઇ સમજતો નથી, તેમ મારું ભજન કરનારાઓની વૃત્તિ સર્વદા મારામાં રહે તેટલા માટે જ તેમનું ભજન હું કરતો નથી.

હે બળવતીઓ ! એ પ્રમાણે મારે માટે લોક વેદ અને સ્વનો ત્યાગ કરનાર જે તમે, તે તમારી વૃત્તિ મારામાં રહે તે માટે જ હું અંતર્ધાન થઇ ગયો હતો; પણ પરોક્ષમાં હું તમારું ભજન કરતો જ હતો ! માટે હે પ્રિયાઓ ! તમારા પ્રિય પતિની ઇર્ષ્યા કરવી તમને યોગ્ય નથી.

નિર્દોષ બળવતીઓ તમે મારી સાથે સંયોગ પામ્યા છો. અજાના આયુષ્યથી જે મન્વંતર સુધી પણ તમારી સેવા કરી તમારો પ્રત્યુપકાર—બદલો મારાથી વાળી શકાય એમ નથી. વસ્ત્રો પેહેરી જે જુની થતી જ નથી, તે સઘળા મેલીને તોડીને તમે મારી સાથે પ્રીતિ બાંધી છે અને મારી સેવા કરી છે, એ સર્વનો બદલ તમારા સાધુપણાથીજ બંધ વગરનો વળશે.

જ્યારે વસ્ત્રા વસ્ત્રથી ગોપીઓને સંતોષ ન થયો, ત્યારે જે પોતાના હાથમાં હતું, જે ખરો વસ્ત્ર હતો, તે પ્રભુએ આપવો શરૂ કર્યો. હે પ્રિયાઓ ! વસ્ત્ર શ્લોકો કયા તે

ના અભયદાન ! તે મંત્ર અને કે તમને લાગુ પડતા નથી ! હવે બીજી વાત કહું છું ! હું કંસ જીવ નથી ! હું તો કોટિબ્રહ્માંડોનો સ્વામી છું. મારા પર સર્વદા પ્રેમ રાખવો; મારા બોલ્યા પર સર્વદા પ્રેમ રાખવો, મારું જ ભજન કરવું, એજ ઉચિત કર્તવ્ય છે. ધર્મ સમજવાનું કહ્યું ઉદ્ધવજી ઉદ્ધારનાર અર્જુનને છેલ્લામાં છેલ્લી જનામાં જની વાત મેં એજ કહી હતી. મારૂં ભજન તમારામાં સિદ્ધ થવાને માટેજ હું તમને રસ આપી અંતરાય કરતો નથી. મારા ભજનનો સ્વાદ મેં તમને પ્રથમ ચખાડયો છે. તમારી સમક્ષ હું કમેલાં હું તો તેથી તમને પોતાને જાનિ છે. વિપ્રયોગમાં તમે સર્વદા મારૂં સ્મરણ કરો તે માટેજ હું અંતર્ધાન થઇ ગયો હતો. તમે મારા પર એવો નિષ્કામ પ્રેમ રાખ્યો છે કે મોક્ષમાં પોગ્ય દેખાતો કે નહિ, તેની તમે કદર કરી નથી. તેમજ પરલોકની કે મોક્ષની પણ દરકાર રાખી નથી. સંસારનો ત્યાગ કરી તમે મારી પાસે આવ્યા છો, તે તમારી મનોવૃત્તિ નિરંતર મારામાં રહે તેટલા માટે જ હું તિરોહિત થઇ ગયો હતો. અરે પુછો તો હું તમારી પાસેથી ગયો જ નથી ! પણ તમારો દ્વેષ નિવારણ કરવા માટે જ, તેમજ તમારૂં આ નિર્જન વનમાં રક્ષણ કરવા માટે હું પરોક્ષમાં પણ તમારી પાસે જ હતો ! માટે હે પ્રિયાઓ ! મારો દ્વેષ કરશો નહિ. આ શ્લોકના એકેએક શબ્દમાં ભગવાનની ભક્તવત્સલતા દેદીપ્યમાન થઇ આવે છે. પ્રથમ શ્લોકમાં પ્રભુએ ગોપિકાઓને " સખી " કહીને સંબોધ્યાં છે. આ બીજા શ્લોકમાં પ્રભુ ગોપિકાઓને " પ્રિયા " અને પોતાને " પ્રિય " કહી સંબોધે છે, અને ગોપિકાઓના-પ્રિયાઓના-નિઃસ્વાર્થ પ્રેમની પ્રશંસા કરે છે.

હવે ગોપીઓને સંતોષ થયો. જે પ્રભુને પોતે પતિ માને છે, તે જીવરૂપ પતિ નથીજ, પણ સર્વ જીવોના પતિ છે, અરા પતિ છે, તે પતિ મોટા મોટા બ્રહ્મસ્વરૂપ કર્મયોગીઓ, સહજ સમાધિ કરનારા યોગિઓ, જ્ઞાનનું ઢુંપણું તાણનારા બ્રહ્મપરિતોની દરકાર ન કરતાં આપણને " પ્રિયા " કહી બોલાવે છે, પોતાને " પ્રિય " કહે છે, અને ગોપીઓ આપણી રમા આપણી ઇન્દિરીમાં રહી કર્યાજ કરે છે ! અને યોગિઓ અને પંડિતોને તો દર્શન પણ દુર્લભ ! પ્રિય વાચક ! અહીં પરિશ્રમપૂર્વક અનુસંધાન કરી સે. માત્ર એજ શ્લોક અહીં ટાંકું છું:—

हि ही ही श्रीकारान् प्रतिपशु वने कुर्वंति सदा
नमद्ब्रह्मेशेंद्रप्रभृतिषु च मौनं धृतवंति ।
मृगाक्षीभिः स्वेक्षानवकुवलयैरर्चितपदे
रतिमादुर्मावो भवतु सततं श्रीपरिवृढे ॥
पराकाष्ठा प्रेम्णां पशुपतरुणीनां क्षितिभुजाम्
मुदस्यानां त्रासास्पदमखिलभाग्यं पशुपतेः ।
विधुर्यस्तस्मिन् मे दरविकचमंचालमसुखे
रतिमादुर्मावो भवतु सततं श्रीपरिवृढे ॥

નિરક્ષાધન, દીન, પ્રેમાલુ પશુઓને પ્રભુ પોતે " હી, હી, હી, હી " કહી બોલાવે છે. અને ગર્વિષ્ઠ બ્રહ્મો, ભદ્રેશ, ઇંદ્ર પ્રાર્થનાઓ કરી કરીને થાકી જાય તો પણ મૌન ધરી

બાકું કોઇ ઉત્તર પણ આપતા નથી. મૃગાક્ષીઓ કમલનયનના ઉપરો નાંખી પ્રભુસાથે તારામૈત્રક રચે છે. પ્રમાણ ગોપીઓના પ્રેમની પરમ મહાદ્રપ છે, અને અર્વિક રાજાઓને ત્રાસનું સ્થાન પણ પ્રભુ જ છે.

આ પ્રમાણે ગોપીઓના સર્વે સંશય ટાળી પ્રભુ અટકતા નથી, ગોપીઓના કોયનું નિવારણ કરી પોતે કહે છે કે તમારાં પ્રેમથી તો હું વળી ! શું કરું ! હું તમારા જેવો ઋત નથી ! હું પ્રેમ કરી શકતો નથી ! આપમાં મોટપ સ્વરૂપે છે. પણ તમે તો મારાપર નિષ્કામ પ્રેમ કર્યો અને તે પણ અત્યંત ! બ્રહ્માંડમાં તમારા જેવો મારાપર પ્રેમ મેં કોઇમાં જોયો નથી ! એ પ્રેમનો હું શું બદલો વાળું ?! પ્રેમ મારામાં છે નહિ, અને પ્રેમનો બદલો બીજી કોઇ રીતે વળી શકવો જ નથી ! મારે હું તો તમારો સદાનો ઋણી રહેવાનો ! પણ તમે એવાં બધાં છો કે તમારે બદલો લેવાની જ નથી, એટલોજ મને સંતોષ છે. તમારી બ્રહ્મસંબંધને લીધે જ તમારો પાડ મારા પર ચઢશે નહિ; બલ્કિ તો હું તો કોટિ ઉપાય કરું તો પણ તમારા પ્રેમનો બદલો વાળવો અશક્ય છે. ભૂતધરના સર્વે ધર્મોના બ્રહ્મવાદીઓ જુઓ. કોઇ પણ રમણે, પૂર્ણ પુરુષોત્તમે-ઈશ્વરે-પોતાના બ્રહ્મવાદીઓની આવી પ્રશંસા કરેલ દૃષ્ટિગત થતી નથી ! અટકું છતાં કેટલાક વાચકોને આ ગોપીપ્રેમ ગમશે નહીં, આ ગોપીલીલા બ્રહ્મવાદમાં ન હોત તો સારું એમ તેઓ માને છે. ભલે તેઓ પોતાનું દુર્ભાગ્ય સમજે, પરંતુ આ ગોપીલીલા શ્રીમદ્ભાગવતમાં છે તેથી અમે તો અમારું અહોભાગ્ય માનીએ છીએ. બ્રહ્મવાદ બ્રહ્મવાદીને જેમ રહે છે તેવી કુંચી આ ગ્લોકમાં છે.

અમને જેવું ભગવાનનું ભજન કરી શકે છે, તેવું બીજાનું ભજન ભગવાનથી થઇ શકતું નથી. પ્રભુ કહે છે કે મયિ મક્તિર્હિ માદૃશી । ભજનસ્ય ફ્રાવિધર્મિરવાત્ : અતોઽપ્રેઽપિ યદિ સ્વતપ્રવ સંમૂતાઃ તદા મજત । નો ચેદયાસુકં વિષેપમિતિ ભાવઃ । મદ્વાક્યં કશ્ચિત્ કર્તું શક્નોતીતિ ॥ અર્થ—મારામાં ભજન છે જ નહિ. ભજન તો જીવધર્મ છે. માટે હવે પછી પણ જો મારા ભજનની અપેક્ષા ન હોય તો જ ભજન કરજો. નહિ તો જેમ તમને સુખ થાય તેમ કરજો. મારાથી જે થઇ શકતું નથી તે ભજન—કેવી રીતે કરું ?

પ્રિય વાચક ! આ સુંદર પ્રસંગ મેં મારી બોબડી તોતડી વાણીમાં વર્ણવ્યો છે, તેમાં અર્થનો અનર્થ પણ થયો હશે, તે તને નહિ રુચવાથી કદાચ ગુસ્સો પણ આવો હશે. પણ ક્ષમા કરજે. પણ ઉચ્ચતર આનંદ આ પ્રસંગમાંથી આવી શકે એ નિર્વિવાદ છે. પણ આ પ્રસંગે તું પરિણામે ઘાયલ હતો અને પ્રભુ સાથે વાર્તાલાપમાં ભાગ લેતો હતો એવું સ્મરણ તને થાય છે ? તો ભજે તે હો, પણ જો તને આમાં કાંઇક આનંદ આવ્યો હોય તો હવે બે શ્લોકોપર મા સુબોધિની વાચવા સાંભળવા પ્રયત્ન કરજે, તેથી તને સહજમાંથી આનંદ પ્રાપ્ત થશે.

अथ स्वमार्गीयसाधनरहस्यम् ॥

श्रीमद्वाचार्यमार्गोऽयं निःसाधनफलात्मकः ।
तत्र तद्साधनं मोक्षसाधनं तत्कृपावताम् ॥ १ ॥

અર્થ—શ્રીમદ્વલ્લભાચાર્યનો આ માર્ગ નિઃસાધનફલાત્મક છે. એ માર્ગમાં મોક્ષની

ભાવના ક્રમ ૨-૫ ભાવસાધન ૭.

स भावः संगराहित्याच्च भविष्यति सर्वथा ।
संगस्य साधनं सर्वरागाभावो गृहादिषु ॥ २ ॥

અર્થ—એ ભાવ સંગ રહિત થવાથી-સંગનો ત્યાગ કરવાથી-સર્વથા થશે તથા સંગ (સત્સંગ) પ્રાપ્ત કરવાનું સાધન ગૃહ વગેરેમાં સર્વ રાગનો ત્યાગ કરવો એ છે.

रागाभावस्तु सततं सेवया तत्कृपावताम् ।
तत्कृपा साधनं सा तु मवेद्वचोपगेन हि ॥ ३ ॥

અર્થ—ગૃહવગેરેમાં રાગનો અભાવ પ્રાપ્ત કરવાનું સાધન આચાર્યની કૃપાવાળા ભગવદીયોની નિરંતર સેવા કરવી એ છે. તેમની કૃપા એ જ સાધન. એ કૃપારૂપ સાધન તેમને પ્રસન્ન કરવાથી પ્રાપ્ત થાય છે.

वचोपणं तु तद्भक्तिभाववर्धनतो मवेत् ।
भावो हि मार्गसर्वस्वं कर्तव्यं तस्य रक्षणम् ॥ ४ ॥

અર્થ—તેમની પ્રસન્નતા તેમના ભક્તિભાવની વૃદ્ધિ થવાથી થાય છે. ભાવ માર્ગનું સર્વસ્વ છે. તેનું રક્ષણ કરવું.

सेवाऽपि सततं चित्ते भावनात्मा सदा मवेत् ।
निवेदनं तु स्मर्तव्यं इति यत्साधनं परम् ॥ ५ ॥
तादृशैरिति वाक्येन संगस्तत्प्राप्त्यपेक्षितः ।
स एव साधनं संगो मोक्षोऽस्मिन्मार्ग एव च ॥ ६ ॥
ममोत्तमेति वाक्येन तदभावे हृयाऽखिलम् ।

અર્થ—સ્મરે જ ભાવસ્વરૂપ સેવા ચિત્તમાં સર્વદા થાય. તાદૃશ જનની સાથે નિવેદનનું સ્મરણ કરવું એ વાક્યમાં જે પરમ સાધન કહેલું છે, તેમાં પણ સંગની અપેક્ષા છે જ. તેજ સાધન આ માર્ગમાં સંગ એજ મોક્ષ. ममोत्तमश्लोक એ શ્લોકથી એ સિદ્ધ થાય છે. સંગના અભાવમાં સર્વ વૃથા છે.

तस्मात् सर्वं परित्यज्य सत्संगेन सदा हरिम् ।
सेवयेदांतरेणापि बाह्येन मनसा पुनः ॥ ७ ॥
स्वतः फलं हि तत्संगं विदित्वा विदधीत हि ॥ ८ ॥

અર્થ—માટે સર્વનો પરિત્યાગ કરીને, સત્સંગ પ્રાપ્ત કરીને, મનમાં પ્રીતિ રૂપી તથા બહારથી, શ્રી હરિની સેવા કરવી. સત્સંગ સ્વતઃ ફલ છે, એમ સમજી સત્સંગ કરવો.

इति श्रीहरिरायविरचितं स्वमार्गीयसाधनरहस्यं समाप्तम् ॥

પુષ્ટિમાર્ગમાં સાધનો છે ?

(અનુસંધાન ગત અંક પા. ૧૫૭)

જેવા નામ-ગોત્ર-બારીએ ગોકુલવાસીની માફક વિનામમે પ્રભુપ્રાપ્તિ કરતી સેવતો ગોકુલવાસીની માફક પ્રભુપર પ્રેમ કરતો આવશ્યક છે. જેવો પ્રભુપર પ્રેમ થાય ત્યારે જ પ્રભુ એને "સ્વ" એટલો પોતાનો ગણે. એ પ્રેમ પ્રભુના ગુણજ્ઞાનવિના અશક્ય છે, તેથી જ શ્રીમહાપ્રભુજીએ નિરોધલક્ષણમાં જ્ઞાન કરી કે સર્વનો પરિત્યાગ કરી, પ્રભુમાં ચિત્તનો નિરોધ કરી, સદાનંદ પ્રભુના ગુણગાન કર્યા કરવા. સેવા અથવા કર્મમાં આસક્તિ રાખવાનું કારણ પણ આ જ. રાગાત્મકમાં પ્રેમ પ્રતીત ન થાય તોપણ તદ્વત્ ચિત્તથી સેવા કર્યા જ કરવી, ગુણ ગાન કર્યા જ કરવાં, એ જ પુષ્ટિમાર્ગની રીત, એ જ પ્રેમાદ્ય નિસ્સાધન ગોપિગોપોનો માર્ગ. શ્રી ગુસાંઇજીનો બક્તિહંસ વાક્યથી આ સ્પષ્ટ ભાવમ પડશે.

" एवं सति भक्तिमार्गीयभजनप्रकारेषु स्नेह एव नियामकः स्नेहवताम् । कर्माणि विधिवत् । तद्रहितानां तु यद्वत्कथं उपदेश एव । स च वेदाविरुद्ध एवेति ज्ञेयम् । विधिमात्रत्वा भासेन पित्रादिशिक्षया कृतसन्ध्यावन्दनादेः कर्मत्वमनु-पदेशानुसारेण कृवेरपि भक्तित्वम् । तन्मार्गीयत्वात् । एवं भूतस्याऽग्रे स्नेहोऽवश्यं भावीति ज्ञेयम् । यथा बालबालकृतकर्मणोऽप्युक्तफलसाधकत्वं तथा साङ्ग मभग्नस्याऽपि पुरुषोत्तमप्राप्तिकत्वम् इति किमन्यदवशिष्यते ।

ભાવાર્થ:—આ પ્રકારે ભક્તિમાર્ગીય ભજનપ્રકારોમાં સ્નેહવાળાઓનો સ્નેહ જ નિયામક છે; જેમ વેદ વગેરે કર્મોમાં વિધિ નિયામક હોય છે તેમ. જેમને પ્રભુમાં સ્નેહ નથી, તેમને પ્રભુમાં સ્નેહવાળાઓએ કરેલો ઉપદેશ જ નિયામક છે, એ સ્નેહરીતિનો ઉપદેશ વેદથી અવિરુદ્ધ જ છે એમ સમજવું વિધિને નહિ જાણનાર બાલક, પિતા વગેરેના જણાવ્યા પ્રમાણે, સંધ્યાવંદન વગેરે કરે છે તે જેમ કર્મ અંગ છે, તેમ સ્નેહ ન ઉત્પન્ન થયો હોય તોપણ સ્નેહવાળાના ઉપદેશ પ્રમાણે કરેલી સેવા પણ ભક્તિ કહેવાય, કેમકે તે સેવા ભક્તિમાર્ગીય રીત પ્રમાણે છે. એ પ્રમાણે (સ્નેહ વગર પણ) સેવા કરનારને આગળ જતાં પ્રભુમાં સ્નેહ અવશ્ય થશે એમ સમજવું. જેમ વિધિથી અજ્ઞાન બાલકને ઉપર કહ્યા પ્રમાણે કર્મો કરવાથી કર્મ માર્ગમાં કહેલું ફલ પ્રાપ્ત થાય છે, તેમ જ સ્નેહ ન સમજનાર ભક્તને સ્નેહવાળાના કહ્યા પ્રમાણે સેવા કરવાથી પુરુષોત્તમપ્રાપ્તિ થાય, પછી શું બાકી રહ્યું ?

માટે પ્રિય વાચક, સંસારમોહથી છૂટી સેવામાર્ગમાં ચિત્ત વધારેને વધારે રોકવા પ્રયત્ન કર. ગોપીગોપોના માર્ગમાં વ્યાપવા પ્રયત્ન કર. ત્યારે જ તને પ્રભુપર સ્નેહ થશે, અને ત્યારે જ ગોકુલવાસીની માફક પ્રભુ પોતાનો "સ્વ" થઈ સર્વ સુખદાન કરશે.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।

यमेवैष वृणुते तेन लभ्यः ।

અર્થઃ—આ આત્મા પ્રવચનથી લભ્ય નથી, બુદ્ધિથી લભ્ય, પ્રાપ્ય નથી, બહુશ્રુત પણાથી પ્રાપ્ય નથી, જેનું એ આત્મા વરણ કરે, તેનાથી જ પ્રાપ્ય છે.

આ મુણ્ડક ઉપનિષદ્માંની શ્રુતિ છે. એ શ્રુતિ કહે છે કે પ્રભુ પ્રવચન, બુદ્ધિ, બહુ શ્રુતપણું વગેરે સાધનથી પ્રાપ્ય નથી, અને શ્રીગુસાંઇજી ભક્તિહંસમાં આવા કરે છે કે આ સાધનોમાં સર્વ સાધનોનો સમાવેશ કરી લેવો; એટલે પ્રભુ સાધન પ્રાપ્ય નથી, એમ સ્પષ્ટ થાય છે. પુષ્ટિમાર્ગિયસુધાનો મુદ્રામેય પણ એ જ છે. ત્યારે સાધનથી શું થાય?

આનો ઉત્તર આપતા પહેલાં કહેવાનું કે આ શ્રુતિ જે મુંડક ઉપનિષદ્માં છે તે પુષ્ટિ માર્ગના એક સબલ પ્રમાણરૂપ છે; નિસ્સાધન જીવોને વિના-સાધને પ્રભુ તારે છે એનું વેદમાંથી જ આ સબલ પ્રમાણ છે. પ્રભુ તો વસ્તુમાત્રથી જ પ્રાપ્ય છે. અરે! વૈદિક સાધનમાર્ગ, મર્યાદામાર્ગ, જ્ઞાનમાર્ગને રસ્તે ચાલનારને પણ અંતે આ શ્રુતિનો આશય લઈ પ્રભુપ્રાપ્તિમાં પોતાની નિસ્સાધનતા કબુલ કરવી પડે છે. સ્વતંત્ર પ્રભુ જીવે કરેલા કોઇપણ સાધનથી બંધાતા નથી, પછી તે વૈદિક સાધન હોય તોપણ શું? પ્રભુ તો પોતાની કૃપા થાય તો જ મળે. આપણી સુંદર વાર્તાઓમાં આવતાનો પ્રશ્ન કે "પ્રભુ કેમ મિલે?" એનો ઉત્તર સર્વે વૈષ્ણવોને વિદિત જ છે.

પણ આ સર્વનો અર્થ શું એવો થાય છે કે આપણે દુષ્ટ, સંસારાસક્ત જ રહેવું? પ્રભુ સાધનપ્રાપ્ય નથી, માટે આપણે ઉપરી દિશામાં જવું? પાંચ સાત કન્યાઓમાંથી વર રૂપે એકને વરવાનો હોય તેથી તે કન્યાઓએ પોતે પ્રયત્ન કરવો કે નાહ તે નિશ્ચાત્મક ન હોવાથી તે વરની દરકાર ન કરવી? તેને પ્રસન્ન કરવાના સર્વ પ્રયત્ન ન કરવા? સમસ્ત કન્યા સર્વ પ્રયત્ન કરશે જ, અને તેમ કર્યા છતાં વરપ્રાપ્તિ ન થાય તો પોતાનું હીનભાગ્ય સમજી રહેશે. હવે અનંતા કરોડોમાંથી કોઇક જીવને જ પ્રભુ વરે છે, એવા ભાંજ પ્રભુ છે તેને પ્રસન્ન કેમ કરાય? માત્ર અનન્યતાથી જ. બીજા સર્વનો ત્યાગ કરી માત્ર તે પ્રભુના સર્વદા શુભચિંતન કરવાથી જ. પ્રભુને માટે ઝુરીને ઝુરીને મરવાથી જ. ચોક્કસ કહ્યું છે કે પ્રભુ અનન્યના અધિપતિ છે. શ્રીમદ્ભાગવતજી કહે છે કેઃ—

क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् ।
तदा सर्वे सदानंदं हृदिस्थं निर्गतं बहिः ॥

અર્થઃ—જ્યારે પ્રભુ નિજ જનને ક્લેશ પામતાં જુએ છે, ત્યારે પ્રભુને દયા આવે છે, અને હૃદયમાં રહેલા સદાનંદ પ્રભુ બહાર પ્રકટ થાય છે.

પ્રિય વાચક! પ્રભુપ્રાપ્તિ સસ્તામાં પડી નથી. સંસારાસક્તિનો જ્યાંસુધી અત્યંત અભાવ થાય નાહ, જ્યાં સુધી ચિત્ત પ્રભુમાં પ્રેમથી પરોવાય નહિ, ત્યાં સુધી પ્રભુ પ્રાકટ્યના બોધ જ! અને તેથી જ એ શ્રુતિની નીચેની જ બીજી શ્રુતિએ તરત આપ્યું કે नायमात्मा बलहीनेन लभ्यो न च प्रमादात् तपसो वाप्यलिंगात् । एतैरुपायैर्यतते यस्तु विद्वांस्तस्यैष आत्मा विशते ब्रह्मधाम । અર્થ—આ આત્મા બલહીનથી પ્રાપ્ય નથી, પ્રમાદથી પ્રાપ્ય નથી, તપસ અથવા અલિંગથી પ્રાપ્ય નથી. જે વિદ્વાન આ ઉપાયોથી યત્ન કરે છે, તેનો આ આત્મા બ્રહ્મધામમાં પ્રવેશ કરે છે.

અહીં બલરૂપી ઉપાય કહ્યો તે બલ કૈવલ્ય, સાત્વિક, રાજસ કે તામસ નહિ સમજવું, કેમકે એ સર્વ પ્રાકૃત બલ છે, માટે એ બલ નિર્ગુણ, ભક્તિબલ સમજવું. એ વાક્યમાં વિશેષ સમજ " જીવના બંધન, મુક્તિ અને નિર્મુક્તાવસ્થા " નામના યોગ્ય વખત પર લખેલા મેળપરથી જોઇ લેવી. પ્રમાદ ન કરતાં આ ભક્તિબલ વધારવાનાં સાધન બધાએ અવશ્ય કરવાં જ.

" પુષ્ટિમાર્ગમાં સાધન છે કે નહિ, " એ પ્રશ્નનો પ્રશ્નના પ્રેરકત્વ સાથે સંબંધ ન કરવો. " પુષ્ટિમાર્ગ સાધનશૂન્ય છે " એમ કહેવું એ જુદી વાત છે, અને " પુષ્ટિમાર્ગમાં સાધનો છે, પણ તે સાધનો પ્રભુ કરાવે ત્યારે જ થઇ શકે " એ બીજી વાત છે; બન્નેમાં બહુ જ ફેર છે. " પ્રભુ કરાવે તો જ થઇ શકે " એટલે પ્રભુનું પ્રેરકત્વ તો મર્યાદામાર્ગમાં પણ સ્વીકારવું પડ્યું જ. વૈદિક મર્યાદામાર્ગની રીતે સાધનને પ્રયત્ન કરનારને સર્વેને અનુભવ છે કે વેદમાં મુક્તિના સાધનો છે; પણ પ્રભુપ્રેરણા વિના ભાગ્યે જ કોઇ તે સાધનો કરી શકે છે. પ્રભુની પ્રેરણા વિના એક પાંદડું પણ હાલતું નથી. તેમ જ પુષ્ટિમાર્ગની રીતે ચાલનાર પણ પ્રભુકૃપા વિના, પ્રભુપ્રેરણા વિના સંસારાસક્ત જ રહે છે, જાણતા છતાં પણ સંસારાસક્ત જ રહે છે એ નિર્વિવાદ છે. સાધનો છે કે નહિ એ જાણવું એ જુદી વાત છે, જાણીને કરી શકવું એ બીજી વાત છે. પ્રભુ પ્રેરણા વિના, પ્રભુ કૃપા વિના, કોઇથી પણ કોઇ પણ સમયે કંઇ પણ થઇ શકતું નથી. સાધન અને માર્ગનાં સાધન આચરતાં નિસ્સાધનતામાં ક્ષતિ થતી નથી, પણ નામ માત્ર ધારી ભક્તિબલ વિહીન રહેવાથી, પ્રમાદ કરવાથી, સંસારાસક્ત રહી દિવસે વ્યાપાર કરવાથી, અને રાત્રિએ નિદ્રાને સેવવાથી, પ્રભુ કૃપા તેને વિષે વિપરીત છે, એમ માલમ પડે છે. નિસ્સાધનતાનો અર્થ બરોબર સમજ્યા નહિ રહેવાથી આમ સર્વ વિપ્લવ થાય છે, માટે ચેતીને ચાલવાનો આપણો ધર્મ છે. પુષ્ટિમાર્ગનું તત્વ અતિગૂઢ છે.

પુષ્ટિમાર્ગ પણ એક પ્રભુપ્રાપ્તિનો માર્ગ છે. માર્ગ જેવો તેવો સાધન હોય જ. સાધન પણ કેવાતાં છે તેની અમે ના કહેતા નથી. અમારું કહેવું એ છે કે પુષ્ટિમાર્ગ નિસ્સાધન છે અનો અર્થ એટલોજ છે કે વૈદિક સાધનોને પુષ્ટિમાર્ગ સાથે સંબંધ નથી. પુષ્ટિમાર્ગનું કયું સાધન ? પ્રભુપ્રાકટ્ય. પહેલાં કહેલાં સર્વ શ્રીમદ્પ્રભુજીના વાક્યોપરથી અનુભવે કે શ્રીમદ્પ્રભુજી એમ આજ્ઞા કરતા નથી કે મારા પ્રમેય ગ્રંથપર વિશ્વાસ રાખી બેસી રહો, પણ ગ્રંથ ભણ્યાપછી ચેતતા રહેવાની આજ્ઞા બધાએ ગ્રંથમાંથી મળી આવે છે. શ્રીપુરુષોત્તમજીની પણ આમાં સર્વાંશે સમ્મતિ છે. શ્રીમદ વચનપર શ્રીગુસાંઇજીના સેવાસ્તોકાદ. મુક્તિભક્તિસુધામાં આવ્યે બધાં છે, તેમાં નીચેનો સુંદર શ્લોક છે:—

श्रीवल्लभाचार्यमते फलं सदमाकट्यममाऽपभिचारिहेतुः ।
मेमैव तस्मिन् नवधोक्तभक्तिस्त्वमेवोपयोगोऽखिलसाधनानाम् ॥

અર્થ:—શ્રીવલ્લભાચાર્યના મતમાં પ્રભુપ્રાકટ્ય એ ફલ છે. પ્રાકટ્યનું સાધન—જોકે પણ બલ ન હોય એવું સાધન પ્રેમ છે. પ્રેમનું સાધન નવધાભક્તિ છે. અને સર્વ સાધનોનો ઉપયોગ પ્રેમ ઉત્પન્ન કરવામાં જ છે.

(અપૂર્ણ)

શ્રીકૃષ્ણાય નમઃ

શ્રીસર્વોત્તમસ્તોત્ર.

(અનુસંધાન પૃષ્ઠાંક ૫૪ થી ૧૩૫.)

દૈવોદ્ધારપ્રયત્નાત્મા—જે કૃપાનિધિનો-કૃપાપાત્રો માટે (શ્રીમદાચાર્યચરણે) અધો-ક્રિયા પ્રાકટ્ય ન કરતાં સૌક્રિયા પ્રાકટ્ય કર્યું તે કૃપાનિધિનો-કૃપાપાત્રો કોણ છે એમ જાણવાની આકાંક્ષા થાય (તે આકાંક્ષા પૂર્ણ કરવા તે કૃપાપાત્રો જણાવવા) માટે શ્રીમત્-પ્રભુચરણે દૈવોદ્ધારપ્રયત્નાત્મા એમ પંચમ નામની આજ્ઞા કરે છે.

દૈવોદ્ધારપ્રયત્નાત્મા નામમાં દૈવ+ઉદ્ધાર+પ્રયત્ન+આત્મા એમ ચાર શબ્દ છે. (દૈવના ઉદ્ધારમાં જે પ્રયત્ન તેમાં આત્મા જેનો (જેઓમાંનો) છે તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા). દૈવ એટલે ભગવદુક્ત (ભગવાને શ્રીમુખે શ્રીમદ્ભગવદ્ગીતામાં કહેલી) દૈવસૃષ્ટિમાં પ્રાદુર્ભૂત-પ્રકટ થયેલા જીવો તેઓના ઉદ્ધારમાં જે પ્રયત્ન તેમાં આત્મા-અંતઃકરણ છે જેઓમાંનો તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા. દૈવસૃષ્ટિમાં ઉત્પન્ન થયેલાઓને મુક્તિરૂપસિદ્ધિ માટે વેદપુરાણોમાં કહેલા સાધનો સિદ્ધ જ છે તોપછી આચાર્યજીના પ્રાકટ્યથી શું અધિક (પ્રાકટ્યનું શું પ્રયોજન) એમ કોઈ શંકા કરે તો કહે છે સત્ય, ભગવાને પુષ્ટિ અને મર્યાદા માર્ગના ભેદથી જીવોનો અંગીકાર કરેલો હોવાથી પૂર્વોક્ત (વેદપુરાણોક્ત) સાધનોને મર્યાદામાર્ગીય ફલસાધકત્વ અને હો, પરંતુ શુદ્ધ પુષ્ટિમાર્ગીયોને મુક્તિરૂપાતિરિક્ત સાક્ષાત્ ભગવત્સંબંધ જ ફલ હોવાથી, તેના (ભગવત્સંબંધ પ્રાપ્તિના) સાધનો અન્યત્ર અપ્રસિદ્ધ હોવાથી, અને તે એક શુદ્ધ પુષ્ટિમાર્ગથી જ સાધ્ય હોવાથી તે (પુષ્ટિમાર્ગમિ) સિવાયના અન્યને-ઇતરને (તેનું) અજ્ઞાન હોવાથી એતન્માર્ગીયો (પુષ્ટિમાર્ગીયો) નો અનુદ્ધાર જ થાય, અને તેથી આ આર્યનું પ્રાકટ્ય નિરર્થક જ થાય, તેમ ન થાય તેટલાકારે એતન્માર્ગીયોનો (પુષ્ટિ-માર્ગીયોનો) જેવી રીતે એતન્માર્ગીય (પુષ્ટિમાર્ગીય) ફલસિદ્ધિથી ઉદ્ધાર થાય તેમારે જ આચાર્યજીનું પ્રાકટ્ય છે એમ જણાવવાને દૈવોદ્ધારપ્રયત્નાત્મા નામની શ્રીમત્પ્રભુચરણે આજ્ઞા કરી છે.

દૈવ એટલે દૈવી જીવો. દૈવ જીવોનું સર્વ દુઃખથી ઉદ્ધરણ કરવા (તેઓનો ઉદ્ધાર કરવા) ભક્તિમાર્ગે પ્રાકટ્યાદિથી જે પ્રયત્ન તેમાં આત્મા-પ્રયત્નરૂપે ચિંતા જેઓમાંને છે તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા. સર્વથી જ જેઓ આસુર છે તેઓનો ઉદ્ધાર ન થાય તેમાં વસ્તુજોગ નથી. કારણ કે ભગવાનને જ તેમ જ કરવું છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં આપે આજ્ઞા કરી છે કે આસુરજનો પ્રવૃત્તિ અને નિવૃત્તિ જાણતા નથી.

શ્રીમત્પ્રભુચરણે આજ્ઞા કરી છે કે શ્રીમદાચાર્યચરણ કૃપાનિધિ હોવાથી પોતાને (શ્રીમત્પ્રભુચરણને) આપશ્રીનાં (શ્રીમદાચાર્યચરણનાં) સ્વરૂપનું જ્ઞાન તથા જેનો અનુભવ કરાવ્યો તેમાં કોણ શંકા કરે કે પોતાને (શ્રીમત્પ્રભુચરણને) તેના દુર્લભ-તમ (દુર્લભ) આપશ્રીએ (શ્રીમદાચાર્યચરણે) દાન કર્યું પણ આપશ્રી (શ્રીમદાચાર્ય-ચરણ) અન્યને કદિંમિત્ કાળ (કદિ)નું દાન કરે છે, તો તેના નિરાશ થકે દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા નામની શ્રીમત્પ્રભુચરણ આજ્ઞા કરે છે. શ્રીમદાચાર્યચરણ દૈવોદ્ધારપ્રયત્નાત્મા છે

એટલે દૈવોના ઉદ્ધારમાં જે પ્રયત્નો તત્સ્વરૂપ તદ્રૂપ છે. અહિં આત્મ જ્ઞાનરૂપ છે. દૈવ (જીવો)નો અંગીકાર તો મર્યાદા પુષ્ટિ ભેદે બે પ્રકારનો છે. મર્યાદામાં અંગીકૃત (જીવો) ને મર્યાદા-આશ્રિત સાધન હોય તોપણ તેઓને સ્વજ્ઞાનથી જ સર્વ સાધન સંપન્ન કરાવી તેઓને જેમ ફલપ્રાપ્તિ થાય તેવા પ્રયત્નરૂપ આપશ્રી છે. તેથી આજ્ઞા પણ આપશ્રીનું નામ સ્વજ્ઞ-સાર્વકૃતાપેક્ષસાધનઃ ધરવામાં આવશે. આપશ્રી જ સાધન કરે છે તેથી આપશ્રીના શરણને શરણે જવાથી તેઓને (મર્યાદામાર્ગીય દૈવી જીવોને) બીજ ફલ આપે, બીજી રીતે નહિ. તે (શ્રીમદાચાર્યચરણૌ શરણૌ શરણમ્) જ તેઓ (મર્યાદામાર્ગોક્ત દૈવી જીવો) નું કર્તવ્ય છે, તદતિરિક્ત (તે સિવાય અન્ય-બીજું) (કર્તવ્ય) નથી. તેનાથી જ (શરણૌશરણથી જ) સેવાદારની સિદ્ધિ છે અને તેમાં જ (શરણૌશરણમાં જ) સર્વ સાધનોને સિદ્ધાન્ત છે, અને જેઓ પુષ્ટિમાં અંગીકૃત છે તેઓનો ઉદ્ધાર તો સાક્ષાદ્ભગવત્સંબંધરૂપ છે, તેમાં (પુષ્ટિ-આર્ભાંગીકૃતોને ભગવત્સંબંધ થાય તેમાં) જે પ્રયત્નરૂપ લીલારસસંબંધી ઉત્કટભાવ, સર્વાત્મભાવ વગેરે તદાત્મક તત્સ્વરૂપ તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા આપશ્રી (શ્રીમદાચાર્યચરણૌ) છે. આથી પુષ્ટિમાર્ગીયોને પણ આપશ્રીના ચરણૌશરણે જવાથી જ તેઓશ્રીની કૃપાથી તેવા ભાવના (રસસંબંધી ઉત્કટ સર્વાત્મભાવાદિ) હોયે તે (ભગવત્સંબંધ) ફલ થાય છે, અન્યસાધનથી તે ફલ થતું નથી એમ ઉભય મર્યાદાપુષ્ટ નામ દૈવોદ્ધારપ્રયત્નાત્મ છે. મર્યાદામાર્ગમાં મુક્તિ જ ફલ છે, અન્ય (મુક્તિ સિવાય અન્ય) (ફલ) નથી. પ્રાકૃતમાં આચાર્યમાર્ગે અંગીકાર કરેલા મર્યાદામાર્ગીયોને પણ પુષ્ટિ ફલ થાય છે. મર્યાદામાર્ગીય જીવો જેમ પહેલાં સ્વમાર્ગ ફલરૂપ પરમાનંદ સમુદ્રમાં ભગવાનમાં સાયુજ્ય પ્રાપ્ત કરે છે અને પછી તેમને જ્યારે (ભગવાન) પુષ્ટિ ફલ આપવાની ઇચ્છા કરે છે ત્યારે તેઓને પ્રભુ તે બ્રહ્માનંદમાંથી ઉદ્ધારીને (બહાર કાઢીને) ભજનાનંદનો અનુભવ કરાવે છે. તે (ભજનાનંદના અનુભવરૂપ ઉદ્ધાર) તો એતત્ (શ્રીમદાચાર્યચરણૌ) શરણ જવાથી જેઓ-શ્રીની કૃપાથી જ થાય છે, બીજા કોઇ પ્રકારે (શ્રીમદાચાર્યચરણૌના શરણે જવા સિવાય) થતો નથી, એમ પણ આ દૈવોદ્ધારપ્રયત્નાત્મા નામથી શ્રીમત્પ્રભુચરણે જણાવ્યું. દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા જીવને સાક્ષાદ્ બ્રહ્મસંબંધમાંથી દૈવોનો સમુદ્ધાર સમ્યક્ ઉદ્ધાર (ફલ)ના પ્રયત્નમાં આત્મા-અંતઃકરણ જેઓશ્રીનું છે તે. દૈવોને જેમ પુષ્ટિમાર્ગીય ફલ પ્રાપ્ત થાય તેવા પ્રય-ત્નવાન્ નિરંતર પ્રયત્નશીલ આપશ્રી છે અને તેથી જ આપશ્રીનું નામ દૈવોદ્ધારપ્રયત્નાત્મા છે. આથી ભગવાનને તો મર્યાદામાં જ અંગીકાર અભિપ્રેત છે તોપણ કેવલ પુષ્ટિમાર્ગમાં વ-ર્તમાનો તા (પુષ્ટિમાર્ગના) અધિપાતૃપ્રભુએ શ્રીમદાચાર્યચરણની નિજ અંગીકૃત (જીવો) ઉપર કૃપાથી ભગવાન્ પ્રભુ તેમને ફલ આપે છે અને તેઓશ્રી (શ્રીમદાચાર્યચરણ) સ્વપ્રકા-શિત હોવાથી ભગવાનનો તેઓશ્રી (શ્રીમદાચાર્યચરણ) ઉપર પ્રસન્ન છે તેથી એતત્ (શ્રી મદાચાર્યચરણૌના) પ્રયત્ન વિના બે ફલ (સાક્ષાદ્ભગવત્સંબંધની, ભજનાનંદની) સિદ્ધિ નથી એમ જણાવ્યું. જે જીવને ફલ આપવાનો ભગવાનનો અભિપ્રાય છે તેના જ ઉપર શ્રીમદાચાર્યચરણૌની કૃપા થાય છે આથી શ્રીમદાચાર્યચરણ ભગવાનનું અભિપ્રેત કરે છે અને આકાંક્ષાનો પણ નિરાસ કર્યો. આ જ અભિપ્રાય શ્રીમત્પ્રભુચરણે શ્રીવલ્લભાષ્ટકમાં मार्गिर्मूयात् (આપશ્રી જે પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યા ન હોત તો..... કેવી રીતે અર્થ જાત ઇત્યાદિ) શ્લોકમાં જણાવ્યો છે.

દૈવ-સ્વસેવાર્થ પ્રકટિત જીવો તેમના સ્વભાવના અજ્ઞાનથી અન્યભજન કરી બહિર્મુખ થવાથી તેમનો અનુદ્ધાર માની જે પ્રયત્નથી તેમનો ઉદ્ધાર-અભવાન્ સાથે સમ્બદ્ધ સંબંધ થાય તે માટે આત્મા-અંતઃકરણ જેમાંનું છે તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા.

અજ્ઞાને જે મારે પુષ્ટિમાર્ગીય જીવોને ઉત્પન્ન કર્યા તે તેમના જાણતા નથી અને તેથી પોતાનું શું કર્તવ્ય છે તેની તેમાને ખબર ન હોવાથી જે કાંઇ (સ્વભાગીય કર્તવ્ય સિવાય) અન્ય કરે તે અયોગ્ય કહેવાય અને તેમાં તેમનો અનુદ્ધાર કહેવાય. જેવીરીતે જે બન્ધુઓને ગોપમાં પતિબુદ્ધિ હતી તે તેમનો વ્યભિચાર જ હતો એમ શ્રીમદાચાર્યચરણે ક્ષેમાશ્રિયઃ શ્લોકની મીસુબોધિનીજીમાં આજ્ઞા કરી છે. તેમ અહિં પણ પુષ્ટિમાર્ગીય ભાવસેવા વિના જે કોઈ ભર્યાદાથી સેવાધિકરણ તે પણ પુષ્ટિમાર્ગીય જીવોનો અનુદ્ધાર જ અણુપ તેમાંથી ઉદ્ધાર કરનાર શ્રીમદાચાર્યચરણ જ છે. શ્રીમદાચાર્યચરણ દૈવજીવના ઉદ્ધાર (કર્તા) સ્વરૂપ છે. આપણીના પ્રાકટય માત્રથી જ ઉદ્ધાર છે. આથી શ્રીમદાચાર્યચરણની કૃપાપ્રાપ્તના પણ કહી.

દૈવોદ્ધારપ્રયત્નાત્મા શ્રીમદ્ભાગવતના દ્વાદશસ્કંધના પૂર્વાર્ધના પંચમ અધ્યાયશ્લોક૬ શ્રીમદાચાર્યચરણનું નામ છે. દૈવ સાત પ્રકારના છે. ૧. ઉત્સવરસાવિષ્ટ. ૨. આસર્વરસાવિષ્ટ. ૩. કીર્તિરસાવિષ્ટ ૪. શાસ્ત્રરસાવિષ્ટ. ૫. શ્રીસ્વભાવરસાવિષ્ટ. ૬. લૌકિકેતરરસાવિષ્ટ. ૭. સર્વરસાવિષ્ટ. આ સાત પ્રકારના દૈવોનો ઉદ્ધાર(માર્ગ)(તેમાને પ્રપંચવિસ્મૃતિપૂર્વક કૃષ્ણાસક્તિ થાય) તેના પ્રયત્નમાં આત્મા અંતઃકરણ જેમાંનું છે તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા. આથી આ નામને સપ્ત અધ્યાયાત્મક પ્રકરણાર્થકતા કહી. પંચમ અધ્યાયથી એકાદશ અધ્યાય સુધી સાતઅધ્યાયનું એક પ્રકરણ (તામસ પ્રમાણ પ્રકરણ)છે. તે સમગ્ર પ્રમાણ પ્રકરણના અર્થ રૂપ આ નામ છે. (ઉદ્ધારમાં) ભગવાનનો પ્રયત્ન કહેવાથી ભક્તોનો તામસતા સૂચવે છે. અથવા દૈવ-દૈવોનો સમુહ નારદવાક્યથી નંદાદિ જે વ્રજમાં છે તેમાનો ઉદ્ધાર-સર્વથી ઉત્કર્ષ તેમાં પ્રયત્ન-અહોત્સવરૂપ તેમાં આત્મા જેમાશ્રીનો છે તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા. યત્નને પ્રકર્ષતાવાચક પ્રઉપસર્ગ લગાડવાથી યત્નની ભક્તસ્વભાવાનુકૂલતા સૂચન કરી. નંદસ્તુ[૧] શ્લોકમાં નંદરાયજીને તો (એમ તોવાચક સુ શબ્દ મૂકવાથી શ્રીમદ્ભાગવતકાર સૂચવે છે કે શ્રીકૃષ્ણના પ્રાકટયથી વસુદેવજીને આનંદ થયો પણ નંદરાયજીને તો તેથી પણ વિશેષ આનંદ થયો) (શ્રીકૃષ્ણ) પુત્રરૂપથી પ્રકટ થયે આહલાદ-આનંદ થયો અને તેથી અલ્પમન-અતિ વિસ્તૃત મનવાળા થયા-ઘનાદિમાં અતિ ઉદારચિત્તવાળા થયા, (વસુદેવજી કંસભીતિથી સંકુચિત ચિત્તવાળા હતા).

દૈવોદ્ધારપ્રયત્નાત્મામાં ૭ પદ છે. ૧ દૈવ ૨ ઉદ્ ૩ ધાર ૪ પ્ર ૫ યત્ન ૬ આત્મા. એ પ્રમાણે ભરત (છઠ્ઠાં) ૭ પદ અને ખિલ ભરત (આખું) ૫૬ એનાથી સાત પ્રકારનો ઉત્સવ કહેવાય છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીમદાચાર્યચરણે ઉત્સવાધ્યાયમાં ઉત્સવ સાત પ્રકારનાં નિરૂપણ કર્યા છે. ૧ વિવાહોત્સવ. ૨ ભૂમિસંસ્કારોત્સવ. ૩ ગોકુલારોત્સવ. ૪ ગોપકૃષ્ણોત્સવ. ૫ ગોપીકૃષ્ણોત્સવ. ૬ ચારિત્રચારણોત્સવ. ૭ ઘનોત્સવ. એ પ્રમાણે સાતે ઉત્સવો સાતે પ્રકારે થયા થયા જાણવા.

---

૧. નંદસ્યાત્મજ ઉત્પન્ને જાતાહ્લાદો મહામનાઃ।

स्मृतिमात्रार्तिनाशनः શુદ્ધ પુષ્ટિમાર્ગમાં અંગીકૃત જીવોને નિજધર્મમાં તેમનો અંગીકાર હોવાથી તે અંગીકરના સ્વાભાવિક બલથી અંતરમાર્ગીય દૈવી ભાવની (દૈવના અભાવની) સ્મૃતિથી અને સ્વતઃ સ્વમાર્ગીય દૈવસાધનનું જ્ઞાન ન હોવાથી સ્વોદ્ધાર-વિષયિણી આર્તિ સદા રહે છે જ અને તેથી જ જ્યારે શ્રીમદાચાર્યચરણે પ્રથમ વાર સ્વીય વિષે શુદ્ધ પુષ્ટિમાર્ગીય પ્રાકટ્ય કર્યું ત્યારે તેમનાં ચરણારવિંદના સ્મરણમાત્રથી જ સ્વમાર્ગીય દૈવ (તેમને) નિશ્ચય થયું તે પહેલાં (શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્ય પહેલાં) સ્વમાર્ગીય દૈવનિશ્ચયના અજ્ઞાનથી પોતાની કૃતાર્થતા માટે (પુષ્ટિ જીવોને) આર્તિ થતી તે સર્વ (આર્તિ) પણ (શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યથી) સમૂલ જાય તે બતાવવાને આ પદ નામ स्मृतिमात्रार्तिनाशनः શ્રીમત્પ્રભુચરણ આજ્ઞા કરે છે.

સ્વકીયની સ્વમાર્ગીય અસાધારણ આર્તિનું નાશકત્વ (શ્રીમદાચાર્યચરણમાં છે તેમ કહી આ, પણ સાધારણ (જીવો)ની પણ મનોનિષ્ઠ (મનમાં રહેલી) આર્તિનો નાશ કરવાનું સામર્થ્ય તેમનાં ચરણારવિંદના સ્મરણમાં છે, તેમ બતાવવાને શ્રીમત્પ્રભુચરણ પદ નામ આજ્ઞા કરે છે स्मृतिमात्रार्तिनाशनः.

સ્મૃતિ-સ્મરણ માત્રથી (ભક્તોની) આર્તિનો-ત્રિવિધ તાપનો જે નાશ કરે છે તે સ્મૃતિ-માત्रार्तिनाशनः સ્મૃતિ-સ્મરણ તો ઉભયથા બનવું બેઠમે જે ભક્તો શ્રીમદાચાર્યચરણનું સ્મરણ કરે છે તેમની આર્તિનો તેમણે નાશ કરે છે તેમ જ જે (ભક્તો)ને શ્રીમદાચાર્ય-ચરણ સ્મરે છે-યાદ કરે છે તેમની આર્તિનો નાશ પણ તેમણે કરે છે.

તેમનાં ચરણે જવાથી તેમનીની કૃપાથી (તેવા પૂર્વોક્ત) ભાવના ઉદયથી પ્રચુર (ભાવ) ब्रजाधिपस्वानवीक्षार्ति (વ્રજાધિપતિના વદનકમલ-મુખકમલના દર્શન કરવાની ઇચ્છા થાય અને તે દર્શન ન થવાથી તે માટે-દર્શનમાટે પ્રચુર આર્તિ) થાય તે (આર્તિ)નો ક્યારે અને કેવી રીતે નાશ થાય છે તે આ स्मृतिमात्रार्तिनाशनः નામ બતાવે છે. શ્રીમદાચાર્યચરણની ભક્તવત્સલતાથી જે સ્મૃતિ સ્વજનમાં કે પ્રભુ સમક્ષ (પ્રભુના અનુભવ) તેનાથી જ (શ્રીમદાચાર્યચરણ) साक्षात्संबंधाभावरूप (પોતાને ભગવાનના સાક્ષાત્સંબંધનો અભાવ છે, સાક્ષાત્ ભગવાનનો સંબંધ નથી તેમાટેની) આર્તિનો નાશ કરે છે. એતત્ (આર્તિમાત્રની) સ્મૃતિમાત્રથી साक्षात्संबंधरूप ફલ થાય છે જ જેમ નિત્યસિદ્ધિકરણે બતાવવાને અહિં આત્ર પદ પ્રયોગમાં આપ્યું છે. આત્રપદથી સાધનનો અભાવ બતાવી સૂચવે છે કે જેવીરીતે વ્રજજનની આર્તિનો નાશ ભગવાને સ્વતઃ (વ્રજજનના સાધન સિવાય) કર્યો તેવી રીતે શ્રીમદાચાર્યચરણ પણ નિજ સેવકોના સાધનની અપેક્ષા વિના તેઓની (નિજ સેવકોની) આર્તિનો નાશ કરશે. આમ કહેવાથી એ પણ સૂચન કર્યું કે જો આર્તિ હોય તો ફલમાં વિલંબ (થતો) નથી. પૂર્વ નામમાં બતાવ્યા પ્રમાણે દૈવ જીવોના ઉદ્ધાર કરવાના પ્રયત્નમાં શ્રી-મદાચાર્યચરણનું અંતઃસ્થ બને તો પણ તેમનામાંમાં ઉપકાર કરવાનું સામર્થ્ય ન હોય તો પછી દૈવદુઃખનિવૃત્તિ કેમ થઈ શકે એમ કોઈ કહે. કરે તો તેના નિરાસને સારું આ स्मृतिमात्रार्तिनाशनः નામની શ્રીમત્પ્રભુચરણ આજ્ઞા કરે છે.

સ્મૃતિમાત્ર—સ્વ સાધન નિરપેક્ષ સ્વસ્મૃતિમાત્રથી જ સર્વની આર્તિનો નાશ

Reg. No. B. 896.

સૂચના.

સર્વ વૈદ્યરાજોને વિનતિ કરવામાં આવે છે કે આ બેઠ મશીની બોટલનુ
રૂ. ૨-૮-૦ મુલ્ય બોટલની આપવા નહિ તો આગામિ બેઠ વી. પી. કરવામાં
આવશે.

મહારાજ.

पुष्टिभक्तिसुधा.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनूं स्वाम् ॥ १ ॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥ ३ ॥

वर्ष ६.] श्रीसंवत् १९४१. पौष शुक्ल ११. श्रीप्रभुसंवत् २३८. [अंक १०

तंत्री तथा प्रकाशक,
पंडीवाल नगीनदास शाह. बी. ए, एल्एल्. बी. वकील, ठाम्प्रकर्ट-मुंबई.

विषयो.

१. साक्षिता के पद.
२. मोक्षमेधिनी.
३. आर्यधर्मछत्री अर्थात्पत्रिका.
४. श्रीमद्मोक्षमेधिनी, अवलोकन.
५. श्रीपुरुषोत्तमदेवजी पदे.
६. स्वप्न.
७. स्वरूपसम्बन्धे पदे.
८. अविद्यु ध्वनि-पद्य.

लेखको.

२८. २१. वसन्तराम धरिश्चंद्र भट्ट.
२१. २१. भक्तचन्द तुलसीदास-तेलीवाला.
बी. ए. एल्एल्. बी. वकील हाइकोर्ट.
२१. २२. नानुलाल नारायणदास मोदी.
बी.ए. बी. एल्एल्. बी.
२८. २९. मूलचन्द तेलीवाला. B. A. L L. B.
प्रकाशक.
Mr. D. B. A. LL. B. Vakil, High Court.
स २१. वसन्तराम धारेश्वी.

Printed by Gomaldas Mangaldas Shah at the Gujarat Printing Press Patch Bpre, AHMEDABAD
and published by Vadilal N. Shah, B. A. LL. B. 3rd Bhadrabad, Bhadrabad, Ahmedabad.

તૈયાર છે! વાંચો અને મિત્રમંડળને વંચાવો. જરૂરી મંગાવો!!

ગુજરાતના સુપ્રસિદ્ધ ભક્ત કવિ શ્રીદયારામભાઇના અપૂર્વ અપ્રસિદ્ધ-મધુર
તથા જ્ઞાનોપદેશ ભરેલા.

શ્રીદયારામકૃત કાવ્યમણિમાલા, ભાગ ૨ જો.

આ ગ્રંથમાં અત્યાર સુધીમાં પ્રકટ નહિ થયેલાં કવિરત્ન ભક્ત શ્રીદયારામભાઇના ઉત્તમોત્તમ અપ્રસિદ્ધ મધુર કાવ્યોનો નીચે-પ્રમાણે વિષય સાથે સમાવેશ કરવામાં આવ્યો છે.

સત્સંપ્રદાયસાર—(તત્વજ્ઞાનનો ભજન મંજરી) સમાનુક્રમ, નિર્ભાર્ય, ભજન, અને શાંકર વગેરે સંપ્રદાયોના તત્વજ્ઞાનનું રહસ્ય અકબંધ સચોટ રીતે સમજાવ્યું છે.

વ્યભિચારજ્ઞાન—ભગવન્નામ લેવાનો આબાદ ચમત્કાર જોવો હોય તો આ ગ્રંથ જરૂર વાંચો.

કલેશકુઠાર—આખા સમગ્ર મનુષ્ય ચિંતાના સમુદ્રમાં ગરકાવ થાય એ સ્વાભાવિક છે, " ચિંતા ચિતા સમાન છે. " અમો ખાત્રીથી કહીએ છીએ કે આ ગ્રંથ વાંચ્યા પછી છટાંકભર તમને ચિંતા થશેજ નહિ.

કાલજ્ઞાનસારાંશ—પોતાનો કાલ ક્યારે આવશે એ કોઇ જાણતું નથી, અને જાણવા જરૂરનું રહે છે. આ ગ્રંથ એવો સરસ અદ્ભુત છે કે પોતાનો કાલ ક્યારે આવશે તેનો જરૂરથી નિર્ણય થઇ શકે છે.

બીજાં પદો—બીજા અનેક જ્ઞાન, નીતિ અને ભક્તિના પદોનો બહોળા સમૂહ આપ્યો મોટો ગ્રંથ છતાં કીમત માત્ર રૂ. ૧। સવાજ સખવામાં આવી છે. જલ્દીથી ઓર્ડર મોકલી પ્રતો મંગાવી લેવી, આવે સત્વર મંગાવો, પછીથી સીલક હશે તોજ મળી શકશે. આ માસીકના ગ્રાહકોને આવે દરજ્જે રૂપીઓ ઓછા.

કહે રેમી આવે પેજી ગરૂ કોર્મ માકું બાપડીમ સોનેરી નામ સાથેનું.

શ્રીદયારામ કૃત કાવ્ય મણિમાલા ભાગ બીજો છપાય છે. જલ્દીથી મંગાવો રૂ. ૧) પછીથી રૂ. ૧।

કવિઓનું સમગ્રાક્ષરચિત્ર—તેમની ખ્યાતિમાં લખી રાખેલાં પ્રસિદ્ધ થયેલાં વિષયોપરથી ભક્ત મંડળી તથા વસ્તુસાર-સાર તૈયાર કર્યું છે તે ચોક્કસ વખતમાં બહાર પડશે. અગાઉથી ગ્રાહક બનારને કવિની પ્રાચીન છબીનો લાભ મળશે.

બહારગામ માટે સારા આબરૂદાર અને પ્રામાણિક એજન્ટો નોકરમાં છીએ.

પુસ્તકો મળવાના ઠેકાણાં:—

નારણદાસ પરમાનંદદાસ ડોકટરવાળા.

ઠે. કુંભારવાડા થી મુંબઈ નં.

ध्रुवदासकृतसुधा.

खण्डिता के पद.

राग, मालकोष.

(१)

माई री रंग रह्यौ लालन उन ही त्रियन संग,
निरखत छवि अंग अंग परत भोरे भोरे. माई.
के दरपन मुख देखो तु प्यारे लाल,
अधरनि अंजन लाग्यो ठोर ठोर. १ माई.
इनसों अवध पद्मी औरनसों रस मानी,
फरत फिरत पीत नई नई पोर पोर;
जाओ जी जाओ तुम उनही के सुर मद्य,
काहे को आवत प्रात मेरे दोर दोर. २ माई.

राग, ललित.

(२)

सुघर पिया पन, नाके रहे तुम रेन;
अठपटी पाग सुभग सीस डरफ रहे कछु नेन. १
कोन सुघर जिन रसबस कर लीने, तनक नहीं चित चेन,
रसिक मीतम पिय निसके उनींदे, पोखव अटपटे बेन. २

(३)

सुघर पिय स्याम अनहु न आये घाम;
सगरी रेन मोही मग जोवत बिसर गई, बिसर गयो हरिनाम. १
कोन सुघर जिन बस कर लीने, राखे चारों जाम,
रसिक मीतम रस चाहीके भोगी औरनसों नही काम. २

(४)

सुघर त्रिय कोन चाईये उतारो राई लोन.
नागर नटवर तनक चितवनमें, बसे चाहीके मोन. १
जा सुखको सनकादिक तरसत, मुनिजन धरि रहे मौन,
रसिक मीतम चारि जाम बसे, अनहोनी भई होन. २

છે તેને રાગયુક્ત એ કેમ ન કરે ! ત્યાર પછી, રાગાનન્તર, સંકલ્પદ્વારા મનની ઉત્પત્તિ અનેથી સર્વ ભર્મ થશે તેથી અત્યન્ત મુખસ્ફાન[૯] પ્રભુ કરે છે. એ ગાન વામદૃષ્ટિવાળી, મુગ્ધદૃષ્ટિવાળી, બીજાના મનનું હરણ કરવાવાળું છે, તેમને એ ગાન મનોહર[૯] લાગે છે. શ્રુતિ પણ કહે છે કે 'જેવા ગાન કરનારમાં બીજાને મન ઉત્પન્ન થાય છે.' અર્થાત્ બીજાનું સર્વનું સમ્યક્ પ્રકારે પ્રભુ આકર્ષણ[૧૦] કરે છે, એ વ્યક્ત[૧૧], સ્પષ્ટ, મધુર ગાન કરત તો બીજાનું જ અવશ્ય કરતા તેમાં ત્યાં જ સ્થિતિ કરત. પરન્તુ જેમની દૃષ્ટિ ઉત્તમ[૧૨] ન હતી તેમનું આકર્ષણ પ્રભુ કરતા નથી. ૩.

એ ગાનનું અવશ્ય કરીને સર્વ બીજા ત્યાં આવ્યા તે કહે છે:—

निशम्य गीतं तदनंगवर्धनं व्रजस्त्रियः कृष्णगृहीतमानसाः ।
आजग्मुरन्योऽन्यमलक्षितोद्यमाः स यत्र कान्तो जवलोलकुण्डलाः ॥४॥

શબ્દાર્થ:—'અનંગની વૃદ્ધિ કરનાર તે ગીતનું શ્રવણ કરીને, કૃષ્ણે જેમના મન ગ્રહીત છે, જેમને એક બીજાનો કરેલો ઉદ્યમ અજાણ્યો છે, તથા જેમના ત્વરાના વેગથી હાલતા કુંડલો છે એવા વ્રજસ્ત્રીઓ જ્યાં શ્રીકાન્ત છે ત્યાં આવ્યા.' ૪.

પ્રકાશમાં નિજનંદસુધાની વૃષ્ટિ પ્રભુ કરે છે એમ વિદ્વન્મંડનની સંમતિ પ્રમાણે સ્વામિની-રૂપ ભૂમિમાં મોક્ષ પ્રભુએ કર્યો તેવા પૂર્વશ્લોકોક્ત સર્વસ્ત્રીના શોકના દૂરીકરણનો જ આ અનુવાદ છે.

૮ જેમ ભાવેદ્રેક થતાં સ્વતઃ જ ગાન થાય છે તેમ ભગવાન્ તે ભાવને વશ થઈને ગાન કરે છે તે સૂચવવાને નાહ્યું સ્વાતંત્ર્ય કર્યું છે. મૂલ શ્લોકમાં 'ગતો' એમ કર્યું છે તેથી ભાવેદ્રેક એ ગાનનો હેતુ થાય છે અને ભાવેદ્રેક તો રસિકનું અસ્વાતંત્ર્ય-પરવશતા-સૂચવે છે.

૯ મનોહર, ગાન મનને હરે છે એટલે સ્વાધારવિષયક સંકલ્પ મુક્ત કરે છે, સ્વાધાર ગાનનો આધાર પ્રભુ તદ્વિષયક સંકલ્પ ગોસ્વામિનીઓમાં ઉદ્ભોધે છે.

૧૦ સમાકૃતા, પ્રભુએ ગાનથી આકર્ષણ કર્યું, અર્થાત્ સ્વગાનથી ગોસ્વામિનીઓમાં સ્વવિષયક સંકલ્પ ઉદ્ભોધ્યો.

૧૧ પ્રભુ કયું ગાન કર્યું તેનું કારણ આ છે. યદ્યપિ સ્વરૂપના દર્શનની ઇચ્છા આ ગાનના શ્રવણથી નિવૃત્ત થતી નથી તથાપિ ગીતનું સ્વરૂપ અર્થે જ છે, અને તે અર્થ સંયુક્ત જ છે. ગીત ને વ્યક્ત કોણ તો અર્થ પણ વ્યક્ત થતાં 'આ ગીત અનંગવર્ધક છે' એ વાક્યથી સ્વરૂપ રસના અનુભવ કરવાની ઇચ્છા પ્રકટ થતા, તે અર્થાનુભવ જ આગમનમાં પ્રતિબંધ થાય. તેથી 'बर्हापीड' શ્લોકમાં કહ્યા પ્રમાણે સ્વરૂપ શુદ્ધ વીણાના અનુભવથી વેણુગીત અભિરમણસંપાદક વસ્તુ સ્થિતનું થયું નહિ.

૧૨ પુષ્ટિમાર્ગાનુસારિ ભજનમાં તત્પર થવું એનું જ નામ ઉત્તમ દૃષ્ટિ. અન્યથા 'ચારે' વગેરે શબ્દ ત્યજીને મૂલ શ્લોકમાં 'વામ' પદ કેમ મૂકે ? ન જ મૂકે.

. . યદ્યપિ[૧૩] ભગવાને કુમારિશ્રીનું ૪ આક્ષાન[૧૪] કર્યું છે તથાપિ આક્ષાન[૧૫] સમાન છે તેથી (અને) નિરોધ પણ કર્તવ્ય છે તેથી સર્વે જ આવ્યા. વળી, જે ભગવાને ગીત આપ્યું તે અનંત[૧૬] વધારે છે, અંગનો તો નાશ જ કરે છે. આથી પૂર્વના ઉત્પન્ન થયેલા ભ્રમ તેમનું આનયન કરે છે. વળી વજ્રની ઓપેા પૂર્વ પણ ભગવદીય હતા, માટે જ કૃષ્ણથી જ ગીત છે અને તેમનાં (એમ મૂલ શ્લોકમાં એમનું વિશેષણ કર્યું છે). માટે જ તેમણે જ્યાં ભક્ત છે ત્યાં આવ્યા. આથી બોલાવેલા જ પ્રથમ આવ્યા એમ કહ્યું, કારણ કે તેમના મુખ્ય ભક્ત[૧૭] છે. માટે જ બીજા બીજાનો અવક્ષિપ્ત, અનાદૃત છે, છતાં તેમને. તેમા પ્રત્યેક ભગવાનને પતિ વરીને સ્વીકારે છે. તેનો પૂર્વ સ્વીકાર કરેલો છે તે જ ભક્ત. તેમની વરીણવિચાર ઉપર દૃષ્ટિ ન બાંધે તે કહેવાને તસ્તિ તેમણે કહેલા કુંડળો છે તેમના, (એ વિશેષણથી) કર્યુનિ મતી પીયતું અનુસંધાન ન થયું તે કહ્યું. તે બીજા પ્રોપ્તેસ્ય છે. તેમણે જ કુમારિકાઓ આવ્યા. પૂર્વ મથુરા દેશમાં સ્થિતિ કરનારા અનાશ્રીજીના પણ કુંડળ જ હતા. અથવા કુંડળ એટલે તાર્કનામનું કર્યુનું આભૂષણ. ૪

---

૧૩ યદ્યપિ, આરંભમાં કુમારિકાના સંબંધી ચરિતા દર્શનને જ રમણની ઇચ્છાના હેતુ તરીકે કહ્યું છે તેથી.

૧૪ આક્ષાન, ભગવાનના આક્ષાનના વિશેષરૂપ, સ્વવિષયક સંકલ્પ જનનરૂપ આક્ષાનમાં અપેક્ષિતતમ.

૧૫ આક્ષાન, ગાન. ઉભયે, કુમારિકા અને ભગવાન્ પૂર્વ, અપેક્ષા કરેલું ગાન સાક્ષ છે, કારણ કે નિરોધ ઉભયને ઇષ્ટ કરેલો છે, સ્વરૂપાનંદનું પણ ઇષ્ટ કરવું છે.

૧૬ અનંત, 'અનંતવર્ધન' વચનથી ભગવદીય અનંત જ્યાં છે ત્યાં તેની વૃદ્ધિ કરે છે. આ ગોપિકાઓ એ સ્થિતિ કરે છે તેથી આ ગીત તેની વૃદ્ધિ કરે છે. તેથી આ પણ આવ્યા એમ કહ્યું. આથી જ અહિ અનંતજનક નહિ કહેતા, અનંતવર્ધક કહ્યું છે. આથીજ કહ્યું છે કે આક્ષાન ગીત સાક્ષ છે, નિરોધ પણ કરેલો છે, સ્વરૂપાનંદનું ઇષ્ટ કરવું છે તેથી પૂર્વ કરતાં ઉભયનું ક્ષમ અતિ ઉત્કટ પ્રકટ થયો છે તે આશયથી નૂતન ક્ષમ ઉત્પન્ન થયો છે એમ કહ્યું. અત્ર અનંગ શબ્દનો ગંભીર જ ધ્વનિ છે. અનંગથી ભગવદીય ક્ષમ, અથવા પ્રાકૃત અંગરહિત સ્વરૂપાત્મક ક્ષમ સમજવો. આ ગીત આ પ્રકારનો અનંગ વધારે છે પરન્તુ અંગનો તો નાશ જ કરે છે. અંગનો નાશ કરે છે, અર્થાત્ સ્વરૂપવિસ્મારકતાથી ક્ષમના અંગભૂત ગોપીદેહનો નાશ કરે છે. વળી ભક્તિના પ્રપંચનો અભાવ એનું નામ નિરોધ એમ દ્વિતીય સ્કંધ શ્રીસુબોધિનીમાં કહ્યું છે. તે જ પ્રમાણે અહિ દ્વાદશ સુબોધિનીમાં 'આ પ્રકારે સર્વત્ર વિષ્વક્ પ્રકટ થયને પ્રવેશ કરે નહિ ત્યાં સુધી સર્વ લય પામતું નથી તેથી અહિ કૃષ્ણનો મુખ્ય ઉપક્રમ છે' એ કારિકામાં પ્રપંચના લયને નિરોધ કહ્યો છે. તેથી ભક્તિના પૂર્વસિદ્ધાદિ, પ્રપંચનો લય જ ફલાત્મક નિરોધ છે. ચ. ગોસ્વામી શ્રીજીએ દશમસ્કંધના પ્રથમાધ્યાયના આરંભમાં નિરોધનું સ્વરૂપ સુસ્પષ્ટ કર્યું છે તેથી તદ્ગ્રંથભાષાન્તરનું વિશેષ જિજ્ઞાસુએ દર્શન કરવું. આથી સિદ્ધ એ થયું કે દેહાદિનો લયકર્તા વેણુનાદ છે. માટે આચાર્યશ્રીએ કહ્યું કે આ ગીત, વેણુનાદ, અંગનો નાશ કરે છે. આ પ્રકારે અયોગ્ય પ્રપંચનું સંપાદન એ વેણુનાદનું કર્મ છે.

૧૭ ભક્ત, આ શબ્દ અનન્યપૂર્વા કુમારિકાઓનું આગમન સૂચવે છે.

પ્રસંગથી[૧૮] અન્ય ગોપીઓનું પણ આગમન થયું તે કહે છેઃ—

दुहन्त्योऽभिययुः काश्चिद् दोहं हित्वा समुत्सुकाः
पयोऽधिश्रित्य संयावमनुद्वास्यापरा ययुः ॥ ५ ॥

શબ્દાર્થઃ—કેટલાક બહુ ઉત્સુક હોવાથી દોહ છોડીને આવ્યા, અને બીજા ચૂલા ઉપર દૂધ રહેવા છતાં, તો બીજા ઘરની બીક ચૂલા ઉપરથી ઉતાર્યા વિના આવ્યા.' ૫.

અથવા તેવા ક્રિયાપરાયણ[૧૯], (ગોપીજનોનું આગમન થયું). ત્યાં કેટલાક ચોલ દ્વારા કુમારિકાઓથી ભિન્ન એવાં નવ પ્રકારના આવ્યા. અથવા દશ પ્રકારના. શુદ્ધ ત્રિવિધ હોવાથી નવ પ્રકાર, અને નિર્ગુણ એક પ્રકારના. જ્ઞાતિધર્મપરાયણ, કુલધર્મપરાયણ, દોહધર્મપરાયણ એમ ત્રણ ત્રણ પ્રકારનું અત્ર કથન છે. તેમાં પ્રથમ ચોપન્નતીય દુગ્ધક્રિયાપર છે. તેઓ દુધની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરે છે. તે ત્રણ પ્રકારનાનું કથન અત્ર છે. આ પ્રકારના પણ મુખમાં આવ્યા તે કહેવાને સર્વત્ર બહુવચન શ્લોકમાં ચોજ્યું છે. કેટલાક દોહતા જ દોહનપાત્ર અધ્યમાં લઈને ભગવાનના સન્મુખ ગયા, ગાય અને વત્સ બાંધ્યા છે, અને દોહનપાત્ર દૂધથી અર્ધ ભરેલું છે કે જે સમય સર્વથા ત્યજી શકાય નહિ તે સમયે ત્યાં આવ્યા. તેમ આવવામાં હેતુ છે. તેઓ સમુત્સુક છે, બહુ ઉત્સુક છે, આતુર છે. કોણ જાણે કૃષ્ણાન્તરમાં ભગવાન્ કયાં જશે ! અન્ય બીજા પણી ચૂલા ઉપર દૂધ તેમ જ રહેવા દઈને આવ્યા. ભોજનને વાસ્તે દૂધમાં રંધાતા પકવાન્ન અર્થે સંયાવ શબ્દથી ભોક્ષાન્ન છે. તેમનો ઘણે ખરે સર્વ નાશ જ થાય, તેથી અત્ર સંયાવશબ્દથી પકવાન્ન કહી છે. આથી તેને ચૂલા ઉપરથી ઉતાર્યા વિના કેટલાક બીજા ગોપીજનો આવ્યા. બીજા કહીને સર્વત્ર ગુણોથી ભિન્ન સ્વભાવવાળા સમજ્યા છે.

---

૧૮ અત્ર બે પક્ષ સંભવી શકે છે. કુમારિકાઓનું આવવાનું મુખ્ય છે તે એક, સામાન્યતાથી આકૃષ્ટ છે એમ બીજો. ત્યાં પ્રથમ પક્ષમાં પ્રસંગથી વજેરે, અને દ્વિતીયમાં તેમના વજેરેથી સમજવો. એમ અગાડી પણ સમજવું.

૧૯ ક્રિયા એ સ્નેહધર્મ છે, તેથી દુધની ઉત્પત્તિ સ્થિતિ અને લય નામક તે તે ક્રિયા કરનારા ગોપિકાઓ તે તે ક્રિયાનો ત્યાગ કરીને પ્રભુ સન્મુખ આવ્યા છે. આ સર્વ ક્રિયામાં રાજસસ્વભાવમુખ્ય હોવાથી આ ગોપિકાઓ રાજસ છે એમ નિશ્ચય થાય છે. તેમાં દૂધનું દોહન કરનારા રાજસરાજસ છે, દૂધ ચૂલા ઉપર મૂકનારા સાત્વિક રાજસ છે, અને બાકીનું દૂધમાં ક્ષીર કરનારા તામસરાજસ છે. રાજસ, સાત્વિક, અને તામસ, ઉત્પત્તિ, સ્થિતિ, અને લય, એવા ક્રમનો સર્વેએ ત્યાગ કર્યો. આવા રાજસ ત્રણ પ્રકારના, સાત્વિક ત્રણ પ્રકારના અને તામસ ત્રણ પ્રકારના એમ નવવિધ ગોપીજનો પ્રભુ સન્મુખ આવ્યા, તે આ ત્રણ શ્લોકમાં કહે છે. અત્ર ગુણશબ્દ ભાવના અર્થમાં સમજવો.

શ્રીગત વાસુભાઇ શ્લોકાર્ધમાં રાજસ ગોપીજનોના ત્રણ પ્રકાર સ્પષ્ટ નથી કરતા, આમ નવ પ્રકાર દર્શાવે છે, પરન્તુ આશ્ચર્યમાં તો ત્રણ પ્રકાર સ્પષ્ટ કહે છે.

આ પ્રકારે ત્રિવિધ રાજસ ગોપીજનો આવ્યા, હવે સાત્વિક ગોપીજનો આવ્યા તે કહે છે:—

परिवेषयन्त्यस्तद्धित्वा पाययन्त्यः शिशून्पय।
शुश्रूषन्त्यः पतीन् काश्चिदश्नन्त्योऽपास्य भोजनम् ॥ ६ ॥

શબ્દાર્થ—'કેટલાક ગોપીજનો પીરસતા હતા તે પીરસવું મેલીને આવ્યા, તો કેટલાક બાલકોને સ્તનપાન કરાવતા હતા તેનો ત્યાગ કરીને આવ્યા, કેટલાક પતિજનોની પરિચર્યા કરતા હતા તેનો ત્યાગ કરીને આવ્યા, તો કેટલાક અન્ય ગોપીજનો ભોજન કરતા હતા તે ભોજનનો ત્યાગ કરીને આવ્યા.' ૬.

પતિના બાલકની જેમ સેવા એ સ્ત્રીનો ધર્મ છે. તેમ પતિને ભોજન અને શયનમાં સેવા એ સ્ત્રીનો સ્વધર્મ છે. અતિબાલક પુત્રોને સ્તનપાન કરાવવું એ સ્ત્રીનો સ્વધર્મ છે. અને પીરસવું[૧૦] એ સૃષ્ટિ જ છે, કારણ કે, ભોજન, વીર્યનું ઉત્પાદક છે. સ્તનપાન એ પાલન છે. શિષ્ટ, પતિસેવા, અન્ન, પ્રલય છે. અન્ય[૧૧] ગોપીજનો એમ, એમ કહીને, તામસ ગોપીજનોનું આગમન કહે છે. ભોજન કરતા ભોજન તજીને આવ્યા, ઇત્યાદિ ૬.

---

૨૦ પરિવેષણ કરનારીઓ એ રાજસસાત્વિક છે. તેમનું રાજસીત્વ દ્યોતિ છે. પરિવેષણ સૃષ્ટિ છે, વીર્યોત્પાદક છે તેથી. સ્તનપાન કરાવનારીઓ સાત્વિકસાત્વિક છે. તેમનું સાત્વિકત્વ એ સ્તનપાનરૂપ પાલનાર્થે છે. શિષ્ટ—પતિસેવા—અન્ન—નાશાર્થે છે. આ ગોપિકાઓ તામસ સાત્વિક છે. તેમનું તામસીત્વ દ્યોતિ છે, પતિની સેવા મોક્ષ પ્રધાન હોવાથી પારમાર્થિક બુદ્ધિનો નાશક છે તેથી પતિસેવા એ નાશ—પ્રલય સૂચવે છે, અને નાશ એ તમસનું કર્મ છે, તેથી આ તેમનું તામસીત્વ દ્યોતિ છે. સામાન્ય રીતે પતિસેવા શિષ્ટ છે એમ આપાતતઃ ચોને છે પરન્તુ તે આચાર્યોક્ત સ્પષ્ટ કરે છે ?

અન્ય ગોપીજનો તે રાજસતામસ, સાત્વિક તામસ, અને તામસતામસ છે. તેમાં ભોજનનો ત્યાગ કરનારા રાજસતામસ છે, શરીર વા ગૃહનું લિપન કરનારા સાત્વિક તામસ છે, અને શરીર વા આભરણ ભોગાદિ પ્રજાર્જન કરનારા તામસતામસ છે. આ પ્રકારે નવવિધ ગોપીજનોનું આગમન થયું.

૨૧ આ પ્રકારે રાજસ, તામસ અને સાત્વિક ત્રિક કહીને રાજસ તામસ સાત્વિક ક્રમ તે સમજાવે છે. શરીર સેવાથી ભોજન મુખ્ય છે, તેથી પતિસેવા મુખ્ય છે. આમાં શરીર સેવા એ તામસ ધર્મ છે. ભોજન કરતા, શરીરનું લેપન કરતા, અને શરીરને સ્નાનાદિ કરતા એ તામસીના ક્રમે ઉત્પત્તિ, સ્થિતિ અને લય સમજવો છે. ભોજન શરીર સેવાથી ઉત્તમ છે તેથી એ રાજસધર્મ છે. દોહતી-ઇત્યાદિ ક્રમે રાજસી ગોપીજનો છે. ભોજનથી પતિસેવા ઉત્તમ છે. તે પીરસતી ઇત્યાદિનો ક્રમે સમજવા. અહિં ક્રમ પૂર્વવત્ જોઇએ પ્રથમ ઉત્પત્તિ, પછી સ્થિતિ પછી નાશ. શરીરનું ભાર્જન, ભાક્તિનું પ્રલયક હોવાથી પ્રલય કર્તૃત્વ આત્ર શરીર—સેવા એ તોકધર્મ સમજવો. યદ્યપિ ત્રણ જ અહિં કહ્યા છે તથાપિ તે તેના ધર્મ પૂત્ર સરખી પ્રમાણે તેમજ સમજવા.

लिम्पन्त्यः प्रमृजन्त्योऽन्या अञ्जन्त्यः काश्च लोचने ।
व्यत्यस्तवस्त्राभरणाः काश्चित् कृष्णान्तिकं ययुः ॥ ७ ॥

શબ્દાર્થ:—'કેટલાક શરીરને અનુલેપન કરતા, કેટલાક સ્નાન કરતાં, તો અન્ય લોચનમાં અંજન આંજતા, જેમના વસ્ત્ર તથા આભરણ ઉલટાસુલટી થઇ ગયા છે તેવા કેટલાક કૃષ્ણની સમીપ ગયા.' ૭.

લિંપન કરતા, શરીરને અનુલેપન કરતા, પ્રમાર્જન કરતાં, ઊર્તનાદિક, અભ્યંગ સ્નાન, કરતા, અથવા ગૃહ લિંપતા, આભરણ અથવા પાત્રો માંજતા, ત્યાં ગયા. અત્ર પણ ક્રમ પૂર્વવત્ જ છે. [૨૨]શરીરસેવાથી ગૃહની સેવા મુખ્ય છે, ગોસેવાથી પતિસેવા મુખ્ય છે. લોચનમાં અંજન આંજતા કેટલાક એમ કહીને દુર્લભ અધિકાર સૂચવ્યો છે. આ ગોપીજનો જ્ઞાનમાર્ગને વિઘ્ન કરનારા છે તેથી એમનું નિર્ગુણત્વ સૂચવાય છે. આગમન સમયે તેમને દેહનો વિચાર ન આવ્યો તો પછી દેહના ધર્મનો તો ક્યાંથી જ આવે તે કહેવાને વસ્ત્ર તથા આભરણનો વ્યત્યાસ—વિપરીતતા—કહે છે, વ્યત્યસ્ત અવસ્થા છે, વિપરીત અવસ્થા છે, વસ્ત્ર અને આભરણ જેમના. આ પ્રકારે ઉત્તમ સર્વ ગોપીજનોનો જ સાધારણ નિરૂપણ કર્યો. કેટલાક વ્યત્યાસ—વિપરીતતા—માર્ગમાં જતા થયા એમ કહે છે. તે ઉચ્યુક્ત ગોપીજનોમાં કેટલાક કૃષ્ણની સમીપ ગયા અને કેટલાક નહિ. વળી જેઓ શબ્દપર[૨૩] થયા તેઓએ ઉદ્યમ કરેલો હતો પણ ન આવ્યા, પણ જેઓએ શબ્દની અપેક્ષા ત્યજી, સર્વપ્રકારે નિરપેક્ષ થયા, જેમના આવશ્યક દેહના ધર્મો વિપરીત થયા છે, તેઓ ભગવાનની સમીપ આવ્યા. ૭.

સર્વ ગોપીજનોનું આગમન ન થયું તેનો હેતુ[૨૪] કહે છે:—

ता वार्यमाणाः पतिभिः पितृभिः भ्रातृबन्धुभिः ।
गोविन्दापहृतात्मानो न न्यवर्तन्त मोहिताः ॥ ८ ॥

શબ્દાર્થ:—પતિઓથી, ભ્રાતા પિતાથી, પુત્રોથી, સંબંધીઓથી તેઓ રોકાયલા છતાં જેમના આત્મા ગોવિન્દથી અપહરણ થયલા છે, અને જેઓ મોહિત થયલા છે તેઓ નિવૃત્ત થયા નહિ, પાછા ફર્યા જ નહિ. ૮.

---

૨૨. દોહનાદિ કરતા અંજન અંતરંગ હોવાથી, આ મંડન હોવા છતાં પણ આના વિના તેમનામાં સૌન્દર્યજનક કંઇ નહિ હોવાથી, અસંપૂર્ણ શૃંગારજનક હોવાથી, મુખ્ય છે, સ્નેહ તેનો ત્યાગ અશક્ય છે, અને આ ગોપીજનો એ અશક્યનો ત્યાગ કરેલો હોવાથી એ ત્યાગ કરનારા ગોપીજનોનો અધિકાર દુર્લભ છે એમ આચાર્યશ્રી નિરૂપણ કરે છે. આ ગોપીજનો ભુક્તાતીત છે. જ્ઞાનમાર્ગશોધિત છે. આ રાસલીલ રીતિથી નિવાસ કરનારાઓને માટે આચાર્યશ્રીએ કહ્યું છે.

૨૩. શબ્દપર, પત્યાદિએ કરેલા નિવારણ શબ્દ અનુસરીને, પુનઃ તદ્વિચારપર થયલા. પત્યાદિના શબ્દને વશ થનારા. સદ્ગત લક્ષ્મણભટ્ટ શબ્દપરનો અર્થ વેણુનાદના શબ્દના અનુસર કરે છે, પરન્તુ શ્રીપુરુષોત્તમજી અને શ્રીવલ્લભજી ઉભય અમે આપેલો અર્થ કરે છે અને તે જ અને વિચારથી યુક્ત લાગે છે.

૨૪. પતિ વગેરે રોકવા તેથી ન આવ્યા, તેથી નિવારકત્વમાત્ર જ સર્વને બદલે કેટલાક ગોપીજનો આવ્યાનું કારણ છે.

અન્યાનું ક્રિયાણે ગ્રહણ કરવું - વિચારિતનું, ચલ્લેલીનું, પતિએ, સ્વનું પુત્રે, પિતા, પતિ અથવા પુત્રના અભાવમાં તેમના (પિતા, પતિ, પુત્રના) બાંધવજનોએ (ગ્રહણ કરવું); અમિ કવચિત્ પણ સ્વાતંત્ર્ય નથી એ સ્મૃતિ-પ્રમાણે ત્યાર ગ્રહણ બીના છે. આથી વે જ પ્રકારે કેટલાક પતિઓથી રોકાયા, કેટલાક ભાતા-પિતાથી, તેમ જ પુત્રોથી, તેમ સંબંધીઓથી. તેઓ નિત્ય છે છતાં પણ ઈશ્વરથી અનધિગત છે, તેઓ સાધનનિષ્ઠ છે, સ્વરૂપ જ બીજાનું જ્ઞાપન માત્ર છે, પરન્તુ સ્વતંત્રતાથી નહિ. તથાપિ ગોવિન્દથી તેમના આત્મા, અન્તઃકરણ, ચોરાયેલા છે (તેઓ તો રોકાયા નહિ જ.). નિવૃત્તિ કરવાનું, રોકવાનું ક્ષેત્રદ્વાર, અર્થ-દ્વાર, જ થઈ રહે છે, અને અન્તઃકરણના પ્રેરક ભગવાન્ છે: અને પુરુષો, જેવો,[૨૫] અન્તઃકરણને વશ છે. (તેથી જેમનું અન્તઃકરણ પ્રભુએ હર્યું નથી તેઓ જ આજ નિવૃત્ત થયા, રોકાયા, અન્ય ગોપીજનો જેમનું અન્તઃકરણ પ્રભુએ હર્યું છે તેઓ તો પ્રભુનીસમીપ ગયા.) શું પ્રવાહના વેગથી જતી નૌકાને થોભ થોભ એમ કહેવાથી શું થોભે છે? નહિ જ. અસ્ત[૨૬] વા સ્વધર્મ તેમને નથી તે કહે છે, તેઓ મોહિત છે, ચિત્તરહિત છે. જો તેઓ કૃષ્ણની સમીપ ન જાય તો મૂર્છિત[૨૭] મારક પ્રાણનો ત્યાગ કરે.

" સર્વોત્તમભાવજ્ઞાપન[૨૮] રાસ કરવાને જ કેમણે ગોપસ્ત્રીઓને ઘરમાં આગમનનું જ્ઞાન પ્રભુએ કરાવ્યું છે. નહિ તો અમારી ' ગોપીઓ પોતાની પાસે છે એમ માનતા ' એ વાક્યથી જેમ ગોપિકાઓની વનમાંની સ્થિતિનું જોયેલું જ અજ્ઞાન સમજ્યું તેમ જ પૂર્વ અહિ આગમનનું અજ્ઞાન કેમ સમજાતું ન હતું? અર્થાત્ હતું જ. ક્રીડામાં પગ પાછીને પછી તેને જોવો તેના કરતાં ક્રીડામાં પગ જ ન મોળવો એ ન્યાય પ્રમાણે ગોપિકાનું અક્રીડન સંપાદન કરીને, એ અક્રીડનથી સંભાવિત દોષનો અભાવ સંપાદન કરવા કરતાં અક્રીડન સંપાદન ન જ કરવું એ જ એમને મહેચ્છ. " ૮.

---

૨૫. પુરુષો, જેવો. ' ક્ષમાવાન પુરુષ છે ' ' પુરમાં શયન કરે છે ' એમ વ્યુત્પત્તિથી પુરુષ શબ્દ અહિ અધોક્ષજતાથી જણવાનો છે. તેથી આ ગોપીજનો અન્તઃકરણને વશ છે, અને અન્તઃકરણ ભગવાન્ પોતાનામાં પ્રવૃત્ત કરે છે, આથી તે ગોપીજનો ભગવત્સમીપ ગયા. પ્રવર્તકસામ્યથી પ્રવાહસ્થાનીય ભગવાન્ છે. આથી સુન્દર ગોપીજનોનું અન્તઃકરણ ભગવાને પોતાનામાં ન પ્રવર્તાવ્યું તેથી તેઓ તે શબ્દના વિચારપર થયા. આથી મૂલમાં વાર્ત્તમાન તો સર્વ થયા પરન્તુ તેમનામાં જે ગોવિન્દપક્વતાત્મા હતા તેઓ નિવૃત્ત થયા નહિ એમ સમજવું.

૨૬. અમ પતિ વગેરેનો, સ્વધર્મ મર્યાદામાર્ગનો અથવા દેહાદિ ધર્મ નથા વગેરે.

૨૭. અન્તઃકરણ ભગવત્સમીપ ગયું. હોવાથી, તેના વિના ક્ષણ વારી શકે નહિ તેથી પ્રાણત્યાગની સ્થિતિ પ્રાપ્ત થવાથી પ્રત્યાદિના ભયનો અથવા સ્વધર્મનો યાજ્ઞોપત વિચારનો એ ગોપીજનોમાં અભાવ હતો એમ સમજવું.

૨૮. અહિંથી આરંભીને આ શ્લોકના અંત સુધીનો ભાગ શ્રીમદ્ભાગવતસ્થનો છે એમ મને રહ્યું છે. ' સર્વોત્તમભાવજ્ઞાપનાય.....વરીવસ્યાવિતિ ' આપ તો શ્રીમદ્ભાગવતસ્થની છે. આ ભાગ સૂક્ષ્મત વલ્લભાચાર્ય ભાષ્યાન્તરમાં જોડી દે છે.

શ્રીકૃષ્ણાર્પણમસ્તુ ।

आचार्यजीनी जन्मपत्रिका.

सूर्यचंद्रस्पष्टीकरण.

આ પ્રમાણે ઇષ્ટ સમયનો મધ્યમગ્રહ આવી ગયે આપણે અહ સ્પષ્ટ કરીશું. પ્રથમ સૂર્ય અને ચંદ્ર સ્પષ્ટ કરીએ. પાછળ (પૃ. ૫૧–૫૨) પ્રાતઃકાળનો સૂર્ય સ્પષ્ટ કરતાં સૂર્ય સ્પષ્ટ કરવાની રીત આપેલી છે. તે પ્રમાણે પ્રથમ સૂર્ય સ્પષ્ટ કરીએ. અહિં મધ્યમ સૂર્ય ૦–૦–૧–૩૧ છે તેને સૂર્યના મંદોચ્ચ ૨–૧૮–૦–૦ માંથી બાદ કરતાં,

૨–૧૭–૫૮–૨૯	સૂર્યનું મંદ કેંદ્ર આવ્યું. કેંદ્ર ત્રણ રાશિથી ન્યૂન હોવાથી તે જ ભુજ છે.
૨–૧૭–૫૮–૨૯	મંદ કેંદ્ર ભુજ. ભુજાના
૭૭–૫૮–૨૯	અંશ થયા. ભુજાના અંશ ઉપરથી મંદફલ કાઢવાનું પત્ર પાછળ (પૃ. ૫૧) આપેલું છે. તે પ્રમાણે મંદફલ કાઢતાં
૨—૭–૫૨	મંદફલ આવે છે. કેંદ્ર મેષથી કન્યા રાશિની અંદર હોવાથી આ મંદફલ ધન છે. તેથી
૦—૦—૧–૩૧	મધ્યમ સૂર્યમાં
૨—૭–૫૨	મંદફલ ઉમેરવાથી
૦—૨—૯–૨૩	મંદ સ્પષ્ટ સૂર્ય થાય છે. તેમાં
૧૫–૫૬—૦	અયનાંશ ઉમેરવાથી
૯–૧૮—૫–૨૩	સાયનસૂર્ય આવે છે. તે ઉપરથી ગ્રહ કાઢવાની રીત પાછળ (પૃ. ૫૨) આપેલી છે તે પ્રમાણે ગ્રહ કાઢતાં ગ્રહ ૨૮ આવે છે. આ ૨૮ રાત્રિના સમયના હોવાથી સૂર્ય તે વખતે અસ્ત છે, અને સાયનસૂર્ય મેષથી કન્યા સુધીમાં હોવાથી ગ્રહ ધન છે. તેથી
૯—૨—૯–૨૩	મંદસ્પષ્ટ સૂર્યની વિક્ષામાં
૨૮	ગ્રહ ઉમેરવાથી
૯—૨—૯–૫૧	સ્પષ્ટ સૂર્ય થાય છે.

આ પ્રમાણે સ્પષ્ટસૂર્ય શોધ્યા પછી સ્પષ્ટચંદ્ર શોધીએ.

મધ્યમ ચંદ્ર ૧૦–૧૦–૪૨–૪૧ (પૃ. ૫૪) શોધેલ છે. આ મધ્યમ ચંદ્રમાં ત્રણ સંસ્કાર કરવાથી ત્રિફલ સંસ્કૃત ચંદ્ર થાય છે. (૧) દેશાંતર સંસ્કાર. निजनिजपुररेखा-स्वःस्थियोजनोघाद्रसलवसंमिताल्लिप्ताः स्वर्णमिन्दौ पर प्राक् ॥ ૧–૯. પોતપોતાના દેશ ઉજ્જયિનીમાંથી પધાર થતી રેખાથી જેટલા યોજન પશ્ચિમે અથવા પૂર્વે હોય તેને છએ ભાંગતાં જે આવે તેટલી કળા મધ્યમચંદ્રમાં ઉમેરવાથી અથવા બાદ કરવાથી દેશાંતરસંસ્કાર થાય છે. પોતાનો દેશ ઉજ્જયિનીથી પશ્ચિમમાં હોય તો જેટલી કળા ઉમેરવી, અને પૂર્વમાં હોય તો બાદ કરવી. નાગપુર ઉજ્જયિનીની રેખાથી આશરે ૩૬૦ યોજન પૂર્વમાં હોવાથી અહિં ૩૬૦ ભાગે ૬ કળા–૩૫ વિકળા મધ્યમ ચંદ્રમાંથી બાદ કરવાથી આ પ્રથમ દેશાંતર સંસ્કાર થાય–

(૨) ઋ સંચાર. હેર્ય લઘ્વત્મકમે ભિક્ષિસકાસ્તુ મધ્યેન્દૌ દ્વિગુણગયોર્દ્વયૂર્ત કલાસ્તુ ॥ ૨-૨૧. પ્રથમ આપ્યે સૂર્ય સ્પષ્ટ કરતાં ઋ રોહિત છે. તે ઋને ૂ થી ગુણતાં જે આવે તેટલી કલા ઋ ધન હોય તો મધ્યમ ચંદ્રમાં ઉમેરવી અને ઋણ હોય તો તેમાંથી બાદ કરવી. ઋ બાબત ૨૮ આવેલ છે તેથી ૨૮+૨=૬ કલા-૧ વિકલા ઋ ધન હોવાથી મધ્યમ ચંદ્રમાં ઉમેરવાથી આ દ્વિતીય ઋ સ્ફુટ થશે.

(૩) ૠ સંચાર. માસં તદ્ઘ્નમપિફલં લબ્ધે ॥ ૨-૨૧. સૂર્યનું ૠ ફલ આવેલ હોય તેને ૨૭ થી ભાગતાં જે આવે તેટલા અંશ મધ્યમ ચંદ્રમાં ૠ ફલ ધન હોય તો ઉમેરવાથી અને ઋણ હોય તો તેમાંથી બાદ કરવાથી આ તૃતીય ૠ સંસ્કાર થશે. સૂર્યનું ૠ ફલ બાબત સૂર્ય સ્પષ્ટ કરતાં ૨-૩-૪૨ આવેલ છે. તેને ૨૭ થી ભાગતાં ૦-૪-૪૪ આવે છે તે ૠ ફલ ધન હોવાથી મધ્યમ ચંદ્રમાં ઉમેરવાથી આ તૃતીયસંસ્કાર થશે.

૧૦-૧૦-૪૨-૪૧ મધ્યમ ચંદ્ર (પૃ. ૫૪)

૬-૩૫ ઋણ. દ્વિતીય સંસ્કાર.

૬-૧૩ ધન. ૠ સંસ્કાર.

૦-૪-૪૪ ધન. ૠ ફલ સંસ્કાર.

૧૦-૧૦-૪૩-૩ ત્રિરાશ સ્ફુટ ચંદ્ર.

ચંદ્રબિમ્બમાંથી ત્રિરાશ સ્ફુટ બાદ કરવાથી ચંદ્રનું ૠ ફલ આવે છે. ચંદ્રનું ફલ શોધી તેની ઘ્રુવ કરવી, અને ધ્રુવના અંશ કરવા. તે ઉપરથી ચંદ્રનું ૠ ફલ નીચે છે. ચંદ્રનું ૠ ફલ કરવાની રીત નીચે પ્રમાણે–

विधोः केन्द्रहोमार्गयष्टोनमिष्टाः खखाभाः पृथक् तत्फलांशोनितैक्य । एता-स्तैर्हतास्ते लवार्धं फलं स्यात् ॥ ૨. ૨૬.

ચંદ્રના ફલની ધ્રુવના અંશને ૬ થી ભાગવા, અને ભાગાકાર આવે તે ૩૦ અંશમાંથી બાદ કરવો. આ ભાગાકાર અને બાદબાકીનો ભુક્તાકાર કરવો. આ ચંદ્ર-ૠ ફલનો અંશ થાય છે. આ અંશને ૨૦ થી ભાગતાં જે આવે તે ૫૬ અંશમાંથી બાદ કરવાથી ચંદ્રૠ ફલનો ઉદય થાય છે. અંશને ઉદયવડે ભાગવાથી ચંદ્રૠ ફલ આવે છે. આને ઋણના બાકારમાં ગણવામાં. બારો કે ચંદ્રફલની ધ્રુવના અંશ ક છે. તો

$$\text{ચંદ્રૠ ફલ} = \frac{\text{ક}\,(३०^\circ - \text{ક})}{५६^\circ - \text{ક}\,(३०^\circ - \text{ક})}$$

ચંદ્રનું ૠ ફલ જ્યા રવિૠ ફલ પેઠે ફલ ભેદથી કન્યાસુધીમાં હોય તો ધન છે, અને તુલાથી મીન સુધીમાં હોય તો ઋણ છે. ૠ ફલ ધન હોય તો ત્રિરાશસ્ફુટચંદ્રમાં ઉમેરવાથી. અને ઋણ હોય તો તેમાંથી બાદ કરવાથી સ્પષ્ટચંદ્ર થાય છે.

આ રીત પ્રમાણે ચંદ્ર સ્પષ્ટ કરીએ.

૮-૨૦-૧૮-૩૮ મધ્યમ. (પૃ. ૫૪) તેમાંથી

૧૦-૧૦-૪૩-૩ ત્રિરાશસ્ફુટચંદ્ર બાદ કરવાથી

૧૦-૬-૩૧-૩૫ ચંદ્રમંદફલ આવ્યું તેને ૧૨ રાશિમાંથી બાદ કરતાં

૧-૨૦-૨૮-૨૫ ફલની ધ્રુવ થઇ તેના

૫૦–૨૮–૨૫ અંશ થયા. આ ફ ધારી સૂત્ર લગાડી મંદફલ લઇએ

૩–૫૨–૧૩ મંદફલ આવે છે. મંદકેંદ્ર કુંભરાશિનું હોવાથી તુલાથી મીનની અંદર છે અને તેથી મંદફલ ઋણ છે. તેથી

૧૦–૧૦–૪૭—૩ ત્રિફલ સરેફતત્વંદ્રભાંથી

૩–૫૨–૧૩ મંદફલ બાદ કરવાથી

૧૦–૬–૫૪–૫૦ સ્પષ્ટચંદ્ર આવે છે.

આ પ્રમાણે સૂર્ય અને ચંદ્ર સ્પષ્ટ થયા. હવે તેઓની સ્પષ્ટ ગતિ કેટલી સમયે કેટલી છે તે શોધીએ. આ શોધવાની રીત નીચે પ્રમાણે—

केंद्रस्य कोटिज्यखाश्विलघोननिघ्ना
स्त्रिघ्ना रवेस्त्रिकृतताः खाश्विनो द्विनिघ्नाः ॥
स्वांशांशकेन सहिताश्च गतौ घनर्णं
केंद्रे कुलीरमृगपट्टगते स्फुटा सा ॥ २. २४.

– સૂર્ય અને ચંદ્રના મંદકેંદ્રની કોટિ લઇએ. (જુઓને ત્રણ રાશિમાંથી બાદ કરવાથી કોટિ આવે છે. પૃ. ૫૦ જુઓ.) કોટિના અંશ કરવા અને તેને ૨૦ થી ભાગવા. ભાગાકારને ૧૧ અંશમાંથી બાદ કરવા, અને આ ભાગાકાર તથા બાદબાકીનો ગુણાકાર કરવો. સૂર્યની ગતિ લઘુ હોય તો આ ગુણાકારને ૧૩ થી ભાગવા અને ચંદ્રની ગતિ લઘુ હોય તો આ ગુણાકારને ૬ થી ગુણવા. આ પ્રમાણે કરવાથી ગતિફલ પ્રાપ્ત થાય છે. કેંદ્ર કર્કથી પ્રારંભી ૬ રાશિમાં હોય તો આ ગતિફલ મધ્યમગતિમાં ઉમેરવું, અને કેંદ્ર મકરથી પ્રારંભી ૬ રાશિમાં હોય તો મધ્યમગતિમાંથી બાદ કરવું. આ પ્રમાણે કરવાથી સ્પષ્ટગતિ થાય છે. આને સૂત્રના આકારમાં ગોઠવીએ. ધારો કે કેંદ્રની કોટિના અંશ ક છે. તો

$$\text{રવિગતિફલ} = \frac{\text{ક}^2}{\text{૨૨૫}}\ \left(૧૧^\circ - \frac{\text{ક}^2}{\text{૨૨૫}}\right)$$

$$\text{ચંદ્રગતિફલ} = \frac{\text{ક}^2}{\text{૨૪૦}}\ \left(૧૧^\circ - \frac{\text{ક}^2}{\text{૨૪૦}}\right)$$

મધ્યમગતિ ± ગતિફલ = સ્પષ્ટગતિ.

સૂર્ય સ્પષ્ટ કરતાં સૂર્યનું મંદકેંદ્ર ૨–૧૭–૫૮–૨૯ છે તે આપણે જોયું. કેંદ્રની જ્યા પણ જોજ છે તેથી તેને ૩ રાશિમાંથી બાદ કરતાં ૦–૧૨–૧–૩૧ કેંદ્રની કોટિ આવી. તેના અંશ ૧૨–૧–૩૧ થયા. તેને ફ અથવા રવિગતિફલનું સૂત્ર લગાડતાં સૂર્યગતિફલ ૦–૨૯ આવે છે. રવિકેંદ્ર મિથુનનું હોવાથી મકરથી પ્રારંભી ૬ રાશિમાં છે તેથી ગતિફલ ઋણ હોવાથી રવિની મધ્યમ ગતિ ૫૯–૮ (જુઓ પૃ. ૫૩) માંથી બાદ કરતાં ૫૮–૩૯ રવિની સ્પષ્ટગતિ થઇ.

જોજ પ્રમાણે ચંદ્રસ્પષ્ટ કરતાં ચંદ્રનું કેંદ્ર ૧૦–૬–૩૧–૩૫ આવેલ છે. તેની જ્યા ૧૮–૨૦–૨૮–૨૫ આવેલ છે. તેથી ત્રણ રાશિમાંથી બાદ કરતાં ૧–૬–૩૧–૩૫ કોટિ આવી. તેના અંશ ૧૬–૩૧–૩૫ થયા તેને ચંદ્રગતિફલનું સૂત્ર લગાડતાં. ચંદ્રગતિફલ ૪૧–૩૯ આવ્યું. કેંદ્ર મકરથી પ્રારંભી ૬ રાશિની અંદર હોવાથી ગતિફલ ઋણ છે. તે ચંદ્રની મધ્યમગતિ ૭૮૰–૩૫ (જુઓ પૃ. ૫૩) માંથી બાદ કરતાં ૭૪૮–૫૮ ચંદ્રની સ્પષ્ટગતિ થઇ.

આ પ્રમાણે સ્પષ્ટ મંદ અને ચંદ્ર શીઘ્રી તેમની સ્પષ્ટ ગતિ શીઘ્રી—હવે અન્ય ગ્રહો સ્પષ્ટ કરીએ.

પંચતારાસ્પષ્ટીકરણાધિકાર.

મંગલ, બુધ, ગુરુ, શુક્ર, અને શનિ, એ પંચ ગ્રહો સ્પષ્ટ કરવાની રીત આ ગ્રહ-લાઘવના બીજા અધિકારમાં કહેલી છે. આ પાંચ ગ્રહોનાં શીઘ્રાંક નીચે પ્રમાણે છે.

અનુક્રમ નંબર.	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
મંગલ.	૦	૫૮	૧૧૭	૧૭૪	૨૨૮	૨૭૫	૩૨૫	૩૬૫	૩૯૩	૪૦૦	૩૬૮	૨૪૫	૦
બુધ.	૦	૪૧	૮૧	૧૧૭	૧૫૦	૧૭૮	૧૯૬	૨૧૨	૨૧૨	૧૯૫	૧૫૫	૮૬	૦
ગુરુ.	૦	૨૫	૪૭	૬૮	૮૫	૯૮	૧૦૬	૧૦૮	૧૦૨	૮૬	૬૬	૩૬	૦
શુક્ર.	૦	૬૩	૧૨૬	૧૮૬	૨૪૬	૩૦૨	૩૫૪	૪૦૨	૪૪૦	૪૬૧	૪૪૩	૩૨૬	૦
શનિ.	૦	૧૫	૨૮	૩૮	૪૮	૫૪	૫૭	૫૭	૫૩	૪૫	૩૩	૧૮	૦

શ્લોક ૧–૫.

આ ગ્રહોના ભગણ નીચે પ્રમાણે છે.

અનુક્રમ નંબર.	૦	૧	૨	૩	૪	૫	૬
મંગલ.	૦	૨૪	૫૩	૮૫	૧૦૪	૧૨૪	૧૩૦
બુધ.	૦	૧૨	૨૧	૨૮	૩૩	૩૫	૩૬
ગુરુ.	૦	૧૪	૨૭	૩૪	૪૮	૫૫	૫૭
શુક્ર.	૦	૬	૧૧	૧૩	૧૪	૧૫	૧૫
શનિ.	૦	૧૬	૪૦	૬૦	૭૭	૮૫	૯૩

શ્લોક ૬–૮.

આ શીઘ્રોક્ત શીઘ્રાંક મંદચાર્યા, અને ભગણોનો ભંગરૂપ મંદચારમાં ઉપયોગી આવે છે તે આપણે જોઇશું.

(અપૂર્ણ)

ગ્રન્થાવલોકન.

શ્રીસુબોધિની, પયમસ્કન્ધ, મક્કટકર્તા, મટ્ટ મલ્લભદ્રશર્મા, ગુ. મૂ. ઇત્યાદિ.

મૂલ્ય. ૨–૦–૦ શુદ્ધાદ્વૈતકાર્યાલય–મુંબઇ.

ઉક્ત પુસ્તક તત્પ્રકાશક તરફથી અવલોકનાર્થ મળ્યું છે. આ ગ્રન્થ કોણ કૃતિ નથી કે જેની બીજા ગુર્જરોની તુલના કરવાનું આપણામાં સામર્થ્ય હોય. ઉક્ત ગ્રન્થ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીની, ભગવદ્મુખારવિન્દની કૃતિ હોવાથી લોકોત્તરતા પ્રતિપદ પ્રગટે છે એ તો નિઃસંશય છે. શ્રીમદાચાર્યજીએ ઘણા ગ્રન્થો પ્રકટ કર્યા છે. શ્રીસુબોધિની તે સર્વમાં શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ કહેવાનું પ્રયોજન એ છે કે એનાથી જીવમાત્રનું કલ્યાણ સિદ્ધ થઇ જાય એમ છે. શ્રીમદ્યમુનાષ્ટકાદિમાં માત્ર ત્રૈવર્ગિક જ અધિકૃત હોવાથી સર્વનું કલ્યાણ થઇ જાય એમ નથી. આથી ઉક્ત પ્રકરણકે જે દિશામાં પરિશ્રમ આરંભ્યો છે તે સર્વથા યોગ્ય દિશામાં છે એમ કહેવું ના કહેવાય.

પાંચ સાત વર્ષ ઉપર પ્રથમ શ્રીમદ્વૈષ્ણવ પરિષદ્ ભરાઇ ત્યારથી પ્રાચીન ગ્રંથના ગ્રહ મુદ્રણ વિષે ઘંટનાદ થઇ. ઘણાએ ચારણી કર્યા કરે છે. પુષ્ટિભક્તિસુધા પણ તદ્વિષયક ચંખનાદ કર્યાજ કરે છે. અને શ્રીસુબોધિનીનું પુસ્તકનું દર્શન કરતાં એમ અનુમાન થાય છે કે ઉક્ત ધ્વનિ શ્રીમાન્ ગોસ્વામિ બાલકોના કર્ણમાં પ્રવેશ કરે છે. અમને તો શ્રીસુબોધિનીના પ્રથમ સ્કંધનું પ્રાકટ્ય એ ધ્વનિનું જ પરિણામ લાગે છે. એ નાદધ્વનિ માત્ર મુખ્યાપુરીસ્થ ગોસ્વામીઓના કર્ણમાં પ્રવેશ્યો છે એટલું જ નહિ, પરન્તુ ક્યાં એ ધ્વનિનો પ્રવેશ અશક્યરૂપ હતો ત્યાં પ્રવેશ્યો લાગે છે, અને તેના પરિણામરૂપે આપણે ગોસ્વામિતિલક શ્રી ૬ ગોવર્ધનધારણજીને ઉત્સવપ્રતાન પ્રકટ કરતા દેખીએ છીએ. યદ્યપિ કહેવું જોઇએ આ ઉત્સવપ્રતાનનું મુદ્રણ આ શ્રીસુબોધિનીના મુદ્રણ સાથે સરખાવતા અલ્પમાનને જરીક જોઇએ તાત્પર્ય લાગે છે. કહેવાનું એ છે કે લઘુ કરવાનું ઘણું છે. બાલકોએ, શ્રીમાન્ અને વિદ્વાન્ વૈષ્ણવોએ લઘુ ઘણું કરવા માંડી મૂક્યું છે. શંકરાચાર્યના સર્વ ગ્રન્થો તેના આચાર્ય તરફથી ઉત્તમરૂપે પ્રકટ થયા છે, રામાનુજના પણ તેમ પ્રકટ થયા છે, મધ્વના પણ તેમ થયા છે, નિંબાર્કના પણ થયા છે. છતાં કોણ જાણે યા મરણથી આપણા શ્રીમાન્ ગોસ્વામીઓનું અને શ્રીમાન્ વૈષ્ણવોનું આ વિષય પ્રતિ ધ્યાન નથી ખેંચાતું. ચુંબકના શ્રીમાન્ ગોકુલનાથજી આ વિષયમાં પ્રયત્ન કરે છે, પરન્તુ એ પ્રયત્નમાં વિલંબ એટલો બધો થાય છે કે સાધારણ રીતે ધૈર્યનો તેટલા દીર્ઘ સમયમાં લય થઇ જાય છે. મહારાજશ્રીએ શ્રીસુબોધિનીનું મુદ્રણ ચારેક વર્ષ ઉપર સ્વીકાર્યું હતું; અને આટલા દીર્ઘ સમય પછી આપણે માત્ર બેજ ચાર મુદ્રિત થયલો પ્રથમ સ્કંધ પુનઃ મુદ્રિત થયલો જોવું સહજ બેદ થાય છે.

જેના આ વિલંબ થવાનું કારણ કાર્યપદ્ધતિની ખામી છે. મહારાજશ્રીને ત્યાં આ કાર્ય કુશલ રીતે ઇશ્વર માત્ર બલભદ્ર શર્મા છે, અને તેઓ અનેક વ્યાપૃતિઓથી સંવેષ્ટિત હોવાથી સાધારણ રીતે ત્વરિત કર્મ એમનાથી થઇ ન શકે. મહારાજશ્રીએ કર્યા તો બલભદ્ર શર્મા સાથે કામ કરી શકે એવા વિદ્વાનો એમની સાથળમાં આવવા જોઇએ

અમારા જે કોઈ વિદ્વાન્ ન પ્રાપ્ત થાય તો આવા ગ્રન્થનું મુદ્રણ કરવાનું કોણ સાહસ કરે? આ ગ્રન્થ સંપ્રદાયના પ્રાપ્ય વિદ્વાનોને જોવા મોકલવું મુદ્રણ સોંપવું જોઈએ. દૃષ્ટાન્ત તરીકે પ્રથમ સ્કંધ ગુજરાત કાઠિયાવાડને, દ્વિતીય સ્કંધ રાજપૂતાનાને, તૃતીય સ્કંધ મારવી વસન્તરાજાને, ચતુર્થ પૂર્વાર્ધ મારવાડ ગોંડલને, ચતુર્થ ઉત્તરાર્ધ જોધપુરવાળાને. આ પ્રમાણે કાર્યની વહેંચણી કરવામાં આવે તો શ્રીસુબોધિનીજીનું મુદ્રણ બધા સ્વલ્પ સમયમાં થઈ જાય. વૈદ્ય ગોસ્વામીજી સંપ્રદાયની ઉન્નતિ ઇચ્છે છે એમ અમે સાંભળીએ છીએ, તેથી અમારી આ વિનતિનો સ્વીકાર તેઓશ્રી કરે કરે તો સંપ્રદાયનું એમ વિશેષ કલ્યાણ. અમે અહીં રાજાજી શ્રીજીવનલાલજી, શ્રીરણછોડલાલજી, શ્રીમનસુખ પ્રભૃતિ શ્રીમાન્ ગોસ્વામીજીના અભિપ્રાયોનું અનુસરણ કરીએ. ને આમ થાય તો બહુ સુંદર જ પરિણામ આવે. શ્રીસુબોધિનીવત્ જો પ્રત્યેક વિદ્વાનને અલૂબાજ્ય ફીક ટીમ સાથે મુદ્રણ કરવાનું સૌભાગ્ય તો સ્વલ્પ સમયમાં શ્રીભાગવત સર્વ ટીમસમેત અર્પણ કરવાનું સૌભાગ્ય આપણને પ્રાપ્ત થાય. શ્રીમાન્ ભારતીના વૈષ્ણવો જેવા અનેક પ્રકારે ચૈહિક મેમ કરવા તત્પર થયા છે શું તેઓ પારલૌકિક કાર્યમાં સહજ સદાનુભૂતિ નહિ દર્શાવે? અમારો તો નિશ્ચય છે કે જો અમારા ગોસ્વામિ બાલકો શ્રીમાન્ ભારતીબાબાને સહજ સમજાવે તો શ્રીમદ્ભાગવત અને ભગવદ્ગીતાના ભાષાવાદીમ ભાષાન્તરોને સ્થાને શુદ્ધ સાંપ્રદાયિક શ્રીભાગવત ભાષાન્તર અને ગીતાભાષાન્તર આપણા વૈષ્ણવોને વાંચવાને પ્રાપ્ત થાય. અપેક્ષિત સાંપ્રદાયિક ગ્રન્થોના અભાવમાં કોઈ પણ મેમ થવું એ અશક્ય છે. અમે આશા રાખીએ છીએ આ વિષયમાં સર્વ સાંપ્રદાયિકો સ્ફૂર્તિ રાખશે.

હવે પ્રસ્તુત ગ્રન્થની વાત કરીએ. શ્રીસુબોધિનીજીનો પ્રથમસ્કંધ છપાવવાની શ્રીનરસિંહલાલજીની આજ્ઞાથી પ્રેસિદ્ધ આજથી લગભગ વર્ષ પર થયો હતો. અમને આશ્ચર્ય થાય છે કે પ્રસ્તુત પ્રતિનો ઉપયોગ કરવાનું અલબદ્ધ શર્માજી કેમ સૂચિત ન કર્યું? જો એ પ્રતિનો ઉપયોગ આ મુદ્રણમાં કરવો હોત તો કેટલાક સુયોગ્ય પાઠો મૂલને સ્થાને ટિપ્પણે જોવાને આપણે જોઈએ છીએ તે ન જોવાત, અને ગ્રન્થસંપાદનમાં પણ અલબદ્ધ શર્માનો પરિશ્રમ લગભગ જ નકામો જાત, અથવા બહુ સ્વલ્પ જ પરિશ્રમ લેવો પડત. આ ગ્રન્થની પ્રતિઓ મુદ્રિત અમુદ્રિત પાંચેક ગ્રન્થનો ઉપન્યાસ અલબદ્ધ શર્માએ કરે છે, પરંતુ શ્રીનરસિંહલાલજીના પ્રથમ સ્કંધ શ્રીસુબોધિનીજીનો ઉપન્યાસ આમ પણ નથી કરતા એનું કારણ અમને સમજાતું નથી. વસ્તુતઃ શ્રીનરસિંહલાલજીની પ્રતિ પણ બહુ સુંદર જ છે. કદાચિત્ શ્રીનરસિંહલાલજી વિદ્વત્-સ્વામીની પરંપરાથી ભિન્ન હોવાથી, તેઓશ્રીના પરિશ્રમનો પરિચય જોઈને પોતાને કષ્ટ ન હોય, ને તેથી પ્રસ્તુત ગ્રન્થનો ઉપન્યાસ ન કર્યો હોય તો પ્રભુ જાણે! પરન્તુ તેમ કરવામાં શુદ્ધિ સત્ત્વોદ્રેકવાળી હતી એમ તો ન જ કહેવાય.

ગ્રન્થનું મુદ્રણ સ્વચ્છ છે. પાઠાન્તરો ટિપ્પણમાં પરિશ્રમ કરી જોડ્યા છે. પુસ્તકનું મૂલ્ય પણ ભક્તિહેતવત્ અસાધારણ નહિ, સાધારણ રાખ્યું છે. આ વિષયમાં અમારી સૂચનાનો સ્વીકાર કરવા બહુ બહુ ને વિશેષ થાય તો પરિણામ સુંદર આવશે. અહિ પણ ભક્તિ-હેતવત્ સંક્ષિપ્ત સ્વલે પ્રકાશ ચિહ્ન મૂક્યા છે. કેટલીક જગ્યાએ એ આર્ષ વાક્યોમાં જ્યાં વ્યાકરણના અપવાદ મૂલ પાઠોમાં છે ત્યાં પણ અપવાદ ચિહ્નો જોતાં આ ચિહ્નોની અનુચિતતા કરવી વિના રહેતી નથી. અમે આશા રાખીએ છીએ બલબદ્ધશર્મા આ ચિહ્નોના સમર્થનો ત્યાગ કરશે. ગ્રન્થમાં ઉપન્યસ્ત વાક્યો ક્યાંનાં છે તે દર્શાવવાનો પ્રયત્ન કર્યો હોત તો બહુ પ્રકાશ ચિહ્નોને સ્થાન ન મળવાં પુસ્તક સુંદર વધારે બનત. આ

ગ્રન્થને અન્તે પ્રથમ ૨૬ પદના સર્વ શ્લોકોનું અનુક્રમણિકા આપ્યું છે. આ વાસ્તે એમને ખાસ ધન્યવાદ ઘટે છે. મધવિ મહેતું જોઇએ-શ્લોકના ક્રમનું સ્મરણ કર્યું છે તેનો કરતાં જે અભ્યાસ અને શ્લોકસંખ્યા સ્મરણી હોત તો એની ઉપયોગિતા વિશેષ થાત. એકંદરે ગ્રંથ આદરણીય છે. અમને આશા છે કે સર્વ વૈષ્ણવ બાધુઓ આ ગ્રન્થનો આદર કરશે.

હવે દ્વિતીયસ્કંધનું અને તૃતીયસ્કંધનું મુદ્રણ કરવાનું છે, પ્રથમ સ્કંધના બી સુબોધિનીજી અવશ્ય મનનીય છે, અને અમને આશા છે કે શ્રીમાન્ ગોકુલનાથજી આ બે સ્કંધોનું મુદ્રણ સત્વર કરાવી પ્રથમ સ્કંધનો આરંભ કરાવશે, દશમસ્કંધ સંપ્રદાયમાં બહુ પ્રચલિત હોવાથી પ્રાપ્ય સ્થિતિમાં છે, પરંતુ દ્વિતીય અને તૃતીય લગભગ અપ્રાપ્ય જ છે. અને મલ્યું કર્યું છે કે શ્રીગોકુલનાથજીને શ્રીસુબોધિની દ્વિતીયસ્કંધની એક શુદ્ધ પ્રતિ મળી છે. પ્રથમ સ્કંધનું શોધન બહુ થઈ ગયું છે, તો એમ જ લેખ તો દશમ સ્કંધનું મુદ્રણ જેમ અને તેમ જલ્દી કરવું એજ ઇષ્ટ છે. કદાચિત્ બલભદ્રમાં દ્વિતીય, તૃતીય અને દશમનું કાર્ય મુશ્કેલ કરી શકે નહિ, અને જે બહુ જ સ્વાભાવિક છે, તો દ્વિતીય સ્કંધ એક વિદ્વાનને, તૃતીયસ્કંધ અન્યને, એમ કાર્યકુશલતા વિભાગ થશે તો કાર્ય સુંદર થશે, સરલ થશે, અને સ્વલ્પ કાલમાં થશે. બલભદ્ર શર્મા એકલા કેટલું કરશે ?

પ્રકાશકે જે પરિશ્રમ લીધો છે તે સ્તુત્ય છે. પ્રભુ એમને સાંપ્રદાયિક આવી સેવા કરવાને વાસ્તે અપેક્ષિત સામગ્રીનું દાન કરો એજ અન્તમાં ઇચ્છીયું.

મૂલચન્દ્ર તેલીવાલા.

श्रीसर्वोत्तमजी विषे गोविंदस्वामीकृत पदो.

(અનુસંધાન અંક ૫૪ ૧૩૪)

राग वसंत.

देवोद्धारमयत्नात्माको न भाष[1] निमिष[2] विसरावुं ।
चित्तमां चिंतन करों अहर्निश चर आनंद उपजावुं ॥ १ ॥
और द्वंद्व निय जानि छांडि दे श्रीवल्लभगुण गावुं ।
मेरो सर्वस्व सुभग मूर्ति विनु (विना) कहूं न शीश नमावुं ॥ २ ॥
वचनामृत सुबोधिनी सुनिकें श्रीवल्लभ चर लावुं ।
गोद पसारि मांगत गोविंदनंदनचरणकमलरज पावुं ॥ ३ ॥

સૂચના.

કોઇ પણ અંધશ્રદ્ધાળુ, મોહાંધ કે અન્ય કોઇ પણ વૈષ્ણવને પુષ્ટિમાર્ગના મણુ-માત્ર્ય સુબોધિનીનું વિદ્વન્મંડન, કે બીજા કોઇપણ મંત્ર વાંચવા હોય તેમણે મોકલવાની સામે, બરિયાળીનદીવાળાની ચંદરવાડીની પાસે અમ્બર બીલ્ડિંગમાં ત્રીજે માળે શ. શ. મૂલચંદ તેલીવાળાને અથવા ચોથે માળે શ. શ. ધીરજલાલ મોકળીબાને મળવાથી વિના દ્રવ્યે કોપીઓ તરત કરી આપવામાં આવશે.

---

૧ અર્પી. ૨ ક્ષણ, નેત્રના પલકારા જેટલો સમય.

કવિવર દયારામભાઈનાં અપ્રસિદ્ધ પદો.

રાગ, પરજીયો.

દીનતાસ્વરૂપ.

હવ્યો વિનતિ શ્રીવિષ્ણુદેવ, હું કર જોડીરે;
અને પતિત જણીને પ્રાણેવ, વો રખે છોડીરે. ૧
જેવો તેવો તમારે શરણ, પડ્યો હું સ્વામી રે;
મારો કર મહો શ્રીગિરિધરણ, હું શિરનામી રે. ૨
હું પુ સદ્ય આપનથી હીન, ધર્મ ના મહ રે;
અધું મન આપાજ્ઞ મીન, રહિત વિવેક રે. ૩
નહિયાવ નિજ ગુણકોશ અત્યક્તિ કહાવે રે;
પ્રભુ તેટલા મારા દોષ, અનુનામાં ન આવે રે. ૪
વળે શરણાગત વત્સલ છો, દીન દયાળુ રે;
પ્રભુ મહાગંભીર અતુલ જશ, પરમકૃપાલુ રે. ૫
હરિ ઈશ્વર અખિલોદરણ, અનાદિન અજીત રે;
સ્મૃતિભાવ મહાદુઃખ હરણ, કૃપાના સિંધુ રે. ૬
પ્રભાદિક નિજ વંશારાની, સન્મુખ થાજ્યે રે;
અહંકૃતિત્વ મારી કરણી, વિસરી જાજ્યે રે. ૭
પ્રભુ સર્વોત્તમ સદિચ્છુ, અતિ ઉદાર રે;
પૂર્ણ પુરુષોત્તમ અહવિષ્ણુ, નંદકુમાર રે. ૮
નથી આપવો મોક્ષની સિદ્ધિ, ન મુક્તિ આર રે;
નહિ જન્મમરી પદ આદિ, કરીશ અધિકાર રે. ૯
શુદ્ધ પુષ્ટિભક્તિની આશા, હૃદયા મને લાગી રે;
નિજ પ્રેમરસ પીવા જિજ્ઞાસા, અતિશય જાગી રે. ૧૦
પ્રભુ તમને પક્ષો એવો સાચો, કરો મને સંત રે;
મારા પ્રાણેશ્વર જનો જી, આપું અંશવંતરે. ૧૧
પરો પ્રભુ અંતર અભિલાષ, અંતર્યામી રે;
મીઠી મીમુખ કહો કયો દાસ મારો હું સ્વામીરે. ૧૨

નોંધઃ—૧ કવિશ્રીના શિષ્ય પુત્ર સત્યધર્મપરાયણ ચરણલીલ નાથજીભાઈએ કવિવર્યના આ અંગ્રેજી પ્રસંગ કરવામાં આવેલાં અપ્રસિદ્ધ પદો આપવાની મહેરબાની કરી છે, તે માટે તેમનો જેટલો આભાર માનવામાં આવે તેટલું ઓછું છે.

દ્વિદલાત્મક સ્વરૂપનો ગરબો.

(" મોરો આવની સહુથી પ્રભુ સામળા રે " એ રાગ.)

શ્રીમદ્‌રાજચિંદ્ર શ્રીકૃષ્ણ વસ્તુ એક છે રે,
દેવા ભક્તને સુખ સુયશ વપુ વિવેક છે રે. શ્રીમદ્. ૧
આદ્યે પ્રેમરૂપ[1] અદ્ય યુગલ વપુ શ્રુતિ ગાય છે રે,
તે બે રે ભળીને એક અદ્વૈતાય છે રે. શ્રીમદ્. ૨
એમાં અનુભવીને તો સુખી સમજવું પડે રે;
તો પ્રભુ અલક્ષ્યાને મન આંબવે અડે રે. શ્રીમદ્. ૩
તે માટે મેં દૃષ્ટાંત યુક્તિ જોડીને રે,
સાંભળજ્યામાં સહ સંશય નાંખે તોડીને રે. શ્રીમદ્. ૪
[2]તત્ત્વાસહ થયો જેમ એક [3]ભાષ્યમાન છે રે.
અંતરમાં સમાન દ્વિદલ[4] વિધમાન છે રે. શ્રીમદ્. ૫
દ્વાં મેં પૃથક્ પ્રકટ થવા તણી વિધિ રે,
પનસ્યામ થકી સ્યામા આનંદના નિધિ રે. શ્રીમદ્. ૬
મીઠ સાગર ને લહેરી [5]ભાનુનંદિની રે,
[6]છું અલબેલો અલબેલી ચારુ ચંદિની રે. શ્રીમદ્. ૭
વિમલ વસ્તુનિને પ્રતિબિંબ્યા અવાસિક રે,
સહજ મીનમેષ ક્રાન્તિ રાધા ભાસિક રે. શ્રીમદ્. ૮
રૂપ રસિકવર છબીલી છબ તે તણી રે,
પુરુષ પુરુષોત્તમ રામા રાધિકા બણી રે. શ્રીમદ્. ૯
કૃષ્ણ આત્મા રાધા, રાધા કૃષ્ણનો સખી રે,
અમે અધિક ન્યૂન ક્રોધ કલેવાયે નહીં રે. શ્રીમદ્. ૧૦
પરસ્પરે શોભા એક એકની ભલું રે,
બીજું ન શોભે મેં દૃષ્ટાંત તે તણું રે. શ્રીમદ્. ૧૧
કેસરી[7] સ્વરૂપ જેમ ચંદ્ર ભામિની રે,
શીષ કેશ, દેહી દેહ, મેષ દામિની રે. શ્રીમદ્. ૧૨
પરસ્પર પ્રેમ એકમાં વ્યાપી રહ્યાં રે,
પ્રીતમ પ્રિયા, પ્રિયા પ્રીતમ સંભવે કહ્યાં રે. શ્રીમદ્. ૧૩

---

૧. એકમેવાદ્વિતીયં બ્રહ્મ । શ્રુતિ એમ કહે છે કે બ્રહ્મ એક અને અદ્વિતીય છે. એક અને અદ્વિતીય એમ બને વિશેષણની અવશ્ય એ છે, તે છે તો જે સ્વરૂપ, પરંતુ તે બનેમાં ફેર નથી, બે અક્ષરે એક છે. ૨. કહેવાયું નથી. ૩ અનુભવાય છે, અનુભવાય છે. ૪ બે રાધા-કૃષ્ણ સરખા. ૫ સૂર્યપુત્રી યમુનાજીના. ૬ ચંદ્ર. સારંગો—વળી જ ચન્દ્રિકા વન્દે પ્રભા માર્ગા દુરાચને। गन्धः पृथिव्यामप्सु वाच्यश्च तथा हरौ । ઇત્યાદિ પ્રમાણ વાક્ય આવે.

૧. સિંહ બનથી, ચંદ્ર સખિથી શોભે છે. અર્થાત્ કેસરી, આત્મા દેહથી, મેષ વીજળીથી.
૨. અગિયારમાં ભાવવાની અભિલાષા.

અનહદ[૨] ઝનકતા જેમ ઘંટા વિષે નાદ છે જો;
મુક્તિ શીતલતા સુધા વિષે જેમ સ્વાદ છે જો. મીમાં. ૧૪
એ વિષે સ્વરૂપ લાલ ચાહિલી તહ્યું જો;
એ જે ચારી વીસા સર્વ અપર નહિ ચાહ્યું જો. મીમાં. ૧૫
૧૪. ' જેમ ભક્તિ અને જ્ઞાનના પ્રતિબાધક શાસ્ત્રોક્ત ' ઇત્યાદિથી આચાર્યશ્રી નિર્મલિત અર્થ નિરૂપણ કરે છે. ભક્તિ અને જ્ઞાનનું પ્રતિબાધન કરવાવાળા જે શાસ્ત્રોક્ત જેમ સાધન છે તેમ ભગવત્સ્વરૂપ પણ સાધન છે એમ કહીને ૧૩ માં શ્લોકનો અર્થ કહ્યો. ' ભગવાન્ મુક્તિનું દાન કરવાને જ સચ્ચિદાનંદરૂપથી પ્રકટ થયા છે ' એમ કહીને ૧૪ માં શ્લોકનો અર્થ કહ્યો. ' ત્યારે અમે તે દોષ અમે તે ઉપાધિથી ભગવાનમાં સંબંધ પ્રાપ્ત કરે છે તે મુક્ત થાય છે ' એમ કહીને ૧૫ માં શ્લોકનો અર્થ કહ્યો. ભગવત્સંબંધ એ જ સાધન છે. પ્રભુના આવિર્ભાવને માટે જ્ઞાન અને ભક્તિનો ઉપયોગ છે, પ્રભુનો આવિર્ભાવ જો જ્ઞાનભક્તિ વિના સિદ્ધ થતો હોય તો એ જ્ઞાન ભક્તિનો ઉપયોગ નથી. જેમ વર્ષાઋતુમાં જલ સર્વત્ર સુલભ હોવાથી નવા કૂવાનો ઉપયોગ નથી તેમ પ્રભુનો આવિર્ભાવ જો સ્વતઃ હોય તો પછી જ્ઞાનભક્તિનો ઉપયોગ નથી. અહિ તો પ્રભુ સર્વને સ્વરૂપજ્ઞાથી જ મુક્તિનું દાન કરવાને અવતીર્ણ છે. ઇત્યાદિમાં ૧૬ માં શ્લોકનો અર્થ કહ્યો. અવતારકાર્યમાં ભક્તિ અને જ્ઞાન એ બે જ ભગવત્પ્રાપ્તિના હેતુ છે, પરન્તુ અવતારસમયે તેમાં ભગવત્સ્વરૂપ જ સાધન થાય છે.

જ્ઞાન અને ભક્તિનો ઉપયોગ પ્રભુના આવિર્ભાવને માટે છે, પ્રભુનો આવિર્ભાવ જો અન્યથા સિદ્ધ થાય તો જ્ઞાન અને ભક્તિનો ઉપયોગ નથી. અહિ તો ભગવાન્ સ્વતઃ જ પ્રકટે થયા છે, સર્વને સમાનતાથી મુક્તિનું દાન કરવાને, કારણ કે ઈશ્વરેચ્છાનું નિષ્ફળ થઇ શકે જ નહિ. આમ હોવાથી પ્રભુપ્રાકટ્ય સ્વેચ્છાથી, ભક્તિથી અથવા જ્ઞાનથી થાય છે. ભગવદવતારથી અતિરિક્ત કાર્યમાં, અનવતાર કાર્યમાં; જ્ઞાન અને ભક્તિ એ બે જ પ્રભુ-પ્રાકટ્યના હેતુ છે, અવતાર કાર્યમાં તો સેમનું, જ્ઞાનભક્તિનું, પ્રયોજન નથી, વર્ષાકાલમાં જલ સર્વત્ર સુલભ હોવાથી કૂપ નદી આદિના ઉપયોગની કંઈ પડતી નથી; (તેમ અવતાર કાર્યમાં જ્ઞાનભક્તિના ઉપયોગની શંકા કરવી નહિ)

તે શ્રીશુક કહે છે, પુરસ્તાત્, પહેલાં સપ્તમ સ્કન્ધમાં જેમ જૈય વિષ્ણુપાલ, સિદ્ધિ ભગવત્સાયુજ્ય, પ્રાપ્ત થયો; દ્વેષ કરતા કરતા પણ. યદ્યપિ દ્વેષકૃત દોષ પ્રતિબન્ધક થાય છે તોપણ ભગવાનના સ્મરણથી વેનું દ્વેષનું રૂપ ટરીને ત્યાં સાયુજ્ય પ્રાપ્ત થયો. વળી તેને પણ કોઇ દોષ નથી, દ્વેષાદિ પણ ભગવાને જ ઉત્પન્ન કર્યા છે, તે કહે છે, ભગવાન્ સર્વ-કર્તા છે, એ ઇન્દ્રિયોના પ્રેરક છે, યજ્ઞાસુખ, સ્વરમણાર્થે, ભાવો ઉત્પાદન કરે છે. જ્યાં દ્વેષ પણ મોક્ષસાધક છે, ત્યાં અધોક્ષજપ્રિયાઓને, હરિપ્રિયાઓને મુક્તિ પ્રાપ્ત થાય એમાં તો શું કહેવું ! ૧૩:

अत्र मुख्य उपपत्तिं कहे छे:—

नृणां निःश्रेयसार्थाय व्यक्तिर्भगवतो नृप ।
अव्ययस्याप्रमेयस्य निर्गुणस्य गुणात्मनः ॥ १४ ॥

શ્લોકાર્થ:—હે નૃપ, અવ્યય, અપ્રમેય, નિર્ગુણ, ગુણાત્મા ભગવાનનું પ્રાકટ્ય નરોના આત્યન્તિક મોક્ષને માટે છે. ૧૪.

પ્રાણિમાત્રને મોક્ષનું દાન કરવાને ભગવાન્ પ્રકટ થયા છે. લોભ હોવાથી આ પ્રાકટ્ય આત્યન્તિક કલ્યાણને માટે જ છે. આ પ્રાકટ્ય અન્યથા[૧૫] થતું નથી, કારણ કે આ પ્રાકટ્યનું અન્ય અસાધારણ પ્રયોજન નથી. ભૂભાર હરણાદિ તો અન્યથા[૧૬] પણ થાય છે. માટે નિઃશ્રેયસાર્થે જ, પરમ કલ્યાણાર્થે જ, ભગવાનની જૈવિભક્તિ,

---

૧૫. અન્યથા, આ પ્રાકટ્ય મુક્તિનું દાન કરવાને છે, અન્ય પ્રયોજનને માટે નહિ. મુક્તિ જ એનું અસાધારણ પ્રયોજન હોવાથી, આ પ્રાકટ્યમાં તેનો અન્તર્ભાવ જ છે. સ્વરૂપ જ મુક્તિદાતૃ છે એ મુખ્ય ઉપપત્તિ છે. શ્રીકૃષ્ણોપનીષદમાં મોક્ષદાનને એ વાસુદેવનું કાર્ય છે, પરન્તુ અત્ર વાસુદેવનું પ્રાકટ્ય નથી; અત્ર તો પૂર્ણનું પ્રાકટ્ય છે. આ પૂર્ણનું પ્રાકટ્ય તો પ્રાણિમાત્રને, સાધનરહિતોને, પણ પરમ કલ્યાણનું દાન કરવાવાળું છે.

૧૬. અન્યથા, અન્ય, કલા, આવેશાદિથી.

૧૭. પ્રસિદ્ધ છે કે રાજા અન્યદ્વારા સર્વ કાર્ય કરાવે છે, પોતે તો કદાચિત્ જ કોઇ વિશેષાર્થે જાય છે, તેમ ભગવાન્ પણ ભૂભારહરણ વગેરે કાર્ય વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ એ વ્યૂહદ્વારા કરાવે છે, ક્વચિત્ અંશાવતારથી પણ કરાવે છે, કોઇવાર કલાથી અને કોઇ વાર આવેશદ્વારા પણ કરાવે છે; પરન્તુ નિઃશ્રેયસસમ્બન્ધવાળા ઉદ્ધારરૂપ કાર્ય તો સ્વયં જ કરે છે. પરમ સ્વરૂપ આત્યન્તિક કલ્યાણ તો પ્રભુ સ્વતઃ જ કરે છે.

પ્રાકટ્ય છે. 'હે નૃપ' એ સંબોધન અવશ્ય રાજા અંબે તેમ ભગત કરે છે તેની માટે આ પ્રાકટ્ય છે એમ જણાવવાને માટે છે. અન્ય પ્રમાણથી આવા પ્રકારનું પ્રાકટ્ય સંભવતું નથી તે હેતુથી ભગવાનને વિશેષણોથી વર્ણવે છે. પ્રથમ[૧૮] સર્વ ઐશ્વર્યથી સંપન્ન, અપરાધીન, સ્વતંત્ર, માત્ર કર્મ સ્વભાવોના નિયામક, સર્વનિરપેક્ષ, એવા ભગવાન્ શા વાસ્તે અવતાર ધારણ કરે? વળી પોતાને વાસ્તે ભગત ન થાય તો પણ પરાર્થ[૧૯] તે થાય, તે પણ નથી તે કહે છે:—અબ્બધાદિ ચાર પદોથી. કૃતિસાધ્ય[૨૦] અથવા જ્ઞાનસાધ્ય જે થાય છે તે શ્રીનાથજીને વિષયોગમાં આવે છે. ભગવાન્ તો અત્યંત હોવાથી, અવિકૃત હોવાથી, કૃતિસાધ્ય, કૃતિનો વિષય, નથી. અપ્રમેય હોવાથી જ્ઞાનસાધ્ય, જ્ઞાનનો વિષય, પણ નથી. દેહદ્વારા ભજનીય થશે તો તેમ પણ નથી, કારણ કે નિર્ગુણ છે, નિર્ગત છે ગુણો જેમના. ગુણો વિદ્યમાન હોય ત્યારે અન્નની પ્રતિપત્તિ ત્યાં આવે; જેમ ક્ષુધા લાગી હોય ત્યારે અન્નસ્મરણ, શ્રમ હોય ત્યારે બીજો ઉપયોગ, ઇન્દ્રિયો હોય ત્યારે તેમના વિષયોનો. આથી સેવકથી પૃથક્ભૂત એવો કોઈ ભગવાનનો ભોગ્ય પણ નથી, તેથી એ ભજનીય પણ નથી થતા. વળી દીર્ઘકાળ જે અપેક્ષા કરે તો પણ તેમ નથી, કારણ કે સર્વ તેનું જ છે, સર્વ ગુણોના એ જ આત્મા છે. આ સાધન પ્રકારથી ભગવાનને અન્ય નો ઉપયોગ નથી. આમ હોવાથી સ્વ અથવા પરનાં પ્રયોજનનો અભાવ હોવાથી જે સાધનનિરપેક્ષ થઈને મુક્તિનું દાન ન કરે તો, આ પ્રાકટ્ય પ્રયોજનરહિત જ થાય. ૧૪.

---

૧૮. આ ઉપયોગી એવું બધું શબ્દનું નિરપેક્ષ આચાર્યશ્રી કરે છે.

૧૯ પરાર્થ, પરના, અન્યના સાધન સંપાદન કરવાને. સ્વપ્રેમ મુક્તિ તો સાધન નિરપેક્ષ જ છે તે બતાવી કહેશે.

૨૦. કૃતિસાધ્ય, કૃતિ વિષય, જ્ઞાનસાધ્ય, જ્ઞાન વિષય. આ પ્રસ્તુતપ્રાકટ્ય નિઃસાધન જીવોના સમુદ્ધારાર્થ જ છે એમ આચાર્યશ્રી જોપે છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ એમાં કોઇ પણ સાધનથી પ્રભુ પ્રાપ્ય નથી તે સ્પષ્ટ કરીને બતાવેલ છે કે આ પ્રાકટ્ય તો સાધનરહિત જીવોના આત્યન્તિક કલ્યાણને માટે જ છે. 'જાયમાત્મા' શ્રુતિ સાધનભાવનો નિષેધ કરીને કરીને પ્રભુસ્વરૂપને જ સાધન જોપે છે તેનો પણ આજ આશય છે. આ કારણથી નિઃસાધનોને કલ્યાણ કરવાનું કાર્ય સંપૂર્ણ પ્રકટ્ય વિના થવું અશક્ય છે, તેથી તાદૃશ પ્રભુ પ્રકટ થયા હોવાથી અને નિઃસાધન જીવોના પરમ કલ્યાણ જેવું અન્ય અસાધારણ પ્રયોજન સ્વ પ્રાકટ્યમાં નહિ હોવાથી આ પૂર્ણ પ્રાકટ્ય અન્યથા થતું નથી. કોઈ વખતે કોઈનો ઉદ્ધાર કરવાનું કાર્ય પ્રભુ બીજા અંશ, આવેશ દ્વારા પણ કરે, પરન્તુ નિઃસાધનોનું પરમ કલ્યાણ તો સ્વયં જ કરે છે, અને તેવા નિઃસાધન જીવોનું કલ્યાણ કરવાને સ્વપ્રાકટ્ય હોવાથી, આ પ્રાકટ્યમાં નિઃસાધનોના કલ્યાણ સિવાય અન્ય પ્રયોજન નથી; તેથી તે અન્યથા થતું નથી એમ આચાર્યશ્રી કહે છે. ભગવાન્ નિર્ગુણ છે તેથી દેહદ્વારા ભજનીય પણ નથી. આમ જ્યારે સેવકનો અનુપયોગ થાય છે તો પછી વસ્તુતઃ સેવકથી પ્રસાદ પામવો એ પણ દુર્ઘટ છે, દુર્લભ છે. અર્થાત્ સાધનપ્રકારથી પ્રભુ સુલભ નથી. નિઃસાધન જીવોને કલ્યાણ કરવાને માટે જ આ પ્રાકટ્ય છે એમ નિશ્ચય થાય છે.

જ્ઞાન અને ભક્તિનો ઉપયોગ પ્રભુના આવિર્ભાવને માટે છે; પ્રભુનો આવિર્ભાવ જો અન્યથા સિદ્ધ થાય તો જ્ઞાન અને ભક્તિનો ઉપયોગ નથી. અહિં તો ભગવાન્ સ્વતઃ જ પ્રકટ થયા છે, સર્વને સમાનતાથી મુક્તિનું દાન કરવાને, કારણ કે ઈશ્વરેચ્છાનું નિષ્ફળ થઈ શકે જ નહિ. આમ હોવાથી પ્રભુપ્રાકટ્ય સ્વેચ્છાથી, ભક્તિથી અથવા જ્ઞાનથી થાય છે. ભગવદવતારથી અતિરિક્ત કાલમાં, અનવતાર કાલમાં, જ્ઞાન અને ભક્તિ એ બે જ પ્રભુ-પ્રાકટ્યના હેતુ છે, અવતાર કાલમાં તો તેમનું, જ્ઞાનભક્તિનું, પ્રયોજન નથી, વર્તમાનકાલમાં જ્ઞાન સર્વત્ર સુલભ હોવાથી કૃપ નદી આદિના ઉપયોગની શંકા ઊઠતી નથી; (તેમ અવતાર કાલમાં જ્ઞાનભક્તિના ઉપયોગની શંકા કરવી નહિ.)

તે બીજું કહે છે, પુરસ્તાત્, પહેલાં સાતમા સ્કન્ધમાં જેમ શૈવ શિશુપાલ, સિદ્ધિ ભગવત્સાયુજ્ય, પ્રાપ્ત થયો; દ્વેષ કરતા કસ્તા પણ. યદ્યપિ દ્વેષકૃત દોષ પ્રતિબન્ધક થાય છે તોપણ ભગવાનના સ્મરણથી તેનું દોષનું પાપ કરીને ત્યાં સાયુજ્ય પ્રાપ્ત થયો. વળી તેનો પણ કાંઈ દોષ નથી, દ્વેષાદિ પણ ભગવાને જ ઉત્પન્ન કર્યા છે, તે કહે છે, ભગવાન્ હૃષીકેશ છે, એ ઇન્દ્રિયોના પ્રેરક છે, યથાસુખ, સ્વરુચ્યાર્થે, ભાવો ઉત્પાદન કરે છે. જ્યાં દ્વેષ પણ મોક્ષસાધક છે, ત્યાં અધોક્ષજપ્રિયાઓને, હરિપ્રિયાઓને મુક્તિ-પ્રાપ્ત થાય એમાં તો શું કહેવું! ૧૩.

અત્ર મુખ્ય ઉપપત્તિ કહે છે—

नृणां निःश्रेयसार्थाय व्यक्तिर्भगवतो नृप।
अव्ययस्याप्रमेयस्य निर्गुणस्य गुणात्मनः ॥ १४ ॥

શ્લોકાર્થ:—હે નૃપ, અવ્યય, અપ્રમેય, નિર્ગુણ, ગુણાત્મા ભગવાનનું પ્રાકટ્ય નરોના આત્યન્તિક શ્રેયને માટે છે. ૧૪.

પ્રાણિમાત્રને મોક્ષનું દાન કરવાને ભગવાન્ પ્રકટ થયા છે. આમ હોવાથી આ પ્રાકટ્ય આત્યન્તિક કલ્યાણને માટે જ છે. આ પ્રાકટ્ય અન્યથા[૧૫] થતું નથી, કારણ કે આ પ્રાકટ્યનું અન્ય અસાધારણ પ્રયોજન નથી. ભૂભાર હરણાદિ તો અન્યથા[૧૬] પણ થાય છે. માટે નિઃશ્રેયસાર્થે જ, પરમ કલ્યાણાર્થે જ, ભગવાનની અભિવ્યક્તિ,

---

૧૫. અન્યથા, આ પ્રાકટ્ય મુક્તિનું દાન કરવાને છે, અન્ય પ્રયોજનને માટે નહિ. મુક્તિ જ એનું અસાધારણ પ્રયોજન હોવાથી, આ પ્રાકટ્યમાં તેનાતર્ય જ છે. સ્વરૂપ જ મુક્તિપ્રદ છે એ મુખ્ય ઉપપત્તિ છે. શ્રીમુખોક્તિનીષ્ઠામાં મોક્ષદાન એ વાસુદેવનું કાર્ય છે, પરન્તુ અત્ર વાસુદેવનું પ્રાકટ્ય નથી; અત્ર તો પૂર્ણનું પ્રાકટ્ય છે. આ પૂર્ણનું પ્રાકટ્ય તો પ્રાણિમાત્રને, સાધનરહિતોને, પણ પરમ કલ્યાણનું દાન કરવાવાળું છે.

૧૬. અન્યથા, અન્ય, કલ્પ, આવેશાદિથી.

૧૭. પ્રસિદ્ધ છે કે રાજા અન્યદ્વારા સર્વ કાર્ય કરાવે છે, પોતે તો કદાચિત્ જ કોઈ વિશેષાર્થે જાય છે, તેમ ભગવાન્ પણ ભૂભારહરણ વગેરે કાર્ય વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ એ વ્યૂહદ્વારા કરાવે છે, કવચિત્ અંશાવતારથી પણ કરાવે છે, કોઈવાર કલ્પથી અને કોઈ વાર આવેશદ્વારા પણ કરાવે છે; પરન્તુ નિઃશ્રેયસસમ્બન્ધવાળા ઉદારરૂપ કાર્ય તો સ્વયં જ કરે છે. પરમ સ્વરૂપ આત્યન્તિક કલ્યાણ તો પ્રભુ સ્વતઃ જ કરે છે.

જ્ઞાન જ સાધન છે, સમ્પ્રતિ તેમના વિષે જ સિદ્ધ થાય છે. પૂર્વસિદ્ધ જ્ઞાન અને ભક્તિનો અત્ર ઉપયોગ નથી. સ્વતંત્રાવિર્ભાવ તેમની મર્યાદાથી નિયત છે, એટલે જ[૨૪] આવિર્ભાવ ઉભયરૂપ થાય તો સંયોગપૃથક્ત્વન્યાયના આધારે નિર્બાધ સંભવે છે. 'વા' એ અનાદરના અર્થમાં છે, અથવા અન્ય કોઈ ઉપાય પણ હોય રહે, પરન્તુ તે સર્વથા કરવો જોઈએ, અન્યથા[૨૫]

---

૨૪. અત્ર આ આશય છે. પ્રભુનું પ્રાકટ્ય સ્વેચ્છાથી થાય અથવા તો ભક્તિ જ્ઞાનથી થાય. અવતાર કાર્યમાં પણ મર્યાદામાર્ગીય જ્ઞાનિઓ વા ભક્તો તો અસ્તિત્વમાં છે જ, તો પછી અવતાર સમયે પૂર્વોક્ત ભક્તનિમિત્ત પ્રભુનું સ્વતંત્ર પ્રાકટ્ય અપેક્ષિત છે, કે તેજ પ્રાકટ્યથી પ્રભુ તેના ફલ સાધન થાય છે એમ સંદેહ થાય તેનો નિર્બાધ આચાર્યશ્રી ન્યાયથી કહેતા છે. સંયોગપૃથક્ત્વન્યાય પ્રમાણે એકજ આવિર્ભાવ ઉભય કાર્ય સંપાદન કરે છે. એકત્ર વિનિયુક્તનો અન્યત્ર વિયોગ થાય નહિ એ સામાન્ય નિયમ અહિં લાગુ પડતો નથી; કારણ કે પ્રભુ અત્ર એકજ પ્રાકટ્યથી ઉભય કાર્ય સંયોગપૃથક્ત્વન્યાયને અનુસરીને કરે છે. શ્રીમદ્ભગવતમાં લાક્ષીક દૃષ્ટાન્તથી આ સ્પષ્ટ કરે છે. યજ્ઞમાં પર્ણમયી જુહૂ ઉપયોગમાં આવે છે. આ પર્ણની જુહૂ યદ્યપિ અન્યનેજ વાસ્તે નિર્મિત છે, છતાં તે પર્ણમયીત્વના યુ-ક્તયોગથી યાજ્યોપ્રોક્ષનો અવશ્યભાવ સંપાદન કરે છે, પરંતુ દર સ્થાને પર્ણની ભિન્ન જુહૂ કરવી પડતી નથી તેમ અત્ર પણ ભૂમિ વગેરેના ક્લેશ દૂર કરવાને નિમિત્તે યદૃચ્છ પ્રાકટ્ય તે તે ભક્તયોગમાં તે તે ફલસાધક થાય છે તેથી પૃથક્ આવિર્ભાવની અપેક્ષા નથી. અહિં આ હેતુ ધ્યાનમાં લેવું. પુષ્ટિ અને મર્યાદાના ભેદથી દ્વિવિધ ભક્તોનું ફલસાધન સર્વ શ-ક્તિપૂર્ણક અવતીર્ણ પૂર્ણ એક જ સ્વરૂપથી થઇ શકે એમ છે, તો પણ તાં કેવલ મર્યાદા માર્ગનું સ્થાપન કરવાને આવિર્ભૂત થયેલું સ્વરૂપ પુષ્ટિમાર્ગીય ભક્તનું ઇષ્ટ પૂરણ કરતું નથી, તેમ કેવલ પુષ્ટિમાર્ગમાં પ્રાકટ્ય મર્યાદા ભક્તનું કરતું નથી. માટે જ દંડકારણ્યમાં નિવાસ કરતા ઋષિઓના મનોરથનું પૂરણ કોસલેન્દ્ર શ્રીરામચન્દ્રે ન કર્યું, શ્રીમદ્યોકુલચન્દ્રે તેજ પ્રકારે ગોપીઓના મનોરથ સરલ ન કર્યા, કારણ કે વેણુનો પુષ્ટિલીલામાં અધિકાર ન હતો. અગાડી આજ પ્રકારે મથુરાદિ સ્થલોમાં પ્રદ્યુમ્નાદિ રૂપથી લીલા કરીને તે ભક્તને તે સ્વરૂ-પાનુરૂપ ફલદાન કર્યું છે. આ પ્રકારે યદ્યપિ એક જ પ્રાકટ્યથી દ્વિવિધ પ્રકારનું ફલ ન્યાય-સિદ્ધ છે તથાપિ શ્રીમદાચાર્યજીને એ અભિપ્રેત નથી. ન્યાયનું ઉદાહરણ તો પ્રભુ સ્વતંત્ર હોવાથી કદાચિત્ અન્યથા પણ કરે તેનું વારણ કરવાને સમજવું. અર્થાત્ પૂર્ણ પ્રાકટ્ય સર્વ કાર્ય કરવાને સમર્થ છે, મર્યાદા પુષ્ટિકાર્ય કરવાને સમર્થ છે, છતાં પુષ્ટિપ્રાકટ્યથી પુષ્ટિલીલા કરે છે, ને મર્યાદાપ્રાકટ્યથી મર્યાદા લીલા કરે છે. મર્યાદાભક્તોના મનોરથ પૂર્ણ કરવાને રામસ્વરૂપે પ્રકટ થાય છે, પુષ્ટિભક્તોના મનોરથ પૂર્ણ કરવાને રસાત્મક કૃષ્ણ સ્વ-રૂપે પ્રકટ થાય છે. આ સામાન્ય નિયમ છે, પરન્તુ કૃષ્ણાવતારમાં પણ વિદ્વિત જ્ઞાનભક્તિ-વાળા જનોને વાસ્તે અન્ય સ્વતંત્ર પ્રાકટ્યની અપેક્ષા નથી, કારણ કે આજ સ્વરૂપથી પણ તે કાર્ય કરવાને પ્રભુ સર્વ સમર્થ છે. આ સર્વ સાધન કરવાને આચાર્યશ્રી સંયોગપૃથક્ત્વન્યાય જોડે છે.

૨૫. ઉપાસ્ય સ્વરૂપ જો સાર્વદિક ન હોય તો તેની ભાવના પણ બહુપ્રાધિરૂપ હોવાથી, જો ભાવના સર્વદા ન રહે તારે અન્તે દેવાન્તરના સ્મરણથી, તે પુરુષને તદ્ભોગ પ્રાપ્ત થાય; અર્થાત્ ભગવત્સંબંધ અમે તો પ્રકારનો હોય પરન્તુ તે નિરન્તર જ જોઇએ.

અન્તે જે મતિ તે ગતિ. એ રીતે અન્ય શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય, કર્માધીનતાને લીધે અન્તે ભગવાનનું સ્મરણ ન થાય, કારણ કે અન્યની આશા ભગવાન્ પ્રપંચના વિરોધી છે. માટે જે નિત્ય જોઈએ ધારણ કરે છે તેઓજ તન્મયતા જ પ્રાપ્ત કરે છે. કામાદિ કરવામાં દુઃખાન્તરથી અભિભવ થતા નિત્ય કરણ કેમ સંભવે ત્યાં કહે છે; ભગવાન્ સર્વ દુઃખના હર્તા[૨૧] છે, તેની ભાવના નિત્ય[૨૨] થતા જગાડ જ તદાત્મક રહે છે. દૃષ્ટિ જ કામથી અનુરક્ત તો પછી આત્મા કેમ? માટે સર્વત્ર ભગવાનના આવેશથી તેઓ તદાત્મક જ થાય છે. 'જીવમાં અન્તઃકરણમાં, પ્રાણોમાં, ઇન્દ્રિય અને દેહમાં, વિષયોમાં, ગુણમાં, અર્થમાં, પુત્રાદિમાં હરિ આવિષ્ટ છે એથી તેવી[૨૩] ભાવના કરવી, જેથી જેમ ગુણમાં પૂર્ણ પ્રપંચનો લય થાય છે. તેમ મમ કોધાદિથી પણ થાય. ૧૫.

વળી પ્રશ્ન જ ગોપીઓ મુક્ત[૨૪] થયાં એમાં શું આશ્ચર્ય, બધુ જ અમાડી મુક્ત થશે, તે કહે છે:—

न चैवं विस्मयः कार्यो भवता भगवत्यजे ।
योगेश्वरेश्वरे कृष्णे यत एतद्विमुच्यते ॥ १६ ॥

અન્વયાર્થઃ—જેનાથી આ મુક્ત થાય છે તે અજ, યોગેશ્વરના ઈશ્વર કૃષ્ણમાં આપે વિસ્મય આમ ન કરવો. ૧૬.

આમ અસંભાવનારૂપ વિસ્મય ન કરવો. અસંભાવિત બુદ્ધિવાલાઓને અન્યથા રહ્યું એ નિયમ છે. કારણ કે ભગવાનને જે કોઈ જ્ઞાનાદિ મોક્ષનાં ઉપયોગી જ છે

---

૨૧. ભાવનાવિષયના સ્વભાવથી દુઃખનું જાન થતું નથી.

૨૨. પ્રભુની નિત્ય ભાવનાથી જગાડ પણ તદાત્મક રહે છે, બીજા જ તન્મય થઈ જાય છે, કારણ કે ભગવાનનો આવેશ સર્વત્ર થયેલો છે. અતિવિશાલ ભગવદ્ભાવનામાં કોઈ ઇન્દ્રિય પ્રાણ અન્તઃકરણ અને જીવમાં સર્વત્ર ભગવાનનો આવેશ થતાં, જે સર્વમાં ભગવત્સ્મૃતિ થતાં, તત્સંબંધીઓમાં પણ ભગવદ્ભાન થાય છે. કામાદિ છ વડે જ્યાં ભગવત્પ્રાપ્તિ થાય ત્યાં ગોપસ્ત્રીઓની દૃષ્ટિ કામથી અનુરક્ત છે. એ હેતુથી જગાડ તે સઘળે તદાત્મક રહે છે, તો પછી સ્વ આત્મા તદાત્મક થાય તેમાં શું આશ્ચર્ય? જે આત્મા સ્વમાં ભગવાનમાં પ્રવિષ્ટ છે તે ભગવત્ત્વની સ્મૃતિથી તદાત્મક થાય છે. કંસનાં દૃષ્ટાન્તમાં આ સિદ્ધ છે. 'तिष्ठन् भुञ्जानः पर्यटन् महीम्' એવું જુઓ.

૨૮. તેવી, આવો બોધ થવાને કામ કોધાદિથી પણ નિત્ય ભાવના કરવાથી, જીવમાં અન્તઃકરણમાં, પ્રાણમાં, ઇન્દ્રિયદેહમાં, વિષયોમાં, ગુણમાં, અર્થમાં, પુત્રાદિમાં સર્વત્ર હરિ આવિષ્ટ હોવાથી સર્વમાં તદ્બુદ્ધિ થતાં અખિલ જગાડ તદાત્મક રહે છે, અને પરિણામ એ આવે છે કે જેમ અજ્ઞાન થવાથી પ્રપંચસ્ફુરણ થાય છે, તેમ કામકોધાદિથી પણ પ્રપંચ લય પામે છે.

૨૯. ગોપીઓ જેમ કૃષ્ણાવતારમાં સાક્ષાત્ ભગવત્સંબંધથી મુક્ત થયાં, તેમ મીમાંસાવતારમાં તદ્દ્વારા ભગવત્સંબંધ સિદ્ધ થવાથી જીવ મુક્ત થાય છે એ નિઃસંશય છે કારણ કે ઉભય પ્રાકટ્ય નિજજનોના પરમ કલ્યાણના અર્થેજ છે. ભગવત્સંબંધ જ પ્રધાનસાધન છે, અન્યસંબંધ નહિ એ તાત્પર્ય વિસ્મરવું ન જોઈએ.

તે સર્વ ભગવાનમાં છે. જો જ્ઞાન વિના મોક્ષ નહિ થાય એમ જાણતો તે જ્ઞાન સિદ્ધ હોવાથી તે જરૂર દાન કરશે. વળી, અન્ય કરિષ્ટ જરૂર કરે કારણ કે તેણે ભગવાનના માહાત્મ્યનું દર્શન કર્યું નથી, પરન્તુ આપે તો તે કરવો, કારણકે સર્વમાં જ ભગવન્માહાત્મ્યનું દર્શન કર્યું છે. વળી, નિર્ણયમાં સર્વ સંભવે છે. તેમાં દોષોનું મૂલ જન્મ છે, તેના જન્મના અભાવમાં દોષનો જરૂર અભાવ છે. આથી ભગવાન્ અજન્મા હોવાથી નિર્દોષ છે. અન્ય સર્વ જન્મે છે, તેમનાથી તેમની મુક્તિ સંભવતી નથી, કારણ કે ઉભય દોષમાં તુલ્ય છે. વળી જે સાધનવાર છે તે મુક્ત થાય છે; ત્યાં સાધન અન છે, તે સર્વ પ્રમારે નિયત, હોય ત્યારે, આવું મન ચોક્કસ થાય છે. તે ચોક્કસ નિયામક ભગવાન્ જ છે. અદ્વૈતિ અન્યનો પણ મોક્ષ થાય તે ભગવદિચ્છાથી જ થાય; કારણ કે યોગાદિ સાધનો ભગવદિચ્છાને અધીન છે. વળી, સદાનન્દ ભગવાન્ દયાત્મા છે. જે કોઈ મુક્ત થાય છે તે એને જ પ્રાપ્ત કરશે. આમ હોવાથી સાધનોથી પણ આ જ પ્રાપ્ય છે. તે જ ભગવાન્ આ સ્વયં સંબન્ધાય છે, આને કંઈપણ અનુપપન્ન નથી. વળી, આ પરિસ્મરણ સર્વ જગત્ જનથી વિશેષ મુક્તિ પ્રાપ્ત કરશે. મીમાંસક ભાવનાથી મોક્ષમાં સ્થિત થયાને કહે છે, અથવા જ્ઞાનદ્વિષી. સાક્ષાત્ અથવા પરંપરાથી સર્વને જ મોક્ષનું દાન કરશે એમ જણાવી, ભાગવત સ્કન્ધના પ્રથમ અધ્યાયના ૬, ૭ 'ત્વત્સ્મૂર્યા' એમ બે શ્લોકથી.

આ પ્રાંચ-ગ્રહો સ્પષ્ટ કરવામાં તેમના બીજાક્ષ તથા મંત્રાક્ષ જોવાની આવશ્યકતા છે. બીજાક્ષ અને મંત્રાક્ષ જોવા માટે બીજાંક અને મંત્રાંકની જરૂર હોવાથી પ્રથમ બીજાંક આપેલા છે.

आचार्यश्रीनी जन्मकुंण्डली.

भौमार्कीज्यासितीनमध्यमरविः स्यात्स्वार्द्धकेंद्रं तु वत् । चिन्द्वम्भोरक्तकम् ॥६॥

મધ્યમ રવિમાંથી મધ્યમ મંગળ—શનિ અને ગુરૂને બાદ કરવાથી તેમના બીજાક્ષો અનુક્રમે મંગળ, શનિ અને ગુરૂના પ્રથમ બીજાંક આવે છે. શુક્ર અને ચંદ્રના પ્રથમ બીજાંક પહેલાં (મધ્યમક શોધતી વખતે જ) લખેલાં છે. આ પ્રમાણે પાંચે ગ્રહના પ્રથમ બીજાંક મળી આવશે. આપેલ પ્રથમ બીજ જ મંગળનો ધ્વજાંશ જાણવો. પછી બીજા ગ્રહો બીજ સાથે જાણવું.

•—•—૧—૩૧ મધ્યમ રવિ (૫. ૫૪) તેમાંથી

૧–૧૩–૩૬—૪૬ મધ્યમ મંગળ (૫. ૫૪) બાદ કરતાં

૫–૧૧–૨૧—૪૫ મંગળનું પ્રથમ બીજાંક.

૭॰ स्वमूर्त्या लोकलावण्यनिर्मुक्त्यालोपनं नृणाम् ।
गीर्भिः वाः स्मरतां चित्तं पदैः तानीक्षतां क्रियाः ॥ ११–१–६. भा.
माच्छिद्य कीर्तिं सुश्लोकां वितत्य अञ्जसा नु कौ ।
तमोऽनया तरिष्यन्तीत्यगात् स्वं पदमीश्वरम् ॥ ११–१–७. भा.

श्रीकृष्णार्पणमस्तु ॥

આ પાંચ ભેદો સ્પષ્ટ કરવાની રીત નીચે પ્રમાણે—

माध्याह्ने चलफलस्य दलं विदध्यात् ।
तस्माच्च मान्दमसिले विदधीत मध्ये ॥
प्राक्केन्द्रकेऽपि च विलोमगतश्च शीघ्रं ।
सर्वं च तत्र विदधीत भवेत्स्फुटोऽसौ ॥ १० ॥

પ્રથમ શીઘ્રકેંદ્ર પરથી શીઘ્રફલ શોધી લેવું અર્ધ કરવું અને આ અર્ધનો મધ્યમ. ગ્રહમાં સંસ્કાર કરવો. (બારસે કેંદ્ર મેષથી આરંભી છ રાશિમાં હોય તો ધન કરવું, અને તુલાથી આરંભી છ રાશિમાં હોય તો ઋણ કરવું). એ પ્રમાણે સંસ્કાર કરવાથી જે આવે તે ઉપરથી મંદકેંદ્ર કાઢી તે ઉપરથી મંદફલ શોધવું, અને જે મંદફલ આવે તેનો મધ્યમ. ગ્રહમાં સંસ્કાર કરવો. (એમ કરવાથી મંદ સ્પષ્ટગ્રહ થાય છે.) પ્રથમ શીઘ્રકેંદ્રમાં આ મંદફલ વિલોમ કરવો, એટલે ધન હોય તો બાદ કરવું અને ઋણ હોય તો ઉમેરવું. (એમ કરવાથી દ્વિતીયશીઘ્રકેંદ્ર થાય છે,) આ દ્વિતીયશીઘ્રકેંદ્ર પરથી ફરી શીઘ્રફલ શોધવું, અને આ આપ્યા શીઘ્રફલનો મંદસ્પષ્ટ ગ્રહમાં સંસ્કાર કરવો. આમ કરવાથી સ્પષ્ટ ગ્રહ થાય છે. ॥ ૧૦ ॥

મંગળનું પ્રથમ શીઘ્રકેંદ્ર ૫–૧૬–૨૧–૪૫ આવે છે. આ શીઘ્રકેંદ્ર ઉપરથી શીઘ્રફલ શોધવું જોઇએ. શીઘ્રફલ શોધવાની રીત નીચે પ્રમાણે:—

इदं रसोर्ध्वगिनमाच्छुद्धं तदंशा दिनैः । मक्ताः स्वादिफलं क्रमादिहगतां-
कोऽसौ क्षयद्भुर्या हतात्त्रेषाप्राणकुलघ्नहीनयुगयं विग्रहलब्धवाप्तं फलम् ॥ ६ ॥

શીઘ્રકેંદ્ર જો ૬ રાશિથી અધિક હોય તો તેને બારમાંથી બાદ કરવું. પછી તેના અંશ કરવા, અને અંશને પંદરથી ભાગવા. ભાગાકારમાં જે પૂર્ણાંક આવે તે અંક શીઘ્રફલના કોઠામાં જોવો. તે અંક નીચે તે ગ્રહનો જે શીઘ્રાંક હોય તે જોવો. તેની પછીનો જે શીઘ્રાંક હોય તેનું અને આ શીઘ્રાંકનું અંતર કરવું, અને આ અંતરથી ભાગાકાર કરતાં જે શેષ રહેલ હોય તેને ગુણવા. આ ગુણકારને પંદરથી ભાગતાં જે ફલ આવે તે પછીના શીઘ્રાંક પહેલાના શીઘ્રાંક કરતાં વધારે હોય તો પહેલાના શીઘ્રાંક કરતાં વધારે હોય તો પહેલાના શીઘ્રાંકમાં ઉમેરવું, અને ઓછો હોય તો પહેલાના શીઘ્રાંકમાંથી બાદ કરવું આમ કરવાથી જે ફલ આવે તેને ફલથી ભાગવાથી અંશાદિ શીઘ્રફલ પ્રાપ્ત થાય છે. ॥ ૬ ॥

મંગળનું પ્રથમ શીઘ્રકેંદ્ર ૫–૧૬–૨૧–૪૫ આ ૬ રાશિથી આછું છે. તેના અંશ કરતાં ૧૬–૨૧–૪૫ આવે છે. આને પંદરથી ભાગતાં ૧ પૂર્ણાંક આવે છે, અને ૧–૨૧–૪૫ શેષ રહે છે. શીઘ્રાંકના કોઠામાં ૧ ના અંક નીચે મંગળનો શીઘ્રાંક ૨૪૯ છે. તેની પછીનો શીઘ્રાંક ૦ છે. બે શીઘ્રાંકનો અંતર ૨૪૯ છે. શેષ ૧–૨૧–૪૫ ને આ અંતર ૨૪૯ થી ગુણતાં, ૩૩૯–૧૬–૪૫ આવે છે. આ ગુણાકારને પંદરથી ભાગતાં ૨૨–૩૭–૩ આવે છે. પછીનો શીઘ્રાંક ૦ પ્રથમના શીઘ્રાંક ૨૪૯ થી ઓછો હોવાથી આ ફલ ૨૨–૩૭–૩ પ્રથમના શીઘ્રાંક ૨૪૯ માંથી બાદ કરતાં ૨૨૧–૨૨–૫૭ આવે છે. આને દ્વયથી ભાગતાં અંશાદિ ૨૨–૩૮–૧૮ શીઘ્રફલ આવ્યું.

આ શીઘ્રફલનું અર્ધ ૧૧–૧૯–૫ થયું.

મધ્યમ મંગળ ૬–૧૩–૩૬–૨૬ (પૃ. ૫૪) માં આનો સંસ્કાર કરવો. પ્રથમ શીઘ્ર. કેંદ્ર ૫–૧૬–૨૧–૪૫ કન્યા રાશિનું એટલે મેષથી આરંભી ૫ રાશિનું અંશાદિ હોવાથી

આ મધ્યમ મંજરામાં ઉમેરવું.

૧–૧૭–૩૬–૪૬ મધ્યમ મંજરા.
૧૧–૧૯—૬ પ્રથમ શીર્ષકાર્ધ.

૧–૨૪–૫૮–૫૫ પ્રથમ શીર્ષકાર્ધ સંસ્કૃત. આના પરથી મંડલ શોધવાનું છે. મંડલ શોધવા પ્રથમ મંડકેંદ્ર શોધો

शुद्धोऽब्ध्यद्रिपदाग्नि नागगृहतः स्यान्मंदकेंद्रं कुजात् ॥

મંગળથી આરંભી બંને બાજુના મધ્યમ અનુક્રમે ચાર, સાત, છ, ત્રણ, અને આઠ રાશિ છે. તેમાંથી પ્રથમ શીઘ્રકાર્ધ સંસ્કૃત આઠ પરથી મંદકેંદ્ર આવ છે.

૪—૦—૦—૦ ભંગાવવું મધ્યમ
૫–૨૪–૫૮–૪૫ પ્રથમ શીઘ્રકાર્ધ સંસ્કૃત મંગલ

૫—૫—૧—૫ મંદકેંદ્ર આના પરથી મંદફલ શોધીને મંદફલ શોધવાની રીત–

मृदुकेंद्रभुजांशका दिनाप्ताः फलमंकभ्मगतस्तदूनितैव्याः ।
परिशेषहतो दिनाप्तियुक्तो दलभक्तः फलमंशकादि मांदम् ॥

મંદકેંદ્રની શુદ્ધના અંકને પંદરથી બાદબા–બાદબાકર કરતાં જે પૂર્ણાંક આવે તે અંક નીચેના મંદફલના કોઠામાંથી તે મૂલના મંદાંક લેવા આ મંદાંકને તેની પછીના મંદ-ફલાંકથી બાદ કરતાં જે આવે તેને બાદબાકર કરતાં જે શેષ રહેલ હોય તેનાથી શુદ્ધના આ શુદ્ધપ્રકારને પંદરથી ભાગી જે ફલ આવે તે પ્રથમના મંદફલમાં ઉમેરવું. આ પ્રમાણે કરવાથી છે જે આવે તેને દલથી ભાજવાથી મંદાદિ મંદફલ પ્રાપ્ત થાય છે. ॥ ૬ ॥

૬—૫—૧—૫ મંગલનું મંદકેંદ્ર
૨–૨૪–૫૮–૫૫ મંદકેંદ્રની શુદ્ધ (પૃ. ૫૦)
૮૪–૫૮–૫૫ શુદ્ધના અંક. અને પંદરથી બાદતાં પૂર્ણાંક ૫ અને શેષ ૬–૫૮–૫૫
પૂર્ણાંક ૫ નીચેનો મંગળનો મંદાંક કોઠામાં ૧૨૪ છે. પછીનો મંદાંક ૧૩૦ તેમાંથી આ મંદાંક ૧૨૪ બાદ કરતાં ૬ આવ્યા તેને શેષ ૬–૫૮–૫૫ થી ગુણતાં ૪૬–૫૩–૩૦ આવ્યા. તેને પંદરથી ભાગતાં ૩–૫૬–૩૪ આવે છે. તેને પ્રથમના શીઘ્રાંક ૧૨૪ માં ઉમેરતાં ૧૨૭–૫૬–૩૪ આવ્યા. આને દલથી ભાગતાં ૧૨–૪૩–૫૭ મંદાદિ મંદફલ થયું. મંદકેંદ્ર ૬–૫–૧–૫ માર રાશિનું હોવાથી આ મંદફલ ઋણ છે. તેથી મધ્યમ મંગલ ૬–૧૭–૩૬–૪૬ (પૃ. ૧૪) માંથી બાદ કરતાં ૬–૬–૪૧–૪૬ મંદ સ્પષ્ટ મંગલ થયો.

૫–૧૬–૨૧–૪૫ મંગળનું પ્રથમ શીઘ્રકેંદ્ર
૧૨–૪૩–૫૭ મંદફલ ઋણ હોવાથી વિલોમ કરી ઉમેરતાં

૫–૨૬—૬–૪૨ દ્વિતીય શીઘ્રકેંદ્ર થયું. આ પરથી ફરી શીઘ્રફલ પ્રથમની પેઠે મેળવવું. આ કેંદ્ર ઋણ ૭ રાશિથી ન્યૂન છે.

૧૭૬—૬—૪૨ અંક થયા તેને પંદરથી બાદતાં ૧૧ પૂર્ણાંક આવ્યા. અને ૧૪–૬–૪૨ શેષ રહ્યા. ૧૧ અંક નીચેના શીઘ્રાંકના કોઠામાંથી મંગળનો શીઘ્રાંક ૨૪૫ લીધો. તેની પછીનો શીઘ્રાંક ૦ છે. તેનું અંતર ૨૪૫ તેને શેષ

૧૪–૬–૪૨ થી ગુણતાં ૩૪૨૬–૧૫–૧૮ આવે છે. તેને પંદરથી ભાગતાં ૨૩૫–૫–૧ આવ્યા પછીનો શીઘ્રાંક • પ્રથમના શીઘ્રાંક ૨૪૬ થી ન્યૂન હોવાથી ૨૪૬ માંથી ૨૩૫–૫–૧ બાદ કર્યા, તો ૧૩–૫૪–૧૬ આવ્યા. તેને ૬૦થી ગુણતાં ૧–૨૩–૩૦ અંશાદિ શીઘ્રાફલ આવ્યું. દ્વિતીય શીઘ્ર કેંદ્ર ૧–૨૬–૬–૪૨ કન્યારાશિનું હોવાથી એથી આરંભી છ રાશિની અલ્પતા હોવાથી આ શીઘ્રફલ ધન થયું. તેથી મંદસ્પષ્ટ મંગળમાં આ શીઘ્રફલ ઉમેરવાથી સ્પષ્ટ મંગળ આવ્યો.

૧–૦–૫૧–૪૬ મંદસ્પષ્ટ મંગળ

૧–૨૩–૩૦ દ્વિતીય શીઘ્રફલ

૧—૨–૧૫–૧૬ સ્પષ્ટ મંગળ

આ પ્રમાણે મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ એ પાંચે ગ્રહ સ્પષ્ટ થાય છે; પરંતુ શુક્ર અને મંગળ સ્પષ્ટ કરતાં દ્વિતીય શીઘ્રકેંદ્રના અંશને પંદરથી ભાગતાં ૧૨ પૂરો આવી જતા હોય અને છેલ્લો શીઘ્રાંક લેવાની જરૂર પડતી હોય એટલે દ્વિતીય શીઘ્રકેંદ્રના અંશ ૧૬૫ કરતાં અધિક હોય ત્યારે આવી રીતે કરેલો સ્પષ્ટ ગ્રહ બરાબર મળતો નથી અને તેમાં વિશેષ સંસ્કાર કરવાની જરૂર રહે છે. અહિં મંગળ સ્પષ્ટ કરતાં દ્વિતીય શીઘ્રકેંદ્રના ૧૬૫ અંશથી વધારે ૧૭૮ અંશ આવે છે. તેથી આપણે સ્પષ્ટ મંગળ કર્યો તેમાં આ વિશેષ સંસ્કાર કરવાની જરૂર છે.

शुक्रार्योश्चलभवोऽन्त्यगतो यदाङ्कः ।
स्वेपांशकाश्च पतिताः पृथगत्र मूल्यः ॥
येऽल्पा मृगोक्षि विहृता असृजोऽस्मयुक्ताः ।
देयाः स्वशीघ्रफलयत्स्फुटयोः स्फुटौ तौ ॥१३॥

આવી રીતે જ્યારે શુક્ર અને મંગળ સ્પષ્ટ કરતાં દ્વિતીય શીઘ્રકેંદ્રના અંશ વધારે હોય અને છેલ્લા શીઘ્રાંકની જરૂર પડે ત્યારે જે અંશ શેષ રહેલ હોય તેને ૧૫ માંથી બાદ કરવા, અને પ્રથમના શેષ અંશ, અથવા બાદ બાકીના અંશ એમાંથી જે ન્યૂન હોય તે લેવા શુક્ર સ્પષ્ટ કરતાં હોયતો તો તેને ૩ થી ભાગવા અને મંગળ સ્પષ્ટ કરતાં હોયતો તો તેને પાંચથી ભાગવા, અને ભાગાકાર આવે તેનો શીઘ્રફલ પેઠે સ્પષ્ટ કરેલા ગ્રહમાં સંસ્કાર કરવાથી ગ્રહ બરાબર સ્પષ્ટ થાય છે. ॥ ૧૩ ॥

અહિં દ્વિતીયશીઘ્રાંકના અંશ ૧૭૮–૬–૪૨ છે ને ૧૫ થી ભાગતાં શેષ ૧૪–૬–૪૨ રહે છે. તેને ૧૫ માંથી બાદ કરતાં ૦–૫૩–૧૮ રહે છે. એમાં ૦–૫૦–૧૮ ન્યૂન હોવાથી તે લીધા, અને મંગળ સ્પષ્ટ કરતાં હોવાથી તેને પાંચથી ભાગ્યા. એમ કરતાં ૦–૧૦–૪ આવે છે. શીઘ્રફલ ધન હોવાથી સ્પષ્ટ મંગળ ૬–૧–૪૭–૩૯ માં આ ફલ ઉમેરતાં ૬–૨–૨૫–૨૩ બરાબર સ્પષ્ટ મંગળ આવે છે.

આ પ્રમાણે મંગળ બુધ, ગુરુ, શુક્ર અને શનિ એ પાંચે ગ્રહો સ્પષ્ટ થાય છે. આ પાંચે ગ્રહો સાથે સાથે સ્પષ્ટ કરીએ. મધ્યભાનુ અને મધ્યમ શુક્ર મધ્યભરવિ જેટલાજ છે. આ-ત્રણેની મધ્યભગતિ ૫૯–૮ સમાન હોવાથી મધ્યમગ્રહ પણ સમાન છે. મધ્યમગ્રહ સાધતાં (પૃ. ૫૪) બુધકેંદ્ર અને શુક્રકેંદ્ર શોધેલા છે. તે બુધ અને શુક્રના પ્રથમ શીઘ્રકેંદ્ર છે. પત્રામરમાં આ પાંચે ગ્રહ બીજા સાથે સ્પષ્ટ કરીએ.

ચિકિત્સા નોંધ.
ઋષભ મહેલ (પૃ. ૫૪)

ચંદ્રપ્રભા રૂપિયા.
મોટી ગંજાવ, મુદ્રા શ્રદ્ધા ખાસ કરતાં ખાસ કરીને; ઘણાખરા ઉપયોગ કરે છે.
ચંદ્રકિરણ,
ચંદ્રપ્રકાશ
દિવસ - રાત્રિનું ગંતવ્ય ઉપર ઉપાડવું કોઈ ને ઉપાડવું ખાસ કરીને ઉપાડવું ખાસ કરીને ઉપાડવું ખાસ કરી

આ પ્રમાણે ષષ્ટસમયના મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ સ્પષ્ટ કરી, હવે તેમની તે સમયે સ્પષ્ટ અતિ કેટલી હતી તે જોઇએ.

અંક સ્પષ્ટ અતિ શોધવાની રીતઃ—

मान्दांफांतरमार्क्ष सूम्गुरूणां मक्तं षाणनगे शरैः स्वरामैः ।
विद्भृग्वोर्द्विहतेषु भाजितं तदधात्माग्वदितो मृदुस्फुटा सा ॥ ११ ॥

આ બ્લોક સ્પષ્ટ કરતી વખતે મંદાક્ષ કારેષુ છે. તે મંદાક્ષ કહ્યાથી મંદકેંદ્રની શુદ્ધના અંકોને ૧૫ થી બાદતાં બાકી રહે તે અંક નીચેના અને તેની પછીના બે એ મંદાંકનો ઉપયોગ કર્યો હતો. બે એ મંદાંકનું અંતર કેવું કેવું. શનિ મંગળ અને ગુરૂના મંદાંકોના અંતરને અનુક્રમે ૬૫, ૫ અને ૬૦ થી બાદવાથી અને બુધ તથા શુક્રના મંદાંકોના અંતરને ૬ થી ગુણવાથી જે લબ્ધિ જે ૧૬ આવે તેનો બે ગ્રહોની મધ્યમ અતિમાં સંસ્કાર કર્યો. એટલે મંદકેંદ્ર કર્કથી આરંભી છ રાશિમાં હોય તો એ ૧૬ મધ્યમ અતિમાં ઉમેરવું, અને મકરથી આરંભી છ રાશિમાં હોય તો તેમાંથી બાદ કરવું. આમ કરવાથી મંદસ્પષ્ટ અતિ થાય છે.

ગ્રહો.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શનિ.
મંદકેંદ્રની શુદ્ધના અંક	૮૪	૨૫	૧૬	૬૭	૭૦
મંદાંકનું અંતર ૫.૨૧૧	૧	૯	૧૪	૧	૧૨
લબ્ધિ.	૧–૧૨	× ૪–૩૬	× ૦–૨૬	૦–૨૪	× ૦–૧૦
મધ્યમઅતિ પ. ૪૩	૩૧–૨૬	૫૯—૮	૫—૦	૫૮—૮	૨—૦
મંદસ્પષ્ટઅતિ.	૩૦—૧૪	૫૨–૫૪	૫–૨૬	૫૮–૪૪	૨–૧૦

આ પ્રમાણે મંદસ્પષ્ટઅતિ શોધી હવે અતિનું શીઘ્રફલ શોધીએ. (અતિનું) શીઘ્રફલ શોધવાની રીતઃ—

भौमार्यलांकविचरं शरहृत्स्वबाणांशाढ्यं त्रिहृल्लतहृतं द्विगुणाक्षभक्तम् ।
तद्धटीन युक्षपचये तु मृदुस्फुटा स्यात् स्पष्टाऽथ चेद्ग्रहु ऋणात्पतिसा तु वक्रा ॥ २

ઉપર જેમ મંદાંકનું અંતર લીધું તેમજ અહિં દ્વિતીય-શીઘ્રફલ શોધતી વખતે ૬૦

ચોથમાં આવેલા શીઘ્રાદિનું અંતર લેવું. મંગળ વિનેરેના આ અંતરને અનુક્રમે ૬, ૬, ૬, ૬ અને ૬ થી ગુણવું ને ક્રમાદિ ફલ આવે તેનો મંદસ્પષ્ટ ગતિમાં ચોથમાં કર્યો બુધનો શીઘ્રાંક પછીના શીઘ્રાંક કરતાં આછો હોય તો તે ફલ મંદસ્પષ્ટગતિમાં ઉમેરવું અને બુધનો શીઘ્રાંક પછીના શીઘ્રાંકથી વધારે હોય તો તેને મંદસ્પષ્ટગતિમાંથી બાદ કરવું. ફલ ઋણ હોય અને અતિ અથવા મંદસ્પષ્ટગતિ તેનાથી ન્યૂન હોય તો તે ઋણ ફલબંધી બાદ કરવાથી વક્રગતિ આવશે. મંગળ, ગુરુ અને શુક્રનો છેલ્લો શીઘ્રાંક આવતો હોય બુધે દ્વિતીય શીઘ્રફલ શોધતાં તેના અંક ૧૬૫ અથવા વધારે હોય તો તેને માટે આ નિયમ લાગુ પડતો નથી, આ ગ્રહોને નિયમ છે.

ગ્રહ.	મંગળ.	ગુરુ.	શુક્ર.	શનિ.	
દ્વિતીય શીઘ્રફલ શોધવું (બાર હોય તો ૧૨ રાશિમાંથી બાદ કરવી) આવેલ અંક	૧૩૯	૧૬૪	૧૮	૧૩૬	૧૪૨
શીઘ્રાંકનું અંતર. (પૃ. ૨૧૧)		૬૬	૨૨	૧૮	૧૨
અતિનું શીઘ્રફલ.		—૭૪—૧૨	×૭—૨૦	—૪—૩૦	—૪—૪૮
મંદસ્પષ્ટગતિ.		૧૨—૪૪	૪—૨૧	૧૮—૪૪	૨—૧૦
સ્પષ્ટગતિ.		—૧૬—૨૮	૧૨—૪૬	૧૪—૧૪	—૨—૩૮

ગુરુ અને શનિની અતિ પણ થઈ.

મંગળનો અંક ૧૬૫ થી વધારે (૧૩૯) આવવાથી તેને આ નિયમ લાગુ પડતો નહિ. તેથી તેને માટે નિયમ.

ક્રુજસુખસૂર્યજાનાં ચેષ્ટાંકોઽન્તિમઃસ્યાત્ ।
દત્તદ્વયપરિક્ષેપાંશા નગાદ્રયબ્ધિભક્તાઃ ॥
ફલમિપ્સુદહનૈર્યુક્ સપ્તગોમિશ્રિષાભૈઃ
ભવતિ ગતિફલે સત્સ્યાચ્ચદા નૈવ પૂર્વમ્ ॥ ૧૪ ॥

મંગળ, ગુરુ અને શુક્રનો દ્વિતીય શીઘ્રાંક શોધવો જોઈએ જો તેમાં શીઘ્રાંક આવતો હોય તો અંકને ૧૫ થી બાદતાં જે અંકાદિ શેષ રહે તેને ૧૦ થી ગુણી અનુક્રમે ૩, ૩

ને ૭ થી ભાગવા, એટલે ભંજણ અથવા ખુબનું શીઘ્રગતિફલ જોઇતા હોઇએ તો ૬ થી ભાગવા અને શુક્રનું જોઇતા હોઇએ તો ૭ થી ભાગવા અને શકાદિ જે ફલ આવે તેમાં ગુરુએ ૩૫, ૫૭ અને ૫૭ કલા ઉમેરવી. આમ કરવાથી શીઘ્રગતિ ફલ આવશે. પ્રથમની ત લાગુ પડતી નથી.

આપણે ભંજણનાજ અંશ ૧૬૫ થી વધારે છે અને તેનુંજ શીઘ્રગતિફલ આ નિયમ આણે જોઇવાનું છે.

૧૭૮—૯—૪૨	દ્વિતીયકેંદ્ર.
૧૪—૯—૪૨	પંદરથી બાદતાં જેવ રહેતા અંકાદિ
૧૪૧-૩૭—૦	દશથી ગુણતાં
૨૦-૧૭-૫૧	સાતથી બાદતાં કલાદિફળ પ્રતિ વિકળા ૩૦ થી વધારે (૫૧) હોવાથી વિકલામાં ૧ ઉમેરતાં
૨૦-૧૪	તેમાં ૩૫ ઉમેરતાં
૩૫	
૫૫-૧૪	અતિફલ ઋણ.
૩૦-૧૪	મંદસ્પષ્ટગતિ
૨૫—૦	સ્પષ્ટગતિ.

ભંજણની અતિ ઋણ વક્ર થઇ.

હવે આપણે સૂર્યાદિ સાતે ગ્રહોની ઇષ્ટ સમયની અત્યારમાં સ્પષ્ટ સ્થિતિ તથા અતિ જાણીએ. રાહુ મધ્યમ આપણે પ્રથમ જોયેલ છે તેજ સ્પષ્ટ છે. તેની અતિ ઋણ સદા ૩ કલા ૧૧ વિકલા જેટલી હોય છે. કેતુ સદા રાહુથી બરાબર ૬ રાશિને અંતરે હોય છે અને તેની અતિ ઋણ રાહુ જેટલી જ હોય છે. તેથી સર્વ ગ્રહો સ્પષ્ટ થયા. તે નીચે પ્રમાણે:—

ગ્રહ.	સૂર્ય.	ચંદ્ર.	ભૌમ.	બુધ.	ગુરૂ	શુક્ર	શનિ.	રાહુ.	કેતુ.
ઇષ્ટ સમયે	૦	૧૦	૬	૯	૦	૧	૪	૪	૧૦
ભ ચક્રમાં.	૨	૬	૨	૭	૧૬	૧૭	૧૭	૯	૯
	૬	૫૪	૨૫	૧૬	૪૫	૨૦	૧૨	૬	૬
સ્થિતિ.	૫૧ (પૃ.૨૦૬)	૫૦ (પૃ.૨૧૦)	૨૭	૫૭	૨૩	૬	૪૨	૧૬ (પૃ. ૫૪)	૧૬
અતિ.	૫૮	૭૪૮	૨૫	૧૬	૧૨	૫૪	૨	૩	૩
	૩૬	૫૮	૦	૨૮	૪૬	૧૪	૩૮	૧૧	૧૧
	(પૃ.૨૧૦)	(પૃ.૨૧૦)	વક્ર	વક્ર			વક્ર		

તેથી સંવત ૧૫૧૫ ચાકિ ૧૪૦૦ ના ગુજરાતી ચૈત્ર વદ ૧૧ ના રોજ રાત્રિની ઘટી ૬ પલ ૪૪ સમયે એટલે સૂર્યોદયથી ઘટતી ૩૭ ઘડી ૩૮ પલ સમયે (જુઓ પૃ. ૫૩) ઉપર પ્રમાણે ગ્રહો હતા. સૂર્ય, બુધ અને શુક્ર મેષ રાશિમાં હતા, ચંદ્ર વૃષભ રાશિમાં હતો, શનિ અને રાહુ સિંહ રાશિમાં હતા, મંગળ તુલા રાશિમાં હતો અને ચંદ્ર તથા કેતુ કુંભ રાશિમાં હતા (જુઓ પૃ. ૪૨, ૪૩). આ સમયની કુંડલિ અહસ્તોત્ર પ્રશ્નસાગરમાં

નીચે પ્રમાણે આપેલી છે.



આ કુંડલિમાં મંગલ ચોથી જોડલે કર્ક રાશિમાં મૂકયો છે, આપણે ઉપર જોયું તેમ તે સમયે મંગળ સાતમી જોડલે તુલા રાશિમાં હતો. કુંડલિમાં શુક્ર બારમી જોડલે મીન રાશિમાં મૂકેલ છે, પણ તે સમયે શુક્ર મેષ રાશિમાં હતો, કુંડલિમાં બુધ કર્ક રાશિમાં મૂકેલા છે, પણ ગુરૂ તે સમયે મેષ રાશિમાં હતો. કુંડલિમાં શુક્ર કુંભ રાશિમાં મૂકેલ છે, પરંતુ શુક્ર તે સમયે વક્રમ રાશિમાં હતો. કુંડલિમાં શનિ વક્રમ રાશિમાં મૂકેલ છે, પણ શનિ તે સમયે સિંહ રાશિમાં હતો. શનિની રોજની સામાન્ય ગતિ બે કલાની છે તેથી તેને બાર અંશ કરતાં બે માસ લાગે છે ને એક રાશિ કરતાં ૩૦ માસ અથવા રા વર્ષ લાગે છે, તેને પણ તેની બરી સ્થિતિથી ૭ રાશિ દૂર જોડલે તેને કરતાં સા વર્ષ બાર જોડલે અંતરે દૂર મૂકવામાં આવેલ છે. માત્ર સૂર્ય મંગળ અને રાહુ ગ્રહોજ મહને આ કુંડલિમાં તેમાની બરી સ્થિતિમાં મૂકેલા કહી શકાય, અને મંગલ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ એ પાંચ મહોને તેમાની બરી સ્થિતિથી ઘણે દૂર મૂકેલા છે. તેથી આ કુંડલિ વિશ્વાસપાત્ર નથી. વક્રમ ગણવામાં જ્યોતિષીઓમાં વિપ્રતિપત્તિ છે. એની બાબતમાં તેના ઉપર વિશ્વાસ રાખવો કે નહિ એ આગ્રહપૂર્વક કહી શકાય નહિ, પરંતુ મહોની સ્થિતિના મંતવ્યમાં અથવા ગણિતના મંતવ્યમાં તે સંપૂર્ણ રીતે વિશ્વાસપાત્ર છે. તેથી શ્રીભદ્રબાહુસ્વામીનું પ્રાકૃત સવત્ ૧૫૭૨ માં ગુજરાતી ચૈત્ર વદ ૧૨ ના રોજ રાત્રિની ૬ ઘડી ૪૪ પલે થયું હોય એમ માનીએ તો આ ઉપસ્તોત્ર સરિત્સાગરમાં આપેલી કુંડલિ ખોટી છે એમ સ્વીકાર્યા વિના અન્ય ગતિ જ નથી, અને જો આ કુંડલિ સાચી છે એમ માનીએ તો શ્રીભદ્રબાહુસ્વામીનું પ્રાકૃત તે સમયે થયું નથી એમ સ્વીકાર્યા વિના અન્ય ગતિ જ નથી. જ્યોતિષીઓ અથવા ગ્રહગણિતજ્ઞોનો જ્યવન્ત માર્તંડના પ્રચંડ કરીયિ સમાન જે પ્રકાશ ઝળકી રહ્યો છે તે વચ્ચે દૃષ્ટિક્ષેપ પણ નહિ કરતાં પ્રાકૃત સમય અને કુંડલિ ઉભય સત્ય માનવા એ કેવલ અપ્રમાણ જ કહેવાય.

(અપૂર્ણ.)

સેવા વેળાએ સેવોપયોગી પદાર્થોનો સાક્ષાત્ અનુભવ નથી થતો. માનસી સેવા સિદ્ધ થતાં દૃષ્ટિ જ બદલાઇ જાય છે, પ્રભુને પધરાવવાના સિંહાસનમાં કે ઓઢીમાં જોતિયે પદાર્થો દૃષ્ટિગોચર થતા નથી, પરંતુ તે સ્થલે સાક્ષાત્ શ્રીયશોદાજીના ઉત્સંગનો દર્શન થાય છે. એવી રીતે સર્વત્ર સમજી લેવું. આવા અલૌકિક અનુભવથી અધિક રસ શું હોઇ શકે? ૪.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર ભગવદીયોની સાથે સદા સર્વદા નિવેદનનું અનુસંધાન કરવું. એ આજ્ઞા આપે નવરત્ન ગ્રંથમાં કરી છે. જેવા કોઇ વિરલ ભગવદીયોનો સુમાર્ગે કરીને સમાગમ થઇ જાય તો તેમની સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું. પોતાનું કરેવાનું સર્વસ્વ તુલસીદલ લઇને, શ્રીમદગ્નિસ્વરૂપના જ કૃપાજલથી પ્રભુને અર્પણ કરેલું છે, અને તેનો વિનિયોગ પ્રભુમાં જ થવો જોઇએ, તેમ જ સ્વામી સેવકનો બંધાયલો નાતો સંબંધ જેમ તેમ કરવું જોઇએ વગેરે અનુસંધાન નિવેદિતામા ભગવદીયોના સમાગમથી જ રહે છે, માટે તેવાઓ સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું તેમ કરવાથી તે જ ક્ષણે, તે જ પળે સાક્ષાત્ શ્રીકૃષ્ણ હૃદયમાં મિલાને છે. ૫.

વળી અહિર્મુખતા ટાળવા માટે જેવા જ ભગવત્સેવાપરાયણ ભગવદીયોના જ મુખારવિંદથી શ્રીમદ્ભાગવતનો ભાવાર્થ શ્રવણ કરવો. રાસલીલાવિલિષ્ટ પ્રભુની નિત્ય નૂતન લીલા રસનો અનુભવ તેવા ભગવદીયોના હૃદયમાં પ્રકટ થયેલી વાણીથી જ થાય છે. ભગવલ્લીલાનો સાક્ષાત્કાર કરીને આપણાં અષ્ટસખાદિ મહાનુભાવીઓના રસમય જોનું કીર્તન કરવું. અને શ્રવણ કરેલી શ્રીમદ્ભાગવતોક્ત ભગવલ્લીલા અને કીર્તન કરેલી પરમ ભગવદીયોની વાણીનું અહર્નિશ સ્મરણ કરવું. અહિર્મુખતાની નિવૃત્તિ એથી જ થાય છે. એક સિવાય અહિર્મુખતાથી બચવાનો બીજો ઉપાય જોઇ નથી. ૬.

आशीर्वाद.

ब्रज भाषा.

चिरं जीवो, सुखी रहो, तुम सकल परिजन;
आनंद मंगल अपार, बसि रहो तुम मन. १
भक्ति प्रेम आसक्ति, व्यसन श्रीमनोज्ञ;
गुरु भगवदीय भावसह, दुःख कबु न वेज्ञ. २
कर्म हाल आवा भव, जन्म अरथ लख्यो;
शुभ मति रहो सतत, मन कुपथ कबु न याओ. ३
सद्गुन सत्संग, सदा रहो पूरन प्रेम;
येही आशिष देत, सदा दास हरिराम. ४

ताज एजन्सी.

मुं अधिन्नं. २

हार्मोनियम, घडीयाळो अने घरमां राखवा लायक

फैन्सी चीजोना व्यापारी.

कालबादेवी रोड.

आ एजन्सी प्रमाणिकपणे अने खात्रीपूर्वक, कमी रोनथी मास मोकलवानुं काम करे छे, तेम दरेक जातना यंत्रो तथा पार्टसो दुरस्त करी आपे छे. कृपा करी एक वखत जरूर अजमायश करशो.

Moderate and honest Repairing Depot:—

Agency directed by Manager, Ram.

Atmachintak.

સેવા વેળાએ સેવોપયોગી પદાર્થોનાં સ્વરૂપોનો સાક્ષાત્ અનુભવ નથી થતો. માનસી સેવા સિદ્ધ થતાં દૃષ્ટિ જ ભલ્લાઈ જાય છે, પ્રભુને પધરાવવાના સિંહાસનમાં કે ગાદીમાં જોતિ પદાર્થો દૃષ્ટિગોચર થતા નથી, પરંતુ તે સ્થલે સાક્ષાત્ શ્રીગોવર્ધનના સત્સંગનાં દર્શન થાય છે. એવી રીતે સર્વત્ર સમજી લેવું. આવા અલૌકિક અનુભવથી અધિક ફલ શું હોઇ શકે ? ૪.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર ભગવદીયોની સાથે સદા સર્વદા નિવેદનનું અનુસંધાન કરવું. એ આજ્ઞા આપે નવરત્ન ગ્રંથમાં કરી છે. એવા કોઇ વિરલ ભગવદીયોનો સુભાગ્યે કરીને સમાગમ થઇ જાય તો તેમની સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું. પોતાનું કહેવાતું સર્વસ્વ તુલસીદલ સહિત, શ્રીમદ્મિસ્વરૂપના જ કૃપાજલથી પ્રભુને અર્પણ કરેલ છે, અને તેનો વિનિયોગ પ્રભુમાં જ થવો જોઇએ, તેમ જ સ્વામી સેવકનો બંધાયલો નાતો સંબંધ જેમ તેમ જળવું જોઇએ તેવો અનુસંધાન નિવેદિતાત્મા ભગવદીયોના સમાગમથી જ રહે છે, માટે તેવાઓ સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું તેમ કરવાથી તે જ ક્ષણે, તે જ પળે સાક્ષાત્ શ્રીકૃષ્ણ હૃદયમાં મિલાને છે. ૫.

વળી અહિર્મુખતા ટાળવા માટે એના જ ભગવત્સેવાપરાયણ ભગવદીયોના જ મુખારવિંદથી શ્રીમદ્ભાગવતનો ભાવાર્થ શ્રવણ કરવો. દશલીલાવિશિષ્ટ પ્રભુની નિત્ય નૂતન લીલા રસનો અનુભવ તેવા ભગવદીયોના હૃદયમાં પ્રકટ થયલી વાણીથી જ થાય છે. ભગવલ્લીલાનો સાક્ષાત્કાર કરીને આવેલા અષ્ટસખાદિ મહાનુભાવીઓના રસમય જીવનું કીર્તન કરવું. અને શ્રવણ કરેલી શ્રીમદ્ભાગવતોક્ત ભગવલ્લીલા અને કીર્તન કરેલી પરમ ભગવદીયોની વાણીનું અહર્નિશ સ્મરણ કરવું. અહિર્મુખતાની નિવૃત્તિ એથી જ થાય છે. આ સિવાય અહિર્મુખતાથી બચવાનો બીજો ઉપાય જોડે નથી. ૬.

आशीर्वाद.

ब्रज भाषा.

चिरं जीवो, सुखी रहो, तुम सब हरिजन;
आनंद मंगल अभंड, हरिमें रहो तुम मन. १
भक्ति प्रेम आसक्ति, व्यसन श्रीवल्लेश;
गुरु भजनकी भावसह, दुःख कछु न लेश. २
धर्म अर्थ भाषा अब, जन्म मरण जाओ;
शुभ मति रहो सतत, मन कुपथ कछु न सोहे. ३
सद्गुन सत्संग, सदा रहो पूरन काम;
येही आशिष देत, सदा दास दयाराम. ४

આવે એવા ઉત્તમ જનોનો સંગ થાય ત્યારે તેમનામાં આવેશ થયેલા ભગવાન્ તેમના દ્વારા દર્શ આપે, એમ **ઉત્તમશ્લોક** અને **ઉત્તમ** એ બંને પદના સમાસથી પ્રાપ્ત થાય છે. એમ સમાસ ન કરીએ, અને ઉત્તમ શ્લોક, એ કેવળ પ્રભુનું સંબોધન લઈએ તો પણ સત્સંગનો આક્ષેપ તો કરવો જ પડે, તેથી જનોની સાથે સંબંધ ન થાય, એમ કહેવામાં સ્પષ્ટ વિરોધ આવે. આ સર્વનો વિચાર કરતાં **ઉત્તમશ્લોકજનેષુ** એ બંને પદનો સમાસ લેવો જ ઉચિત છે.

શંકા—એવો ઉત્તમ જનોનો સત્સંગ સ્વીકરીએ, તો પણ શાસ્ત્રાર્થરૂપ ભગવાનનો પ્રભાવ તો પરોક્ષમાં જ આવ્યો અને તેમાં " હું અનુભવ કરું છું " એવી વાસનારૂપી ક્રોધ થતી નથી, માટે એ પ્રસન્ન કેમ કહેવાય ?

સમાધાન—પ્રભુનાં ચરિત્રનાં ગુણગાન કરવાં એ ઉત્તમ કૃત્યરૂપ છે. ઉત્તમ જનો એટલા બધા પ્રભુના ગુણગાન કરે એ કૃત્ય છે, એના પ્રમાણમાં નીચેનાં વાક્યો છે:—

नैकात्मतां मे स्पृहयन्ति केचिन्मत्पादसेवाभिरता मदीहाः ।
येऽन्योन्यतो भागवताः प्रसज्य सभाजयंते मम पौरुषाणि ॥३ । २५ ।३४॥

અર્થ—મારાં ચરણની સેવામાં પ્રીતિથી લાગેલા, અને મારે માટે જ સર્વ કર્મ કરનારા કેટલાક ભક્તો મારી સાથે એકપણાને ઇચ્છતા નથી, પણ એ ભગવદ્જનો એક બીજાની સાથે મળી મારાં ચરિત્રનો ગુણગાન કર્યા કરે છે.

આ શ્લોકમાં શ્રીકપિલદેવજીએ ભગવદીયોનું પરસ્પર આસક્તિપૂર્વક ભગવાનના ચરિત્રના કીર્તનરૂપ જીવતા મનુષ્યોનું સાધન કહ્યું, તે જ કીર્તનમાં ગુણાતીત અને સ્વરૂપસ્થિત જીવોની રતિ-પ્રીતિ હોય છે, માટે તેજ કૃત્યરૂપ છે. આમ અર્થ લેતાં पौरुषसमाश्रय ય ફલે બધાં ને च છે તેનો અર્થ अपि (પણ) કરવો.

નિર્ગુણ અને સ્વરૂપસ્થિત જીવો પણ ભગવાનના ગુણગાન કરે છે, તેના દૃષ્ટાંત નીચે પ્રમાણે છે:—

प्रायेण मुनयो राजन् निर्गुणा विधिषेधतः ।
नैर्गुण्यस्था रमंते स्म गुणानुकथने हरेः ॥ भा। २ । १ । ७ ॥
परिनिष्ठितोऽपि नैर्गुण्य उत्तमश्लोकलीलया ।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥
सदहं तेऽभिधास्यामि ॥ भा । २ । १ । ९ ॥
निवृत्ततर्षैरुपगीयमानाद्भवौषधाच्छ्रोत्रमनोभिरामात् ।
क [illegible] पुमान् विरज्येत विना पशुघ्नात् ॥
भा । १० । १ । ४ ॥

[illegible] થયેલા, અને નિર્ગુણ
[illegible]રમાં આનંદ માને છે.
[illegible] છતાં, જે આખ્યાનનું અધ્યયન
[illegible] તને કહીશ.

સમયે ભગવાનની કૃપા હોય જ; અને જે કૃષ્ણે બીજે જેમ નીચ્યને મુક્તિસમયે પોતે દર્શન દીધાં, તેમ અર્જુનનું ઘન પણ અવશ્ય માનવું. જોઇએ, જેમ હોવાથી પ્રભુ ત્યાં પ્રત્યક્ષ હતા જેમ માનવામાં શું ખોટું છે ? માટે ભગવાન્ ત્યાં પ્રત્યક્ષ હતા જ.

શંકા—ઉપરના વિચારપરથી જેમ તો લાગે છે કે ભગવાન્ પ્રત્યક્ષ છે; એટલે શ્લોકમાં उत्तमश्लोकजनेषु (પ્રભુના જનને વિષે) सदृश्यं જેમ ન કહેતાં स्वदीयेषु जनेषु (તમારા જનોને વિષે) સદૃશ્યં જેમ કહેવું જોઇએ. જેમ ન કહેતાં उत्तमश्लोकजनेषु એ માટે કહ્યું ? પ્રભુ પ્રત્યક્ષ હોય તો તમારા જન જેમ જ કહેવાય, પ્રભુના જન જેમ ન કહેવાય.

સમાધાન—उत्तमश्लोकનો અર્થ એવો થાય છે કે उत्तम એટલે યથાર્થ જ્ઞાન જેનાથી જેનું કીર્તન કરે છે તે उत्तमश्लोक પ્રભુ. અથવા उत्तम એટલે પર અને અપર વિદ્યાથી અગોચર છે કીર્તિ જેની એવા પ્રભુ. એવા उत्तमश्लोक એટલે પ્રભુના જન તે उत्तमश्लोकजन. એવા જનને માટે પદ્મપુરાણમાં કહ્યું છે કે,

न कर्मबंधनं जन्म वैष्णवानां च विद्यते ।
विष्णोरनुचरत्वं हि मोक्षमाहुर्मनीषिणः ॥

અર્થ—વૈષ્ણવોને કર્મ બંધન કે જન્મ હોતાં નથી. વિદ્વાનો તો વિષ્ણુના દાસપણાને જ મોક્ષ કહે છે.

આવા જ્ઞાનવાળા જનો उत्तमश्लोकजन કહેવાય છે.

આ સર્વ ઉપરથી જેમ સમજવું કે જોકે જે उत्तमश्लोकजन શબ્દ પ્રભુ પાસે પ્રત્યક્ષ હોવા છતાં વાપર્યો છે તે પ્રભુ શાસ્ત્રોપદેશ છે એમ જણાવવાને માટે જ. शास्त्रार्थत्वाय એ શબ્દમાં ચતુર્થી વિભક્તિ तुम् પ્રત્યયના અર્થમાં છે. જેમ કે फलेभ्यो यातुं એટલે ફળને માટે જાય છે. તેમ शास्त्रार्थत्वाय એટલે શાસ્ત્રાર્થને માટે.

શંકા—પ્રભુ શાસ્ત્રરૂપ છે એ તો उत्तमश्लोक જેમ જે શબ્દના સમાસથી સમજાય છે, उत्तमो જેનું श्लोक એટલે કીર્તન કરે છે તે उत्तमश्लोक પ્રભુ; જેમાં કોઇ उत्तमश्लोक અને જન જેમ પદના સમાસની જરૂર નથી. એટલે જેમ અર્થ થાય કે જે उत्तमश्लोक પ્રભુ, જનો એટલે જન્ય પ્રભુ સ્વભાવવાળાઓ સાથે સખ્ય અને ન આપ્યા, પણ તમારા જન સાથે સખ્ય આપ્યા. આ અર્થ પણ સ્વાભાવિક છે, માટે उत्तमश्लोक અને જન જેવા શબ્દોના સમાસની જરૂર નથી, અને તમારો કરેલો અર્થ, પડતો નથી.

સમાધાન—જેમ નહિ, ભક્તોથી વિદ્વાનવા ભગવાન્ બાદરાયણ વ્યાસે શ્રીભાગવત, દ્વાદશસ્કંધના પ્રથમ અધ્યાયના ૧૪ મા શ્લોકમાં કહ્યું છે કે—

एवं निशम्य भृगुनंदन साधुवादं वैयासकिः समगसानय विद्यारात
मत्यर्च्यं कृष्णचरितं कलिकल्मषघ्नं व्याहर्तुमारभत भागवतमथा ज्ञः,

અર્થ—હે भृगुनन्दन शौनक, આ साधुवाद પ્રભુનું સ્તવન કરીને ધ્યાન કરીને ભગવાનના આવેશવાળા વ્યાસપુત્ર શુકદેવજીએ વિષ્ણુરાતને મળીને બોલવા નાશ કરનાર કૃષ્ણચરિત્ર કહેવાનો આરંભ કર્યો.

આટે એવા ઉત્તમ જનોનો સંગ થાય ત્યારે તેમનામાં આવેલ યશલા ભગવાન્ તેમના દ્વારા કથા આપે, એમ ઉત્તમશ્લોક અને જન એ બન્ને પદના સમાસથી પ્રાપ્ત થાય છે. એમ સમાસ ન કરીએ, અને ઉત્તમ શ્લોક, એ કેવળ પ્રભુનું સંબોધન લઇએ તો પણ સત્સંગનો આક્ષેપ તો કરવો જ પડે, તેથી જનોની સાથે સંબંધ ન થાઓ, એમ કહેવામાં સ્પષ્ટ વિરોધ આવે. આ સર્વનો વિચાર કરતાં ઉત્તમશ્લોકજનેષુ એ બન્ને પદનો સમાસ લેવો જ ઉચિત છે.

શંકા—એવો ઉત્તમ જનોનો સત્સંગ સ્વીકારીએ, તો પણ ચારિત્રાર્થરૂપ ભગવાનનો પ્રશ્ન તો પરોક્ષમાં જ થાય અને તેમાં " હું અનુભવ કરું છું " એવી વાતથી કંઇ થતી નથી, માટે એ પ્રશ્ન કેમ કહેવાય ?

સમાધાન—પ્રશ્નનો ચરિત્રનાં શુશ્રૂષણ કરવાં એ ઉત્તમ કૃત્યરૂપ છે. ઉત્તમ જનો આવા યશ પ્રશ્નના શુશ્રૂષણ કરે એ કૃત્ય છે, એના પ્રમાણમાં નીચેનાં વાક્યો છે:—

नैकात्मतां मे स्पृहयन्ति केचिन्मत्पादसेवाभिरता मदीहाः ।
येऽन्योन्यतो भागवताः प्रसज्य समाजयंते मम पौरुषाणि ॥३ । २५ ।३४॥

અર્થ—મારાં ચરણની સેવામાં પ્રીતિથી લાગેલા, અને મારે માટે જ સર્વ કર્મ કરનારા કેટલાક ભક્તો મારી સાથે એકપણને ઇચ્છતા નથી, પણ એ ભગવદ્જનો એક બીજાની સાથે મળી મારા ચરિત્રનાં શુશ્રૂષણ કર્યા કરે છે.

આ શ્લોકમાં શ્રીકપિલદેવજીએ ભગવદ્ભક્તોનું પરસ્પર ભાવભક્તિપૂર્વક ભગવાનના ચરિત્રના કીર્તનરૂપ કૃત્યમાં મનુષ્યોનું સાધન કહ્યું, તે જ કીર્તનમાં શુશ્રૂષાતીત અને સ્વરૂપસ્થિત જીવોની રતિ-પ્રીતિ કેમ છે, માટે તેજ કૃત્યરૂપ છે. આમ અર્થ લેતાં पौरुषसमाजन એ ફળ અર્થમાં જે ચ છે તેનો અર્થ अपि (પણ) કરવો.

નિર્ગ્રંથ અને સ્વરૂપસ્થિત જીવો પણ ભગવાનના શુશ્રૂષણ કરે છે, તેના દૃષ્ટાંત નીચે પ્રમાણે છે:—

प्रायेण मुनयो राजन् निवृत्ता विधिषेधतः ।
नैर्गुण्यस्था रमंते स्म गुणानुकथने हरेः ॥ भा २ । १ । ७ ॥
परिनिष्ठितोऽपि नैर्गुण्य उत्तमश्लोकलीलया ।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥
सदहं तेऽभिधास्यामि ॥ भा । २ । १ । ९ ॥
निष्टुचततर्षैरुपगीयमानाद्भवौषधाच्छ्रोत्रमनोभिरामात् ।
को उत्तमश्लोकगुणानुवादात् पुमान् विरज्येत विना पशुघ्नात् ॥
भा । १० । १ । ४ ॥

[illegible], વિધિ અને નિષેધથી પર થયું અને નિશ્ચય થયેલા, અને નિર્ગ્રંથ [illegible] હરિના શુભનું કીર્તન કરવામાં આનંદ માને છે.
પ્રભુમાં સારી રીતે નિષ્ઠાવાળો છતાં, જે આખ્યાનનું અધ્યયન [illegible] અને ચિત્ત આકર્ષાવાથી હું તને કહીશ.

પ્રભુના ગુણેન્દ્ર કીર્તન તુચ્છ વસ્તુના મુગ્ધ પુરુષો માં કરે છે, પ્રભુના ગુણેનું કીર્તન સંસારરૂપી દુઃખના ઔષધરૂપ છે માટે મુમુક્ષુઓને ઇષ્ટ સ્વરૂપ છે. શોક અને મનને તે આનંદ આપનાર છે માટે વિષયી પુરુષોને સર્વોત્તમ વિષય છે, માટે પદ્મજ સિવાય બીજો કયો પુરુષ પ્રભુના ગુણગાનના કીર્તનથી વિરામ પામે ?

આ હેતુ દાનથી જ પ્રાપ્ત થાય છે.

અથવા ઉપલા વાક્યમાં ચ (અને) નો સમુચ્ચયનો અર્થ કરવો. એ રીતે લેતાં એવો અર્થ થાય છે કે જેમ શૌક્રોને મળ્યા કરવાથી તે ગાળ્યમાં વર્ણવેલા પુરુષનું જ્ઞાન થાય છે તે છતાં પણ એવો કંઇક આનંદ થાય છે કે બીજું સર્વ ભૂલી જવાય છે, તેમ અહીં આનંદમય પ્રભુ અને તેના ગુણોનું કીર્તન કરતાં મૂર્તિરૂપ આનંદ થાય છે.

શંકા—આવું ફળ મનનથી પણ થાય છે, જેમ પરીક્ષિતને થયું તેમ જોઇએ, માનુષત્વ્યે हुपन्युष्मपूषचो हरिकथामृतम् येन येमाषतरेण. આવાં આવાં ગુણ કીર્તનનાં વાક્યો એના જોવામાં આવે છે. આ વાક્યોમાં વક્તા કરતાં પોતાનો હીનભાવ રહેલ છે, માટે એવા વક્તાનો સંગ થાય એવી જ પ્રાર્થના કરવી જોઇએ, તેના સખ્યની શી જરૂર ? દાસ્ય હોય તો થાઓ.

સમાધાન—ના, દાસ્ય પર્યંત તો સાધન છે, માટે સખ્યની જ પ્રાર્થના કરવી જોઇએ. ઉપર જે વાક્યો કહ્યાં તે કીર્તનના પ્રયોજનરૂપ છે, કીર્તનરૂપ નથી. સ્વરૂપ વિશેરેના જ્ઞાનપૂર્વક તેનું વર્ણન કરવું તે જ એક કીર્તન. कालं सभाजयंति आर्या गुणज्ञाः सारभागिनः અર્થ—આર્ય લોકો, ગુણજ્ઞ, સાર ગ્રહણ કરનાર, મૂર્તિ કીર્તન કરે છે, વગેરે વાક્યોથી એ અર્થ સ્પષ્ટ થાય છે. પરીક્ષિતનાં વાક્યો પ્રભુના ગુણાદિના જ્ઞાનને ભરે છે. પ્રભુના ગુણના કીર્તનરૂપ નથી. પણ એવાં આવવામાં વાક્યોથી વક્તાનો ઉત્સાહ વધે છે, માટે એ વાક્યો સાધનરૂપ છે. અને દાસ્ય પર્યંત સર્વેને એ સાધન છે. સખ્યમાં ફેર એ છે કે એથી તો સખાના જેવું જ સ્વરૂપ અને મન થઇ જાય છે, માટે જ સખ્યની પ્રાર્થના કરી તે યોગ્ય છે.

શંકા—સખ્યમાં અન્યો સખા સાથે સંબંધ, સંબંધથી આવી પરતંત્રતા, અને પરતંત્રતા ત્યાં મોક્ષનો અભાવ. મોક્ષ તો સ્વતંત્ર છે, મોક્ષનાં લક્ષણો તત્ત્વસેતુઃ—

अभयं विशोकत्वमपारतंत्र्यं च मोक्षलक्षणम् ।
अभयं वै जनक प्राप्तोसि । स्मर्तव्यश्चेच्छतामयम् । हरति शोकमात्मवित् ।
बंधस्य संसृतिर्बंधः पारतंत्र्यं च वल्कलम् ।

અર્થ—અભય, શોકરહિતપણું, સ્વતંત્રતા એ જ મોક્ષનું લક્ષણ.

હે જનક, તને અભય પ્રાપ્ત થયું છે. અભય ઇચ્છનારે સ્મરણ કરવું. આત્મવિત્ શોકને હરી જાય છે. સંસાર એ બંધનો અર્થ છે, પરતંત્રતા વેને લીધે જ છે.

આ વાક્યોપરથી સ્પષ્ટ થાય છે કે પરતંત્રતા એ મોક્ષ નથી, અહીં સખ્યમાં આ ભગવદીયોને વિધિનિષેધ કંઇ લાગુ પડતા નથી, એ ભગવદીયો મેં આમ કૃત્ય કર્યું કે આમ કૃત્ય કર્યું વગેરે વિચારવા જોતા નથી, માટે તેમને બંધ, શોક કંઇ નથી. એ બીજી વાત, પણ સખ્યમાં સખાનો સંબંધ તો મરો જ, અને એ સંબંધ તે જ પરતંત્રતા, અને પરતંત્રતા મટ્યે અહીં તો મોક્ષનો જ અભાવ થઇ ગયો.

સમાધાન—ના, પ્રભુમાં નિષ્ઠાવાળા ભક્તની સાથે સખ્યનો સંબંધ કંઈ મોક્ષના અભાવરૂપ થઈ જતો નથી, કેમકે એ સખ્યમાં સ્વતંત્રતાનો અભાવ થઈ જતો નથી. જેમકે દયા આમ્ર વગેરેમાં જેનાપર દયા કરીએ, જેને આમ્ર આપીએ, તેની તેની સાથે સંબંધ થાય, પણ તેમાં પરતંત્રતા આવતી નથી, કેમકે તે ભગવદ્ધર્મ છે, તેમ આવા ભગવદીયોમાં રહેવો સખ્યરૂપી ધર્મ મારા સંબંધમાં પણ ભલે રહો એ આશયથી જ અહીં પ્રભુમાં નિષ્ઠાવાળા ભગવદીયોના સખ્યનું કીર્તન કરેલું છે. બીજાં રહેલું દ્રવત્વ જેમ નૈમિત્તિક છે તેમ એ સખ્ય પણ નૈમિત્તિક છે, છતાં એથી સ્વતંત્રતાની હાનિ થતી નથી તેથી મોક્ષની પણ હાનિ થતી નથી.

શંકા—ભલે તમે ઉપર કહ્યું તેમ સખ્યમાં સ્વતંત્રતા હો, પણ પોતે સખ્યમાં મોતા હોવાથી વક્તાને પરતંત્ર રહેવાનો જ, અને તેથી મુક્તિની હાનિ થવાની જ, વળી વક્તા પણ જનન મરણ સ્વભાવવાળા જ હોવાના, એટલે તેમની અંત દશા પ્રાપ્ત થતાં ભીન્ન દોષ (પ્રતિયોગી) વક્તા રહેવાના નહિ, એટલે સખ્યનો પણ અભાવ થઈ જશે, વળી દેશ કાલ વગેરેનો પરિચ્છેદ (આગ, ૬૬) તો છે જ, (એટલે ભીન્ન વક્તા મેળવવા પણ કઠિન, એટલે પોતાને મુક્તિની હાનિ જ થવાની.

સમાધાન—ભક્ત જન એકી વખતે વક્તા થઈ શકતા નથી, તેથી તેમનો શ્રોતા થાય છે; જ્યારે પોતે વક્તા થાય એટલે સ્વતંત્રતા તો સિદ્ધ જ છે, અને એ રીતે એક વક્તાનું તિરોધાન થતાં ભીન્ન વક્તાઓ હોય છે જ, એટલે પોતાને મુક્તિની હાનિ થતી નથી જ અને એ રીતે સખ્યમાં મુક્તિની હાનિનો પ્રસંગ આવતો નથી, આ સર્વનો વિચાર કરીને પ્રભુના ગુણ કીર્તનમાં પોતાની સ્વતંત્રતા જણાવવાને અને મુક્તિ વિષયકથી પરિચ્છિન્ન નથી એ જણાવવાને મૂલમાં ચ્રમેવ (જનોને વિષે) એમ બહુવચન મુક્યું છે.

શંકા—વક્તા જનન મરણ સ્વભાવવાળા હોવાથી વક્તાપણું બહુ થોડો વખત થવાનું અને તેથી શ્રોતાભક્તોની અવજ્ઞા થવાની.

સમાધાન—ના, એ શ્રોતાભક્તો શાસ્ત્રાર્થ જાણનાર હોવાથી, તેઓ વક્તા પણ જનન મરણને વશ છે એમ સમજે છે, માટે તેઓ વક્તાને દોષ દઈ શકતા નથી, જેમ ગાનીમાં સનંદનને અલ્પ વક્તૃત્વ માટે દોષ દઈ શકાતો નથી, તેમ આવા ભક્ત વક્તાને દોષ લાગતો નથી.

શંકા—મોક્ષમાં તો સર્વ સુખ જ હોય છે, એટલે કંઈ પણ દુઃખનો સંભવ જ નથી. અહીં તો સખ્યમાં જે મોક્ષ તમે માનો છો તેમાં વક્તાને શ્રોતાની જરૂર પડે છે, અને તેવા શ્રોતા ન હોય તો શોધવા જવાની જરૂર પડે છે; તેમજ ભગવાનનું અસ્તિત્વ પણ જ્ઞાન હોય તો જ કીર્તન થઈ શકે છે, અને તે જ્ઞાન શ્રવણથી જ થાય, તેથી તે જ્ઞાન આપનાર વક્તાને પરાધીન થવું પડે, વળી તેવો વક્તા પણ ન હોય તો શોધવા જવું પડે; આ બધી શોધવાની ખટપટમાં પડે શ્રમ, અને શ્રમ એટલે દુઃખ, આ તે મોક્ષ કહેવાય?

સમાધાન—આનો વિચાર કરીને જ શ્લોકમાં સંસારચક્રે એ શબ્દ મુક્યા છે. ચક્રમાં ફરતા ભમતા જુદા જુદા દેશોમાં એની મેળે જ જવાય છે, અને તે પણ જ્યારથી જ્યારથી જવાય છે, એમાં કંઈ શ્રમ પડતો જ નથી, એ સંસારચક્રે એવું છે કે સરખા સ્વભાવવાળાનો સંભવ ચોક્કસ આવે છે, અને વિરોધી સ્વભાવવાળાને જુદા પાડી નાખે છે,

એટલે એમાં શોધવા જવાનો શ્રમ પડતો જ નથી. તેથી પરિશ્રમરૂપ ક્રિયા સ્વાભાવિક રીતિ થવાથી અને ભોક્તા વિષય (ભોગાવક્રતા) સહજ ભગી જાવવાથી એમાં શ્રમ કે ક્લેશ થતાં જ નથી, માટે તમે ધારો છો તેવું દુઃખ સ્વર્ગમાં છેજ નહિ, તેથી સ્વર્ગમાં મોક્ષનો અભાવ પ્રાપ્ત થતો નથી.

શંકા—ભલે તેમ હો, તો પણ એવા સંસારચક્રમાં સંસાર તો રહ્યો જ, અને સંસાર એટલે જ દુઃખ અને ક્લેશરૂપી સાધનપણું જ વસ્તુ પ્રાપ્તિ, માટે તમે દુઃખનો અભાવ માનો છો, તે બરાબર નથી.

સમાધાન—આવા અભક્તજનો સંસારમાં રહેવા છતાં, પ્રભુનું બળ હોવાથી પ્રભુની તેમનાપર કૃપા હોય છે; એટલે એ કૃપાથી જ સાધનની સંપત્તિ એમને સ્વભાવિક હોય છે, એટલે ક્લેશ એમને હોતો જ નથી, એટલે સંસારરૂપ અહીં ક્લેશનું જોધન કરવાને વાર્યું નથી.

શંકા—આ પ્રમાણે સંસારચક્રમાં ભક્તને દુઃખ નથી, તેમ સૂત્રમાં પછી પણ શ્લોકમાં પ્રાર્થના તો કરે છે કે મારું ચિત્ત પુત્ર, સ્ત્રી, ગૃહ વગેરેમાં આસક્ત થાઓ નહિ, માટે ક્લેશનો અભાવ કેમ કહેવાય ? પ્રાર્થના કરે છે તે ઉપરથી જ સમજાતું નથી કે એને ક્લેશ છે ?

સમાધાન—ચોક્કસ અપેક્ષિત દેહ લક્ષ્મીવર પ્રાપ્ત થવાથી હમણાં તેના અભાવની પ્રાર્થના કરે છે; હવે પછી તો ભગવત્ કૃપાથી અંતિમ દેહ વરાયો જે કાંઈ ક્લેશ થવાના તે બધા પહેલા જ થઈ ગયા છે, હવે પછી તો ક્લેશનો અવકાશ જ નથી.

શંકા—સર્વ કાર્યમાત્રમાં ભગવત્ ઇચ્છા જ મરણ: આવા ભક્ત ભક્તને તો આ વાતની સ્મૃતિ તરત જ થાય; એમ છતાં स्वकर्मभिः " પોતાના કર્મોથી " ભમતો એમ શ્લોકમાં લખાવે કેમ ? " ભગવત્ ઇચ્છાથી " એમ લખાવે ન કેમ ?

